જૈનસિદ્ધાંત ગ્રંથમાળા મણકો ૩૦ મો.

# જૈન ધર્મ અને એકતા

*

જૈન ધર્મ એક જ છે
તે શ્વેતાંબર સૂત્રો
તથા દિગંબર શાસ્ત્રો-
ના અવતરણો આપી
સ્પષ્ટ રીતે બતાવતું,

સંપ્રદાયો સંબંધી
ઐતિહાસિક તથા
સૈદ્ધાંતિક હકીકતો
રજૂ કરતું તથા એકતા
માટે સર્વ સંપ્રદાયોના
સમન્વયના વ્યવહારૂ
ઉપાયો દર્શાવતું પુસ્તક

*

લેખક—સંપાદક

નગીનદાસ ગિરધરલાલ શેઠ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રકાશક—શ્રી જૈન સિદ્ધાંત સભા( રજીસ્ટર્ડ )ની વતી
શેઠ નગીનદાસ ગિરધરલાલ, ૨૫૯, લેમિંગ્ટન રોડ,
શાંતિસદન. મુંબઈ. ૭.

પહેલી
આવૃત્તિ

૨૦૧૬
વીર સં.
૨૪૮૬
જુન
૧૯૬૦

કિંમત
રૂા. ત્રણ

મુદ્રણસ્થાન—આનંદ પ્રિન્ટીંગ પ્રેસ : ભાવનગર
મુદ્રક—હરિલાલ દેવચંદ શેઠ, ભાવનગર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રસ્તાવના

ભૂતકાળની ચોવીસીઓમાં, વર્તમાનકાળની ચોવીસીમાં તથા ભવિષ્યકાળની ચોવીસીઓમાં એમ ત્રણેય કાળમાં જૈનધર્મ એકજ છે અને એક જ રહેશે, એમ ભગવાન મહાવીરે કહેલું છે એમ જૈનધર્મનો દરેક સંપ્રદાય માને છે. અને છતાં જૈનધર્મ અનેક સંપ્રદાયોમાં વહેં-ચાયલો છે એ સત્ય હકીકત નજરે જોવાય છે. ત્યારે એ સંપ્રદાયના અનુયાયીઓ ભગવાનના વચનને માનતા નથી એમ સત્યશોધક સહેજે સમજી શકે તેમ છે.

ભગવાન મહાવીરે જૈનધર્મનું મૂળ અનેકાંતવાદ છે એમ બતાવેલું છે. એ વાત સર્વ જૈન સંપ્રદાયો માને છે અને છતાં તેઓ પોત-પોતાના સંપ્રદાયની પુષ્ટિમાં એકાંતવાદ ધારણ કરે છે એ સત્ય હકીકત છે. અને તે બતાવે છે કે આ સર્વ સંપ્રદાયવાદીઓ ભગવાન મહાવીરના વચન કરતાં પોતાના વચનની મહત્તા વધારે ગણે છે. નિષ્પક્ષપાતપણે અવલોકન કરનાર આ વાત સહેજે સમજી શકે તેમ છે.

જિનેશ્વરદેવ, નિર્ગ્રંથગુરુ અને જૈનધર્મને ન માને તેને મિથ્યાત્વી ગણવા એવું ભગવાન મહાવીરનું કથન છે, પરંતુ આ સંપ્રદાયવાદીઓ પોતાને સાચા જૈન અને બીજા જૈન સંપ્રદાયોને મિથ્યાત્વી કહેતાં જરાય અચકાતા નથી. એ સાબિત કરે છે કે આ સંપ્રદાયવાદીઓ ભગવાન મહાવીરના વચન કરતાં પોતાના વચનની મહત્તા ઘણી વધારે ગણે છે.

સર્વ તીર્થંકરોએ જૈનધર્મ ફેલાવ્યો છે, જૈનધર્મનું પ્રતિપાદન કર્યું છે. પરંતુ કોઈપણ તીર્થંકરે પોતાના નામથી ધર્મ ચલાવ્યો નથી કે તીર્થ( ચતુર્વિધ સંઘ )ની પોતાના નામથી સ્થાપના કરી નથી. એ વાત કબૂલ કરવા છતાં પણ સ્થાનકવાસીઓએ તો પોતાને ભગવાન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મહાવીરથી પણ વધારે જ્ઞાની સમજીને ભગવાન વર્ધમાન–મહાવીરના નામથી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી છે. એટલે કે સ્થાનકવાસીઓ માને છે કે ભગવાન મહાવીરે પોતાના નામથી ધર્મતીર્થ નહિ ચલા–વવાની ભૂલ કરી હતી તે ભગવાન મહાવીરની ભૂલ સ્થાનકવાસીઓએ હવે સુધારી છે. અને આમ ભગવાનની, સર્વ તીર્થંકર ભગવાનોની ગંભીર આશાતના કરી ધર્મમાં સૌથી નીચે ઉતરવાની સ્થાનકવાસીઓ-એ પહેલ કરી છે.

જેને જૈનધર્મ તરફ અને સર્વજ્ઞ તીર્થંકર ભગવાન મહાવીર તરફ સહેજ પણ પૂજ્યભાવ હોય તેઓ આવી જાતની વર્તણુંકો કરી શકે નહિ. અને છતાં આવી સર્વ વર્તણુંકો થઈ છે, એટલું જ નહિ પણ એવી વર્તણુંકો કરવામાં ભૂલ થઈ છે એમ પણ એ જૈન સંપ્રદાયો માનતા નથી. ત્યારે એક જૈન તરીકે મને આ વાત ખરેખર ઘણી જ શરમ-ભરેલી લાગે છે.

શું જૈનો આવા હોઈ શકે ? જૈન સૂત્રોમાં જૈન સાધુઓ અને શ્રાવકોના જે વૃતાંતો વાંચવામાં આવે છે. તેવા સાધુ કે શ્રાવક અત્યારે ક્યાંય નજરે પડે છે ? આંગળીને વેઢે ગણાય તેટલા અપવાદ હોય તો તે જુદી વાત છે. પણ આપણે ભગવાન મહાવીરના વચનોને અવગણીને આપણી મેળે જ આપણી પાયમાલી નોતરી છે એમ કોઇને પણ વિચારતાં ખાત્રી થશે.

આપણે બધાય પોતાને જૈન તો કહેવડાવીએ છીએ જ પણ તેની સાથે જ શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી કે તેરાપંથનું વિશેષણ તો જરૂર લગાડેલું જ હોય છે. અને તેમ કરવામાં અભિમાન પણ તેટલું જ બતાવાય છે. પરંતુ એ અભિમાનથી પોતાને તેમજ સમાજને કેટલું નુકસાન થાય છે અને થઇ રહ્યું છે. તે કોઇ જોતું નથી, એ જ મોટા ખેદની વાત છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હિંદમાં સૌથી મોટો ભાગ, ઘણો જ મોટો ભાગ જૈનોનો હતો તે આજે સૌથી નાનો ભાગ થઈ ગયો છે. રાજાઓ, પ્રધાનો, કર્મચારીઓ મોટે ભાગે જૈનો હતા તે બધા અત્યારે અજૈનો જ છે. આ શું ઓછું નુકશાન છે? અને હજુ પણ આ નુકસાન આપણે સહન કરતા જ રહીશું? તો તો પછી જૈનોનું નામ ભુંસાવાનો જ વખત આવે.

જૈન તરીકે આપણે નાબૂદ થવું ન હોય તો હવે આપણે જાગવું જ જોઇએ. આપણા ભેદભાવ મટાડી આપણે એકસંપ થવું જ જોઇએ. અને આપણે સૌ ધારીએ તો ભેદભાવ મટાડવા તે સહેલી જ વાત છે. ભેદભાવ હતા નહિ એ નિર્વિવાદ વાત છે અને ભેદભાવથી ઉન્નતિ નથી એ પણ ચોક્કસ જ છે. તેથી ભેદભાવ મટાડી એકસંપ થવું એ જ એક શ્રેયસ્કર માર્ગ છે. અને તે માર્ગ અપનાવવો જ જોઇએ. તે માટે હાલનો સમય સાનુકૂળ છે.

પ્રાચીન કાળમાં બૌદ્ધો, વૈદિકો વગેરે અન્ય ધર્મીઓ પોતાના ધર્મનો પ્રચાર કરવા માટે શાસ્ત્રાર્થથી વાદવિવાદ કરવાનું આહ્વાહન કરતા. અને ઘણીવાર તેમાં ફાવી શકે તેમ ન હોય ત્યારે દેવાધિષ્ઠિત મંત્રોની સહાય લેતા. આવા વાદવિવાદમાં ગમે તે પક્ષ ફત્તેહમંદ થાય પણ તે ફત્તેહ સત્યરૂપ ન ગણાય. તે ફત્તેહ સત્યની નહિ પણ બળજબરીની ગણાય.

એ અન્ય ધર્મીઓનો ચેપ જૈનોને પણ લાગ્યો હતો. અને જૈનો તો અંદરોઅંદર જ એટલે જુદાજુદા જૈન સંપ્રદાયો વચ્ચે જ વાદવિવાદ કરતા હતા. અને તેમાં ઘણી વાર તો સભ્યતા પણ ગુમાવી બેસતા હતા.

પરંતુ હવે જમાનો બદલાયો છે. લોકો વાદવિવાદની પદ્ધતિને ઘૃણાની નજરે જુએ છે. આજે લોકો સંપની, સંગઠનની કિંમત, મહત્તા સમજતા થયા છે. વાદવિવાદમાં કષાયવૃત્તિનું જોર રહે છે એ વાત લોકો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સમજતા થયા છે. એટલું જ નહિ પણ ભગવાનનો ધર્મ તો કષાયનાશનો છે એ વાત પણ લોકો હવે સારી રીતે સમજવા લાગ્યા છે.

જૈનોના સંપ્રદાયોના મતભેદનું કારણ ક્રિયાકાંડની ભિન્નતા છે. જૈનોના સર્વ સંપ્રદાયો જૈન તત્ત્વ-સિદ્ધાંતોને એક સરખા માને છે ત્યારે ક્રિયાકાંડની ભિન્નતાથી એકતામાં, સંગઠનમાં ફાંચડ નાંખવી અને જુદા પડવાની કે જુદા રહેવાની જરૂરીઆત ગણવી એમાં બુદ્ધિમત્તા શી છે?

આજે વ્યવહારના દરેક ક્ષેત્રમાં સંગઠનની મુખ્ય જરૂરીઆત બતાવાય છે. તેમજ સંગઠનની જરૂરીઆત દેખાય છે. તેવી જ રીતે ધર્મમાં પણ સંગઠનની જરૂરીઆત દેખાય છે.

આપણે હવે ખંડનાત્મક વૃત્તિનો સદંતર ત્યાગ કરીને સર્વ જૈનોએ એકત્ર થવાની, સંગઠન કરવાની ખાસ જરૂર છે. "અન્ય લિંગે સિદ્ધા" જેવી જૈનોમાં ઉદાર વૃત્તિ છે પણ તે હાલ છુપાઈ ગઈ છે. તેને હવે બહાર લાવવાની જરૂર છે. ક્રિયાકાંડની બાબતમાં પ્રત્યેક જૈનને તેની મરજી મુજબ ક્રિયાકાંડ પસંદ કરવાની છૂટ આપી જૈન સિદ્ધાંતને માનનારા સર્વે આપણા સગા ભાઈઓ છે એવી જાતના સાધર્મી વાત્સલ્યભાવથી એકત્ર થઈ આપણું સંગઠન કરવાની જરૂર છે.

આ કામમાં શ્રાવક શ્રાવિકાઓની સાથે ત્યાગીઓના—સાધુ સાધ્વીઓના પણ સંપૂર્ણ સહકારની આવશ્યકતા છે. સાધુ સાધ્વીઓએ હવે ખંડનમંડન કરીને ફાટફુટ કલેશ ઉપજાવનારા ઉપદેશને તજી દઈ સાધર્મીવાત્સલ્યનો ઝરો આખા જૈન સમાજમાં વહેતો થાય તેવો ઉપદેશ કરવાની જરૂર છે.

સાધુ સાધ્વીઓનું ધ્યેય અધ્યાત્મ જ્ઞાનપ્રચારનું હોવું જોઈએ. તે ધ્યેય અત્યારે બહુ ગૌણ બની ગયું છે. અને સાધુ સાધ્વીઓ પોતાના પંથપ્રચારનો ઉપદેશ, સંપ્રદાયવાદના પોષણનો ઉપદેશ કરી સમાજને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કુરૂક્ષેત્ર બનાવવાનું અને કષાયની વૃદ્ધિ કરવાનું છોડી દઈને હવે ભગવાન મહાવીરે પ્રરૂપેલા અધ્યાત્મજ્ઞાનનો પ્રચાર કરવામાં અને જૈનોનું સંગઠન કરવાના કામમાં લાગી જવું જોઈએ. સાધુ સાધ્વીનું એ જ સાચું કર્તવ્ય છે.

સંગઠનની ઇચ્છા હોય તો જૈનોનું સંગઠન કરવું તદ્દન સહેલું છે. પણ સંગઠનની ઇચ્છા જ ન હોય અથવા પોતાની ખીલી ખસવા દેવાની ઇચ્છા જ ન હોય તો જૈનોનું સંગઠન મુશ્કેલ પણ તેટલું જ છે.

જૈનોના દરેક સંપ્રદાયમાં અમુક સાધુઓ તેમજ શ્રાવકો પોતાનો પક્ષ ખૂબ મજબૂતીથી પકડી રાખવાના હિમાયતી છે જ. પણ તેમનું જોર આ જમાનામાં દિવસે દિવસે ઓછું થતું જાય છે. અને નવી પ્રજા તો એવા ચુસ્ત સંપ્રદાયવાદીઓને જરાપણ ગણકારશે નહિ એમ અત્યારના અનુભવ ઉપરથી ચોખ્ખું દેખાય છે.

એટલે તુરતમાં જ નહિ તો પણ બહુ જ નજદીકના ભવિષ્યમાં વખત એવો આવશે જ કે જૈનોને એકત્ર થયા વિના છૂટકો નથી એમ સંપૂર્ણ ખાત્રી થશે. તેથી આપણું સંગઠન કેવી રીતે સહેલાઈથી થઈ શકે તેમ છે તે બતાવવાનો આ પુસ્તકમાં અલ્પ પ્રયાસ કર્યો છે.

આ પુસ્તકની અંદર અમે પંડિત શ્રી બેચરદાસ દોશીના "જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ" નામના પુસ્તકમાંથી કેટલાક અવતરણો આપેલા છે. તેમજ પંડિત શ્રી સુખલાલજીના લખાણોમાંથી અવતરણો આપેલા છે તે સંબંધમાં થોડું સ્પષ્ટીકરણ કરવાની જરૂર દેખાય છે.

પંડિત શ્રી બેચરદાસ તથા સુખલાલજીની હાલમાં કેટલીક અશ્રદ્ધાળુ માન્યતાઓને લીધે ગાઢ રૂઢિચુસ્ત સંપ્રદાયવાદીઓ તેમના લખાણને અસ્પૃશ્ય જેવું ગણે છે. તેમનું બધું જ લખાણ ખોટું છે એમ મનાવે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે અથવા પ્રરૂપે છે.

જે જે બાબતમાં એ પંડિતશ્રીઓની અશ્રદ્ધા હોય તે તે બાબતનું તેમનું લખાણ યથાર્થ ન હોય તે સમજી શકાય તેમ છે. પરંતુ તે સિવાયની બાબતોમાં તો સાચા મુમુક્ષુનું કર્તવ્ય એ છે કે એ પંડિતશ્રીઓનાં લખાણ નિષ્પક્ષપાતપણે તપાસવા અને વિચારવા જોઇએ.

અહીંઆ પં. બેચરદાસના લખાણના જે અવતરણો ટાંકેલા છે તેમાં કોઈ અશ્રદ્ધાવાળી વાતને સંબંધ નથી. તેમણે તેમના લખાણોમાં ઐતિહાસિક અને સૂત્રોની સાક્ષીઓ આપી છે. તેમનું આ પુસ્તક છપાયાને ઘણા વર્ષો થઈ ગયા હોવા છતાં તેમની ઐતિહાસિક કે સૂત્રની એક પણ વાતને કોઈ ખોટી ઠરાવી શક્યું નથી. કારણ કે તેમણે એની અંદર ઐતિહાસિક અને સૂત્રોના ઉલ્લેખો ટાંકીને જ સત્ય વાત લખેલ છે.

પંડિત શ્રી સુખલાલજી પણ પ્રખર ઐતિહાસિક અન્વેષક છે. અને તેમનું ઐતિહાસિક સંશોધન એટલું બધું ઊંડું છે કે તે જૈન જૈનેતરોમાં એક સરખી રીતે માન્ય છે.

એટલે જે સંપ્રદાયવાદીઓ એ બન્ને પંડિતશ્રીઓના અવતરણોને અસ્પૃર્શ્ય ગણાવતા હોય તેઓ સત્યાર્થી નથી એમ જ કહી શકાય. કારણ સત્યાર્થી મુમુક્ષુ તો ગમે તેની પણ સત્ય વાત હોય તે કબૂલ કરે જ એટલે એવા રૂઢિચુસ્તો સત્યને અપનાવવા ઇચ્છતા નથી એમ જ કહી શકાય.

સર્વ જૈનોના એકસંપ, સંગઠનના રસ્તા સૂચવતું આ પુસ્તક સર્વ વાંચકો ધ્યાનથી બે ત્રણ વાર વાંચી જઈને બધી વાત લક્ષમાં રાખશે તો સંગઠનનું કામ સહેલું થઈ પડશે એમ આશા રાખું છું.

**શેઠ નગીનદાસ ગિરધરલાલ**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકાશકનું વક્તવ્ય

આ સભાની શરૂઆતથી જ તેનો ઉદ્દેશ જૈન ધર્મના સર્વ સંપ્રદાયોની એકતા માટેનો મુખ્યપણે રહેલો છે. તેને અનુસરીને અમારા જૈન સિદ્ધાંત માસિકમાં અવારનવાર એકતા માટેના સૂચક લેખો પ્રસિદ્ધ થતા રહ્યા છે.

હાલમાં એ વિષયમાં કાંઈક વિશેષ લેખો પ્રગટ કરવામાં આવ્યા હતા. તે લેખો જૈન સમાજ માટે વિશેષ ઉપયોગી હોવાથી તેનો સંગ્રહ પુસ્તકરૂપે બહાર પાડવાની અમને વાંચકો તરફથી સૂચના મળી હતી.

તેને અનુસરીને એકતાને લગતી સર્વ મુખ્ય બાબતોના વિવેચન સહિત અને સર્વ સંપ્રદાયોના સમન્વય અને એકતા માટેના વ્યવહારૂ સૂચનો સહિતનું એકતાની સંભવિતતા દર્શાવતું આ પુસ્તક પ્રસિદ્ધ કરતાં અમને ઘણો આનંદ થાય છે. " એક જ ધર્મ " લેખ મૂળ છપાયેલો તેમાં ઘણા સુધારાવધારા કરીને વ્યવસ્થિત રીતે પ્રકરણ પાડીને આ પુસ્તકના પહેલા ભાગમાં પ્રસિદ્ધ કરેલ છે.

મુનિમહારાજો, વિદ્વાનો, પંડિતો આ પુસ્તકમાંની સર્વ હકીકતો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધ્યાનથી વાંચીને હૃદયમાં ઉતારશે અને એકતાની દિશામાં યથાશક્ય પ્રયત્ન કરશે તો અમને ઘણો વિશેષ આનંદ થશે.

આ વિષય ઘણો મહત્વનો છે, ઘણો જ જરૂરી છે અને તેથી સમન્વય, એકતા સંબંધમાં નિર્ણય લેતાં વખત લાગે તે પણ સ્વાભાવિક છે. પરંતુ તે દરમ્યાન સર્વ સંપ્રદાયોના ચતુર્વિધ સંઘો નીચેની બાબતો પાળવાનું નક્કી કરશે તોપણ એકતાની નજીક સત્વર પહોંચી શકાશે.

## એકતા માટે દશ નિયમો

### આટલું તો કરો જ

૧. કોઇપણ એક સંપ્રદાયે બીજા સંપ્રદાયને મિથ્યાત્વી કહેવો નહિ. વીતરાગ દેવ, ગુરુ, ધર્મને માને તેને મિથ્યાત્વી કહે તે અસત્ય બોલવાનું પાપ વહોરે છે. માટે તેવા પાપમાં પડવું નહિ.

૨. કોઇપણ એક સંપ્રદાયે બીજા સંપ્રદાયની વિરુદ્ધની વાત કરવી નહિ કે ખંડનમંડનના પુસ્તક બહાર પાડી વિરોધ જગાડવો નહિ તે જ પ્રમાણે સામયિક પત્રોમાં કે વ્યાખ્યાનોમાં કે ભાષણોમાં એક બીજા વિરુદ્ધ બોલવું નહિ કે ખંડનમંડનની ચર્ચા કરવી નહિ.

૩. સ્થાનકવાસીઓ મૂર્તિપૂજાને ભલે ન માને પણ તેમણે શ્વેતાંબર તથા દિગંબર મૂર્તિપૂજકો સાથે સહકાર રાખવો, તેમના ઉત્સવોમાં બનતાં સુધી ભાગ લેવો. એ જ પ્રમાણે દિગંબરો તથા શ્વેતાંબરોએ સ્થાનકવાસીઓના ઉત્સવોમાં ભાગ લેવો.

૪. દરેક સંપ્રદાયે એક બીજાના મુનિ મહાત્માઓના વ્યાખ્યાનો સાંભળવા જવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૫. એક બીજા સંપ્રદાય વચ્ચે ઝઘડા ઉત્પન્ન કરવા નહિ. ઝઘડા ઉત્પન્ન થાય તેવું વર્તન કરવું નહિ. મૂર્તિપૂજા, ઉપાશ્રય, તીર્થ વગેરે માટે કે તેની માલિકી માટે કોઈપણ જાતના ઝઘડા ઉત્પન્ન કરવા નહિ. અને ઝઘડો ઉત્પન્ન થયેલ હોય તેનું અનેકાંત દષ્ટિથી અને ભ્રાતૃભાવથી સમાધાન કરવું, આગેવાનો મારફત સમાધાન કરાવવું. જરૂર પડે તો બન્નેની સહિયારી માલિકી રાખવી અને ભ્રાતૃભાવથી સલાહસંપથી વર્તન કરવું પણ અહંભાવ અને મમત્વ ભાવ રાખી કોર્ટે ચડવું નહિ.

૬. ઉપાશ્રયો, તીર્થો, મંદિરો બે સંપ્રદાયના સંયુક્ત હોય ત્યાં એક બીજાએ સરસાઈ કરી, જોહુકમી કરી, ઝઘડા ઉત્પન્ન કરવા નહિ પણ ભ્રાતૃભાવ દર્શાવી વાતાવરણ શાંત અને પ્રેમમય રાખવું.

૭. કોઈપણ એક સંપ્રદાયે બીજા સંપ્રદાયની વિરુદ્ધ ઉશ્કેરણીભર્યા લેખો લખવા નહિ, ભાષણો કરવા નહિ, વ્યાખ્યાનો કરવા નહિ કે એક બીજા વિરુદ્ધ અયોગ્ય ભાષા વાપરી બોલવું લખવું નહિ. એક બીજાની વાત ખોટી હોય તો શાસ્ત્રીય રીતે, સૈદ્ધાંતિક રીતે દલીલ કરીને, સૂત્ર શાસ્ત્રના ઉલ્લેખ આપીને સત્ય જાણવા સમજવાની ખાતર સૌમ્ય ધાર્મિક ભાષામાં ચર્ચા કરી શકાય.

૮. કોઈપણ સંપ્રદાય તરફથી જે કંઈ પુસ્તક બહાર પાડવામાં આવે તે સાંપ્રદાયિક દષ્ટિથી તૈયાર નહિ કરતાં શુદ્ધ જૈન ધર્મને અનુસરીને જ તૈયાર કરીને બહાર પાડવું. એટલે તે સર્વ જૈનોને એક સરખું ઉપયોગી થાય. ખાસ જરૂર પડે તો પુસ્તકમાં તે ઠેકાણે માન્યતાભેદ દર્શાવી શકાય.

૯. સરકાર તરફથી કે અજૈનો તરફથી જૈન ધર્મના કોઈપણ ફિરકા વિરુદ્ધ કાંઈપણ પ્રવૃત્તિ થાય ત્યારે તેની સામે ઊહાપોહ કરવામાં બધા સંપ્રદાયોએ સાથ આપવો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૦. જૈન ધાર્મિક તહેવારોની રજા માટે સરકારમાં અરજી કરવી હોય, તે માટે કોશીશ કરવી હોય ત્યારે સર્વ સંપ્રદાયોએ એકઠા થઈને સંયુક્ત રીતે અરજી, કોશીશ કરવી, અને તે તહેવારના દિવસો નક્કી કરવા માટે તિથિના ઝઘડા કરવા નહિ પણ સર્વેએ એકઠા મળી એક તિથિ નક્કી કરીને પછી જ સરકારને સંયુક્ત અરજી કરવી.

દરેક સંપ્રદાયની મુખ્ય સંસ્થાઓ, કૉન્ફરન્સો, સંઘો, મુનિમહારાજો તથા આગેવાનો ઉપરના દશ નિયમોને અનુસરવાનું ઠરાવે અને તે પ્રમાણે તે દરેકના સામયિક પત્રોમાં જાહેર કરે તો આપણે સર્વ જૈનો એકતાની એકદમ નજીક આવી જઈશું એ નિઃસંદેહ છે.

જૈન સિદ્ધાંત સભા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુક્રમણિકા


પ્રસ્તાવના. ... ... ... ... ૩
પ્રકાશકનું વક્તવ્ય ... ... ... ... ૯

## ભાગ પહેલો

સંપ્રદાયવાદનું અનિષ્ટ ... ... .... ... ૨

પ્રકરણ

૧. જૈનધર્મના સર્વ ફિરકાઓનો સમન્વય-એકતા કેમ થાય? ૩
૨. સૂત્રો અને આગમ ... ... ૭
સૂત્રો સદંતર વિચ્છેદ ગયાની દિગંબરોની માન્યતા સાચી નથી. ... .... ... ૮
પં. સુખલાલજીનો અભિપ્રાય ... ... ૧૧
એકાંત આગ્રહનું પરિણામ. ... ... ૧૩
એકાંત આગ્રહથી નુકશાન ... ... ૧૪
સૂત્રો અમાન્ય કરવાથી નુકશાન ... ... ૧૬
પં. સુખલાલજીનો અભિપ્રાય. ... ... ૧૭
શ્વેતાંબર દિગંબરનું આગમ સાહિત્ય અને પ્રકાશન. ૨૦
૩. મૂર્તિપૂજા ... ... ... ૩૨
મૂર્તિપૂજાથી હાનિ ... ... ૩૨
મૂર્તિપૂજા એ સંપ્રદાયવાદ છે ... ૩૨
દશ લક્ષણ ધર્મ જ સાચો ધર્મ છે. ... ૩૩
સદ્‌ગુણ ધર્મના પ્રદેશમાં પહોંચતી હાનિ ... ૩૪
મૂર્તિપૂજાની શરૂઆત. ... .... ૩૭
મૂર્તિ સંબંધી ઐતિહાસિક હકીકત .... ૩૮
સૂત્રમાં ભગવાનની પૂજાનો દાખલો .... ૪૧


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

| | |
|---|---|
| વીતરાગની મૂર્તિ. આ તે કેવી વિડંબના ? .... | ૪૬ |
| જિન પ્રતિમા જિન સરિખી. .... | ૪૯ |
| ૪. શ્વેતાંબરત્વ–દિગંબરત્વ. ... ... ... | ૫૪ |
| ભ. મહાવીરનો અચેલકધર્મ. ... .... | ૫૫ |
| શ્વેતાંબર સાહિત્ય ... ... | ૫૬ |
| અચેલકધર્મના નિયમ. .... .... | ૫૮ |
| સુવિધાનો દુરૂપયોગ. ... .... | ૬૩ |
| અચેલકતાને જિનકલ્પનું નામ અપાયું. ... | ૬૪ |
| જિનકલ્પ વિચ્છેદ ગયાની ઘોષણા. ... | ૬૫ |
| ઉપધિની સંખ્યામાં વૃદ્ધિ ... ... | ૬૬ |
| અચેલક અને નગ્નતાના અર્થમાં પરિવર્તન. ... | ૬૭ |
| વસ્ત્ર સંયમનું સાધન છે. ... .... | ૭૩ |
| દિગંબર સાહિત્યના આધારે ... ... | ૭૮ |
| દિગંબર ગ્રંથોમાંના ઉલ્લેખો .... ... | ૮૨ |
| દિગંબર મુનિ શ્રી રત્નાકરવર્ણીનો અભિપ્રાય .... | ૮૩ |
| પં. મુનિશ્રી કલ્યાણવિજયજીનો અભિપ્રાય. ... | ૮૪ |
| મૂર્છા એ જ પરિગ્રહ છે. ... ... | ૮૭ |
| ૫. સ્ત્રીમુક્તિ ... ... .... | ૯૦ |
| ૬. સમન્વય કેમ થાય ? ... ... | ૯૭ |
| સમન્વય સંભવિત ક્યારે ? ... ... | ૯૭ |
| (૧) સૂત્રો આગમો. ... ... ... | ૯૯ |
| શ્વેતાંબર સૂત્રો ... ... .... | ૧૦૦ |
| દિગંબર ગ્રંથોમાં પૂર્વાપર વિરોધ ... | ૧૦૫ |
| શ્વેતાંબર સૂત્રોમાં પારસ્પરિક વિરોધ અને મતભેદના કારણો ... ... | ૧૦૬ |
| શ્વેતાંબર સૂત્રોના અનુયોગો ... ... | ૧૦૭ |
| દિગંબર શાસ્ત્રોના અનુયોગો ... ... | ૧૦૯ |


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તર્કવાદ ... ... ... ... ૧૧૦
કાર્મિક અને સૈદ્ધાન્તિક મતભેદ ... ... ૧૧૪
શ્રીમદ્ રાજચંદ્રના ઉદ્‌ગારો ... ... ૧૧૫
(૨) મૂર્તિપૂજા. ... ... ... ... ૧૧૯
(૩) શ્વેતાંબરત્વ દિગંબરત્વ ... ... ૧૨૨
(૪) સ્ત્રીમુક્તિ ... ... ... ... ૧૨૫
૭. પર્યુષણુ પર્વનો સમન્વય ... ... ૧૨૭


## ભાગ બીજો.

### ઐતિહાસિક સૈદ્ધાંતિક લેખો અને સૂચનાઓ.


૧. સિદ્ધના પ્રકારો. ( સંકલિત ) ... ... ૧૩૫
૨. શ્વેતાંબરત્વ દિગંબરત્વ.
( પંડિત બેચરદાસજી દોશી ) ... ... ૧૪૫
૩. દિગંબરો ક્યારે છૂટા પડ્યા ?
( પં. મુનિશ્રી કલ્યાણવિજયજી મહારાજ ) ... ૧૫૯
૪. ઋજુપ્રાજ્ઞતા શી રીતે ?
( પંડિત બેચરદાસજી દોશી ) ... ... ૧૬૭
૫. સંગઠન. વિચારસંસ્કૃતિ.
( મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ ) ... ... ૧૭૩
૬. જૈનધર્મની એકતા સંબંધમાં કંઈક સુઝાવ
( શ્રી અગરચંદજી નાહટા ) ... ... ૧૮૬
૭. કાળ જ્ઞાન તત્ત્વ ચિંતામણી. ...
( તપસ્વીજી માણેકચંદ્રજી મહારાજ ) ... ... ૧૫૯


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૮. એકતા માટે તપસ્વીજી માણેકચંદજીના ઉદ્ગારો ... ૨૧૫
૯. દિગંબર શ્વેતાંબર વાદ (પદ્મનાભ જૈન) ... ૨૨૧
૧૦. જૈનધર્મ અને સમાજ (પદ્મનાભ જૈન) ... ૨૩૧
૧૧. આપણી હાલની સ્થિતિ (શ્રીમદ્ રાજચંદ્ર) ... ૨૪૦
૧૨. મિથ્યાત્વ એટલે શું? (ન. ગિ. શેઠ) ... ૨૪૬
૧૩. સ્થાનકવાસી શ્વેતાંબર દિગંબર શબ્દોનો સમન્વય.
(સ્થા. આ. શ્રી આત્મારામજી) ... ૨૫૨
અનેકાંત વિચારણા. (મુનિશ્રી ન્યાયવિજયજી) ... ૨૬૨
સાંપ્રદાયિક દુરાગ્રહ (મુનિશ્રી ન્યાયવિજયજી) ... ૨૬૩

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# જૈન ધર્મ અને એકતા

ભાગ પહેલો

## એકજ ધર્મ

લેખક-સંપાદક

નગીનદાસ ગિરધરલાલ શેઠ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# સંપ્રદાયવાદનું અનિષ્ટ

ससम्प्रदायोऽपि कषाययोगात्
स्वजीवनं दुःस्थितमातनोति ।
असम्प्रदायोऽपि कषायनाशाद्
आत्मानमुच्चैः पद आदधाति ॥

સંપ્રદાયચુસ્ત માણસ પણ કષાયયોગે (સંપ્રદાયની ખાતર હોય તો પણ) પોતાના જીવનની દુર્ગતિ કરે છે ત્યારે સંપ્રદાય વગરનો માણસ કષાયના અભાવે પોતાના આત્માને ઉચ્ચપદ પર સ્થાપિત કરે છે.

नाशाम्बरत्वे न सिताम्बरत्वे,
न तर्कवादे न च तत्त्ववादे ।
न पक्षसेवाश्रयणे न मुक्तिः,
कषायमुक्तिः किल मुक्तिरेव ॥

દિગંબર થઈ જવામાં કે શ્વેતાંબર થઈ જવામાં મુક્તિ નથી. તર્કવાદમાં કે તત્ત્વવાદમાં મુક્તિ નથી. સંપ્રદાય પક્ષમાં કે ફિરકાબંધીમાં મુક્તિ નથી પરંતુ કષાયોથી, રાગદ્વેષથી મુક્ત થવામાં જ મુક્તિ છે.

—મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ પહેલું

## જૈન ધર્મના સર્વ ફિરકાઓના સમન્વય-એકતા કેમ થાય ?

જૈન ધર્મ જ મોક્ષમાર્ગ છે અને જૈન ધર્મ એક જ છે. તેમાં કોઈ સંપ્રદાય નથી, હોઈ શકે જ નહિ. સંપ્રદાય એટલે મતભેદ અને મતાગ્રહ. પરંતુ મતાગ્રહથી કદી મોક્ષ પ્રાપ્ત થઈ શકતો નથી.

મનુષ્યનું લક્ષ મોક્ષ પ્રાપ્તિનું છે અથવા હોવું જોઈએ. અને મોક્ષ પ્રાપ્તિ માટે મનુષ્યે શુદ્ધ ધર્મ જાણવો જ જોઈએ. કારણ કે શુદ્ધ ધર્મ જાણવાથી જ સાચા ધર્મનું આરાધન થઈ શકે, એટલે કે **સંપ્રદાયવાદમાંથી મુક્ત થઈને** શુદ્ધ ધર્મની ઓળખ કરીને તેનું આરાધન કરવું જોઈએ.

**સંપ્રદાયવાદ તે જૈન ધર્મની બહારની વસ્તુ છે. સંપ્રદાયવાદ તે એકાંતવાદ છે, કષાયવાદ છે અથવા કષાયયુક્તવાદ છે. એટલે સંપ્રદાયવાદ તે સાચો મોક્ષ માર્ગ નથી. સાચો આત્મધર્મ નથી જ.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભગવાન મહાવીરે અનેકાંતવાદ પ્રરૂપ્યો છે એટલે કે વસ્તુને દરેક બાજુથી તપાસીને નિર્ણય કરવાની આજ્ઞા ફરમાવી છે. તે આજ્ઞાનું ઉલ્લંઘન કરીને કોઈ પણ સંપ્રદાય જે **બાબતમાં એકાંતવાદ ધારણ કરે ત્યાં તે સંપ્રદાય ભગવાનની આજ્ઞા બહાર વર્તે છે એમ ચોક્કસ માનવું જોઈએ.**

સંપ્રદાયનું કારણ મતભેદ. મતભેદનું મુખ્ય કારણ અભિમાન છે, બીજું કારણ અણસમજ અથવા અજ્ઞાન છે. પરંતુ જે માણસ ભગવાન મહાવીરની આજ્ઞાને પ્રધાન માનતો હોય તે અનેકાંતવાદનો આશ્રય લીએ અને મતભેદને મહત્વ આપે નહિ. ભગવાનના સાચા ભક્તમાં, સાચા અનુયાયીમાં સંપ્રદાયવાદ હોઈ શકે જ નહિ, સંપ્રદાયવાદી ભગવાન મહાવીરનો સાચો ભક્ત, સાચો અનુયાયી હોઈ શકે જ નહિ.

**એકાંતવાદ એટલે ખોટું જ્ઞાન અથવા અજ્ઞાન. અને એકાંતવાદ હોય ત્યાં આત્મધર્મ નથી, એટલે કે જે કોઈ જ્ઞાન આત્માને મોક્ષમાર્ગમાં ચડાવે તે સાચું જ્ઞાન છે. જે કોઈ સૂત્ર કે જે કોઈ શાસ્ત્રગ્રંથ આત્માને મોક્ષપ્રાપ્તિના રસ્તે ચડાવે તેજ સાચું સૂત્ર, શાસ્ત્ર કે ગ્રંથ છે. તે જ સત્શાસ્ત્ર છે, ભલે પછી તે ગમે સંપ્રદાયનું હોય, આત્મધર્મ તરફ ન વાળે તે કુશાસ્ત્ર જ છે. તેજ પ્રમાણે જે વાંચન તથા શ્રવણ આત્મવિકાસ કરે તે જ સાચું વાંચન શ્રવણ છે અને આત્મધર્મ તરફ ન વાળે તે વાંચન શ્રવણ નિષ્ફળ છે, વખતનો દુરૂપયોગ છે.**

ભસ્મગ્રહે ( કાળબળે ) તેનો ભાવ ભજવ્યો અને જૈન ધર્મના ટુકડા કરી નાંખ્યા. ભારતભરમાં સૌથી મોટી સંખ્યામાં ફેલાયેલો જૈન ધર્મ આજે તદ્દન નાના વર્તુળમાં સમાઈ ગયો છે ત્યારે હવે જૈનોએ જાગૃત થવાની જરૂર છે. અનેકાંતવાદથી પરસ્પરના મતભેદ મીટાવી એકતા કરવાની, સમન્વય કરવાની અનિવાર્ય જરૂર છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મારી તો આ જીંદગીની એ આકાંક્ષા છે. **દશવર્ષ પહેલાં મેં ત્રણે ફિરકાની એકતા માટે ઈનામી હરિફાઈથી, નિબંધ પણ લખાવ્યો હતો, સમન્વય કે એકતાની વાત કરવી એ કાંઈ ખોટું કાર્ય નથી પણ સારૂં કાર્ય છે.** અલબત્ત, આવી વાતથી ચાટ રૂઢિચુસ્ત સંપ્રદાયવાદીઓ મારા સામે છેડાઈ પડે અને મને ગાળો પણ આપે એ તદ્દન સંભવિત છે. પરંતુ મને જેમ માન પ્રતિષ્ઠાનો મોહ નથી તેમ સાંપ્રદાયિક વિરોધ કે ગાળોનો ડર પણ નથી, અને એકતાના આંદોલનો ફેલાવવા તે ધર્મ સેવાનું જ એક કાર્ય છે એમ હું માનું છું.

તેથી જિજ્ઞાસુ ભાઈઓનાં આગ્રહને માન આપીને આ સંબંધમાં મારા વિચારો ટુંકામાં લખવા પ્રેરાયો છું. એકતા માટે સમન્વયની જરૂર છે. અને સમન્વય માટે મતભેદો જે કારણે અથવા જે રીતે ઉત્પન્ન થયા તે અને મૂળમાં સત્ય શું છે તે સૌથી પહેલાં જાણવાની જરૂર છે. તે જાણ્યા પછી સમન્વયનો વિચાર કરી શકાય.

જૈન ધર્મની મુખ્ય ચાર શાખા છે—(૧) સ્થાનકવાસી, (૨) તેરાપંથી (૩) શ્વે. મૂર્ત્તિપૂજક અને (૪) દિગંબર.

પહેલાં તો એ મુખ્ય ફાંટા જ હતા—શ્વેતાંબર અને દિગંબર. બંને મૂર્તિપૂજક હતા. પરંતુ શ્વેતાંબરો આગમ સૂત્રોને માને છે ત્યારે દિગંબરો મૂળ સૂત્રોને વિચ્છેદ ગયા કહીને ઉપલબ્ધ સૂત્રોને માનતા નથી તેથી દિંગબરો તેમના નવા બનાવેલા આગમ ગ્રંથોને માને છે.

સ્થાનકવાસીઓ શ્વેતાંબર જ છે. પરંતુ શ્વે. સૂત્રોમાં મૂર્તિપૂજાનું નામનિશાન નથી તે સાબિત કરીને સ્થાનકવાસીઓ મૂર્તિપૂજાને માનતા નથી. પરંતુ સૂત્રોમાં મેરૂ પર્વત ઉપર, દેવલોકમાં વગેરે ઠેકાણે શાશ્વતી મૂર્તિ હોવાનું લખેલું છે ત્યાં તે શાશ્વતિ મૂર્તિઓ હતી અને છે એમ કબુલ કરે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેરાપંથ સ્થાનકવાસીમાંથી જ નીકળેલ છે. અને દયાદાન સંબંધીના તેમના વિચાર બીજા બધા જૈન સંપ્રદાયોથી નિરાળા છે.

સમન્વય અથવા એકતા સંબંધી લખવા પહેલાં મતભેદના મુખ્ય મુદ્દાઓ આપણે જાણી લેવા જોઈએ. તેથી પહેલાં મતભેદના મુદ્દાઓની વાત લખું છું. અત્યારે ગણવા બેસીએ તો મતભેદના મુદ્દા ઘણા થઈ જાય પરંતુ મુખ્ય મતભેદ તો ચાર બાબતનો કહી શકાય તે આ પ્રમાણે—

(૧) સૂત્રો માન્ય અમાન્ય છે તે.

(૨) મૂર્તિપૂજા સૂત્રસિદ્ધ નથી અને મોક્ષસાધક નથી માટે અમાન્ય છે.

(૩) શ્વેતાંબરત્વ અને દિગંબરત્વ.

(૪) સ્ત્રીમુક્તિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ બીજું

## સૂત્ર આગમ

સૂત્ર આગમનો સમન્વય કરવા માટે એ રીતે વિચાર કરવાનો છે—(૧) દિગંબરો સૂત્રોને વિચ્છેદ ગયેલા માને છે તેથી શ્વેતાંબરોના સૂત્રોને દિગંબરો માન્ય ગણતા નથી. (૨) શ્વેતાંબરોમાં પણ જુદા જુદા સંપ્રદાયો પોતપોતાના સૂત્રો માને છે અને પોતપોતાના સૂત્રો પ્રગટ કરે છે.

મૂળ તો ગણધરોએ બનાવેલા ગ્રંથોને જ સૂત્રો તરીકે માનવામાં આવતા હતા. પરંતુ પાછળથી આચાર્યોએ બનાવેલાં ગ્રંથોને પણ સૂત્રો તરીકે માનવામાં આવ્યા ત્યારે મૂળ સૂત્રોને **અંગસૂત્રો** તરીકે ઓળખવામાં આવ્યા. અને પૂર્વાચાર્યોના ગ્રંથોને **અંગબાહ્યસૂત્રો** તરીકે ઓળખવામાં આવ્યા.

સૂત્રોને આગમ કહેવામાં આવે છે. આગમ એટલે પરંપરાથી ચાલ્યું આવેલું તે. સૂત્રો પરંપરાથી ચાલ્યા આવે છે તેટલા માટે જ તેને આગમ કહેવામાં આવે છે એમ નથી. સૂત્રોને આગમ કહેવાનું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિશેષ કારણ એ છે કે સૂત્રો તદ્દન મૂળ સ્વરૂપમાં રહ્યા નથી મૂળ સુત્રોમાંથી ઘણો ભાગ ભૂલાઈ ગયો છે એટલે વિચ્છેદ ગયો અને પૂર્વાચાર્યોએ તેમના શિષ્યોને મૂળ સુત્રો ઉપર ટીકારૂપે સમજુતી આપેલી તે સમજુતીનો ઘણો ભાગ પણ મૂળ સૂત્રમાં ભળી જઇ સૂત્ર તરીકે ઓળખાવા લાગ્યો તેથી સૂત્રને આગમ તરીકે ઓળખવા માંડયા.

દિગંબરો તો સૂત્રોને વિચ્છેદ ગયા માને છે એટલે હાલના ઉપલબ્ધ સૂત્રોને દિગંબરો માનતા નથી. તેથી તેઓ તેમના પૂર્વાચાર્યોએ નવા બનાવેલા ગ્રંથોને આગમ તરીકે માને છે.

## સૂત્રો સદંતર વિચ્છેદગયાની દિગંબરોની માન્યતા સાચી નથી.

દિગંબરો અંગસૂત્રોને વીર સંવત ૬૮૩ સુધીમાં એટલે કે વિક્રમની બીજી શતાબ્દિની શરૂઆતમાં જ તદ્દન વિચ્છેદ ગયા એમ માને છે અને તેથી તેઓ શ્વેતાંબરો–માન્ય સૂત્રોનો સ્વીકાર કરતા નથી.

ત્યારે કષાયપાહુડ શ્રી ગુણધરાચાર્યે વિક્રમની બીજી શતાબ્દિમાં રચ્યું હતું તેનું વિવેચન કરતાં લખે છે કે—

> "વીર સવંત ૬૮૩ બાદ અંગો અને પૂર્વોનું એક દેશ (એટલે અધુરૂં) જ્ઞાન જ પરંપરાથી શ્રી ગુણધરાચાર્યને પ્રાપ્ત થયું અને તે **ભટ્ટારક** ગુણધરાચાર્યે જે જ્ઞાન પ્રવાદ નામના પાંચમાં પૂર્વની દશમી વસ્તુની અંતર્ગત ત્રીજા કષાયપાહુડ અધિકારના પારંગત હતા તેમણે પ્રવચન વાત્સલ્યથી વશીભૂત થઈને ગ્રંથના વિચ્છેદ ભયથી સોળ હજાર પદ પ્રમાણે પૅજ્જદોસપાહુડનો ૧૮૦ ગાથાઓ દ્વારા ઉપસંહાર કર્યો."— (જયધવલા પુ. ૧ પાનું ૪૧)

એટલે કે વીર સંવત ૬૮૩ (વિક્રમની બીજી શતાબ્દિમાં) અંગ સૂત્રો સંપૂર્ણ વિચ્છેદ ગયા નહોતા પણ પૂર્વો સહિત સર્વ અંગ સૂત્રોનું થોડું જ્ઞાન વિચ્છેદ ગયું હતું અને થોડું જ્ઞાન પ્રાપ્ત હતું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે કષાયપાહુડ ઉપર આચાર્યશ્રી યતિવૃષભે વિક્રમની છઠ્ઠી શતાબ્દિમાં ચૂર્ણી રચી અને આચાર્યશ્રી વીરસેન તથા જિનસેને વિક્રમની નવમી શતાબ્દિમાં જયધવલા ટીકા રચી.

**સૂત્રો જો વિચ્છેદ ગયા હોય તો તેનું જ્ઞાન પણ વિચ્છેદ જાય.** વિચ્છેદ જવું એટલે ભુલાઈ જવું. કારણ સૂત્રો મોઢે હતા. અને પછી યાદ રહેલા જ્ઞાનમાં મતિ વિભ્રમથી **અયથાર્થતા આવી ગઈ હોય.**

**સૂત્રો વિચ્છેદ ગયા પછી પણ સૂત્રજ્ઞાન યથાર્થ રહે છે એમ દિગંબરો કહે તો તે હિસાબે શ્વેતાંબરો પાસે રહેલા સૂત્રોમાં પણ યથાર્થ જ્ઞાન છે એમ તેમણે કબૂલ કરવું જોઈએ. કારણ કે નહિંતર કષાયપાહુડની ટીકા અયથાર્થ જ્ઞાનમાંથી નિષ્પન્ન થઈ છે એમ માનવું પડે.** પરંતુ અહિંયા તો ઠેઠ વિક્રમની નવમી સદીમાં આચાર્ય શ્રી વીરસેન તથા જિનસેને મળીને સાઠ હજાર શ્લોક પ્રમાણે જયધવલા નામની મોટી ટીકા રચી છે અને તેને પ્રમાણ આગમ તરીકે માન્ય ગણવામાં આવે છે.

આ ઉપરથી માનવું જ પડશે કે પૂર્વ તથા અંગ સૂત્રોનું એક-દેશીય જ્ઞાન ઠેઠ વિક્રમની નવમી શતાબ્દિ સુધી પ્રાપ્ત હતું એટલે કે સૂત્રો સંપૂર્ણ વિચ્છેદ નહોતા ગયા પણ તેનો કેટલોક ભાગ વિચ્છેદ ગયો હતો અને બાકીનો ભાગ મોજુદ હતો.

બીજી વાત એ છે કે શ્રી ગુણધરાચાર્યને ભટ્ટારક '(વસ્ત્રધારી) કહેવામાં આવે છે. પરંતુ તે વખતે ભટ્ટારક પ્રથા ચાલુ નહોતી એટલે ગુણધર શ્વેતાંબરાચાર્ય હોય એમ અનુમાન થાય છે.

ભટ્ટારક સંપ્રદાયનો પ્રાચીનતમ સેનગણ વિક્રમની નવમી શતાબ્દિમાં શરૂ થયો હતો. અને તેમાં પહેલા આચાર્ય ચંદ્રસેન, બીજા આર્યનંદિ અને ત્રીજા વીરસેન થયા હતા. તે વીરસેન આચાર્યે ધવલા તથા જય-ધવલા ટીકાઓ રચી હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પૂર્વનું જ્ઞાન વિચ્છેદ જતું હતું તેથી તેમાંથી ઉધ્ધૃત કરીને દિગંબરાચાર્યોએ કષાય પ્રાહુડ તથા ષટ્ખંડાગમની રચના કરી એમ દિગંબરો કહે છે ત્યારે એક પ્રશ્ન ઉઠે છે કે તે જ પ્રમાણે અગીઆર અંગ સૂત્રોમાંથી ઉધ્ધૃત કરીને દિગંબરાચાર્યોએ કેમ કોઈ ગ્રંથ રચ્યા નહિ? જેમ દિગંબરો પૂર્વના જ્ઞાનના થોડા અંશને સાચવી શક્યા તેમ બીજા બધા સૂત્રોના જ્ઞાનને કેમ સાચવી ન શક્યા?

સૌથી અઘરું જ્ઞાન પૂર્વોનું હતું, એટલે પૂર્વો વહેલા વિચ્છેદ ગયેલા તે સૌ કોઈ સમજી અને માની શકે છે. પરંતુ **અગીયાર અંગનું જ્ઞાન તો પ્રમાણમાં ઘણું સહેલું હોઈ તે એકદમ વિચ્છેદ જઈ શકે નહિ,** છતાં દિગંબરો સૂત્રોને સંપૂર્ણ રીતે વિચ્છેદ ગયા માને છે! **જ્યાંસુધી પૂર્વનો થોડો ભાગ પણ યાદ હતો ત્યાં સુધી અગીયાર અંગ પૂરા અથવા થોડા તો યાદ હતા જ એમ કોઇ પણ સમજુ માણસ સમજી શકે તેમ છે.**

કષાય પાહુડ તથા ષટ્ખંડાગમ પુસ્તકો રચાયા ત્યારે જ પુસ્તકારૂઢ કરાયા હતા તેમ તે વખતે અગીઆર સૂત્રો યાદ હતા તે દિગંબરોએ પુસ્તકારૂઢ કેમ ન કર્યા? પૂર્વોની પહેલાં અંગસૂત્રોનું જ્ઞાન તો વિચ્છેદ ન જ ગયું હોય એટલે પૂર્વનું જ્ઞાન હતું ત્યારે સૂત્રોનું જ્ઞાન પણ હતું એમ તો માનવું જોઈએ. **અથવા અધુરા યાદ હતા તો જેટલા યાદ હતા તેટલા પણ કેમ સાચવ્યા નહિ? કેમ પુસ્તકારૂઢ કર્યાં નહિ?**

વળી સૂત્રો વિચ્છેદ ગયા છે એવી દિગંબરોની માન્યતા ખોટી છે તે દિગંબરોના ગ્રંથો ઉપરથી જ જોઈ શકાય છે. દિગંબર ગ્રંથોની ટીકાઓમાં **"દશવૈકાલિક સૂત્ર", "ઉત્તરાધ્યયન સૂત્ર"** વગેરેના નામ મળી આવે છે. શ્રી અકલંક દેવના રાજવાર્તિકમાં પાંચમા અંગ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિના કેટલાક અધિકાર લખેલા છે તે સર્વ શ્વેતાંબર-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માન્ય અને હાલમાં મોજુદ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિસૂત્રમાં વિદ્યમાન છે, તેથી સિદ્ધ થાય છે કે વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ ( ભગવતી ) સૂત્ર વિચ્છેદ જવાની વાત ખોટી છે. એજ રીતે બીજા સૂત્રો વિચ્છેદ જવાની વાત પણ ખોટી છે.

## પં. સુખલાલજીનો અભિપ્રાય

કેટલીક ધાર્મિક બાબતમાં અશ્રદ્ધાળુ પરંતુ ઐતિહાસિક અન્વેષણમાં અજોડ એવા પંડિતશ્રી સુખલાલજીએ પણ કહ્યું છે કે—

"શ્વેતાંબરોને માન્ય સાધારણ આગમિક સાહિત્યને દિગંબર ફિરકો માનતો જ નથી. તે એમ કહે છે કે અસલી આગમિક સાહિત્ય ક્રમે ક્રમે લેખબદ્ધ થયા પહેલાં જ અનેક કારણોથી નાશ પામ્યું. આમ કહી તે સ્થાનકવાસી—શ્વેતાંબર ઉભય માન્ય આગમિક સાહિત્યનો બહિષ્કાર કરે છે અને તેના સ્થાનમાં તેની પોતાની પરંપરા પ્રમાણે ઈસ્વીસનના બીજા સૈકાથી રચાયેલ મનાતા અમુક સાહિત્યને આગમિક માની તેને અવલંબે છે.

**"અહીં પ્રશ્ન એ છે કે જો ઈસ્વીસનના પહેલા બીજા સૈકાથી માંડી રચાયેલા ખાસ દિગંબર સાહિત્યને તે ફિરકાના આચાર્ય અને અનુયાયીઓએ જીવિત રાખ્યું તો તેમણે પોતે જ અસલી આગમ સાહિત્યને સાચવી કેમ ન રાખ્યું? અસલી આગમ સાહિત્યના સર્વથા વિનાશક કારણોએ તે ફિરકાના નવીન અને વિવિધ વિસ્તૃત સાહિત્યનો વિનાશ કેમ ન કર્યો?**

"એમ તો કહી નહિ જ શકાય કે દિગંબર ફિરકાએ જુદા ખાસ ખાસ રચેલ શાસ્ત્રોના સમય પહેલાં જ એ વિનાશક કારણો હતાં અને પછી એવા ન રહ્યાં. કારણ કે એમ માનવા જતાં એવી કલ્પના કરવી પડે કે—

"વીરપરંપરાના અસલી આગમિક સાહિત્યનો સર્વથા વિનાશ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરનારાં બળોએ સમાન ક્ષેત્ર અને સમાન કાળમાં હૈયાત બ્રાહ્મણ અને બૌદ્ધ અસલી સાહિત્ય કે તે વખતે રચાતા સાહિત્ય ઉપર વિનાશક અસર ન કરી અને કરી હોય તો તે નામમાત્રની. આ કલ્પના માત્ર અસંગત જ નથી પણ અનૈતિહાસિક સુદ્ધાં છે.

"ભારતવર્ષના કોઈ પણ ભાગમાં વર્તમાન કે રચાતા સાહિત્ય વિષે એવાં પક્ષપાતી વિનાશક બળો ક્યારે ય ઉપસ્થિત થવાનો ઈતિહાસ પ્રાપ્ત નથી થતો કે એ બળોએ માત્ર જૈન સાહિત્યનો સર્વથા વિચ્છેદ કર્યો હોય અને બ્રાહ્મણ તેમ જ બૌદ્ધ સાહિત્ય ઉપર દયા દાખવી હોય.

"આ અને આના જેવી બીજી કેટલીયે અસંગતિઓ આપણને એમ માનવા પ્રેરે છે કે **વીરપરંપરાનું અસલી સાહિત્ય** (ભલે તેના બંધારણમાં, ભાષા સ્વરૂપમાં અને વિષય ચર્ચામાં કાંઈક ફેરફાર કે ઘટાડો વધારો થયો હોય તોય) **વસ્તુતઃ નાશ ન પામતાં અખંડ રીતે હયાત જ રહ્યું છે. આ દૃષ્ટિએ જોતાં એ અસલી સાહિત્યનો વારસો દિગંબર ફિરકા પાસે નથી પણ શ્વેતાંબર અને સ્થાનકવાસી એ બે ફિરકા પાસે છે**"

આ ઉપરથી સમજી શકાય છે કે સૂત્રો સદંતર વિચ્છેદ ગયા છે એવી દિગંબરોની વાત યથાર્થ નથી. વીર નિર્વાણ સવંત ૯૮૦ સુધી પણ અમુક અંશે પૂર્વ તથા સૂત્રો યાદ હતા અને તે શ્વેતાંબર આચાર્ય શ્રી દેવર્દ્ધિ ગણીએ પુસ્તકારૂઢ કર્યાં હતા.

સૂત્રો સંપૂર્ણપણે યાદ, નહોતા એ વાત ખરી છે. પણ તેથી વિચ્છેદ ગયા છે એમ કહી ન શકાય. એટલે **સૂત્રો તદ્દન વિચ્છેદ ગયા છે એવા દિગંબરોના આગ્રહમાં અંદરનું કારણ જુદું દેખાય છે. અને તે એ કે દિગંબરો એકાંતપણે અચેલકવાદને પકડી બેઠા ત્યારે સૂત્રોમાં અચેલકનું વિધાન હોવા છતાં અશક્ત સાધુઓ માટે એકથી ત્રણ વસ્ત્રની છૂટ પણ હતી. એ છૂટના વિરોધ**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ખાતર દિગંબરોએ એકાંતવાદ પકડી સૂત્રોને અમાન્ય કર્યાં.**

જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંત **અનેકાંતવાદને** સિદ્ધાંત કરીકે માન્ય કરવા છતાં **દિગંબરોએ આચારમાં અનેકાંતવાદને તિલાંજલી આપી.**

**શ્વેતાંબરોએ** અચેલકવાદ કબુલ કરવા છતાં હવે તે પાળી ન શકાય એવો આગ્રહ પકડી તેમણે **પણ અનેકાંતવાદને તિલાંજલી આપી !**

**દિગંબરોએ નિશ્ચયનયને પ્રાધાન્ય આપ્યું ત્યારે શ્વેતાંબરોએ વ્યવહારનયને પ્રાધાન્ય આપ્યું. અને અત્યારે પણ તેમનું બંનેનું માનસ તેવી રીતનું જ દેખાય છે.**

## એકાંત આગ્રહનું પરિણામ—

દિગંબરોએ અચેલકપણું—નગ્નપણાને એકાંત આગ્રહથી પકડી રાખ્યું તેથી પરિણામ એ આવ્યું કે—

(૧) સ્ત્રી નગ્ન રહી શકે નહિ તેથી સ્ત્રીને ચારિત્ર અને મોક્ષ હોઇ શકે નહિ એમ દિગંબરોને જાહેર કરવું પડયું.

(૨) વસ્ત્ર વિના પાત્રો લઈ જઈ શકાય નહિ તેથી પાત્ર રાખવાની બંધી કરવી પડી.

(૩) પાત્રો વિના આહાર લાવી શકાય નહિ અને આહાર લાવ્યા વિના તીર્થંકર ભગવાન આહાર કરી શકે નહિ તેથી કેવળી ભગવાનને આહાર હોય નહિ એમ જાહેર કરવું પડયું.

(૪) નગ્નવાદના કારણે ઉપર પ્રમાણે સ્ત્રીમુક્તિ, કેવળીભુક્તિનો નિષેધ કર્યો. તે ઉપરાંત ગૃહસ્થલિંગ મુક્તિ, અન્યલિંગ મુક્તિ વગેરે અનેક બાબતોનો દિગંબરોને નિષેધ કરવો પડયો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ તેમના નિષેધો તેમના જ (દિગંબરોના) શાસ્ત્રગ્રંથોથી વિરુદ્ધ જાય છે. તેની કેટલીક વિગત "**જૈન પરંપરાનો ઇતિહાસ**" નામના પુસ્તકમાં પાના ૩૧૯ થી ૩૨૫માં આપી છે તથા ઉ. શ્રી **યશોવિજયજીનાં ગ્રંથોમાં** તથા શ્રી આત્મારામજીના **તત્ત્વનિર્ણય પ્રાસાદ** પુસ્તકમાં આપી છે તે સ્થળ સંકોચને લીધે અહિં આપી શકાઈ નથી, તો જિજ્ઞાસુએ ત્યાંથી જોઈ લેવી.

## એકાંત આગ્રહથી નુકસાન.

વસ્ત્રપાત્ર વગેરે ઉપાધિનો નિષેધ કરી નગ્નતાનો આગ્રહ રાખવાથી દિગંબરોને ઘણું નુકસાન થયું છે. તેમાનું થોડુંક નીચે પ્રમાણે છે—

(૧) નગ્નતાથી ધર્મની અને સંપ્રદાયની નિંદા થાય છે અને ધર્મ પ્રચાર અટકી જાય છે.

(૨) વિહારમાં અડચણો ઉભી થાય છે.

(૩) બાળકો નગ્ન સાધુને જોઈ ડરે છે.

(૪) સભ્ય સમાજ ઘૃણા કરે છે અને પોતાના ઘરમાં આવવા દેતા નથી.

(૫) સરકાર નગ્નને રસ્તામાં ચાલવાની બંધી કરે છે.

(૬) જિનશાસનને અનેક રીતે નુકસાન પહોંચે છે. ફક્ત બે ચાર હાથના કપડાનો પણ નિષેધ કરવાથી એ નુકસાન ઉઠાવવું પડે છે. વસ્ત્રધારી મુનિ બધે જઈ શકે છે અને આવા નુકસાનોથી ધર્મને બચાવે છે.

(૭) અજૈનના આહાર પાણી બંધ થઈ જાય છે. કારણ અજૈનો નગ્ન સાધુને ઘરમાં આવવા દેતા નથી તેમજ આહાર પાણી દેવામાં ઘૃણા કરે છે તેથી અજૈનને ત્યાં ગોચરીએ જઈ શકાતું નથી.

(૮) એક જ ઘેરથી ગોચરી કરવી પડે છે તેથી આધાકર્મિક ઔદ્દેશિક આદિ દોષ લાગે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૯) ગુરુભક્તિને તિલાંજલી આપવી પડે છે. ગુરુને બતાવી, ગુરુની આજ્ઞાનુસાર ગુરુદત્ત આહાર લેવાનો લાભ ગુમાવે છે. અને ગુરુને બતાવ્યા વિના આહાર લેવાથી કવચિત્ સ્વચ્છંદતાને અવકાશ મળે છે.

(૧૦) પાત્રના અભાવમાં બિમાર તથા વૃદ્ધ માટે આહાર પાણી લાવી શકાતા નથી, તેમ ગૃહસ્થના લાવેલા આહાર પાણી લઈ શકાતા નથી તેથી નિરાહાર રહેવું પડે છે.

(૧૧) એવી સ્થિતિમાં બિમાર વૃદ્ધ આર્તરૌદ્ર ધ્યાનમાં પડી જઈ આત્માનું અકલ્યાણ કરવાનો સંભવ છે.

પાત્ર હોય તો એ સર્વ દોષોથી બચી જવાય છે. અને દિગંબર પૂર્વાચાર્યના ગ્રંથોમાં પાત્રની છૂટ છે.

(૧૨) કરભોજીના હાથમાંથી ખોરાકનો અંશ નીચે પડી જાય છે તેથી જીવ વિરાધના તથા નિંદા થાય છે.

(૧૩) મહાવીર ભગવાને સ્થાપેલ ચતુર્વિધ સંઘને દિગંબરોએ ખંડિત કરેલ છે કારણ કે તેઓમાં સાધ્વી સંઘ જ નથી. સ્ત્રી દિગંબર રહી શકે નહિ માટે સાધ્વી થઈ શકે નહિ તેથી **દિગંબરોમાં ચતુર્વિધ સંઘ જ નથી.**

દિગંબરોમાં જૈન સિદ્ધાંત વિરુદ્ધની કેટલીક ખોટી માન્યતાઓ પણ પ્રવર્તે છે. તેનાં ત્રણ કારણો છે—

(૧) નગ્નત્વના આગ્રહને લીધે નગ્નત્વની વિરુદ્ધ જતી બાબતોનો અસ્વીકાર કરવા માટે તે તે બાબતોથી ઊલટી પ્રરૂપણા કરવી પડી.

(૨) શ્વેતાંબરોથી છૂટા પડીને તેમનો અને તેમના સાહિત્યનો સંપર્ક ખોવાથી મૂળ માન્યતા ભૂલી જવાથી દિગંબર આચાર્યોએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોતપોતાની કલ્પના અનુસાર નવી નવી માન્યતાઓ પ્રવર્તાવી.

(૩) બ્રાહ્મણોનું સમાજમાં વર્ચસ્વ થતું જોઈને દિગંબરોએ બ્રાહ્મણોના ઘણા આચારવિચારોનું અનુકરણ કર્યું.

અને એ ખોટી માન્યતાઓ પ્રવર્તાવતી વખતે દિગંબરો તેમના જ પૂર્વાચાર્યોએ બનાવેલા સાસ્ત્રોમાં શી શી પ્રરૂપણા કરી છે તે જોવાનું વિચારવાનું જ ભૂલી ગયા, એટલે દિગંબરોની ઘણીખરી માન્યતાઓ તેમના જ શાસ્ત્રોના વિધાનની વિરુદ્ધ જાય છે.

દિગંબરોના જેવી શ્વેતાંબરો ઉપર બ્રાહ્મણોના આચાર વિચારની અસર થઈ નથી કારણ કે શ્વેતાંબરો મૂળ જૈન સિદ્ધાંતને ચીવટપણે વળગી રહ્યા હતા.

દિગંબરોની માન્યતાઓ તેમના જ શાસ્ત્રોની વિરુદ્ધ છે તે મુનિશ્રી દર્શનવિજયજીએ તેમના "**શ્વેતાંબર દિગંબર**" નામના પુસ્તકમાં દિગંબર શાસ્ત્રોના અનેક ઉલ્લેખો આપીને બતાવી આપ્યું છે. દરેક જિજ્ઞાસુ જૈને એ પુસ્તક જરૂર વાંચી જવું.

## સૂત્રો અમાન્ય કરવાથી નુકસાન

સૂત્રોને અમાન્ય કરવાથી દિગંબરોએ પણ ઘણું ગુમાવ્યું છે. જેમકે—

(૧) જૈન પારિભાષિક શબ્દોને બદલે વૈદિક પરિભાષાના શબ્દો અપનાવ્યા છે. જેમકે–પુરાણ. પુરાણ શબ્દ મૂળ વૈદિક ધર્મમાં વપરાતો હતો. દિગંબરોએ તે શબ્દ અપનાવી જૈન મહાત્માઓના ચરિત્રને પુરાણ નામ આપ્યું છે. દિગંબરોના નૈષ્ઠિક શ્રાવક નામમાં બ્રાહ્મણોમાં નૈષ્ઠિક બ્રહ્મચારી નામ છે તેનું અનુસરણ છે.

(૨) ગૃહસ્થના આચારમાં પણ વૈષ્ણવોના આચારને દિગંબરોએ અપનાવેલ છે. યજ્ઞોપવિત, કમંડલ, શૂદ્ર મુક્તિ નિષેધ, છુતાછુત,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શુદ્ધાશુદ્ધિ વગેરે ઘણા આચારો જૈન સિદ્ધાંતની વિરુદ્ધ હોઈ તેવા આચારો પણ દિગંબર ગૃહસ્થોના આચારમાં દેખાય છે.

(૩) બીજા સૂત્રોની પેઠે આવશ્યક સૂત્ર પણ અમાન્ય કરવાથી દિગંબરોમાં આવશ્યક સૂત્ર જ નથી. હાલમાં તેમણે સામાયિક પ્રતિક્રમણ પાઠો બનાવ્યા છે પણ તેમાં ક્રમ તેમજ વિગતનો સંપૂર્ણ અભાવ છે. શ્વેતાંબરના આવશ્યક સૂત્રની સાથે દિગંબરોના સામાયિક પ્રતિક્રમણના પાઠોની સરખામણી કરવાથી આ વાત તુરત સમજાઈ જશે.

(૪) તેજ પ્રમાણે આલોચના—આલોયણા પણ દિગંબરોમાં શ્વેતાંબરો જેવી નથી.

ઊંડા ઉતરતાં આવું બીજું ઘણું નીકળી આવે. દિગંબરો તેમના મુનિઓએ પણ દરરોજ સામાયિક કરવી જોઈએ એમ કહે છે. તે ઉપરથી સમજી શકાશે કે તેમની પાસે સામાયિકનો પાઠ જ નથી. કારણ કે સામાયિક પાઠથી તો સાધુ દીક્ષા ધારણ કરે છે તેથી સાધુ તો નિરંતર સામાયિકમાં જ છે એટલે સાધુને રોજ સામાયિક કરવાની હોય જ નહિ.

## પં. સુખલાલજીનો અભિપ્રાય

ઐતિહાસિક અન્વેષણમાં અજોડ પંડિત સુખલાલજીએ પણ આ સંબંધમાં ઘણું સ્પષ્ટ અને સત્ય લખ્યું છે તે વાંચકે જાણવા જેવું હોઈને અત્રે ઉધ્ધૃત કરું છું—

" દિગંબર ફિરકાએ અસલી આગમિક સાહિત્યને અવગણવામાં, તેનો બહિષ્કાર કરવામાં માત્ર વિદ્યાના કેટલાક અંશો ગુમાવવા પૂરતી જ ભૂલ નથી કરી પણ એ સાથે એણે વીરપરંપરાનાં ઘણા આચાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને વિચારોનો વારસો ગુમાવ્યો છે. આગમિક સાહિત્ય છોડવા સાથે એના હાથમાંથી પંચાંગીના પ્રવાહને સાધવા અને પોષવાનો સોનેરી અવસર જ ચાલ્યો ગયો.

"એ તો એક અબાધ્ય સત્ય છે કે મધ્યકાળમાં કેટલીક શતાબ્દિઓ દરમ્યાન માનનીય દિગંબર ગંભીર વિદ્વાનોના હાથથી રચાયેલ દાર્શનિક, તાર્કિક અને અન્ય પ્રકારનું વિવિધ સાહિત્ય એવું છે કે તે માત્ર હરકોઈ જૈનને જ નહિં પણ હરકોઈ ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિના અભ્યાસીને માન ઉત્પન્ન કરે તેવું છે.

"તેમ છતાં ઐતિહાસિક દૃષ્ટિએ કબૂલ કરવું જોઈએ કે જો દિગંબર પરંપરાએ આગમિક અને પંચાંગી સાહિત્ય સાચવી, તેનું સંવર્ધન અને વ્યાખ્યાન કે વિવરણ પોતાની જ ઢબે કર્યું હોત તો એ પરંપરાના ગંભીર વિદ્વાનોએ ભારતીય સાહિત્ય અને જૈન સાહિત્યને એક સન્માનવર્ધક ભેટ આપી હોત.

"ખેર ! આ ઉપરથી એકંદરે મારો અભિપ્રાય કેવળ ઐતિહાસિક દૃષ્ટિએ પણ, એ બંધાયો છે કે શાસ્ત્રોની બાબતોમાં વીરપરંપરાનું જો કાંઈ પણ અખંડ પ્રતિનિધિત્વ આજે જોવા મળતું હોય તો તે શ્વેતાંબર પરંપરાને જ આભારી છે.

"હું જ્યારે દિગંબર પરંપરાની પુષ્ટિ અને તેના સમન્વયની દૃષ્ટિએ પણ શ્વેતાંબરીય પંચાંગી સાહિત્ય જોઉં છું ત્યારે મને ચોખ્ખું લાગે છે કે એ સાહિત્યમાં દિગંબર પરંપરાને પોષક થાય એવી અખૂટ સામગ્રી છે.

"અમુક મુદ્દા પરત્વે મતભેદ થતાં તેને ઐકાંતિક આગ્રહનું રૂપ અપાતાં જે હાનિ દિગંબર પરંપરાને ઉઠાવવી પડી છે તેનો ખ્યાલ એ પંચાંગી સાહિત્યને તટસ્થભાવે વાંચ્યા સિવાય આવી ન શકે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"જો એ સાહિત્યમાંના અમુક વિધાનો દિગંબર પરંપરાને બંધ બેસતા આવે તેમ ન હતું તો તે પરંપરાના વિદ્વાનો એ વિધાનો વિશે, એ સાહિત્યને છોડયા સિવાય પણ, જેમ બ્રાહ્મણ અને બૌદ્ધ પરંપરામાં બન્યું છે અને જેમ એક જ તત્ત્વાર્થ ગ્રંથને સ્વીકારી તેની જુદી જુદી વ્યાખ્યાઓમાં બન્યું છે તેમ, વિવિધ ઊહાપોહ કરી શક્તા હતા, અથવા તે ભાગને સ્વામી દયાનંદે સ્મૃતિપુરાણ આદિમાંના અનિષ્ટ ભાગને પ્રક્ષિપ્ત કહ્યો છે તેમ, પ્રક્ષિપ્ત કહી, બાકીના સમગ્ર પંચાંગી ભાગને સત્કારી પરંપરાનું પ્રતિનિધિત્વ મૂળ રૂપમાં કાંઈક વિશેષ સાચવી શકયા હોત."

આ ઉપરથી સમજી શકાશે કે **સૈદ્ધાંતિક તાત્વિક સાહિત્યમાં ખાસ મતભેદ નથી.** સૂક્ષ્મ બાબતોમાં તો બન્ને ફિરકાઓમાં અંદર-અંદર મતભેદો છે અને તે રહેવાના જ. એ મતભેદોને તો મતભેદ તરીકે સ્વીકારવાના જ હોય, એ મતભેદો એવા મહત્ત્વના પણ નથી કે જે જુદા પડવાનું કારણ બને. એટલે બન્ને ફિરકા એકબીજાનું સૈદ્ધાંતિક –તાત્ત્વિક સાહિત્ય અપનાવે તો તેમાં કોઈ વાંધો નડે તેમ નથી, અને એમ થવાથી જૈનોના બધા ફિરકામાં જૈન ધર્મના જ્ઞાનનો વિશેષ ફેલાવો થઈ શકશે.

**આચાર સાહિત્યમાં ખાસ મતભેદ પડે તેવું છે,** પરંતુ તેનો રસ્તો એ છે કે બન્ને ફિરકાના વિદ્વાનો સાથે બેસીને સિદ્ધાંતાનુસાર ચર્ચા કરીને જે જે વિધાન યોગ્ય લાગે તેને માન્ય રાખીને અયોગ્યને કાઢી નાખવું. **આમ કરવાથી સર્વમાન્ય આચાર સાહિત્ય ઉત્પન્ન થઈ જશે.**

સૂત્રમાં નિયમન કરેલા સચેલકપણાને શ્વેતાંબરો જેમ પાળી ન શકયા અને વિશેષ છુટ લેવી પડી તેમ અચેલકપણું સંપૂર્ણ પાળી ન શકાય અને થોડી છૂટ લેવી પડે એમ માન્ય રાખ્યું હોત તો ધર્મમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તડા પડવાનો વખત જ ન આવત. તે જ પ્રમાણે દિગંબરોએ અચેલક-પણામાં જેમ છૂટ ચલાવી લીધી તેમ સચેલકપણામાં છૂટ ચલાવી લીધી હોત તો ધર્મમાં તડાં પડવાનો વખત ન જ આવત

**થયું તે થઈ ગયું પણ હજીયે ભુલ સુધારી શકાય તેમ છે. હજી પણ બન્ને પક્ષના સાધુ મુનિઓ અને વિદ્વાનો અનેકાંત-વાદને માન્ય રાખી અનેકાંતવાદનો આશ્રય લીએ તો બન્ને પક્ષોને ભેગા થવામાં કાંઈ જ વાંધો આવે તેમ નથી.**

## સમ્યગ્દૃષ્ટિ જીવોનું એજ કર્તવ્ય છે.

## શ્વેતાંબર દિગંબરનું

## આગમ સાહિત્ય અને પ્રકાશન

હવે આપણે શ્વેતાંબર સંપ્રદાયના તથા દિગંબર સંપ્રદાયના આગમ સાહિત્ય અને પ્રકાશન વિષે વિચાર કરીએ. દિગંબરો તેમના પૂર્વાચાર્યો-એ બનાવેલા ગ્રંથોને આગમ તરીકે માને છે.

દિગંબરોની સાહિત્ય પ્રકાશન સંસ્થાઓ છે તેવી સંસ્થાઓ શ્વેતાં-બરોમાં પણ નથી અને સ્થાનકવાસીમાં તો મીંડું જ છે. સ્થાનકવાસી પાસે સૂત્ર સિવાય કોઈ સાહિત્ય જ નથી, અને સૂત્રકથનનું અપેક્ષા-પૂર્વક સંપૂર્ણ રહસ્ય સમજાવતી સ્થાનકવાસી પાસે સૂત્રની એક પણ ટીકા નથી. સાચી સમજુતી આપનારી ટીકા સિવાય મૂળ સૂત્ર પણ નકામા થાય છે.

શ્વેતાંબરો પાસે ઘણું વિશાળ સાહિત્ય પડેલું છે તેના પ્રમાણમાં તેમનું છપાયલું સાહિત્ય ઘણું જ ઓછું છે. દિગંબરો જે રીતે આધુ-નિક રીતે વ્યવસ્થિતરૂપમાં તેમનું સાહિત્ય બહાર પાડે છે તેવી જ રીતે શ્વેતાંબરોએ પણ બહાર પાડવું જોઈએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંપ્રદાયવાદથી એક સૌથી મોટું નુકસાન એ થયું છે કે એક સંપ્રદાયે બીજા સંપ્રદાયોનું સાહિત્ય વાંચવાની જ બંધી કરી. તેમાં પણ સ્થાનકવાસીઓ મોખરે એટલે તેમનું જ્ઞાન સંકુચિત બની ગયું. જ્ઞાન ઓછું થઇ ગયું. **જ્ઞાનની વિશાળતા ચાલી ગઈ તેની સાથે હૃદયની વિશાળતા ચાલી ગઈ અને સંકુચિતતાનું જ સૂજય સ્થપાઈ ગયું.**

અને જેમણે બીજા સંપ્રદાયનું સાહિત્ય વાંચ્યું તેમણે સાચું જ્ઞાન મેળવવાની દૃષ્ટિથી ન વાંચ્યું, જ્ઞાનની વૃદ્ધિ અર્થે ન વાંચ્યું પણ સામા સંપ્રદાયના ખંડન અર્થે તેનું સાહિત્ય વાંચ્યું. તેમના આત્માને લાભને બદલે નુકસાન જ થયું. ખંડનમંડનથી તેમણે તેમનામાં પોતાનામાં જ કષાયની ભરતી કરીને તેમના પોતાના આત્માનું જ અકલ્યાણ સાધ્યું અને જૈન ધર્મના ફાંટાઓને દૃઢ કર્યા. સંપ્રદાયવાદ ઘટાડવાને બદલે વધાર્યો.

**દરેક જૈનને દરેક સંપ્રદાયનું સાહિત્ય વાંચવું જોઈએ. પણ તે ફક્ત જ્ઞાનવૃદ્ધિની દૃષ્ટિથી જ. ખંડનમંડનથી ક્લેશ વધારવા માટે નહિ જ.** જ્યાં કોઈ પણ પુસ્તકમાં કે ગ્રંથમાં સંપ્રદાયવાદ જેવું, મતભેદવાળું લખાણ વાંચવામાં આવે ત્યાં વાંચકે અનેકાંત દૃષ્ટિ રાખવી જોઈએ. સામા સંપ્રદાયની માન્યતા ખોટી છે એમ સત્વર કહી નહિ નાંખતાં તેની અપેક્ષાએ તેનો મત સાચો છે અથવા હોવો જોઈએ એમ સમજવું જોઈએ.

સંપ્રદાયોના મતભેદમાં ઘણું ખરું અપેક્ષાભેદ છે. અમુક અપેક્ષાએ વાત સાચી હોય પરંતુ એ એક જ અપેક્ષા સાચી છે એમ પકડી રાખવું તે એકાંતવાદ છે અને એ જ સર્વ ઝઘડાનું મૂળ હોય છે.

સ્થાનકવાસીઓ બીજા સંપ્રદાયોનું એટલે કે મૂર્તિપૂજક શ્વેતાંબરનું અને દિગંબરનું સાહિત્ય વાંચવાનો પ્રતિબંધ કરે છે તેથી તેઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જ કેટલું બધું અનહદ નુકસાન થયું છે ને તેમની હાલની એકદમ પછાત સ્થિતિ જ બતાવી આપે છે.

સ્થાનકવાસીઓએ સૂત્ર સિવાય બીજું કોઈ સાહિત્ય વાંચવાની બંધી કરીને પોતાના જ પગ ઉપર કુહાડો મારેલ છે એટલે કે તેઓ શુદ્ધ જૈન ધર્મના મોટા ભાગના જ્ઞાનથી વંચિત રહ્યા છે. અને તેથી જ તેઓ કોઈ નવું તાત્ત્વિક પુસ્તક પણ બહાર પાડી શક્યા નથી કે જે મહત્વશીલ હોય અને જૈનોમાં આદરશીલ બને. **સ્થાનકવાસીઓએ હવે તેમની સંકુચિત વૃત્તિનો ત્યાગ કરવો જોઈએ.** નહિતર તેમની હેયાતી સદંતર જોખમાઈ જશે તે નક્કી છે.

પ્રાચીન સાહિત્ય બધું શ્વેતાંબરોના ભંડારોમાં હોઈને તેમની પાસે વિશાળ સાહિત્ય છે અને આગળ તેમણે ઘણું સાહિત્ય બહાર પણ પાડેલું, પરંતુ હાલમાં તેમની એ પ્રવૃત્તિમાં ભારે ઓટ આવી હોય એમ દેખાય છે.

જૈન ધર્મના તત્ત્વો, સિદ્ધાંતો સર્વ સંપ્રદાયોને એકસરખા માન્ય છે. છતાં ફક્ત સંકુચિત વૃત્તિથી જ એકબીજાનું તાત્ત્વિક સાહિત્ય વાંચવાનું બંધ કરીને તેઓ જ્ઞાનનો પ્રચાર જ ઓછો કરી નાંખે છે.

પ્રાચીન કાળમાં શ્વેતાંબરોમાં આવી વૃત્તિ નહોતી. દિગંબર ગ્રંથો ઉપર પણ શ્વેતાંબર આચાર્યોએ ટીકાઓ રચી છે. એ હકીકત પૂરવાર કરે છે કે આગળના શ્વેતાંબરો કેટલા બધા ઉદાર હતા. ત્યારે દિગંબરો **તો પહેલેથી સંકુચિતપણું દાખવી રહ્યા છે. દિગંબરોએ એક પણ શ્વેતાંબર શાસ્ત્રીય ગ્રંથ ઉપર કોઈ ટીકા રચી નથી.**

શ્વેતાંબરો પાસે વિશાળ સાહિત્ય હોવા છતાં તેમના સાહિત્યમાં પણ કેટલીક ઊણપ છે જે દિગંબર સાહિત્યથી પુરાઈ શકે તેમ છે. તે જ પ્રમાણે દિગંબર સાહિત્યની ઉણપ શ્વેતાંબર સાહિત્યથી પૂરાઈ શકે તેમ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સચેલક અચેલકનો વાદવિવાદ તો જંબુસ્વામીના નિર્વાણ પછી તીવ્ર થતો જતો હતો. છતાં તડા પડ્યા નહોતા, જુદા જુદા સંપ્રદાય તરીકે જાહેર થયા નહોતા. તે વખતે ઘણા આચાર્યો, મુનિઓ અચેલક હોવા છતાં તેઓ સચેલક આચાર્યો મુનિઓમાં પણ માન્ય હતા. તેઓ અરસપરસ જ્ઞાનીને માન આપતા જ હતા. એટલે તે વખતે અચેલક આચાર્ય કે મુનિના બનાવેલા ગ્રંથો સચેલક મુનિઓ પણ આદરથી અપનાવતા હતા.

એટલે જ કલકત્તાની શ્વેતાંબર સંસ્થા – સીંઘી ગ્રંથમાળા તરફથી દિગંબર આચાર્ય ભટ્ટારક અકલંક દેવના રચેલા સભાષ્ય પ્રમાણ સંગ્રહ, સિદ્ધિવિનિશ્ચય ટીકા વગેરે ગ્રંથો બહાર પાડેલા છે. ઉપરાંત કર્મપ્રકૃતિચૂર્ણી, શતકચૂર્ણી, સિત્તરીચૂર્ણીએ ત્રણેય ચૂર્ણી દિગંબર આચાર્યશ્રી યતિવૃષભની બનાવેલ છે તે પણ શ્વેતાંબરોએ અપનાવેલી છે.

જીવના સંસારભ્રમણનું કારણ કર્મબંધન છે. તેથી જૈન સાહિત્યમાં કર્મ સંબંધના સાહિત્યને પ્રમુખસ્થાન છે.

કર્મ સંબંધી શ્વેતાંબર સાહિત્ય નીચે પ્રમાણે છે—

કર્મપ્રકૃતિ–મૂળ, ચૂર્ણી, ટીકા.

શતક–મૂળ, ચૂર્ણી.

સિત્તરી–મૂળ, ચૂર્ણી.

કર્મગ્રંથ.

પંચસંગ્રહ=કર્મપ્રકૃતિ, શતક, સિત્તરી, કષાયપ્રાભૃત અને સત્કર્મ એ પાંચનો સંગ્રહ.

કર્મ સંબંધી દિગંબર સાહિત્ય નીચે પ્રમાણે છે—

કષાયપાહુડ–મૂળ તથા ચૂર્ણી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કષાયપાહુડ–મૂળ, ચૂર્ણી તથા જયધવલા ટીકા સહિત.

ષટ્ખંડાગમ–મૂળ તથા ધવલા તથા મહાધવલ ટીકા સહિત.

ગોમટ્ટસાર–જીવકાંડ, કર્મકાંડ.

લબ્ધિસાર, ક્ષપણાસાર

પંચ સંગ્રહ વગેરે.

**કષાયપાહુડ**–પાંચમા જ્ઞાનપ્રવાદ પૂર્વની દશમી વસ્તુ(વિભાગ)ના ત્રીજા પ્રકરણ 'પેજ્જદોસ પાહુડ' ઉપરથી આચાર્ય ગુણધરે ઉધ્ધૃત કરેલ છે. આચાર્ય ગુણધરને પાંચ પૂર્વનું જ્ઞાન હતું.

પરંપરાએ આર્ય મંગુ અથવા મંક્ષુ તથા આર્ય નાગહસ્તીને કષાયપાહુડનું જ્ઞાન પ્રાપ્ત થયેલું તેમની પાસેથી આર્યમંગુના શિષ્ય અને આર્યનાગહસ્તીના અંતેવાસી શ્રી યતિવૃષભને તે જ્ઞાન પ્રાપ્ત થયું. તે પછી તેમણે કષાયપાહુડ ઉપર ચૂર્ણી રચી.

તેની ઉપર આચાર્ય વીરસેને જયધવલા ટીકાના વીશ હજાર શ્લોક રચી તે પછી તેઓ સ્વર્ગવાસી થતાં તેમના શિષ્ય જિનસેને બાકીની ચાલીશ હજાર શ્લોકપ્રમાણ ટીકા રચી. એટલે એકંદર જયધવલા ટીકા ૬૦ સાઠ હજાર શ્લોકની થઈ.

**ષટ્ખંડાગમ**—આચાર્ય ધરસેન ગિરનારની ગુફામાં ધ્યાન કરતા હતા. તેમને એ પૂર્વનું જ્ઞાન હતું. તેમણે પોતાનો મૃત્યુકાળ નજીક જોઈને પૂર્વનું જ્ઞાન વિચ્છેદ ન જાય તેટલા માટે તેમણે બે મુનિઓને બોલાવીને તેમને એ પૂર્વનું જ્ઞાન કરાવ્યું. (શિખડાવ્યું). તેમના નામ પુષ્પદંત અને ભૂતબલિ હતાં. જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તેમણે બીજા અગ્રાયણી પૂર્વના ચયન લબ્ધિ નામના અધિકારમાં ચોથા પાહુડ મહાકર્મપ્રકૃતિ ઉપરથી ષટ્ખંડાગમની રચના કરી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેના પાંચ ભાગ ઉપર આચાર્ય વીરસેને ૭૨૦૦૦ શ્લોક પ્રમાણ ટીકા રચી. મૂળ છઠ્ઠો ભાગ રચનાર ભટ્ટારક ભૂતબલિએ પોતે જ ત્રીસ હજાર શ્લોક પ્રમાણ ટીકા સહિત રચેલો હતો.

ગોમટ્ટસાર—ષટ્ખંડાગમ ઉપરથી આચાર્ય નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તીએ ગોમટ્ટસાર લખેલ છે. લબ્ધિસાર ક્ષપણાસાર પણ તેમણે જ રચેલ છે.

પંચસંગ્રહ—આચાર્ય અમિતગતિએ લખેલ છે.

એ પ્રમાણે દિગંબર ગ્રંથોની થોડી વિગત જોઈ. તે ઉપરાંત બીજા ગ્રંથો પણ છે. ઉપરના સર્વ ગ્રંથો હિંદી અનુવાદ સહિત પ્રસિદ્ધ થયેલ છે. હવે શ્વેતાંબર ગ્રંથોની થોડી વિગત જોઈએ.

કર્મપ્રકૃતિ (કમ્મપયડી)—અગ્રાયણી નામના બીજા પૂર્વની પાંચમી વસ્તુ (વિભાગ) મહાકમ્મપડીપાહુડ નામના ચોથા પાહુડમાંથી આચાર્ય શિવશર્માએ ઉધ્ધૃત કરેલ છે.

શતક પ્રકરણ—એ પણ આચાર્ય શિવશર્માએ ઉપર પ્રમાણે જ બીજા પૂર્વમાંથી ઉધ્ધૃત કરેલ છે તેમાં સો ગાથા છે તેથી શતક કહેવાય છે.

સિત્તરી (સપ્તતિકા)—ગ્રંથકારનું નામ નથીઃ પણ તેણે કહ્યું છે કે તે અગ્રાયણી નામના બીજા પૂર્વના મહાકમ્મપડીપાહુડમાંથી એક બિંદુ માત્ર ઉધ્ધૃત કરેલ છે. તેમાં સિત્તેર ગાથા છે તેથી સિત્તરી કહેવાય છે.

આ ત્રણેય ગ્રંથ ઉપર દિગંબર આચાર્યશ્રી યતિવૃષભે ચૂર્ણીઓ રચેલી છે અને તે શ્વેતાંબરો તરફથી નીચે પ્રમાણે પ્રસિદ્ધ થયેલ છે—

કર્મપ્રકૃતિ ચૂર્ણી તથા સિત્તરી ચૂર્ણી—મુક્તાબાઈ જ્ઞાન મંદિર, ડભોઈ, ગુજરાત, તરફથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શતકચૂર્ણી—વીર સમાજ, રાજનગર તરફથી.

કર્મ પ્રકૃતિની ચૂર્ણી ઉપરથી શ્રી મલયગિરિજીએ ટીકા લખી છે તેનું ગુજરાતી ભાષાંતર પણ પ્રસિદ્ધ થયેલ છે.

પંચસંગ્રહ—શ્રી ચંદ્રમહત્તરાચાર્યે રચેલ છે. અને તેમાં કર્મ પ્રકૃિત, શતક, સિત્તરી, કષાય પ્રાભૃત (પાહુડ) અને સત્કર્મ એ પાંચનો સાર છે. તેની ઉપર પણ શ્રી મલયગિરિજીએ ટીકા લખી છે તેનો ગુજરાતી અનુવાદ પ્રસિદ્ધ થયેલ છે.

કર્મગ્રંથ—દેવેન્દ્રસુરિનો રચેલો છે.

હવે શ્વેતાંબરનું આ પાંચ ગ્રંથનું સાહિત્ય દિગંબરોના કષાય-પાહુડ, ષટ્ખંડાગમ વગેરે સાથે સરખાવતાં શ્વેતાંબર સાહિત્ય ઘણું જ ઓછું અને નાનું દેખાય છે. બંનેના સાહિત્ય પૂર્વમાંથી ઉધ્ધૃત થયેલ છે છતાં શ્વેતાંબરનું સહિત્ય થોડું અને દિગંબરનું સાહિત્ય ઘણું વિશાળ છે

**બીજું આ બંનેનું ઉપરોક્ત સાહિત્ય સિદ્ધાંતનું-તત્ત્વનું જ છે. તો તે સાહિત્ય શા માટે અરસપરસ અપનાવવું નહિ ?**

ઉપરનું સાહિત્ય રચનારના સમય ઉપરથી પણ કાંઈક વિશેષ જાણુવાનું મળે છે તેથી તેમના સમય નીચે આપવામાં આવે છે—

| આચાર્યનું નામ | અંદાજ સમય |
|---|---|
| ગુણધર | વિક્રમ સંવત શરૂઆત પહેલાં એક શતાબ્દિ અગાઉ. |
| ધરસેન | વિક્રમની બીજી શતાબ્દિ. |
| પુષ્પદંત, ભૂતબલિ | ,, બીજી શતાબ્દિ. |
| શિવશર્મા | ,, પાંચમી શતાબ્દિ. |
| આર્યમંગુ-મંક્ષુ, આર્યનાગહસ્તી | ,, પાંચમી શતાબ્દિ. |

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

યતિવૃષભ વિક્રમની છઠ્ઠી શતાબ્દિનું પહેલું ચરણ.
( શરૂઆત )

વીરસેન } જિનસેન } ,, નવમી શતાબ્દિ.

આવશ્યક નિર્યુક્તિની ગાથા ૨૩૮ માં શિવભૂતિને આઠમા નિન્હવ તરીકે ગણાવેલ છે અને તેની ગાથા ૨૪૦માં તેનો સમય વીર સંવત ૬૦૯ એટલે વિક્રમની બીજી શતાબ્દિ આપેલ છે. એટલે કે તે સમય પહેલાં કોઈ છૂટું પડયું નહોતું. ત્યાંસુધી બધા એક જ જૈન ધર્મના અનુયાયી તરીકે ઓળખાતા હતા.

બીજું શ્રુતાવતાર શ્લોક ૧૨૮, ૧૩૪ થી ૧૪૪ પ્રમાણે આચાર્ય શિવભૂતિનાં (૧) શિવગુપ્ત, (૨) શિવદત્ત, (૩) ભૂતમતિ અને (૪) ભૂતબલિ એમ બીજા ચાર નામ હતા.

કષાયપાહુડ આચાર્ય ગુણધરે વિક્રમ સંવત શરૂ થયા પહેલાં એક વર્ષ પહેલાં રચેલ છે. આચાર્ય ધરસેન, પુષ્પદંત અને ભૂતબલિ બીજી શતાબ્દિમાં થયેલ છે.

સૌરાષ્ટ્રમાં તે વખતે શ્વેતાંબર મુનિઓ જ હતા એટલે ધરસેનાચાર્ય શ્વેતાંબર હોવાનો સંભવ રહે છે. અને તેમણે જે બે શિષ્યને એ પૂર્વનું જ્ઞાન આપ્યું તેમાંના એક ભૂતબલિ છે. તેમનો સમય શિવભૂતિ ( નિન્હવ ગણાવેલા ) ના સમયને બરાબર મળતો જ છે. તો તે પણ શ્વેતાંબર શિષ્યને જ શ્વેતાંબર ધરસેનાચાર્યે જ્ઞાન આપ્યું હોય એમ ધારી શકાય છે. અને તેમ હોય તો પુષ્પદંત પણ શ્વેતાંબર જ હોય.

તો પછી એમ અનુમાન થઈ શકે કે શિવભૂતિ ઉર્ફે ભૂતબલિએ પૂર્વનું જ્ઞાન મેળવ્યા પછી તુરતમાં જ આવશ્યક નિર્યુક્તિમાં વર્ણવેલ પ્રસંગ બન્યો હોય અને તેથી પુષ્પદંત અને ભૂતબલિએ છૂટા પડયા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પછી ષટ્ખંડાગમ બનાવેલ હોય. એટલે ખરૂં કહીએ તો કષાયપાહુડ તથા ષટ્ખંડાગમ શ્વેતાંબર આચાર્યોના બનાવેલા ગણાય.

બીજું. કષાયપાહુડ, કર્મપ્રકૃતિ, શતક અને સિત્તરી એ ચાર ગ્રંથોની ચૂર્ણી લખનાર આચાર્ય યતિવૃષભ તે આર્ય મંગુ અથવા મંક્ષુના શિષ્ય અને આર્ય નાગહસ્તીના અંતેવાસી હતા.

આર્ય મંક્ષુ ( મંગુ ) તથા નાગહસ્તીનાં નામ શ્વેતાંબર પટ્ટાવલીમાં જ છે દિગંબર પટ્ટાવલીમાં નથી. એટલે તે યતિવૃષભ આચાર્ય પણ શ્વેતાંબર હોવાનો સંભવ છે, અને તેથી જ તેમની ત્રણ ચૂર્ણીઓ શ્વેતાંબર ભંડારમાં હતી.

અથવા બીજી રીતે એમ પણ છે કે શ્વેતાંબરો એટલા ઉદાર હતા કે તેઓ દિંગબર માન્યતાવાળા જ્ઞાની મુનિઓને ખુશીથી અપનાવતા હતા. જેમકે ઉમાસ્વામી ( સ્વાતિ ), સમંતભદ્રાચાર્ય, અકલંકદેવ વગેરેને શ્વેતાંબરોએ માન્ય ગણેલા છે.

**તો પછી દિગંબર સાહિત્યને સર્વમાન્ય ગણી શ્વેતાંબરોને અપનાવવામાં કોઈ વાંધો હોવો ન જોઇએ.**

આ સંબંધી સંપૂર્ણ વિગત માટે જિજ્ઞાસુએ ઉપર જણાવેલા સર્વ ગ્રંથો જે છપાઈને પ્રસિદ્ધ થયેલા છે તે જોઈ લેવા. ઉપરની સઘળી વિગત તે ગ્રંથોમાંથી જ લેવામાં આવી છે.

શ્વેતાંબરો પૂર્વમાંથી ઉદ્ધારેલું તેમનું સાહિત્ય નીચે પ્રમાણે જણાવે છે કે—

બીજા અગ્રાયણી પૂર્વમાંથી—

સિદ્ધ પ્રાભૃત, સંસક્ત નિર્યુક્તિ.

પાંચમા જ્ઞાનપ્રવાદમાંથી—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નયચક્ર

છઠ્ઠા સત્યપ્રવાદમાંથી—

ઉવસગ્ગહર સ્તોત્ર, જીવસમાસ, પંચકલ્પ,

મહાકલ્પ, સપ્તતિકા, શતક.

(સપ્તતિકા અને શતક છઠ્ઠામાંથી નહિ પણ બીજા પૂર્વમાંથી ઉદ્ધારેલ છે તે ઉપર જણાવાઈ ગયું છે.—ન. ગિ. શેઠ)

આઠમા કર્મપ્રવાદમાંથી—

પરિસહ નામના અધ્યયનો

નવમા પ્રત્યાખ્યાન પ્રવાદમાંથી—

ઓઘનિર્યુક્તિ, કલ્પસૂત્ર, દશાશ્રુતસ્કંધ, નિશીથસૂત્ર,

વ્યવહારસૂત્ર, સ્થાપનાકલ્પ.

દશમા વિદ્યાપ્રવાદમાંથી—

પ્રતિષ્ઠાકલ્પ.

આ ઉપરાંત દશવૈકાલિકસૂત્રના અધ્યયનો જુદા જુદા પૂર્વમાંથી ઉધ્ધૃત કરેલા એમ મનાય છે પરંતુ આ બાબત તેના ટીકાકાર શ્રી ભદ્રબાહુ સ્વામીએ ૧૮ મી ગાથામાં બીજો વિકલ્પ એવો પણ જણાવ્યો છે કે—" અથવા બાર અંગ ગ્રંથોમાંથી શ્રી શય્યંભવ સ્વામીએ તેમના પુત્ર મનક ઉપર અનુગ્રહ કરવા માટે આ ગ્રંથ તારવી કાઢ્યો છે. "

અને શ્રી ભદ્રબાહુ સ્વામીનો આ વિકલ્પ જ સાચો હોય એમ દેખાય છે. કારણકે દશવૈકાલિકસૂત્રના અધ્યયનો આચારાંગ, સમવાયાંગ, ઠાણાંગ, ઉત્તરાધ્યયન વગેરે સૂત્રોના અધ્યયનોમાંથી ઉધ્ધૃત કરેલા હોય તેમ તે તે અધ્યયનોની સરખામણી કરતાં સમજાય છે.

નિર્યુક્તિ વગેરે ગ્રંથો જે શ્વેતાંબરો પહેલા ભદ્રબાહુ સ્વામી એટલે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચૌદપૂર્વી ભદ્રબાહુસ્વામીએ રચેલા એમ માને છે તે તેમની ભૂલ છે. એ સર્વ ગ્રંથો બીજા ભદ્રાબાહુસ્વામીએ રચેલા છે તેની સર્વ વિગત મેં મારા "જૈનસૂત્રો, ઇતિહાસ અને સમીક્ષા" નામના પુસ્તકમાં આપી છે. બીજા ભદ્રબાહુ સ્વામી પૂર્વધર નહોતા. એટલે તેમના ગ્રંથો પૂર્વમાંથી ઉધ્ધૃત કરેલા નથી તે સહેજે સમજી શકાય તેવી વાત છે. એટલે શ્રી ભદ્રબાહુસ્વામીના ગ્રંથો પૂર્વમાંથી ઉધ્ધૃત કરેલા છે એવી શ્વેતાંબરોની વાત સાચી નથી.

ચૌદ પૂર્વધારી ભદ્રબાહુસ્વામી દિગંબરોને તેમજ શ્વેતાંબરોને એકસરખી રીતે માન્ય છે. એટલે **ચૌદ પૂર્વધારી ભદ્રબાહુસ્વામીના બનાવેલા ગ્રંથો હોય તેને દિગંબરો અમાન્ય કરે જ નહિ.** દિગંબરોએ અમાન્ય કરેલા ગ્રંથો ચૌદપૂર્વી ભદ્રબાહુસ્વામીના નથી એ સ્વતઃ સિદ્ધ થઈ જાય છે.

વળી પૂર્વનું જ્ઞાન વિચ્છેદ ગયા પછી બનેલા પુસ્તકો પૂર્વમાંથી ઉધ્ધૃત થયેલા હોઈ જ ન શકે. એટલે પૂર્વનું જ્ઞાન વિચ્છેદ થયા પહેલાં-ના ક્યાં પુસ્તકો કોણે ક્યારે બનાવેલા છે તેની વિગત ન હોય ત્યાંસુધી તે પુસ્તકો પૂર્વમાંથી ઉદ્ધરેલા છે એમ કેમ માની શકાય ?

એટલે એકંદર જોતાં પૂર્વમાંથી ઉદ્ધરેલું સાહિત્ય શ્વેતાંબરો પાસે બહુ ઓછું છે પરંતુ એકંદર રીતે શ્વેતાંબરો પાસે ધર્મ સાહિત્ય ઘણું વિશાળ છે.

શ્વેતાંબરોએ વ્યવહારને પ્રાધાન્ય આપ્યું છે ત્યારે દિગંબરોએ નિશ્ચયને પ્રાધાન્ય આપ્યું છે. વ્યવહાર તેમ જ નિશ્ચય બન્નેની જરૂર છે એમ તો બન્ને સંપ્રદાયો માને છે. પરંતુ શ્વેતાંબર ગ્રંથોમાં મુખ્યત્વે વ્યવહારને અનુસરીને જ વિવેચન હોય છે ત્યારે દિગંબર ગ્રંથોમાં વિશેષ કરીને નિશ્ચયને અનુસરીને વિવેચન હોય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્વેતાંબરોએ નિશ્ચયને ગૌણ સ્વરૂપ આપવાથી તેમના ગ્રંથોમાંથી નિશ્ચયનું ખરું સ્વરૂપ યથાર્થ રીતે સંપૂર્ણપણે જાણી શકાતું નથી. તેમ દિગંબરોએ વ્યવહારને ગૌણ કરી નાંખવાથી તેમના ગ્રંથોમાંથી વ્યવહારનું યથાર્થ સ્વરૂપ જાણી શકાતું નથી.

તેથી બન્ને સંપ્રદાયના સાહિત્યનો નિષ્પક્ષપાત રીતે બરાબર અભ્યાસ કરનારને જ શુદ્ધ જૈનધર્મનું સાચું સ્વરૂપ સમજમાં આવી શકે તેમ છે, માટે બન્ને સંપ્રદાયે એકબીજાનું સાહિત્ય અપનાવવાની જરૂર છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ ત્રીજું

# મૂર્તિપૂજા

*

### મૂર્તિપૂજાથી હાનિ

બીજો મુદ્દો મૂર્તિપૂજા સંબંધી છે. તેમાં બે જાતના મતભેદ છે. (૧) સ્થાનકવાસી મૂર્તિપૂજાને ધર્મ તરીકે માનતા નથી ત્યારે શ્વેતાંબર દિગંબર મૂર્તિપૂજા માને છે. (૨) બીજો મતભેદ શ્વેતાંબર અને દિગંબર વચ્ચે છે. શ્વેતાંબર મૂર્તિને વસ્ત્રાલંકારથી શણગારે છે ત્યારે દિગંબર તે શાસ્ત્ર સિદ્ધાંત વિરુદ્ધ માને છે.

શ્વેતાંબર સૂત્રોમાં મૂર્તિપૂજા નથી એ તો સાચા આગમજ્ઞાની શ્વેતાંબરો પણ ખાનગી રીતે તો કબૂલ કરે છે જ, પરંતુ રૂઢિચુસ્ત સંપ્રદાયવાદીઓની બીકથી જાહેરમાં કબૂલ કરતા નથી. પરંતુ તેમાંથી પંડિત બેચરદાસજી તથા શ્રી જિનવિજયજી જેવા નિડર પુરુષોએ તો જાહેર રીતે પણ કબૂલ કરેલું જ છે.

### મૂર્તિપૂજા એ સંપ્રદાયવાદ જ છે.

કેટલાક ગાઢ સંપ્રદાયવાદીઓ મૂર્તિમંડનના તાનમાં એમ પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કહેતાં અચકાતા નથી કે મૂર્તિ જ સમકિતનું કારણ અથવા મૂર્તિથી જ સમકિતની પ્રાપ્તિ થાય છે.

આવું કહેનારાઓ પોતાને ભલે મહાપંડિત માનતા હોય પરંતુ ખરેખર તો તેમને બાળજીવો જ ગણી શકાય કારણ કે તેમને સમકિતના સાચા સ્વરૂપની પણ સમજણ નથી.

શાસ્ત્રકારોએ સમ્યક્ત્વ ઉપજવાના દશ કારણ અથવા દશ પ્રકાર બતાવ્યા છે તેમાં મૂર્તિ કે મૂર્તિપૂજાનું નામનિશાન પણ નથી. તેમજ સમકિતીનાં લક્ષણોમાં પણ મૂર્તિપૂજાનું નામનિશાન નથી.

વળી જે ગાઢ સંપ્રદાયવાદીઓ મૂર્તિને નહિ માનનારાને મિથ્યાત્વી કહે છે અથવા નાસ્તિક કહે છે તેઓ પણ ખરી રીતે બાળજીવો જ ગણી શકાય. કારણ કે તેમને જૈનધર્મ મિથ્યાત્વ શેને કહે છે તેની જ ખબર નથી. વીતરાગ દેવગુરુધર્મને નહિ માનનારને જ જૈનધર્મ મિથ્યાત્વી કહે છે. પણ જિનદેવગુરુધર્મને માનનારા મિથ્યાત્વી કહેવાતા નથી. તેમજ તેમને નાસ્તિકના અર્થની પણ ખબર નથી. જિનદેવગુરુધર્મને માનનારા હોય તે નાસ્તિક નહિ પણ આસ્તિક જ કહેવાય છે. મૂર્તિને મિથ્યાત્વ કે નાસ્તિકતા સાથે કશો સંબંધ નથી.

પ્રાચીન કાળમાં મૂર્તિપૂજા નહોતી તે વાત અમારા "**જૈન સૂત્રો. ઇતિહાસ અને સમીક્ષા**" પુસ્તકમાં શ્વેતાંબર વિદ્વાનોના અભિપ્રાયો આપીને જ બતાવી આપેલી છે અને મૂર્તિપૂજા સૂત્રસિદ્ધ છે એવું મંડન કરનારા શ્વેતાંબરોના લગભગ ઘણાખરા મુદ્દાઓનો જવાબ અમે પ્રગટ કરેલા "**સત્ય ધર્મ પ્રકાશ**" પુસ્તકમાં આપેલો છે એટલે તે સંબંધમાં અહીં વિશેષ લખવાની જરૂર નથી. પરંતુ સામાન્ય રીતે થોડું કહેવા જેવું છે તે અહીં લખીએ છીએ.

## દશ લક્ષણ ધર્મ જ સાચો ધર્મ છે

સાચો ધર્મ તો **ખંતી મુત્તી** વગેરે દશ લક્ષણ ધર્મ છે અને તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સર્વ જૈન સંપ્રદાયોને એકસરખી રીતે માન્ય છે, તો આવા સ્વાભાવિક ધર્મ તરફ ધર્મભાવના વહેવડાવવાને બદલે મૂર્તિપૂજાની, તેનાં દર્શન પૂજન, ભોગ ધરાવવા અને તેને લગતા ઝઘડાઓ વહોરી લેવામાં માણુસની ધર્મભાવના રોકાઈ જાય છે. દશ લક્ષણુ, દશ સદ્ગુણુ એ જ ખરો ધર્મ છે એવો વિચાર ન રહેતાં મૂર્તિપૂજન એ જ ધર્મ છે એમ સમજીને માણુસ સદ્ગુણુ કરતાં મૂર્તિને વધારે મહત્ત્વ આપે છે અને સદ્ગુણો, દયા, પરોપકાર ધારણુ કરવાને બદલે મૂર્તિપૂજાને તે અવશ્યનું કર્તવ્ય સમજે છે.

## સદ્ગુણુ ધર્મના પ્રદેશમાં પહોંચતી હાનિ

આમ પવિત્ર ધર્મભાવના મૂર્તિપૂજાના માર્ગે વહી જતી હોવાથી સદ્ગુણુ ધર્મના પ્રદેશમાં એ વહન આગળ વધી શકતું નથી. તેથી સદ્ગુણુ એ જ ધર્મ છે એ વાત મૂર્તિપૂજકોમાંના ઘણા જણુ એટલે લગભગ સેંકડે નવાણું ટકા જેટલા તો આખો જન્મારો પૂરો થઈ જતાં સુધી જાણુવા પામતા નથી. પણુ જેઓ મૂર્તિપૂજા એ ધર્મ છે એવું માનતા નથી તેઓ પહેલેથી જ સદ્ગુણનું આચરણુ એ જ ધર્મ છે એવું સાંભળતા શિખતા થાય છે. અને તેના પરિણામે મૂર્તિ નહિ પૂજનારાઓ સામાન્ય રીતે ધર્મમાં વધારે કર્તવ્યનિષ્ઠ નીવડે છે. તેમની ધર્મભાવનાનો પ્રવાહ એકના એક જ વહનમાં સદ્ગુણો તરફ જ વહેતો હોવાથી ભ્રાતૃભાવ, પરોપકાર, દયા, ક્ષમા, સંયમ, વિદ્યાભ્યાસ વગેરે ઘણા સદ્ગુણો પુષ્ટ થાય છે.

જેમ મૂર્તિપૂજકો માને છે કે—" હું દર્શન કરવા નહિ જાઉં તો ધર્મ ચૂકી જઈશ "—તેમ મૂર્તિ નહિ પૂજનારાઓ ધર્મની દૃષ્ટિએ જેને કર્તવ્ય સમજે છે તેને નહિ અનુસરે તો ધર્મ ચૂકી જઈશ એમ માને છે. આવી માન્યતાના પરિણામે ચારિત્રમાં તેમનો નંબર ચઢતો રહે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કહેવાની મતલબ એમ નથી કે દરેક મૂર્તિપૂજક દુર્ગુણી છે અથવા સદ્‌ગુણી હોઈ શકે જ નહિ. કેટલાય મૂર્તિપૂજકો પણ સદ્‌ગુણી, કર્તવ્ય-નિષ્ઠામાં ચુસ્ત હોય છે જ. પણ સામાન્ય રીતે ધર્મભાવના આડે માર્ગે વહી જાય છે એટલું જ કહેવાનો ઉદ્દેશ છે.

મૂર્તિપૂજકોમાં સંખ્યાબંધ માણસો એવા નીકળશે કે જેઓ આખા જન્મારામાં એકેયવાર મૂર્તિપૂજા કરવા ગયા ન હોય. તેવી જ રીતે મૂર્તિ નહિ પૂજનારામાં પણ કેટલાક માણસ સદ્‌ગુણને માન નહિ આપનારા હોવાનો સંભવ છે જ. પણ વિચારશીલ માણસને વહેલા કે મોડા સાચા ધર્મનો આશ્રય ખોળવા નીકળ્યા વિના ચાલતું જ નથી.

પાપમાં રચ્યાપચ્યા રહેનારાઓને તેમનું અંતઃકરણ વહેલા મોડું ડંખ્યા વગર રહેતું નથી. એથી નિદાન ઉત્તરાવસ્થામાં પણ ધર્મનું રક્ષણ શોધવા નીકળ્યા વગર તે રહેશે નહિ. અને એવે વખતે પણ જો તે સદ્‌ગુણ તરફ પ્રીતિ કરતો થશે તો તે પોતાના બુદ્ધિ, મન અને શરીરનો ઉપયોગ ધર્મારાધનમાં, ધર્મસેવામાં કરશે. એટલે તેનું બાકી રહેલું જીવન ધર્મ–કર્તવ્ય બજાવવામાં જશે.

પણ જો તે વખતે અથવા જન્મથી જ તે મૂર્તિપૂજાને જ ધર્મ ગણીને તેમાં જ જકડાઈ ગયેલો હશે તો પરોપકાર આદિ ઉત્તમ ધર્મ–સાધનોથી તે વિમુખ જ રહેશે.

વળી મૂર્તિપૂજાથી થતી દ્રવ્યહાનિ કાંઈ ઓછી નથી. મંદિરો બંધાવવામાં, મૂર્તિઓ સ્થાપન કરવામાં, તેને ભોગ ધરાવવામાં, પૂજાઓ ભણાવવામાં, તેના આશ્રિતોને સંતોષવામાં વગેરે અનેક રીતે દર વરસે કરોડો રૂપીઆનો ધુમાડો કરાય છે. પણ જ્યાં મૂર્તિપૂજાનો રિવાજ ન હોય ત્યાં ઉદારતા, દાન, સખાવતનો ઝરો પરોપકારક સ્વધર્મિક કલ્યાણના કામમાં રેડાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અક્ષરોનો સંયોગ જે જ્ઞાન આપે છે તે જ્ઞાન હજારો મૂર્તિઓનો સંયોગ કરવાથી મળી શકતું નથી. અને મૂર્તિઓ જો જ્ઞાનના સંકેતરૂપે હોય તો એ મૂર્તિઓને પગે લાગવાનું, વસ્ત્રાભૂષણ પહેરાવવાનું અને બીજી હજારો ધામધુમોનું પ્રયોજન શું છે ? પાલીતાણા વગેરેના મેળાઓમાં જનાર લાખો લોકો મૂર્તિઓના કયા સંકેતનો અભ્યાસ કરે છે ?

મૂર્તિપૂજાથી ધર્મભાવના જાગૃત રહે છે, ટકી રહે છે કે વૃદ્ધિ પામે છે એમ માનનારા માટે મંદિરો ભલે હો પણ જેઓ સંખ્યાબંધ મંદિરો બાંધવામાં પરમ ધર્મ છે એવો ઉપદેશ કરે છે તેઓ ધર્મ તો નહિ પણ વ્યવહારે ય સમજતા નથી એમ લાગે છે.

શ્રાવકો કાળક્ષેપ વિના શાંતિથી અને સહેલાઈથી દર્શન–પૂજા કરી શકે તેટલા જ મંદિરની ઉપયોગિતા ગણી શકાય. એટલે કે દર્શન–પૂજાની જરૂરીઆત માટે શ્રાવક શ્રાવિકાની સંખ્યાના પ્રમાણમાં જરૂર હોય તેના કરતાં વધારે મંદિરો બંધાવવાથી તે મંદિરો લાભકારકને થવાને બદલે વધારે હાનિકારક થઈ પડે છે.

વધુ પડતી સંખ્યામાં મંદિરો અપૂજ અને બંધ પડયા રહે છે. તેથી ધર્મને બદલે પાપનું જ કારણ બને છે. અપૂજ–બંધ મંદિરોમાં મૂર્તિ વગેરેની ચોરીઓ તથા મૂર્તિના માથા તોડીને લઈ જવાની ચોરીઓ થાય છે તે આ વાતની સાબિતીરૂપ છે.

માણસ ભૂખ્યા પેટે ધર્મ કરી શકતો નથી એ એક વ્યવહારૂ સત્ય હકીકત છે. એટલે વધુ પડતા મંદિરો બાંધવામાં ખરચાતા નાણાંનો દુરૂપયોગ બચાવી તે નાણાંનો ઉપયોગ શ્રાવકોની સ્થિતિ સુધારવાના કામમાં વપરાય, તેમને જ્ઞાન આપવાના કામમાં વપરાય તેમાં સાચો ધર્મ છે એમ કોઈ પણ સમજુ માણુસ કબૂલ કર્યા વિના રહેશે નહિ.

એવા બચેલા નાણાં શ્રાવકોના ઉદ્ધાર માટે ખર્ચવામાં આવે તો તેથી ધર્મનો ઘણો વિશેષ ફેલાવો થાય તેમજ ધર્મનો ઘણો વિશેષ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉદ્યોત થાય કારણ કે દુઃખી શ્રાવકો બરાબર ધર્માંરાધન કરી શકે નહિ પણ તેમનું દુઃખ ટળતાં તેમના મનની શાંતિ થતાં તેઓ વિશેષ પ્રકારે ધર્માચરણ કરી શકે. એટલે એ જ ખરો સ્વામીવાતસલ્ય ધર્મ છે અને એ જ ખરો ધર્મનો ઉદ્યોત છે.

## મૂર્તિપૂજાની શરૂઆત

શ્રી જવાહરલાલ નેહરૂએ સર્વ શોધખોળોનો સંપર્ણ ઉપયોગ કરીને હિંદુસ્તાનનો શરૂથી ૧૯૪૫ સુધીનો પ્રમાણભૂત ઇતિહાસ લખીને Discory of India ડિસ્કવરી ઑફ ઇંડિઆના નામથી પ્રસિદ્ધ કરેલ છે તેમા તેમણે ભાગ પાંચમે પ્રકરણ આઠમાં India and Greece નામના પ્રકરણમાં નીચે પ્રમાણે લખ્યું છે—

"આ જાણવું રસપ્રદ છે કે ભારતમાં મૂર્તિપૂજા ગ્રીસમાંથી આવી. વૈદિક ધર્મમાં કોઈ પણ જાતની મૂર્તિપૂજાનો નિષેધ હતો. ભારતમાં મંદિરો અને મૂર્તિઓ ન હતાં. કોઈક જાતિઓમાં અશાંતઃ મૂર્તિપૂજાના ચિન્હ જણાતા હતા, પણ મૂર્તિપૂજા વ્યાપક ન હતી.

"પ્રથમ બુદ્ધધર્મીઓ મૂર્તિપૂજાના સખત વિરોધી હતા. અને બુદ્ધની મૂર્તિઓ અને પુતળાં ઊભા કરવાની સખ્ત મનાઇ હતી. પણ ગ્રીક સંસ્કૃતિ અને સ્થાપત્યની સુંદરતાનો પ્રભાવ ભારતના સીમાડા—ખાસ કરીને અફઘાનિસ્તાન [ તે વખતે ભારતમાં હતું ] માં ઘણો હતો અને ધીરે ધીરે તેણે ભારતમાં પગપેસારો કર્યો.

"શરૂઆતમાં બુદ્ધની કોઈ મૂર્તિ બનાવવામાં આવી નહોતી. પણ **એપોલોની** [ આજની બોધિસત્વની મૂર્તિ જેવી ] મૂર્તિઓ બનવા લાગી. એપ્રોલો બુદ્ધનો પૂર્વજન્મ મનાય છે. એપોલોની પૂજા થવા માંડી, ધીરે ધીરે બુદ્ધની પોતાની મૂર્તિઓ બનવા માંડી.

"બુદ્ધની મૂર્તિઓએ હિંદુ ધર્મને મૂર્તિપૂજા માટે પ્રેરણા આપી,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને તેઓ પણ મૂર્તિપૂજા કરવા લાગ્યા. જો કે વૈદિક ધર્મ [આજના આર્યસમાજી જેવા બ્રાહ્મણો] તેથી અલિપ્ત જ રહ્યો.

"મૂર્તિ માટેનો પ્રથમ હિંદુસ્તાની તથા પર્શીયન શબ્દ 'બુત' પણ બુદ્ધમાંથી આવ્યો છે.

## મૂર્તિ સંબંધી ઐતિહાસિક હકીકત

મૂર્તિ સંબંધી ઐતિહાસિક હકીકત આ પ્રમાણે છે—

પંડિતશ્રી બેચરદાસજીએ તેમના "જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ" નામના પુસ્તકમાં નીચે પ્રમાણે લખ્યું છે—

"પ્રચલિત દેવાલય કે મૂર્તિ એ કાંઈ ચૈત્ય શબ્દનો પ્રધાન અર્થ કે મૂળ અર્થ નથી. એટલું જ નહિ પણ તે બંને અર્થો તદ્દન પછીના અને રૂઢિના કરેલા છે. સૂત્રોના ટીકાકારો પણ સૂત્રોમાં આવેલ ચૈત્ય શબ્દની વ્યુત્પત્તિ ( चित्तेर्भावः कर्म वा ) તો બરાબર જણાવી છે. —પૃષ્ઠ ૧૨૨.

"ચૈત્ય શબ્દનો પ્રારંભિક અર્થ 'ચિતા ઉપર ચણેલું સ્મારક ચિન્હ' હતો.

"જ્યારે તે સ્થળે સ્મારકને જાળવી રાખવા કે ઓળખાવવા પાષાણખંડ કે શિલાલેખ મૂકવામાં આવતો ત્યારે ચૈત્યનો અર્થ પાષાણ-ખંડ કે શિલાલેખ થયો.

"જ્યારે તે સ્મારક ચિન્હ ઉપર ઝાડ રોપવામાં આવતું ત્યારે ચૈત્યનો અર્થ ચૈત્યવૃક્ષ થયો.

"જ્યારે તે સ્મારક ચિન્હને દેવકુલિકાના [ દેવળીના ] ઘાટમાં બનાવવામાં આવતું ત્યારે ચૈત્યનો અર્થ દેવળી પણ થયો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"જ્યારે તે સ્થળે ચણેલી દેવળીમાં પાદુકાઓને પધરાવવામાં આવતી ત્યારે ચૈત્યનો અર્થ પાદુકા સમેત દેવળી કે માત્ર પાદુકા થયો.

"જ્યારે તે સ્થળે ભવ્ય મોટું દેવાલય ચણવામાં આવતું અને તેમાં મૂર્તિઓ પધરાવવામાં આવતી ત્યારે ચૈત્યનો અર્થ દેવાલય કે મૂર્તિ થયો.

"પરંતુ જ્યારે ચિતાદાહ સિવાયના સ્થળાંતરે દેવાલયો ચણાયાં કે તેમાં મૂર્તિઓ સ્થપાઈ ત્યારે ચૈત્યનો અર્થ રૂઢ થયો."—પાનું ૧૧૯–૧૨૦.

"**જે ચૈત્યો માત્ર યાદગીરી માટે હતાં તે પછીથી પૂજાવા લાગ્યાં.** ક્રમે ક્રમે તે સ્થળે દેવકુલિકાઓ થવા લાગી, તેમાં ચરણપાદુકાઓ સ્થપાવા લાગી અને પછી ભક્તોની હોંશથી તે જ જગ્યાએ મોટાં મોટાં દેવાલયો અને મોટી મોટી મૂર્તિઓ પણ વિરાજવા લાગી. આ સ્થિતિ આટલેથી જ ન અટકી, પણ હવે તો ગામેગામ અને એક ગામમાં પણ શેરીએ શેરીએ તેવાં અનેક દેવાલયો બંધાઈ ગયા છે અને બંધાતાં જાય છે."—પાનું ૧૧૮.

"હું આગળના એક પ્રમાણમાં જણાવી ગયો છું કે **આપણા પૂર્વજોએ ચૈત્યોને પૂજવા માટે નહિ પણ તે તે મરનાર મહાપુરુષની યાદગીરી રાખવા માટે બનાવ્યાં હતાં. પરંતુ પાછળથી તેની પૂજા શરૂ થઈ હતી અને તે આજ સુધી પણ ચાલી આવી છે.**

"જે ભાઈ એક પદાર્થના વિકાસક્રમનો ઇતિહાસ સમજી શકે છે તે જ ભાઈ ઉપરની બાબતોને સહજમાં સમજી શકશે. પરંતુ જે ભાઈના મનમાં વર્તમાન ધર્મ, તેના વર્તમાન નિયમો અને તેમાં પરાપૂર્વથી પેસી ગયેલી કેટલીક અસંગત રૂઢિઓ તથા વર્તમાન મૂર્તિ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**પૂજા વગેરે અનાદિનું ભાસતું હશે**—રાજા ભરતના સમયનું લાગતું હશે—**તે બંધુને હું જાતે શાસ્ત્રો વાંચવાની ભલામણ કર્યા સિવાય બીજું કાંઈ સમજાવી શકતો નથી."**—પાનું ૧૨૭.

પંન્યાસ શ્રી કલ્યાણવિજયજી ગણિ પણ તેમના 'જિનપૂજાપદ્ધતિ' નામના પુસ્તકમાં લખે છે કે—

"તીર્થંકર ભગવાનના પરમોપાસક બનેલા ગૃહસ્થો તેમના વિરહમાં તેમનું દર્શન કરવાને તરસતા અને ઝૂરતા પણ તે કંઈ એવી વસ્તુ ન હતી કે કોઈની ઇચ્છા માત્રથી મળી જાય. પરિણામે તેઓ પોતાની દર્શનેચ્છાને પૂર્ણ કરવા તેમના આકારો ચીતરાવીને કે તેમના પ્રતિબિંબો કરાવીને પોતપોતાના ઘરમાં રાખતા અને તેમના દીદાર નીરખી નીરખીને નયનોને તૃપ્ત કરતા.

"આમ મનુષ્યની દર્શનેચ્છામાંથી મૂર્તિનો પ્રાદુર્ભાવ થયો. વસ્ત્રપટ્ટ, ફલકપટ્ટ આદિના રૂપોમાંથી ધીરે ધીરે ધાતુ, રત્ન, પાષાણ સુધી પહોંચીને એ મૂર્તિએ એક સુંદર શિલ્પાકૃતિનું રૂપ ધારણ કર્યું. સારામાં સારા કિંમતી પાષાણો તથા સોના, ચાંદી, તામ્ર, પિતળ આદિ ધાતુઓની મૂર્તિઓ બનવા લાગી."

આ ઉપરથી સમજી શકાય છે કે ઐતિહાસિક રીતે પણ પ્રાચીન કાળમાં મૂર્તિપૂજા અસ્તિત્વમાં નહોતી.

દિગંબર પંડિત આશાધરજીએ પણ તેમના સાગારધર્મામૃત પુસ્તકમાં જણાવ્યું છે કે :—" આ પંચમકાળ ધિક્કારને પાત્ર છે કે આ કાળમાં શાસ્ત્રાભ્યાસીઓને પણ મંદિરો કે મૂર્તિઓ વિના ચાલતું નથી.'

મૂર્તિપૂજા મોક્ષસાધક નથી પરંતુ અત્યારે હવે બાળજીવોમાં ધર્મભાવના ઉત્પન્ન કરવા માટેનો એક આપવાદિક માર્ગ બની ગયો છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એમ પણ દેખાય છે. જેને તેમ અનુસરવું હોય તે માટે અમારો વિરોધ નથી. પરંતુ જે લોકો મૂર્તિપૂજામાં જ એક ઇતિકર્તવ્યતા માને છે તેને સદ્‌ગુણો મેળવવા તરફ ઓછું લક્ષ રહે તે સ્વાભાવિક છે.

મૂર્તિપૂજાને માનવા છતાં જેની પૂજા કરવામાં આવે છે તે વીતરાગ ભગવાનની, જે સદ્‌ગુણ આદિ પ્રાપ્ત કરવાની આજ્ઞા છે તે તરફ લક્ષ કે પ્રયત્ન ન હોય તો પોતાનું ખરૂં પ્રયોજન સિદ્ધ થતું નથી. કારણ કે જેની પૂજા કરવામાં આવે છે તે ભગવાનની આજ્ઞાનું પાલન થતું ન હોય તો અથવા એ પ્રતિ દુર્લક્ષ હોય તો મૂર્તિપૂજા નામમાત્ર ઠરે છે, માટે મૂર્તિપૂજા માનનારાઓએ એ વાત લક્ષમાં રાખવી જરૂરી છે.

જિનપૂજા જિન સરિખી કહેવામાં આવે છે તેનો હેતુ એ છે કે જે ભગવાન અનંત જ્ઞાનદર્શન પ્રાપ્ત કરી સિદ્ધગતિને પામ્યા અને આપણા ઉપર જેમનો અનંત ઉપકાર છે તે ભગવાનની ગુણસ્મૃતિ માટે આપણા ઉપર અનંત ઉપકાર છે એવા ભગવાન પ્રત્યે પોતાની ફરજરૂપ કર્તવ્ય હોવાથી તેવા અનંતગુણોની પૂજા યોગ્ય જ છે પરંતુ જો તે ભગવાનની આજ્ઞા બહાર અથવા એ પ્રતિ દુર્લક્ષ કરીને કરવામાં આવે તો એ પૂજા વાસ્તવિક પૂજા નહિ ઠરતાં નામમાત્ર પૂજા ઠરે છે. એવી પૂજા કરવા કરતાં ભગવાનની આજ્ઞાનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ મુજબ પાલન કરવું એ વધારે શ્રેયસ્કર છે.

ભગવાન મહાવીરની પૂજા શ્રાવકો કેવી રીતે કરતા હતા તે શ્રી જવાહરલાલજી મહારાજે સૂત્રના એક દાખલાથી બતાવ્યું છે તે અત્રે રજૂ કરીએ છીએ.

## સૂત્રમાં ભગવાનની પૂજાનો દાખલો

એક દિવસ એક દેવે **સકડાલપુત્રની** પાસે આવીને કહ્યું—**હે** દેવાનુપ્રિય! કાલે દેવોના પણ દેવ એવા મહાત્મા **(महामाहान)** અહીં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પધારનાર છે. એ મહાત્મા ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળની વાત સ્પષ્ટ જાણે છે તેમજ ત્રણે લોકને હસ્તરેખાની જેમ પ્રત્યક્ષ દેખે છે. તેઓ ત્રણે લોક અને ત્રણ કાળને જાણે છે, તેજોમય છે. સઘળું ઐશ્વર્ય તેમના તેજમાં છુપાઈ રહ્યું છે. તેમનું દર્શન ત્રણે લોકના પ્રાણીઓ હર્ષ સહિત કરે છે અને પોતાનું અહોભાગ્ય માને છે. અમે દેવતાઓ પણ તેમના દર્શનને માટે ઉત્કંઠા ધરાવીએ છીએ અને દર્શન કરીને આનંદ પામીએ છીએ. એ મહાત્માને સૌથી મહાન માનીને સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણે લોકના પ્રાણીઓએ તેમની મહાપૂજા કરી છે. હે દેવાનુપ્રિય! એ ત્રિલોક વિભૂતિ મહાત્મા જ્યારે પધારે ત્યારે તમે એ મંગળમય પ્રભુને વંદન કરજો.

દેવતાએ આ સૂચના ભગવાન મહાવીરના પધારવાના વિષયમાં કરી છે. દેવતાએ ભગવાન મહાવીરના શુભાગમની સૂચના આપતાં સાકડાલપુત્રને કહ્યું છે કે—એ મહાત્માની પૂજા ત્રણે લોકના પ્રાણીઓએ કરી છે. દેવતાના આ કથનનો એવો અર્થ નથી કે ત્રણે લોકનાં પ્રાણીઓએ ભગવાનની પૂજા જળ, પુષ્પ, ધૂપ, દીપ આદિથી કરી હોય.

**આ પ્રકારની પૂજા કરવાથી તો ભગવાન મહાવીરના 'મહાત્મા' વિશેષણની સાર્થકતાનો લોપ થાય છે.** કારણ કે **'માહણો'** એ ઉપદેશ જળ, અગ્નિ, વનસ્પતિ આદિ જીવોને માટે પણ છે. જળ, પુષ્પાદિવડે પૂજા કરવાથી એમાંના જીવો અવશ્ય મરી જાય છે. પોતાને માટે જીવોનું મૃત્યુ થાય એ ભગવાનને કદાપિ સ્વીકાર્ય હોઈ શકે નહિ.

આ ઉપરાંત, **પૂજા પૂજ્યને અનુસાર થયા કરે છે.** સંસારમાં પણ દેખાય છે કે લોકો ઠાકુરજીની પૂજા ચંદન, પુષ્પ આદિથી કરે છે. અને ભૈરવની પૂજા તેલ, બાકળા વગેરેથી કરે છે. તેલ, બાકળાથી ઠાકુરજીની પૂજા કરવી એ ઠાકુરજીની અવજ્ઞા માનવામાં આવે છે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**એ પ્રમાણે જે પ્રભુએ સંસારના કોઇ પણ જીવને નહિ મારવાનો ઉપદેશ આપ્યો છે તે પ્રભુની પૂજા જળ, પુષ્પ આદિથી કરીને તેમાંના જીવોનો નાશ કરવો એ પૂજાના નામે ભગવાનની અવજ્ઞા થાય.**

એટલા માટે દેવતાના કથનનો એ અર્થ કદાપિ ન હોઈ શકે કે જળ, પુષ્પાદિથી ભગવાનની પૂજા કરી. ભગવાન મહાવીરની પૂજા કયા પ્રકારે કરવામાં આવતી હતી તેને માટે **ઔપપાતિક સૂત્રમાં** પ્રમાણ મળે છે. ભગવાન મહાવીરના પરમ ભક્ત રાજા કોણિકે ભગવાનની પૂજા કરી છે એનું વર્ણન શ્રી **ઔપપાતિક** સૂત્રમાં નીચે પ્રમાણે છે—

समणं भगवं महावीरं पंचविहेणं अभिगमेणं अभिगच्छइ तं जहा –

(१) सच्चित्ताणं दव्वाणं विउसरणयाए.

(२) अचित्ताणं दव्वाणं अविउसरणयाए,

(३) एगसाडियं उत्तरास सगं करणेणं,

(४) चक्खु फासे अंजलि पग्गहेणं,

(५) मणसोए गत्त भावकरणेणं,

समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेत्ता वंदंति णमंसित्ता, तिविहाए, पज्जुवासणयाए पज्जुवासइ तं जहा—काइया, वाइया, माणसियाए,

(१) काइया—ताअ संकुइयग्गहत्थपाए सुस्सुसमाणे णमंसमाणे अभिमुहे विणएणं पंजलिउडे पज्जुवासइ,

(२) वाइयाए—जं जं भगवं वाकारइ एहमेयं भंते ! तहमेयं भंते ! अवितहमेय भंते ! असंदिद्धमेयं भंते ! इच्छियं मेयं मयं ! पडिच्छियं मेयं भंते !

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

इच्छिय पडिच्छिय मेयं भंते !वसे जहेणं तुब्मे वदह अपडिकूलमाणे पज्जुवासइ,

(३) माणसियाए—महता संवेगं जणइत्ता तिब्ब धम्माणुरागरत्तो पज्जुवासइ ॥

અર્થ—રાજા કોણિક પાંચ અભિગમે કરીને ભગવાન મહાવીરની પાસે ગયા. એ પાંચ અભિગમ આ પ્રમાણે છે—

(૧) પાન, ફુલ આદિ સચિત્ત દ્રવ્યો દૂર કર્યાં,

(૨) અચિત દ્રવ્ય, વસ્ત્રાભૂષણ આદિ પાસે રાખ્યા,

**अविउस्सरणयाए** શબ્દમાંથી **अ न** છૂટો પાડીને કેટલાક એવો અર્થ કરે છે કે—લાકડી, છત્રી જોડા (પગરખાં) વગેરે જેવી અચેત વસ્તુઓને પણ દૂર કર્યાં, બહાર મૂકયા.

(૩) એકપટ્ટ દુપટ્ટાનું ઉત્તરાસંગ કર્યું,

(૪) ભગવાનને દેખતાં જ બંને હાથ જોડીને પોતાની આંખોના પાસે લાવી રાખ્યા, અને

(૫) મનને અન્ય જગ્યાએથી રોકીને ભગવાનની ભક્તિમાં એકતાન કર્યું.

આ પ્રમાણે પાંચ અભિગમ કરીને રાજા કોણિક શ્રમણ ભગવાન મહાવીરની પાસે ગયા અને શ્રમણ ભગવાન મહાવીરને **તિખ્ખુત્તોના** પાઠથી વંદના નમસ્કાર કર્યાં તથા મન, વચન અને શરીર એ ત્રણ પ્રકારથી પ્રભુની પૂજા—ભક્તિ કરવા લાગ્યા. શરીર, મન અને વચનથી કોણિક રાજાએ આ પ્રમાણે ઉપાસના—ભક્તિ કરી.

**(૧) શરીરથી**—હાથ પગ સંકોચીને, બંને હાથ જોડીને નમ્રતા તથા વિનયપૂર્વક ભગવાનની સામે બેસી ગયા. અને ભગવાનની સુશ્રૂષા કરવા લાગ્યા, એમ શરીરથી ભક્તિ કરવા લાગ્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૨) **વચનથી**—જેમ જેમ ભગવાન વચન ઉચ્ચારતા તેમ તેમ, હે ભગવાન ! એમ જ છે, હે ભગવાન ! સત્ય છે, હે ભગવાન ! બરાબર સત્ય છે. સંદેહ રહિત છે, હે ભગવાન ! હું ઇચ્છું છું, હું વિશેષ ઇચ્છું છું અને આપે જે કાંઈ કહ્યું તે બરાબર છે. એમ કહીને તે ભગવાનની વચનદ્વારા સેવા–ભક્તિ કરવા લાગ્યા.

(૩) **મનથી**—મનમાં મહાન વૈરાગ્યભાવ ધારણ કરીને તેમજ તીવ્ર ધર્માનુરાગરત બનીને મનથી ભગવાનની સેવા–ભક્તિ કરવા લાગ્યા.

**આ પાઠથી સ્પષ્ટ છે કે ભગવાન મહાવીરની પૂજા ત્રણ પ્રકારે કરવામાં આવતી—માનસિક, વાચિક અને કાયિક, મનમાં તેમનું ધ્યાન ધરવું, સ્મરણ કરવું એ માનસિક પૂજા છે. વચનથી તેમના ગુણગાન કરવા એ વાચિક પૂજા છે અને પંચાંગ નમાવીને નમ્રતાપૂર્વક નમસ્કાર કરવા એ કાયિક પૂજા છે. ભગવાન વીતરાગની પૂજા એ પ્રકારે થાય છે.**

**જે પદાર્થો રાગ ઉત્પન્ન કરનાર તરીકે મનાય છે, તે વીત-રાગ ભગવાન પર ચઢાવવા અથવા ભેટ ધરવા એ પૂજા નથી પણ ભગવાનની અવજ્ઞા છે. રાગ ઉત્પન્ન કરનાર વસ્તુઓનો તો ભગવાન પહેલેથી જ ત્યાગ કરી ચૂકયા છે. એ ત્યાગેલી વસ્તુઓને જેણે ત્યાગી તે તેને તેના પર જ ચઢાવવી એમાં તેમની પૂજા નથી.**

શ્વેતાંબર મૂર્તિપૂજકોએ મૂર્તિને વસ્ત્રાલંકારથી શણગારીને પૂજામાં ઘણો જ આડંબર વધારી દીધો છે અને એ રીતે તેઓ શાંતમૂર્તિની અનેક પ્રકારે વિડંબનાઓ કરી રહ્યા છે. તેથી આઘાત પામીને ડો. શ્રી જયંતિલાલ એમ. બદામી ( પટણી )–એ “ પ્રબુદ્ધ જૈન ” પત્રના તા. ૧૫–૬–૧૯૪૫ ના અંકમાં “ વીતરાગ મૂર્તિની આ તે કેવી વિડંબના ” નામનો લેખ લાક્ષણિક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભાષામાં લખી તે વિડંબનાઓનું વર્ણન કરી સત્ય સમજાવવાનો પ્રયત્ન કર્યો છે, તે લેખ અત્રે ઉધ્ધૃત કરૂં છું.

શાન્ત અને પદ્માસને અલંકૃત
દયાનિધિ કેવલજ્ઞાની!
મહાપ્રભુ નિરંજન નિરાકાર તીર્થંકર!
વીરોના વીર ને આત્માના ઉદ્ધારક!

આજ કયાં તારી શાન્ત મુખમુદ્રા ને
કયાં ગયા અમીઝરંતાં ચક્ષુઓ?
એક ધ્યાને આત્માસહ સંચરવા સૂચવતું
જામા વાઘા તળે કેમ સંતાડયું પદ્માસન?

હા—કારણ—
ધર્મઘેલછાએ શિલ્પના શાન્ત સૌમ્ય ભાવ વેડફ્યા ને
કૃત્રિમ અનન્ત આભૂષણો ચઢાવ્યાં.

શાસ્ત્રના નિયમો ઉલ્લંઘી
શાન્ત સર્જાયેલી મૂર્તિ રાગી બનાવી.

રત્નોજડિત મુગટ પહેરાવી
મુખભાવ વિકૃત કીધાં;

હીરા મોતી પાનાએ અંગ મઢી
સ્ફટિક સૌંદર્ય ગૌણ ગણ્યું.

વાઘા, જામા, સાફા રચી
કૃષ્ણના શૃંગારની સ્પર્ધા કીધી.

જીવાજીવની સૂક્ષ્મતાના સંશોધકને
પુષ્પોના ઢગલાએ ઢાંકી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જીવહિંસાને ઉપહાસી.

અન્ય ધર્મોના અન્નકોટ અવગણી
અનન્ત વૈવિધ્યભર્યાં નૈવેદ્ય ધર્યાં.

ફૂલફલાદિ એ જીવહિંસા જાણુવા છતાં
છાબોની છાબો છલકાવી.

એમાં ખરો ધર્મ માન્યો ને આત્માની મુક્તિ ગણી!
ખરી રીતે—

ધર્મસ્થાનો એવા હોય કે જ્યાં

દીનને દીનતા ન દેખાય,
ધનિકની ઘેલછા ન દેખાય ને,
આત્મમુક્તિના એક જ માર્ગે

દીન અને ધનિક સમતોલ રહી
આનંદે એકસરખાં પગલાં પાડે.

નિરાગી, નિર્લેપ, નિર્મોહ
અલક્ષ્ય–મોક્ષસુખગામી પ્રભુ!
પ્રાર્થનાના અવલંબનકાજ
જ્ઞાનીઓએ તને આકાર આપ્યો;
પાદચરણ સેવી આત્મા–એકતા આણુવા
ચંદન પૂજા ને સ્તુતિ સ્વીકારી;
પણ
ધર્મ ધુરંધરો અને સાધુજનોએ
અંધશ્રદ્ધાનો આશરો લઇ
મનમાન્યો ધર્મવ્યવહાર રચ્યો;
પૂજામાં વૈવિધ્ય આણ્યું;

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat                www.umaragyanbhandar.com

રથયાત્રા, સ્વપ્નાં, ઉજમણાં—
સંપત્તિ રેડતા અનેક માર્ગો યોજ્યા
જ્યાં ધનિકની પૂજા થઇ ને –
દીનોનાં દુઃખ ન ભાંગ્યાં.
પણ હવે
હે શિવગામી !
અંધશ્રદ્ધાનો અંચળો અળગો થયો ને
કારણ અને સત્ય સમજવા માનવ જાગ્યું,
રૂઢ ભક્તિ અને આડંબર અળગાં કરી
સત્ય ધર્મ સમજવા કુતુહલતા આવી;
શાસનદેવ !
દાખવ કે

આગમોમાં આજ્ઞા છે આહવી કે
રચવી અમારે સુંદર આંગી ?
ધર્મકાજે એકેન્દ્રિય હિંસા અવગણવી ?
પૂજા કરવી શણગારની કે પ્રભુની ?
દાખવ. સત્ય દાખવ
અંધારે અથડાતાને માર્ગ સૂઝાડ કે
વિપથગામી બનતા અટકે અટકાવે.

* * * *

શાન્તિ સ્થિર પ્રેરણા પાતી,
એકાગ્રતાનું આહ્વાન કરતી,
નમણાં નયને શાંતિ સૂચવતી,
સ્થાપત્યની મંગળમયી મૂર્તિ !
ભવ્ય મહાકલાને અવગણતા
ધર્મનાં કહેવાતા સ્થંભોને સદ્બોધ કે—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તને તાળાં સાંકળથી મુક્ત કરે,
અખિલ માનવ જાતને તારાં દર્શન દે ને
સત્ય અહિંસાએ સર્વને દોરે.

તુજ દર્શને ન્હોય બંધન.
ભાવિક આવે અને પ્રણિપત કરી
સમ્યક્ દર્શન જ્ઞાન ચારિત્ર
અહિંસા સત્ય સિદ્ધાંતને
પ્રાર્થના કરતાં આત્મામાં ઊતારે.

તું આંગણે ન્હોય આડંબર આંગી,
ન્હોય વસ્ત્રાલંકાર, પુષ્પાદિ,
દર્શનકાજ દ્વાર ખુલ્લાં હોય
જ્યાં ન્હોય વર્ણાન્તરભેદ.
જૈનત્વ સ્વીકારે તે જૈન
તુજ મૂર્તિનાં દર્શન પાવે
વંદન કરતા કરતા
આત્મ મુક્તિના પંથે સંચરે.

વળી તા. ૧૦–૧૦–૧૯૫૯નાં "જૈન" પત્રમાં શ્રી બાપુલાલ કાળીદાસ સઘાણીનો લેખ પ્રસિદ્ધ થયેલ છે તે પણ હાલની સ્થિતિ બતાવનારો હોઈ અત્રે ઉધ્ધૃત કરૂં છું

## જિન પ્રતિમા જિન સારિખી ?

મૂર્તિપૂજામાં નહિ માનનારા ધર્મબંધુઓને સમજાવવા મૂર્તિ માનનારા વર્ગ "જિનપ્રતિમા જિન સરિખી"નું સૂત્ર રોજ સામે ધરે છે, બીજી સચોટ દલીલો કરે છે, અને ક્રોધ પણ કરે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આજ હું મૂર્તિ માનનારા શ્વેતાંબર–દિગંબર બાંધવોને પૂછવા ઈચ્છું છું કે આ બધી દલીલો આ જિનપ્રતિમા જિન સારિખી-નું સૂત્ર એ માત્ર વકીલાતી દલીલ છે કે **એને તમો હૃદયથી સાચું માની પ્રામાણિકતાપૂર્વક અમલમાં મૂકવા પ્રયત્ન કરો છો?**

આજ આપણી નજર સામે ખરેખર શું બની રહ્યું છે તે જોવા અને સમજવા માટે આપણી આંખ, મગજ અને હૃદય ખુલ્લાં છે? આપણે બધીર તો નથી બની ગયા ને?

**જિનેશ્વર ભગવાન વિચરતા હોય અને જે શાંતિ, સમતા, નમ્રતા અને વિવેક સહજ રીતે વિકસી આવે એવું વાતાવરણ આપણે જિનમંદિરમાં વિકસાવ્યું છે ખરૂં?** એમ કરવાને બદલે ઊલટી દિશાના વહેણ કેમ નજરે પડે છે? વીતરાગી વાતાવરણનું સંશોધન અને સંસ્થાપન કરવાની જવાબદારી આપણી મૂર્તિપૂજકોની નથી તો પછી કોની છે?

આજે જિનમંદિરોનું વાતાવરણ કેવું છે?

દેવમંદિરોની દિવાલો વિલાયતી રંગોથી તીવ્ર વાસવાળી બની ગઈ છે. ગાઢ રંગના ચિત્રોએ જિન પ્રતિમાના શાન્ત સાદા માધ્યમને વિસરાવી પોતાનોજ અલગ આકર્ષક ચોકો જમાવી દીધો છે. દેવમંદિરનું સૌમ્ય હવામાન વિરલ બન્યું છે।

કેશરનો વપરાશ ધવલ પ્રતિમા ઉપર કાળા ડાઘ પાડે છે. કેશર અપવિત્ર આવે છે. ડાઘને અટકાવવા ટીકા ચોડવા પડે છે અને પ્રતિમા કુરૂપ બને છે. પણ અહીં તો "કોઉ સુને ન મોરા પુકારા" કોઈ પોકાર જ ન સાંભળે. એવો ઘાટ જામ્યો છે. અને આ શણગાર, આ સોનું ચાંદી. એણે તો વીતરાગત્વની રહી સહી આશા નષ્ટભ્રષ્ટ કરી દીધી છે. પ્રત્યક્ષ ભગવાનના શરીર ઉપર સોનું ચાંદી ચડાવવાનું સાહસ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરી શકાત ખરૂં ? આપણે ભક્તિની વાત કરીશું. પણ વિવેક વગરની ભક્તિનો અર્થ શો ? "સાચી ભક્તિ તે હંસ તણી પરે, ખીરનીર નય કરશે પ્યારા !"માં મુનિશ્રી મોહનવિજયજીએ ભક્તિનું લક્ષણ બાંધી આપ્યું છે. તે તો આપણે ભૂલી જ ગયા છીએ. ધર્મનું મૂળ વિવેક છે. વિવેક વગરનો ધર્મ તે ધર્મ નથી રહેતો, આવી વિવેક વગરની ભક્તિ કેવી ?

સોનાના શણગારમાંથી આપણે વીતરાગત્વ નીપજાવવા માગીએ છીએ, લોઢું વાવીને આપણે છોડ ઉગાડવા માગીએ છીએ, કાદવ વલોવીને આપણને માખણ જોઈએ છે. કેવી છે આ વિચિત્રતા !

કોઈ અજ્ઞાન, ભોળા બાળજીવોનું બહાનું આગળ ધરશે પણ આજ તો સોનાચાંદીથી ઢંકાયેલા દેવનાં દર્શન દુર્લભ બની ગયાં છે. દ્વારે લાગેલાં ખંભાતી તાળાં અને ઝીણી ઝીણી જાળીમાં દેવ દેખાતા નથી. ચીવટથી જોનાર અને સમતાથી દેવમંદિરમાં થોભનારને શંકાની આંખો ઘેરી વળે છે. હવે કોઈ યાત્રાળુ, દેવમંદિરમાં શાંતિથી બેસી શકતો નથી. સંસારની ચિંતા છોડી ઘડી બે ઘડી અરિહંતનું નામ જપી શકતો નથી. એણે જલદીથી દેવમંદિર બહાર નીકળી જવું જોઈએ. આજે પૂજ્યને પરિગ્રહના પાસલામાં પાડ્યા છે. અને પૂજનારાને "ચોરાટ"ની શંકામાં મૂકી દીધા છે. પર્વના દિવસોમાં દેવદ્વાર ખુલ્લાં હોય છે. ભગવાનના દેહ ઉપર મૂલ્યવંતા મુગટો ચડે છે, યાત્રાળુઓ ઉભરાય છે. અને એ બધાની ચોકી કરતી પેઢીઓની કમીટીઓ આખા જૈન સમાજ સામે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરતી ખડી હોય છે. એને મન શંકાથી કોઈ પર નથી. ભલે એ કોઇ મીલમાલિક હોય ભલે એ કોઈ ગામડીયો બાળ જીવ હોય, આવી છે આજ મૂર્તિપૂજાની દશા !

ભલે ન વિચારીએ. ભલે વિચારકોના વિવેકને નકારીએ. ભલે માનસશાસ્ત્રના નિયમોને અવગણીએ પણ પરિણામ તો આવવું જોઈએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે જ આવ્યું છે. જૈન સમાજ વીતરાગને બદલે લદાયેલાં સોનાચાંદીનો પૂજારી બન્યો છે. પૈસા એને પરમેશ્વર છે અને એની પરંપરા જેવાં કીર્તિ ભપકો, ઢોલનગારાં, અભિમાન અને મન કંકાસના જાળાં અહીં જામી ગયાં છે.

**આ શણગાર અને સોનાચાંદીના સમર્થનથી વીતરાગના દર્શન આડે ધુમ્મસની ઘેરી દિવાલ ખડી થઈ છે અને એને પંપાળી શાસ્ત્રોના શબ્દોમાં કહીએ તો જૈનસમાજ અંતરાયકર્મ બાંધી રહ્યો છે.** એના ફળસ્વરૂપે જૈનસમાજને જાણે સાચી સૂઝ દુર્લભ બની છે.

અને છેલ્લે છેલ્લે જ્યારે મક્ષીજી જેવાં તીર્થોનો **વિચાર કરીએ છીએ ત્યારે તો મસ્તક શરમથી ઢળી પડે છે. હાથથી રોજેરોજ ભગવાનના દેહને ચુંથવો અને મૂર્ખ "જિનપ્રતિમા જિન-સારિખી" બોલવું એવી છેતરપીંડી ક્યાંય જોવા મળશે ખરી?** ખરી મા અને સાવકીમાના દ્રષ્ટાંત કરતાંય આપણે તો બદતર નીવડ્યાં. બાળકના જીવન ખાતર ખરી માએ પોતાનો હક્ક જતો કર્યો. પણ આપણી શ્વેતાંબર–દિગંબર બન્ને પરંપરાઓ તો દેવપ્રતિમાની સાવકીમા બની બેઠી. **આવો અંધાપો, આવો બુદ્ધિભ્રમ ક્યાંય શોધ્યો જડશે ખરો?**

આ પ્રસંગોમાં પ્રભુ પ્રત્યે પ્રેમ નથી પણ માલીકીનો મોહ છે, પ્રભુપ્રેમ હોત તો આજ ઠેરઠેર પ્રાચીન જિનપ્રતિમાઓ અપૂજ પડી છે, દેવ–મંદિરો ઝડપભેર ખંડિયેરોમાં ફેરવાઈ રહ્યાં છે, ત્યારે એક પ્રતિમા માટે આવા કજિયા અને આવું વર્તન, **એમાં મોહ સિવાય બીજું શું હોય?**

કોર્ટના ફેંસલે ભલે બન્ને જીત્યા હશે. ભલે ચુકાદાએ પૂજાના વારા નક્કી કરી આપ્યા હશે પણ એનો અમલ તો એક અપકૃત્ય બની ગયું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat                    www.umaragyanbhandar.com

છે એમાં કોઈ શંકા નથી. એનો ઉકેલ ન આવે ત્યાંસુધી જૈનસમાજ એક મહાપાતકમાં ફસાયેલો છે એમ સમજવું રહ્યું. જૈનસમાજની રહીસહી સમજ આ વહેતા જખમને રૂઝાવવામાં કારગત થાય એમ પ્રાર્થના કરવી રહી. છેલ્લે આ વેદનાને વ્યક્ત કરતી મારી એક કાવ્યપંક્તિ નોંધું :—

"ખુલ્લી બીડી આંખડીનાં રૂડેરાં રૂપના—
કજીયા કોરટમાં જઈને માંડીયા હોજી !
વરવા એ ફેંસલે ભૂલીને ભાનસાન,
રોજ રોજ દેહ મારો ચુંથીઓ હોજી !
હવે તો બાલુડાં મારાં જપો જપો હોજી"
"ભ૦ મહાવીરની વેદના આરજુ."
જૈન પર્યુષણાંક—સં. ૨૦૧૪ ]

અંતમાં "જિનપ્રતિમા જિનસારિખી"નું મોંઘું સૂત્ર સારી રીતે આચરણમાં ઉતરી સત્યવક્તા બનીએ એ આશા સાથે વિરમીએ ! જય અરિહંત !

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ચોથું

## શ્વેતાંબરત્વ દિગંબરત્વ

મૂર્તિપૂજા સંબંધી આપણે ખાસ જાણવા યોગ્ય બાબતો જાણી લીધા પછી હવે આપણે મતભેદનો ત્રીજો મુખ્ય મુદ્દો—શ્વેતાંબરત્વ અને દિગંબરત્વનો છે તે સંબંધમાં પણ જાણી લેવું જોઈએ.

અલબત્ત, આ ઉપરાંત મતભેદના બીજા પણ ઘણા મુદ્દાઓ છે જ અને તેમાં પણ કેવળીના આહારનો મુખ્ય મુદ્દો છે પરંતુ ઉપરોક્ત મુદ્દાઓની અપેક્ષાએ આ બીજા બધા મુદ્દાઓ કંઈક ગૌણ છે અને તેનો સમન્વય ઉપરના ચાર મુદ્દાનો સમન્વય થયા પછી સહેલાઈથી થઈ શકે તેમ છે.

શ્વેતાંબર એટલે શ્વેત, સફેદ વસ્ત્ર ધારણ કરનાર. દિગંબર એટલે દિક્ દિશાઓ જેનું વસ્ત્ર છે તે એટલે કે નગ્ન રહેનાર. શ્વેતાંબરના સાધુઓ શ્વેત વસ્ત્ર ધારણ કરે છે અને દિગંબરના સાધુઓ વસ્ત્રરહિત નગ્ન રહે છે તે ઉપરથી આ નામો પડેલા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્વેતાંબરો કહે છે કે ભગવાન મહાવીરના સમયમાં શ્વેતાંબર દિગંબર બન્ને પ્રકારના સાધુઓ હતા અને તેઓ સચેલક—અચેલક કહેવાતા. ચેલ એટલે વસ્ત્ર. સચેલ એટલે વસ્ત્ર સહિત અને સચેલક એટલે વસ્ત્ર ધારણ કરનાર. અચેલક એટલે વસ્ત્ર રહિત નગ્ન રહેનાર. પરંતુ આ શબ્દોમાં કાંઇક બાધ આવવાથી, વાંધો જણાવાથી તેને બદલે સ્થવિરકલ્પી અને જિનકલ્પી નામો યોજાયાં તે આપણે આગળ ઉપર જોઇશું.

હવે શ્વેતાંબરના સૂત્રો અને ગ્રંથોમાં આ સંબંધમાં શું લખ્યું છે તેમજ દિગંબર ગ્રંથોમાં શું લખ્યું છે તે પંડિત શ્રી કૈલાસચંદ્ર શાસ્ત્રીએ સંવત ૨૦૦૧માં હિંદીમાં લખેલા તેમના **भगवान महावीरका अचेलक धर्म** નામના પુસ્તકમાં સૂત્રો તથા ગ્રંથોમાંથી અવતરણો ટાંકીને બતાવેલું છે તેથી તે પુસ્તકનો ગુજરાતી અનુવાદ અહિં આપું છું.

## ભગવાન મહાવીરનો અચેલક ધર્મ

ભગવાન મહાવીર જૈન ધર્મના છેલ્લા તીર્થંકર હતા. દિગંબર તથા શ્વેતાંબર બંને સંપ્રદાય તેમને પોતાના ધર્મગુરુ માને છે. તેમજ તેઓ એમ પણ માને છે કે તેઓ જે ધર્મનું પાલન કરે છે તે ધર્મ ભગવાન મહાવીરે ઉપદેશેલો છે, તોપણ તેમાં સાધુઓના વસ્ત્ર પરિધાન બાબતમાં તીવ્ર મતભેદ છે.

દિગંબર સંપ્રદાય કહે છે કે સાધુઓને દિશા એ જ વસ્ત્ર એટલે કે નગ્ન રહેવાનો ઉપદેશ વીરપ્રભુએ આપેલો હતો તેથી એ જ આદરણીય છે.

શ્વેતાંબર સંપ્રદાય કહે છે કે સાધુઓને વસ્ત્ર પહેરવાનો ઉપદેશ વીરપ્રભુએ આપેલો હતો.

તેથી વીરપ્રભુનો શો ઉપદેશ હતો તે વિષયનો વિચાર બંને સંપ્ર-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દાયોના સાહિત્યના આધારથી અહિં કરવામાં આવે છે. પહેલાં શ્વેતાંબર સાહિત્યના આધારથી વિચાર કરીએ.

## ૧. શ્વેતાંબર સાહિત્ય

**આવશ્યક નિર્યુક્તિ**માં લખ્યું છે કે—

**सव्वे वि एगदूसेण णिग्गया जिणवरा चउवीसं.**

—ગાથા ૨૨૭,

અર્થ—ચોવીશે તીર્થંકરો એક વસ્ત્રસહિત પ્રવ્રજિત થયા હતા. આના ઉપર ભાષ્યકાર **શ્રી જિનભદ્ર ગણિએ** લખ્યું છે કે—

निरुवमधिइ संहणणा चउनाणाऽति सयसत्त संपण्णा।
अच्छिद्दपाणिपत्ता जिणा जियपरीसहा सव्वे ॥ २५८१॥
तम्हा जहुत्त देसे पावंति न वत्थपत्तरहियावि।
तदसाहणं ति तेसिं तो तग्गाहणं न कुव्वंति ॥ २५८२ ॥
तहवि गहिएगवत्था सवत्थ तित्थोवएस णत्थंति।
अभिनिक्खमंति सव्वे तम्मि चुएऽचेलया होंति ॥ २५८६ ॥

—વિશે. ભા.

અર્થ—સર્વ જિન ભગવાન વજ્રઋષભનારાચ સંઘયણધારી હોય છે. ચાર જ્ઞાનવાળા અને સત્વસંપન્ન હોય છે. તેમના હસ્તપુટ છિદ્રરહિત હોય છે. અને તેઓ પરિસહોને જીતવાવાળા હોય છે. તેથી વસ્ત્રપાત્ર આદિ ઉપકરણોથી રહિત હોવા છતાં તેમને ઉક્ત દોષો લાગતા નથી. તેમને માટે વસ્ત્રપાત્ર સંયમના સાધન નથી તેથી તેઓ તેને ગ્રહણ કરતા નથી. તથાપિ સવસ્ત્ર તીર્થનો ઉપદેશ કરવા માટે ઈંદ્રે આપેલા એક દેવદૂષ્ય લઈને દીક્ષા ધારણ કરે છે. **જ્યારે તે વસ્ત્ર પડી જાય છે ત્યારે સર્વ તીર્થંકરો અચેલ, વસ્ત્રરહિત થઈ જાય છે.**

આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે ચોવીશેય તીર્થંકરો વસ્ત્રાદિકનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યાગ કરીને દીક્ષિત થયા હતા. પરંતુ ઇંદ્રે તેમને એક દૂષ્ય આપ્યું હતું. અને તે, સવસ્ત્ર તીર્થનો ઉપદેશ કરવા માટે ભગવાને થોડો વખત ધારણ કર્યું હતું. એટલે ઈંદ્રે વસ્ત્ર આપવાનું અને ભગવાને તે સ્વીકારવાનું પ્રયોજન એટલું જ હતું કે ભગવાનને તેમના શિષ્યો નગ્ન રહે તે ઈષ્ટ નહોતું અથવા સવસ્ત્રતા પણ ગ્રાહ્ય હતી. છતાં પણ ભગવાન મહાવીરનો ધર્મ અચેલક કહેવાયો.

**ઉત્તરાધ્યયન સૂત્ર**માં ત્રેવીશમા અધ્યયનમાં કેશી ગૌતમ સંવાદમાં કેશી સ્વામી ગૌતમસ્વામીને પ્રશ્ન કરતાં કહે છે કે—

आचेलक्को य जो धम्मो जो इमो संतरुत्तरो ।
देसिदो वड्ढमाणेण पासेण अ महप्पणा ॥

एग धम्मे पवत्ताणं दुविधा लिंगकप्पणा ।
उभएसिं पदिट्ठाणमहं संसयमागदा ॥

અર્થ—ભગવાન મહાવીરે અચેલક ધર્મનો ઉપદેશ કર્યો અને ભગવાન પાર્શ્વનાથે સચેલ ધર્મનો ઉપદેશ કર્યો તેનું શું કારણ ?

**શ્રી હરિભદ્ર આચાર્યે** પણ ભગવાન મહાવીરના ધર્મને અચેલ બતાવ્યો છે. તેમણે '**પંચાશક**' માં કહ્યું છે કે—

आचेलक्को धम्मो पुरिमस्स य पच्छिमस्स य जिणस्स ।
मज्झिमगाण जिणाणं होइ सचेलो अचेलो य ॥ १२ ॥

અર્થ—પ્રથમ અને અંતિમ જિનનો ધર્મ અચેલક છે અને વચમાંના બાવીશ તીર્થંકરોનો ધર્મ સચેલ છે તેમજ અચેલ પણ છે.

ઉપરના ઉલ્લેખોથી એટલું સ્પષ્ટ થઈ જાય છે કે **ભગવાન મહાવીર પોતે અચેલક રહ્યા હતા અને તેમણે અચેલક**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધર્મનો ઉપદેશ કર્યો હતો. હવે આ વિષય ઉપર વિશેષ પ્રકાશ પાડવાને માટે એ જોવું જોઈએ કે અચેલક ધર્મના મુખ્ય નિયમ કયા હતા.

## અચેલક ધર્મનો નિયમ

સાધુઓને માટે દશ પ્રકારના સ્થિત કલ્પ બતાવ્યા છે. કલ્પ વ્યવસ્થા અથવા સમ્યક્ આચારને કહે છે. એ દશ કલ્પનું પાલન સાધુએ અવશ્ય કરવાનું હોય છે. તેથી તેને સ્થિત કલ્પ કહે છે. તે સ્થિત કલ્પ આ પ્રમાણે છે—

आचेलक्कुदेसिय सिज्जायर रायपिंड-किइकम्मे ।
वय-जेट्ठ-पडिक्कमणे मासं पज्जोसवणकप्पो ॥ —કલ્પસૂત્ર.

અર્થ—(૧) અચેલકપણું (૨) ઉદ્દિષ્ટનો ત્યાગ, (૩) વસતિ-કર્તાના પિંડ આદિનો ત્યાગ, (૪) રાજપિંડનો ત્યાગ, (૫) કૃતિકર્મ, (૬) મહાવ્રત. (૭) પુરુષની જ્યેષ્ટતા, (૮) પ્રતિક્રમણ, (૯) એક માસ સુધી જ એક સ્થાન ઉપર રહેવું અને (૧૦) વર્ષાકાળમાં ચાર માસ સુધી એક સ્થાન પર રહેવું.

અહિં એ વાત ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે આ કલ્પોમાં મહાવ્રતને ગણી લેવા છતાં અચેલક કલ્પને જુદો તથા સૌથી પ્રથમ ગણેલો છે. એથી પણ મહાવીરનો ધર્મ અચેલક હોવાને સમર્થન મળે છે.

સાધુના છ ગુણ હોય છે.—पंच महव्वयाणि राइभोयेण छट्ठाइं— મહાનિશીથ અ. ૩ અર્થાત્ પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ અને પરિગ્રહ વિરમણ એ પાંચ મહાવ્રત તથા છઠ્ઠું રાત્રિભોજન વિરમણ. એ છ મૂળ ગુણ પ્રત્યેક સાધુને ધારણ કરવાનું આવશ્યક છે. તે ધારણ કરવાથી તેમને સર્વ સૂક્ષ્મ હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહથી વિરત થવું પડે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હવે આચારશાસ્ત્રનો મૌલિક ગ્રંથ **આચારાંગસૂત્ર** સંબંધમાં કહેવામાં આવે છે કે જેમાંનાં સૂત્રો જ આગળ જતાં મતભેદનું કારણ રૂપ હતા. તેના થોડા ઉલ્લેખો ઉપર દૃષ્ટિપાત કરીએ.

**આચારાંગ સૂત્ર**ના લોકસાર નામના પાંચમા અધ્યયનના બીજા ઉદ્દેશામાં ચારિત્રનું વર્ણન છે, તેના સૂત્ર બીજામાં લખ્યું છે કે—

आ ती केयावंति लोगंसि परिग्गहावंती, से अप्पं वा बहुं वा अणुं वा थूलं वा चित्तमंतं अचित्तमंतं वा एएसु चेव परिग्गहावंती, एतदेव एगेसिं महाभयं भवइ लोगवित्तं च णं उवेहाए, एए संगे अवियाणओ ?

સળંગ સૂત્ર ૧૫૦ (હાલ ૧૪૯)

અર્થ—લોકમાં જેટલા પરિગ્રહવાળા છે તેમને પરિગ્રહ અલ્પ હોય કે ઘણો હોય, સૂક્ષ્મ હોય કે સ્થૂળ હોય, સચેત હોય કે અચેત હોય પરંતુ તે સર્વ પરિગ્રહવાળા ગૃહસ્થોમાં જ અંતર્ભૂત હોય છે. આ પરિગ્રહ તે પરિગ્રહવાળા માટે મહાભયનું કારણ છે. સંસારની દશા જાણીને તેને છોડો, જેઓ આ પરિગ્રહને જાણતા નથી તેઓને પરિગ્રહથી થવાવાળો મહાભય નથી હોતો.

આમાં અણુમાત્ર [ અલ્પ ] પણ પરિગ્રહને મહાભયનું કારણ બતાવેલ છે, તથા અલ્પ, ઘણા, સૂક્ષ્મ, સ્થૂળ તથા સચેતન અચેતન વિશેષણોથી એ પણ સ્પષ્ટ થઈ જાય છે કે અહિં સૂત્રકાર દ્રવ્ય પરિગ્રહ ઉપર જોર દઈ રહેલ છે કારણકે તે મમત્વનું કારણ હોવાથી ભયકારક છે.

આગળ છઠ્ઠા અધ્યાયના ત્રીજા ઉદ્દેશામાં પહેલા સૂત્રમાં કહ્યું છે કે—

एयं खु मुणी आयाणं सया सुयक्खायधम्मे विहूयकप्पे निज्झो सइत्ता जे अचेले परिवुसिए तस्सणं भिक्खुस्स ने। एवं भवइ परिज्जुण्णे मेवत्थे वत्थं जाइस्सामि, सुत्तं जाइस्सामि, सूइं जाइस्सामि, संधिस्सामि, सीविस्सामि,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

उक्कसिस्सामि, दुक्कसिस्सामि, परिहिस्सामि, पाउणिस्सामि, अदुवा तत्थ परिक्कमंतं भुज्जो अचेलं तणफासा फुसंति, एगयरे अन्नयरे विरूवरूवे फासे अहियासेइ अचेले लाघवं आगममाणे। तवे से अभिसमन्नागए भवइ, जहेयं भगवया पवेइयं तमेव अभिसमिच्चा, सव्वओ, सव्वत्ताए संमतमेव समभिजाणिज्जा। एवं ते सिं महावीराणं चिरराय पुव्वाइ वासाणि रियमाणं दवियाणं पास अहियासियं ॥

સળંગ સૂત્ર ૧૮૨ ( હાલ ૧૮૫ )

અર્થ—એ પ્રમાણે સુઆખ્યાત ધર્મવાળા તથા આચારના પરિપાલક જે મુનિ કર્મબંધના કારણુ કર્મોને છોડીને, અચેલ-વસ્ત્રરહિત રહે છે તે ભિક્ષુને—'મારા વસ્ત્ર જીર્ણ થઈ ગયા છે, વસ્ત્ર માગીશ અથવા વસ્ત્ર સાંધવાનો દોરો માગીશ, સોય માગીશ, ફાટેલા વસ્ત્રને સાંધીશ, જો વસ્ત્ર નાનું હોય તો તેમાં બીજું વસ્ત્ર જોડીને મોટું કરીશ, મોટું હશે તો ફાડીને નાનું કરીશ ત્યારે તેને પહેરીશ અથવા ઓઢીશ. અથવા ભ્રમણ કરતા તે અચેલ ભિક્ષુને તૃણસ્પર્શ થાય છે, ઠંડી લાગે છે, ગરમી લાગે છે, ડાંસ મચ્છર ડંખ દીએ છે ( કરડે છે)" —આવી આવી ચિંતા તે ભિક્ષુને સતાવતી નથી. અચેલપણામાં લઘુતા માનીને તે ભિક્ષુ પરસ્પરમાં અવિરુદ્ધ અનેક પ્રકારના પરિસહોને સહે છે. એમ કરવાથી તે ભલા પ્રકારથી તપને ધારણુ કરે છે. એ રીતે ચિરકાળ સુધી સંયમનું પાલન કરવાવાળા મહાવીર ભગવાને ભવ્ય જીવોને જે તૃણસ્પર્શ આદિ પરિસહો સહન કરવાનું બતાવ્યું છે તે પ્રમાણે સહન કરો. સૂત્ર ૧૮૨ ( હાલ નં. ૧૮૫ )

એ પ્રમાણે અચેલતામાં લાઘવ બતાવીને આગળ આઠમા **વિમોક્ષ** અધ્યયનના ચોથા ઉદ્દેશામાં તે વસ્ત્રનું વિધાન કરતાં સૂત્ર ૧-૨માં લખ્યું છે કે—

जे भिक्खु तिहिं वत्थेहिं परिवुसिए, पायचउत्थेहिं तस्स णं नो एवं भवइ चउत्थं वत्थं जाइस्सामि, से अहेसणिज्जाइं वत्थाइं जाइज्जा अहापरिग्गहियाइं

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

वत्थइं धारिज्जा, नो धाइज्जा नो धोयरत्ताइं वत्थाइं धारिज्जा, अपलिओवमाणे गामंतरेसु ओमचेलिए, एवं खु वत्थधारिस्स सामग्गियंण कहपुण एवं जाणिज्जा-उवाइक्कंते खलु हेमंते गिम्हे पडिवन्ने अहापरिजुन्नाइं वत्थाइ परिट्ठविज्जा. अदुवा संतरुत्तरे अदुवा आमचेले अदुवा एगसाडे अदुवा अचेले.

—સળંગ સૂત્ર ૨૦૮–૨૦૯ (હાલ નં. ૨૧૧–૨૧૨)

અર્થ—જે ભિક્ષુ ત્રણ વસ્ત્ર અને ચોથું પાત્ર રાખે છે તેને એમ નથી થતું કે ચોથું વસ્ત્ર માગીશ. (જો તેની પાસે વસ્ત્ર ન હોય અને શીતકાળ આવી જાય તો) તેણે એષણાને અનુસાર જ વસ્ત્ર માગવું જોઈએ અને જેવું મળે તેવું જ રાખવું જોઈએ. તેણે વસ્ત્રને ધોવું ન જોઈએ. ધોઈને રંગેલું વસ્ત્ર તેણે રાખવું ન જોઈએ. ગામાંતરે જતાં વસ્ત્રોને છુપાવવાં ન જોઈએ. એ પ્રમાણે એ અવમચેલક અર્થાત્ અલ્પ વસ્ત્રવાળા સાધુ થાય છે. આ વસ્ત્રધારી સાધુની સામગ્રી છે. જ્યારે શીતકાળ વીતી જાય અને ગ્રીષ્મ ઋતુ આવી જાય ત્યારે વસ્ત્ર જીર્ણ ન થયાં હોય તો તેને ક્યાંય રાખી દીએ ( અને નગ્ન વિહાર કરે. પણ શીતકાળ ચાલી જવા છતાં ઠંડી પડતી હોય તો ) વસ્ત્રોને પોતાની પાસે રાખે, જરૂર પડે ત્યારે ઓઢે, જરૂર ન હોય ત્યારે ઉતારી નાખે, અથવા ત્રણમાંથી બે વસ્ત્ર રાખી લીએ અથવા એક શાટક રાખી લીએ અથવા અચેલ થઈ જાય—સૂત્ર ૨૦૮, ૨૦૯,

તે પછી સૂત્ર ૨૧૬માં બે વસ્ત્ર રાખવાવાળા ભિક્ષુને માટે પણ એવું જ વિધાન કર્યું છે, અને લખ્યું છે કે—જે ભિક્ષુને એમ માલૂમ હોય કે હું અશક્ત છું અને ગૃહસ્થને ઘેર ભિક્ષા માગવા જઈ ન શકું ત્યારે જો કોઈ તેને ભોજન લાવી આપે તો તે તેણે પાછું કાઢવું જોઈએ.

આગલા સૂત્ર નં. ૨૧૫માં એવા રોગી સાધુને માટે ભક્ત પરિજ્ઞાથી જીવન ત્યાગી દેવાનું આવશ્યક બતાવ્યું છે પરંતુ આચાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખંડન કરવાનો નિષેધ કર્યો છે. આગળ આઠમા અધ્યાયના સાતમા ઉદ્દેશાના પહેલા સૂત્રમાં લખ્યું છે કે—

જે ભિક્ષુ અચેલ-સંયમ ધારણ કરે છે તેને જો એવો વિચાર આવે કે હું તૃણસ્પર્શની બાધાને સહન કરી શકું, શીતસ્પર્શની બાધા સહન કરી શકું, ઉષ્ણ સ્પર્શની બાધા સહન કરી શકું પરંતુ લજ્જાના પ્રચ્છાદનને છોડવાને અસમર્થ છું. તો તે **કટિબંધ-લંગોટ** ધારણ કરે છે.—સૂત્ર ૨૨૦ ( હાલ નં. ૨૨૩ ).

આ પ્રમાણે **આચારાંગ સૂત્ર**માં શીત પરિગ્રહ સહન કરવાને અસમર્થ સાધુને માટે ફક્ત શીતકાળમાં વધારેમાં વધારે ત્રણ વસ્ત્ર સુધીનું વિધાન કરેલ છે અને લજ્જાશીળ સાધુને માટે **ફક્ત લંગોટીની** અનુજ્ઞા આપી છે. બાકી તો અચેલ વિહાર કરવાની આજ્ઞા આપી છે. અને તેમાં લાઘવ બતાવ્યું છે.

બીજા અંગસૂત્રોમાં પણ પ્રાયઃ વિશેષ અવસ્થામાં જ વસ્ત્રનું વિધાન કરેલું મળે છે બાકી તો અચેલતાનું જ પ્રતિપાદન છે.

આગમિક સાહિત્યના વિશિષ્ટ અભ્યાસી **પંડિત બેચરદાસે** તેમના જૈન સાહિત્યમાં વિકાર પુસ્તકમાં ૫૧ મે પાને કહ્યું છે કે—

**અંગસૂત્રોમાં દીક્ષિત થવાવાળા મુનિને માટે માત્ર બે ઉપકરણ-એક પાત્ર ને બીજું રજોહરણ-ગ્રહણ કરવાની વાત આવે છે.**

એક વાત ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે **આચારાંગ સૂત્રમાં જિનકલ્પ અને સ્થવિર કલ્પનો સંકેત સુદ્ધાં પણ નથી.** અને જો મારી અસાવધાનતા ન થઈ હોય તો બીજા પ્રાચીન અંગ સાહિત્યમાં પણ એના ભેદોનો કોઈ ઉલ્લેખ નથી. સંભવ છે કે એ ભેદોનો ઉલ્લેખ નિર્યુક્તિ કાળથી થયેલો દેખાય છે. પરંતુ તેય આ આચારાંગ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સૂત્રની નિર્યુક્તિમાં કે આવશ્યક નિર્યુક્તિમાં તો નથી પણ કલ્પસૂત્રની નિર્યુક્તિમાં જરૂર છે. અને તે પછીના સાહિત્યમાં તો પ્રત્યેક ચર્ચામાં ભેદોનો ઉલ્લેખ દેખાય છે.

ટીકાકારોમાં આચાર્ય શીલાંક, અભયદેવ તથા મલયગિરિ ઉલ્લેખ યોગ્ય છે. તેમની ટીકાઓમાં, **મૂળ સૂત્રમાં ન હોવા છતાં તેમણે જિનકલ્પ સ્થવિર કલ્પના ભેદોનો ઉલ્લેખ કર્યો છે.**

**આચારાંગ આદિ સૂત્રોની ટીકામાં શીલાંકાચાર્યે પોતાની મેળે અચેલકતાને જિનકલ્પનો આચાર અને સચેલકતાને સ્થવિરકલ્પનો આચાર બતાવ્યો છે. ટીકાકારોની તો વૃત્તિ જ એવી થઈ ગઈ દેખાય છે કે જે કંઈ કઠોર–કષ્ટ આચાર છે તે સર્વ જિનકલ્પીઓના અને જે કંઈ સુખશીળ આચાર તે સ્થવિરકલ્પીઓનો છે.**

## ૨. સુવિધાનો દુરૂપયોગ

ઉત્તરકાલીન શ્વેતાંબર સાહિત્યના અવલોકનથી માલુમ પડે છે કે **શ્રી આચારાંગ સૂત્રમાં** શીત–અસહિષ્ણુ તથા લજ્જાળુ ભિક્ષુઓને માટે જે વસ્ત્ર તથા લંગોટીની સુવિધા ( છૂટ ) આપી હતી તેણે જ ભગવાન મહાવીરના અચેલક ધર્મને ધીરે ધીરે સચેલ બનાવી દીધો.

સુવિધા–છૂટ એક એવી વસ્તુ છે કે જેનો દુરૂપયોગ થવાની અધિક સંભાવના રહે છે. સમુદાયમાં કોઈ એવા વિરલા જ જોવામાં આવે છે કે જે આપેલી છૂટનો લાભ લેવાની ચેષ્ટા ન કરે. બાકી મોટા ભાગના માણસો તો શેને માટે કેવી પરિસ્થિતિમાં છૂટ અપાઈ છે તેનો વિચાર નહિ કરતાં છૂટનો લાભ ઉઠાવવાને જ ઉત્સુક રહે છે.

જ્યારે મુમુક્ષુઓના મનમાં એવું ઠસાવવામાં આવે કે કઠોર અને કંટકાકીર્ણ માર્ગથી જે સ્થાનપર પહોંચી શકાય છે તે જ સ્થાન પર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બીજા સુખદ માર્ગથી પણ પહોંચી શકાય ત્યારે કયો વિચારશીળ માણસ સુખદ માર્ગ છોડીને દુઃખદ કઠોર માર્ગે જવાનો સ્વીકાર કરશે ? કારણકે માર્ગ સાધ્ય નથી પણ સાધન છે.

**છૂટછાટનું દુષ્પરિણામ કેવું આવ્યું તે સંબંધમાં મુનિશ્રી કલ્યાણવિજયજી** તેમના શ્રમણ ભગવાન મહાવીર પુસ્તકના ૨૯૨ મે પાને નીચે પ્રમાણે લખે છે–

" આર્ય રક્ષિતના સ્વર્ગવાસ પછી ધીરે ધીરે સાધુઓનો નિવાસ વસ્તીઓમાં થવા લાગ્યો અને તેની સાથે જ નગ્નતાનો અંત આવતો ગયો. પહેલાં વસ્તીમાં જતી વખતે જ કટિબંધનો ઉપયોગ થતો હતો તે વસ્તીમાં વસવાથી નિરંતર થવા લાગ્યો. ધીરે ધીરે કટિવસ્ત્રનો આકાર–પ્રકાર પણ બદલતા ગયા. પહેલાં માત્ર શરીરનું ગુહ્ય અંગ ઢાંકવાનો જ વિશેષ ખ્યાલ રખાતો અને પછી સંપૂર્ણ નગ્નતા ઢાંકવાની જરૂરીઆત સમજાણી. અને તેટલા માટે વસ્ત્રના આકાર–પ્રકાર પણ બદલવા પડયા. પરિણામે તેનું નામ કટિબંધ મટીને ચુલપટ્ટ ( ચોલપટ્ટ ) નાનું વસ્ત્ર નામ પડયું."

## ૩. અચેલકતાને જિનકલ્પનું નામ અપાયું

આ પ્રમાણે જ્યારે મહાવીરના અચેલ ધર્મના અનુયાયીઓનો એક પક્ષ ધીરે ધીરે નગ્નતાને સાવ છોડી બેઠો ત્યારે તેમની સામે એ પ્રશ્ન ઉપસ્થિત થયો કે શ્રી **આચારાંગ સૂત્રમાં** અચેલકતા પ્રતિપાદક ઉલ્લેખો છે તેનો શો ઉપાય કરવો ? તે ઉલ્લેખ એમને એમ રહે તો તેમના માર્ગનું પૂરું સમર્થન થઈ ન શકે. તેથી તે ઉલ્લેખોનો જે ઉપાય કરવામાં આવ્યો તે **મુનિશ્રી** કલ્યાણવિજયજી **મહારાજ** તેમના શ્રવણ ભગવાન મહાવીર પુસ્તકના ૨૯૨ મે પાને નીચે પ્રમાણે વર્ણવે છે—

**"આચારાંગ સૂત્રના અચેલકતા પ્રતિપાદક ઉલ્લેખોને જિન-**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**કલ્પ પ્રતિપાદક ઠરાવી દીધા હતા અને તે સમયના ગ્રંથકાર ચોલપટ્ટકની ગણના સ્થવિરકલ્પીઓના મૂળ ઉપકરણોમાં કરી મૂકયા હતા.**

## ૪. જિનકલ્પ વિચ્છેદ ગયાની ઘોષણા

આચારાંગ સૂત્રમાંના અચેલકતા પ્રતિપાદક ઉલ્લેખને જિનકલ્પ પ્રતિપાદક ઠરાવવાથી પણ એક સમસ્યા ઊભી થઈ કે—જો કોઈ એમ પૂછી બેસે કે આપ જિનકલ્પ ધારણ કેમ નથી કરતા ? સ્થવિરકલ્પ જ કેમ ધારણ કરો છો ? તો તેનું કોઈ શાસ્ત્રીય સમાધાન નહોતું. આ સમસ્યાનો પણ **શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે** બહુ ખૂબીથી ઉકેલ આણ્યો. તેમણે તેમના **વિશેષાવશ્યક ભાષ્ય**માં જંબૂસ્વામીના મોક્ષ જવા પછી જિનકલ્પ વિચ્છેદ ગયાની ઘોષણા કરી દીધી !

**આ પ્રમાણે મોટા મોટા શ્રુતધરોએ પણ તેમના પક્ષમાં વધતા જતા શિથિલાચારને રોકવાનો પ્રયત્ન નહિ કરતાં તેનું સમર્થન કરવાના પ્રયત્ન કર્યા.**

વિશેષાવસ્યક ભાષ્યની ઉક્ત ગાથા ૨૫૯૩ મી છે અને તે આ પ્રમાણે છે—

मण परमोहि पुलाए आहारग खवग उवसमे कप्पे ।
संजमतिय केवलिसिज्झणा य जंबुम्मि वुच्छिण्णा ॥

અર્થ—જંબુસ્વામીના નિર્વાણ પછી દશ વાનાનો લોપ થયો છે–૧ મનઃપર્યવ જ્ઞાન, ૨. પરમાવધિ જ્ઞાન, ૩. પુલાકલબ્ધિ, ૪. આહારક શરીર, ૫. ક્ષપકશ્રેણી, ૬. ઉપશમશ્રેણી, ૭. જિનકલ્પ, ૮. સંયમત્રિક, ૯. કેવળજ્ઞાન, ૧૦. સિદ્ધિગમન.

આ ઘોષણા ઉપર **પં. બેચરદાસજીએ** લખ્યું છે કે–ભાષ્યકારથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જિનભદ્રજીએ આ જે જિનવચન કહ્યું છે કે જંબુના સમયથી દશ વાતો વિચ્છેદ ગઈ. આવા પ્રકારનો ઉલ્લેખ તો એ જ કરી શકે કે જે જંબૂસ્વામીની પછી થયા હોય તો હું વિચારક પાઠકને પૂછું છું કે જંબુસ્વામીની પછી એવા કોણ પચીશમા તીર્થંકર થયા કે જેના વચનરૂપ આ ઉલ્લેખ થઈ શકે (માની શકાય?) આ એક જ નહિ પરંતુ એવા સંખ્યાબંધ ઉલ્લેખ અમારા કુળગુરુઓએ પવિત્ર તીર્થંકરના નામ ઉપર ચડાવી દીધા છે–છે. સા. વિ. પૃષ્ઠ ૭૪.

વિશેષાવશ્યક ભાષ્યમાં જ સૌથી પહેલું વસ્ત્ર માટેનું જોરદાર સમર્થન જોવામાં આવે છે.

## ૫. ઉપધિની સંખ્યામાં વૃદ્ધિ

આનું પરિણામ એ આવ્યું કે ઉપધિઓની સંખ્યામાં વૃદ્ધિ થતી ગઈ. જે ક્રમથી વૃદ્ધિ થઈ તે મુનિશ્રી કલ્યાણવિજયજી મહારાજ આ પ્રમાણે વર્ણવે છે—

"પહેલાં દરેક વ્યક્તિ દીઠ એક પાત્ર રાખવામાં આવતું પરંતુ આર્યરક્ષિતસૂરિએ વર્ષાકાળમાં એક માત્રક નામનું બીજું પાત્ર રાખવાની જે આજ્ઞા દીધી હતી તેના પરિણામે આગળ જતાં માત્રક માત્ર અવશ્ય ધારણીય ઉપકરણ થઈ ગયું એ જ રીતે ઝોળીમાં ભિક્ષા લાવવાનો રિવાજ પણ લગભગ એ જ સમયે ચાલુ થયો અને તે કારણથી પાત્રનિમિત્તક ઉપકરણોની વૃદ્ધિ થઈ. પરિણામે સ્થવિરોના કુલ ૧૪ ચૌદ ઉપકરણોની વૃદ્ધિ થઈ તે આ પ્રમાણે–(૧) પાત્ર, (૨) પાત્રબંધ, (૩) પાત્રસ્થાપન, (૪) પાત્રપ્રમાર્જનિકા, (૫) પટલ, (૬) રજસ્ત્રાણ, (૭) ગુચ્છક, (૮–૯) બે ચાદર, (૧૦) ઊનનું વસ્ત્ર (કાંબળી), (૧૧) રજોહરણ, (૧૨) મુખવસ્ત્રિકા, (૧૩) માત્રક અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૧૪) ચોલપટ. આ ઉપધિ ઔધિક એટલે સામાન્ય માનવામાં આવી અને આગળ જતાં તેમાં જે કંઈ ઉપકરણુ વધતા ગયા તેને " ઔપગ્રહિક " કહેવામાં આવ્યા. ઔપગ્રહિક ઉપધિમાં સંસ્તારક, ઉત્તરપટ્ટક, દંડાસન અને દંડ એ ખાસ ઉલ્લેખનીય છે. આ સર્વ ઉપકરણો આજના સર્વ શ્વેતાંબર જૈન મુનિઓ રાખે છે. "

## ૬. અચેલક અને નગ્નતાના અર્થમાં પરિવર્તન

આપણે ઉપર જોઈ ગયા કે ભગવાન મહાવીરનો ધર્મ અચેલ છે. તેમના સાધુ નિર્ગ્રંથ કહેવાતા હતા અને કહેવાય છે અને તેઓ અપરિગ્રહ મહાવ્રતધારક હોય છે. એ સિવાય તેમને માટે શીત, ઉષ્ણુ અને નગ્નતા જેવા પરિસહો સહન કરવાનો ઉલ્લેખ શાસ્ત્રમાં છે.

અચેલકત્વ પ્રતિપાદક **આચારાંગ સૂત્રના** વાક્યોને જિનકલ્પ પ્રતિપાદક બનાવી દઈને અને જિનકલ્પ વિચ્છેદ જવાની ઘોષણા કરીને પણુ પ્રચલિત સ્થવિર માર્ગનું પૂરેપૂરું સમર્થન કરવાનું શક્ય નહોતું. અથવા એમ કહેવું જોઈએ કે ગ્રંથકારોને તેમના આચારોનો પક્ષ થઈ ગયો હતો અને તેમની મનોવૃત્તિ પણુ એ જ સંચામાં ઢળેલી હતી. તેથી અચેલ તથા નાગન્ય જેવા સ્પષ્ટ શબ્દોની વ્યાખ્યામાં પણુ તેઓને પરિવર્તન કરતા આપણે જોઈ શકીએ છીએ. એટલું જ નહિ પણુ પરિગ્રહવિરમણુમાં પણુ અભ્યંતર પરિગ્રહ—મમત્વના ત્યાગ ઉપર જોર દીએ છે. અહીં અમે એવા થોડાક સ્થળોનો નિર્દેશ કરીએ છીએ.

**તત્ત્વાર્થ સૂત્રના** શ્વેતાંબર સંમત પાઠમાં પણુ નાગન્ય પરિસહનો ઉલ્લેખ છે. તેનો અર્થ કરતાં સૂત્ર ૯—૯ની વ્યાખ્યામાં સિદ્ધસેનગણિ કહે છે કે—" **નાગન્ય પરિગ્રહનો એવો આશય નથી કે કોઈ ઉપકરણુ જ ન રાખવું, જેમકે દિગંબર સાધુ હોય છે. પરંતુ**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat                www.umaragyanbhandar.com

**પ્રવચનમાં કહેલા વિધાન અનુસાર નગ્ન હોવા જોઈએ.**

વચમાં શિષ્ય પ્રશ્ન કરે છે કે—દશ પ્રકારના કલ્પમાં આચેલક કલ્પ પણ આવશ્યક છે. તેનો ઉત્તર આપતાં ગણિજી કહે છે કે— **તમારૂં કહેવું ઠીક છે. પરંતુ એ આચેલકય જે પ્રકારનું કહેલું છે તે પ્રકારનું જ કરવું જોઈએ. તીર્થંકર કલ્પ-જિનકલ્પ તે જુદું જ છે. તીર્થંકર જન્મથી ત્રણ જ્ઞાનના ધારક હોય છે. અને ચારિત્ર ધારણ કરવાની સાથે ચાર જ્ઞાનના ધારક બને છે. એટલા માટે તેમનું પાણિપાત્ર ભોજી થવું અને એક દેવદૂષ્ય ધારણ કરવું તે યુક્ત છે. પરંતુ સાધુ તો તેમના ઉપદેશનું પાલન કરે છે, જીર્ણ, ખંડિત અને આખા શરીરને ઢાંકવામાં અસમર્થ એવું વસ્ત્ર ઓઢે છે. એવું વસ્ત્ર રાખીને પણ અચેલક જ છે. જેમ નદી ઉતરતી વખતે માથે લપેટેલ કપડાવાળો મનુષ્ય સવસ્ત્ર હોવા છતાં નગ્ન કહેવાય છે તેવી જ રીતે ગુહ્ય પ્રદેશને ઢાંકવાને માટે ચોલપટ ધારણ કરવાવાળા સાધુ પણ નગ્ન જ છે.**

ગણિજીએ તો જિનકલ્પને ફક્ત જિનોની વસ્તુ જ ઠરાવી દીધી ! એટલે તેમના અનુયાયી તે કલ્પને ધારણ કરી ન શકે ! સમજાય છે કે ગણિજીના વખતમાં ફક્ત ચોલપટ જ પ્રચલિત હતો. હવે પૂરેપૂરા સવસ્ત્ર રહેવાનો રિવાજ થઈ ગયો છે ત્યારે પણ ટીકાકારને સવસ્ત્ર સાધુઓના અચેલકત્વના સમર્થનમાં એ જ જવાબ દેતા જણાય છે.

**દશવૈકાલિકમાં** એક સૂત્ર આ પ્રકારનું આવે છે—

नगिणस्य वा वि मुण्डस्स दीहरोमन हंसिणो ।
मेहुण उवसंतस्स कि विभूसाई कारिअं ॥६४॥

આમાં બતાવ્યું છે કે - નાગા, મુંડ—ઓડા માથાવાળા, લાંબા નખ અને વાળવાળા તથા મૈથુનથી વિરત સાધુને આભૂષણનું શું પ્રયોજન છે !

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એમ नगिणस्स પદનો અર્થ ચૂર્ણીકારે તો નગ્ન જ કર્યો છે પરંતુ શ્રી હરિભદ્રસૂરિએ* નગ્નના ઉપચાર નગ્ન તથા નિરુપચરિત નગ્ન એવા બે ભેદ કરીને કુચેલવાન સાધુને ઉપચરિત નગ્ન કહ્યા છે અને જિનકલ્પીને નિરુપચરિત નગ્ન કહ્યા છે.

અહિંઆ એટલું સ્પષ્ટ કરી દઈએ છીએ કે દશવૈકાલિક સૂત્રમાં પણ જિનકલ્પ અથવા સ્થવિરકલ્પનો નિર્દેશ નથી.

શ્વેતાંબર સંપ્રદાયમાં જ્યાંસુધી અલ્પચેલની પદ્ધતિ પ્રચલિત રહી ત્યાંસુધી ટીકાકારોને આપણે અચેલનો અર્થ અલ્પચેલ કરતા જોઈ શકીએ છીએ.. જેમકે—नाऽस्य चेल वस्त्रमस्तीत्यचेलः-अल्पचेल इत्यर्थः- આચારાંગ ટીકા, શીલાંકાચાર્ય, સૂત્ર ૧૮૨

પરંતુ જ્યારે સાધુ વધારે વસ્ત્ર રાખવા લાગ્યા ત્યારે અચેલનો અલ્પચેલ અર્થ સંગત રહ્યો નહિ તેથી ત્યારે અચેલનો અર્થ કમમૂલ્ય-વાળું વસ્ત્ર એવો કર્યો. જેમકે—

अचेलं चेलाभावो जिनकल्पिकादीनाम्, अन्येषां तु भिन्नम् अल्पमूल्यं चेलमप्यचेलम्। ઉત્તરાધ્યયન ટીકા, નેમિચંદ્ર, પૃષ્ઠ ૧૭.

પરંતુ એમ કરવાથી બીજા શબ્દોના અર્થમાં ગડબડ થઈ તેનું એક ઉદાહરણ આ પ્રમાણે છે—

આ લેખની શરૂઆતમાં કેશી ગૌતમ સંવાદની **ઉત્તરાધ્યયન સૂત્ર**માંની એક ગાથા ઉધ્ધૃત કરી છે. તેમાં ભગવાન મહાવીરના ધર્મને અચેલક અને ભ. પાર્શ્વનાથના ધર્મને **સંતરુત્તર** બતાવ્યો છે.

---

* ' नमस्य वापि ' कुचेलवतोऽप्युपचारनग्नस्य निरुपचरितनग्नस्य वा जिन-कल्पिकस्येति सामान्यमेत सूत्रम्।

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અચેલકનો અર્થ અલ્પમૂલ્યવાળા વસ્ત્ર કરનાર ટીકાકારશ્રી નેમીચંદ્ર આચાર્યે સાંતરુત્તરનો અર્થ આવો કર્યો છે—सान्तर એટલે વર્દ્ધમાન-સ્વામીના સાધુઓની અપેક્ષાએ પ્રમાણ તથા વર્ણમાં વિશિષ્ટ તથા उत्तर એટલે મહામૂલ્યવાન હોવાના કારણે પ્રધાન એવા વસ્ત્ર જેમાં ધારણ કરાય છે. એની મતલબ એ થઈ કે પાર્શ્વનાથના સાધુ મહા–મૂલ્યવાળા અને ચિત્રવિચિત્ર કપડા પહેરતા અને ભગવાન મહાવીરના સાધુ અલ્પમૂલ્યવાળા પહેરતા હતા.

**આચારાંગ સૂત્રના** વિમોક્ષ અધ્યયનમાં પણ વસ્ત્રના પ્રકરણમાં संतरुत्तर પદ આવે છે. જેમકે—अह पुण एवं जाणिज्जा उवाइक्कंते खलु हेमंते गिम्हे पडिवन्ने अहापरिजुन्नाइं वत्थाइं परिट्ठविज्जा अदुवा **संतरुत्तरे** अदुवा ओमचेले, अदुवा एगसाडे अहुवा अचेले ( सूत्र २०९. હાલ ૨૧૨ ).

એનો અર્થ **શીલાંકાચાર્યે** સાંતર છે ઉત્તર—**ઓઢવાનું** જેનું **એવો કર્યો છે. એટલે કે વસ્ત્રની આવશ્યક્તા હોય ત્યારે ઓઢી લીએ અને પછી ઉતારીને પાસે રાખી લીએ.**

અચેલકના વાસ્તવિક અર્થ વસ્ત્રાભાવની સાથે આ અર્થની સંગતિ ઠીક બેસી જાય છે. એટલે કે મહાવીરસ્વામીનો ધર્મ અચેલક હતો, તેમના સાધુ સદા નગ્ન રહેતા હતા અને ભગવાન પાર્શ્વનાથનો ધર્મ सान्तरोत्तर હતો, તેમના સાધુ આવશ્યકતા પડયે વસ્ત્ર ઓઢી લેતા હતા. **સાંતરોત્તરનો આ અર્થ જ સંગત પ્રતીત થાય છે.**

જેમ અચેલમાં 'ચેલ' શબ્દ વસ્ત્રના અર્થમાં છે અને 'અ' તેમો નિષેધક છે તેવી રીતે સાંતરોત્તરમાં ઉત્તર પદ વસ્ત્રવિશેષ અર્થમાં છે અને સાંતર તેની અવધિ બતાવે છે. ઉત્તરનો અર્થ પ્રધાન કરવાથી મહામૂલ્યવાનની એક વિચિત્ર કલ્પના કરવી પડે છે.

આ લેખની શરૂઆતમાં પંચાશકની એક ગાથા ઉધ્ધૃત કરી છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમાં ભગવાન આદિનાથ્ અને ભગવાન મહાવીરના ધર્મને અચેલક અને વચમાંના બાવીશ તીર્થંકરોના ધર્મને સચેલ–અચેલ બતાવ્યો છે. સમજવાની વાત એ છે કે **જો મહાવીરના ધર્મમાં પણ સાધુને વસ્ત્ર પહેરવાની આવશ્યકતા હતી તો તેમના ધર્મને પણ સચેલ–અચેલ બતાવવો જોઇતો હતો, મહાવીરના ધર્મને અચેલ ફક્ત જ કેમ બતાવ્યો ?**

પરંતુ જ્યારે અચેલનો અર્થ અલ્પચેલ અથવા અલ્પમૂલ્યચેલ એવો કરી દીધો અને સચેલનો અર્થ કરી દીધો મહામૂલ્યવાન રંગબેરંગી વસ્ત્ર ! ત્યારે આદિનાથ અને મહાવીરના ધર્મને અચેલક અને વચમાંના તીર્થંકરોના ધર્મને સચેલ–અચેલ કહેવામાં ભય ક્યાં રહ્યો ?

પરિસ્થિતિ વશ થઈને અચેલનો જે અર્થ કર્યો તે **આચારાંગ સૂત્રના** સૂત્ર નં. ૨૦૯ થી બાધિત થઇ ગયો. તેમાં ટીકાકાર શ્રી શીલાંકાચાર્યના અનુસારે પણ—

> **બે વસ્ત્રધારી સાધુને 'અવમચેલ' એટલે અલ્પચેલ કહ્યા છે.**
>
> **એક વસ્ત્રધારીને 'એકશાટક' કહ્યા છે અને વસ્ત્રહીનને અચેલ કહ્યા છે.**

બીજી એક આપત્તિ પણ છે. જો અચેલનો અર્થ અલ્પચેલ કે અલ્પ મૂલ્યચેલ ધારણ કરતા હો તો અચેલ અથવા નગ્ન પરિસહ થઈ નથી શકતો. કારણ કે અલ્પ કે અલ્પમૂલ્ય વસ્ત્ર ધારણ કરવા એ સાધુને માટે પરિસહ નથી. અલ્પ વસ્ત્ર ધારણ કરવાથી શીત ઋતુમાં ઠંડીનો ત્રાસ પડી શકે તેમજ ડાંસ મચ્છરથી બચવાનું કઠિન થઈ શકે. પરંતુ તેને માટે તો શીત પરિસહ અને દંસમસક પરિસહ જુદા ગણાવેલા જ છે. એટલે નગ્ન પરિસહ તો ત્યારે જ ચરિતાર્થ થાય કે જ્યારે મનુષ્ય તદ્દન નગ્ન હોય, તેની કામેન્દ્રિય નિરાવરણ હોય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દશવકાલિક સૂત્રના છઠ્ઠા અધ્યયનમાં લખ્યું છે કે —

जं वि वत्थं व पायं वा कंबलं पायपुंछणं ।
तं वि संजमलज्जट्ठा धरंति परिहरंति अ ॥१९॥

તેનો અર્થ કરતાં શ્રી હરિભદ્રસૂરિજીએ લખ્યું છે કે—*પાત્ર **વગેરે સંયમ માટે છે અને વસ્ત્ર લજ્જા માટે છે. વસ્ત્ર વિના સ્ત્રી આદિની ઉપસ્થિતિમાં વિશિષ્ટ શ્રુતાભ્યાસથી રહિત સાધુ નિર્લજ્જ થઈ શકે છે.**

આથી સ્પષ્ટ થાય છે કે સાચી નગ્નતા મહાપરિસહરૂપ છે. અને તેમાંથી બચવાને માટે વસ્ત્ર ધારણ કરવામાં આવે છે. એટલે જેઓ સવસ્ત્ર છે તેમને નગ્ન પરિસહ સતાવી શકતો નથી. તથા જો મહા-મૂલ્ય રંગબેરંગી વસ્ત્ર ધારણ કરવાવાળાને પણ નિર્ગ્રંથ કહી શકાય તો પછી 'સગ્રંથ' કોને કહેવા ?

આ લેખની શરૂઆતમાં **આચારાંગ સૂત્ર**માંથી એક સૂત્ર ( હાલ નં. ૧૪૯) ઉધ્ધૃત કરેલું છે. તેમાં અણુમાત્ર પરિગ્રહવાળા વ્રતીને ગૃહસ્થ જ કહેલા છે. એ સૂત્રની વ્યાખ્યામાં **આચાર્ય શીલાંકે** શંકા ઉઠાવી તેનું સમાધાન કર્યું છે તે જાણવા જેવું છે તેથી અહિં આપ્યું છે :—

यद्येवमल्पेनापि परिग्रहेण परिग्रहवत्त्वमतः पाणिपुट भाजिनो दिगंबराः सरजस्कबोटिकाद्योऽपरिग्रहाः स्युः तेषां तदभावात् । नैतदस्ति, तदभावादित्यसिद्धो हेतुः । तथाहि सरजस्कानामस्थ्यादिपरिग्रहात्, बोटिकानामपि पिच्छिकादि परिग्रहाद् अन्ततश्च शरीराहारादिपरिग्रहसद्भावात् । धर्मोपष्टम्भकत्वाददोष इति चेत् तद्इतरत्रापि समानं किं दिगंबराग्रहग्रहेणग्रव इति.

શંકા—જો થોડા પણ પરિગ્રહથી કોઈ પરિગ્રહી કહેવાતું હોય તો

---

* संयमार्थं पात्राडि......लज्जार्थं वस्त्रं तद्व्यतिरेकेण अंगनादौ विशिष्ट श्रुतपरिणत्यादिरहितस्य निर्लज्जतोपपत्तेः ।

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હાથમાં આહાર કરવાવાળા દિગંબર સરજસ્ક વોટિક વગેરે પણ અપરિગ્રહી કહેવાશે કારણકે તેમને અણુમાત્ર પરિગ્રહ નથી હોતો.

સમાધાન—એ ઠીક નથી. તેમને અણુમાત્ર પણ પરિગ્રહ હોતો નથી એવું કથન અસિદ્ધ છે, કારણ કે સરજસ્ક કપાલ વગેરે રાખે છે અને વોટિક પણ પીંછી વગેરે રાખે છે. એટલું જ નહિ પણ શરીર, આહાર વગેરે પરિગ્રહ તો તેમને રહે છે જ.

શંકા—એ તો ધર્મસેવનમાં સહાયક છે તેથી તેમાં દોષ નથી.

સમાધાન—તો વસ્ત્રપાત્રાદિક પણ ધર્મસેવનમાં સહાયક છે. દિગંબરત્વના આગ્રહથી શું લાભ છે?

આની મતલબ એ થઈ કે જીવતાં પરિગ્રહથી છૂટાતું નથી તો તેના ત્યાગનો દંભ કરવાથી શું લાભ છે?

વસ્ત્રપાત્રનું સમર્થન કરવાવાળા સર્વ આચાર્યોએ આ યુક્તિ જ બતાવી છે. આચાર્ય શીલાંકના किं दिगंबराग्रहग्रहेण શબ્દો પોકારી પોકારીને અચેલકત્વની વ્યર્થતા બતાવે છે અને તેને મહાવીરનો ધર્મ માનવામાં આવે છે!

## ૭. વસ્ત્ર સંયમનું સાધન છે?

શીત તથા લજ્જાની બાધાને સહન કરવામાં અસમર્થ સાધુઓને માટે ઔષધની જેમ સેવનીય વસ્ત્રને સર્વ સાધુઓએ અપનાવી લીધા. અને જ્યારે તેમને માટે વસ્ત્ર વિના સંયમ ધારણ કરવાનું અશકય બની ગયું ત્યારે કહેવા માંડયું કે પાત્ર અને રજોહરણની માફક વસ્ત્ર પણ સંયમનું સાધન છે.

આ તો એના જેવી વાત થઈ કે કોઈ વૈદ્યે અતિસારના રોગમાં અફીણ સેવનની સલાહ આપી પણ તે મનુષ્ય તો અફીણનો બંધાણી જ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થઈ ગયો ! તેણે અફીણને જીવનની જરૂરીઆત માની લીધી.

એવી જ દશા વસ્ત્રની થઇ છે. વસ્ત્ર લજ્જાને માટે હતું તો ઉત્તરકાલીન ટીકાકારોએ અર્થ જ સંયમ કરવાનો કરી દીધો ! लज्जा-संयमः तद्वान्-શ્રીઉત્તરાધ્યયન ટીકા પૃષ્ટ ૧૧૫. એ રીતે લજ્જા માટેના વસ્ત્રને સંયમનું સાધન બનાવી દીધું ! વસ્ત્રને લજ્જાને બદલે સંયમનું સાધન બનાવી દીધું !

પરંતુ રજોહરણ પ્રતિલેખનનું સાધન હોવાથી તથા પાત્ર શૌચ આદિ ક્રિયાઓને માટે પ્રાસુક જળ રાખવાનું સાધન હોવાથી તે સંયમના સાધન છે તેવું વસ્ત્ર સંયમનું સાધન નથી પણ અસંયમનું જ સાધન છે. કારણકે **પિંડનિર્યુક્તિમાં** વસ્ત્રધોવનની વિધિ બતાવતાં કહ્યું છે કે–

વર્ષાઋતુનો પ્રારંભ થતા પહેલાં જ વસ્ત્રને ધોઈ લેવું જોઇએ. વર્ષાઋતુમાં ધોવાથી અનેક દોષોની સંભાવના છે. જો વર્ષાઋતુ પહેલાં વસ્ત્ર ધોયું ન હોય તો મેલા વસ્ત્રને પાણીનો સ્પર્શ થવાથી મેલ ભીનો થાય અને તેથી પનક નામની વનસ્પતિવિશેષ પ્રચુરતાથી ઉત્પન્ન થશે અને તેમ થવાથી પ્રાણીનો ઘાત થશે.

વળી આગળ લખ્યું છે કે–સાધુઓની પાસે બે વસ્ત્ર કોશાના (સુતરાઉ ?) હોય છે અને એક કંબલ હોય છે. ઓઢતી વખતે કોશાનું એક વસ્ત્ર અંદર શરીરને અડીને રહે તેમ ઓઢાય છે. વસ્ત્રને ત્રણ દિવસ સુધી સૌથી ઉપર ઓઢવું જોઈએ. એમ કરવાથી તે વસ્ત્રમાં જો જૂં હોય તો તે ભૂખથી પીડાઈને અથવા ઠંડીથી પીડાઇને તે બહારના વસ્ત્રને છોડીને અંદરના વસ્ત્રમાં ચાલી આવે છે અથવા શરીરને ચીટકી રહે છે.

વસ્ત્ર ધોયા પછી તેને સુકવવાની વિધિ બતાવતાં લખ્યું છે કે— એ રીતે શોધન કરવા છતાં વસ્ત્રમાં કોઇ જૂં રહી જાય છે. ધોતી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઝખતે મસળવા છતાં જો કોઈ જૂં જીવતી રહે તો સૂર્યના તાપમાં મરી જાય છે. તેથી તેની રક્ષાને માટે વસ્ત્રોને છાંયામાં સુકવવા જઈએ. છાંયામાં કે તડકામાં વસ્ત્રને પહોળું કરી સુકવેલું હોય તેને નિરંતર જોતાં રહેવું જોઈએ કે જેથી કોઈ ચોરીને લઈ શકે નહિ. પૂર્વોક્ત વિધિથી પ્રયત્નપૂર્વક ધોવા છતાં વાયુકાય આદિક જીવોની વિરાધના થાય છે તેમજ જૂંના ઘાતરૂપ અસંયમ પણ થાય છે. તેની શુદ્ધિને માટે પ્રાયશ્ચિત્ત કરાય છે.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે વસ્ત્ર અસંયમનું કારણ છે. તેને ધોવામાં ત્રસ જીવોનો ઘાત થાય છે તેમજ ચોરનો ભય રહે છે અને તે પરિગ્રહની મુખ્ય નિશાની છે. એટલે અહિંસા મહાવ્રત તથા પરિગ્રહ મહાવ્રતના ઘાતક હોવાથી વસ્ત્રને સંયમ અથવા જીવ રક્ષાનું સાધન કહી શકાય નહિ.

વસ્ત્રની છૂટ રહેવાથી કષ્ટ સહન નહિ કરી શકનાર સુખશીળ વ્યક્તિ પણ સાધુ થઈ શકે છે. એ રીતે વસ્ત્રને સંયમનું સાધન કરી શકાય છે. પરંતુ તેનું પણ દુષ્પરિણામ આવ્યું છે તે પ્રત્યક્ષ છે.

ઉત્તરકાલીન ગ્રંથકારો તથા ટીકાકારો વગર પ્રસંગે પણ વસ્ત્ર પાત્ર આદિનો ઉલ્લેખ તથા સમર્થન કરતા નજરે પડે છે તેમજ નિર્ગ્રંથ ધર્મના પ્રવર્તક પરમ વીતરાગી જિનોની મૂર્તિઓને પણ વસ્ત્રાલંકારનું સમર્થન કરતા નજરે પડે છે એ કેવી આશ્ચર્યની વાત છે? વળી એથી વધારે આશ્ચર્ય એ વાતનું છે કે ભગવાન મહાવીરને દેવદૂષ્ય અપાવીને થોડા સમય પછી તેમને નગ્ન વિચરતા જૈન શાસ્ત્રોમાં બતાવેલ છે છતાં આજે એ જ શાસ્ત્રોને માનવાવાળા એ જ ભગવાન મહાવીરની નગ્ન પ્રતિમાના દર્શન નથી કરી શકતા. જેમના ધર્મમાં નગ્નતા આદર્શ ગણાતી તે આજે નગ્નતાથી જેટલા ગભરાય છે તેટલા અસભ્યતાના ઉપાસક પણ તેનાથી નથી ગભરાતા!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**કલ્પસૂત્રની ટીકામાં શ્રી વિનયવિજયજી ઉપાધ્યાયે** લખ્યું છે કે—જ્યારે બ્રાહ્મણે ભગવાન પાસે યાચના કરી હતી ત્યારે ભગવાને તેને દેવદૂષ્યનો અરધો ભાગ દઈ દીધો હતો. ઉદાર દાની ભગવાને નિષ્પ્રયોજન પણ વસ્ત્રનો અર્ધો ભાગ દાન દીધો તે વાત ભગવાનની શિષ્યસંતતિની વસ્ત્રપાત્રોની મમતાને સૂચિત કરે છે.

આ કથન આજે સત્ય પ્રતીત થઈ રહ્યું છે.

વળી શ્વેતાંબર સાહિત્યમાં ભગવાન મહાવીરના સમયના મનુષ્યોને **વક્રજડ** બતાવ્યા છે. જ્યારે કેશીસ્વામીએ ગૌતમસ્વામીને પ્રશ્ન કર્યો કે ભગવાન મહાવીર અને પાર્શ્વનાથનો ધર્મ એક જ છે તો **ભગવાન મહાવીરે તેમના ધર્મને કયા કારણથી અચેલક રાખ્યો અને પાર્શ્વનાથનો સાંતરોત્તર?** ત્યારે ગૌતમસ્વામી ઉત્તર આપે છે કે—ભગવાન પાર્શ્વનાથના સમયમાં મનુષ્ય સરળ અને બુદ્ધિમાન હતા. ભગવાનનો આશય બરાબર સમજતા હતા. અર્થનો અનર્થ નહોતા કરતા, પરંતુ **ભગવાન મહાવીરના સમયમાં મનુષ્ય મંદબુદ્ધિ-વાળા અને કુટિલ છે. તેથી ભગવાને સ્પષ્ટરૂપથી ધર્મને અચેલક રાખ્યો.**

**પંચાશક**માં ભગવાનના ધર્મને **દુરનુપાલનીય** બતાવ્યો છે. તેનો અર્થ કરતાં ટીકાકારશ્રી અભયદેવસૂરિ કહે છે કે—चरमाणामन्तिमजिन साधूनां दुरनुपालो दुःखानुपालनीयः स एव दुरनुपालकः। तेषां वक्रजडत्वेन तेन तेन व्याजेन हेयार्थसेवासंभवात्। એટલે અંતિમ જિન ભગવાનના સાધુ વક્રજડ હોય છે. અને તે બહાનાથી હેય પદાર્થોનું સેવન કરે છે.

વક્રજડનો આ અર્થ આજે અક્ષરશઃ ઘટિત થતો દેખાય છે. એમ ન હોય તો અચેલક ધર્મને આજના જેવી વિડંબના થઇ ન હોત.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પંડિત બેચરદાસજી આ વિડંબનાનું ચિત્રણ તેમના જૈન સાહિત્યમાં વિકાર નામના પુસ્તકમાં ૩૯–૪૦મા પાને આ પ્રમાણે કરે છે—

"મૂર્તિપૂજક સંપ્રદાય કંદોરાવાળી મૂર્તિને જ પસંદ કરે છે, એને જ મોક્ષનું કારણ માને છે. વીતરાગ–સન્યાસી–ફકીરની પ્રતિમાને, એક બાળક ઉપર જેમ ઘરેણાં લાદે તેમ શણગારી તેની શોભામાં વધારો થયો સમજે છે.' અને વર્દ્ધમાન વા ઇતર જિનની મૂર્તિને વિદેશી પોષાક (જાકીટ, કોલર, ઘડીઆળ વગેરે) પહેરાવી તેનું રમકડાં જેટલું સૌંદર્ય પણ નષ્ટ કરી નાખી ઉલટભર્યાં જન્મનો લ્હાવો લીધે જાય છે.

"આ સમાજના કુળગુરુઓએ પોતાને પસંદ પડેલા વસ્ત્રપાત્ર-વાદના સમર્થન માટે પૂર્વના મહાપુરુષોને પણ ચિવરધારી બનાવ્યા છે. અને વર્દ્ધમાન મહાશ્રમણની નગ્નતા ન દેખાય તેવો પણ પ્રયત્ન કર્યો છે.

"વળી એ વિષયના અનેક ગ્રંથો લખી વસ્ત્રપાત્રવાદને જ સજ્જડ કરવાને તેઓ મથી રહ્યા છે. તેઓને માટે આપવાદિક મનાએલો વસ્ત્રપાત્રવાદનો માર્ગ વર્તમાનમાં ઔત્સર્ગિક માર્ગ જેવો થઇ ગયો છે.

"તેઓ ત્યાં સુધીનું પણ માંડે છે કે ગમે તેવા અગમ્ય જંગલમાં, ગમે તેવી ભીષણ ગુહામાં કે ગમે તે પર્વતના દૂર્ગમ શિખર ઉપર ભાવના ભાવતાં કેવળજ્ઞાન પામેલા પુરુષ વા સ્ત્રીને જૈની દીક્ષા માટે શાસનદેવ (!) વસ્ત્ર પહેરાવે છે ! ! ! અને વસ્ત્ર વિંનાના કેવળીને અમહાવતી તથા અચારિત્રી કહેતાં પણ અચકાતા નથી.

"તેઓના મનમાં કોઇ નવસ્ત્રું રહે તે ગમતું નથી. જાણે વસ્ત્ર-પાત્ર વિના કોઈનો આરો જ ન હોય ! ! ! કોઇ ઝાડાના દરદીને વૈદ્યે અફીણ ખાવાનું ચીંધ્યું હોય અને પછી તે દરદી જેમ નિરંતરને માટે અફીણિયો—અફીણનો ખરીદાએલો અને અફીણનો ગુલામ—બની જાય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે તેમ એ પક્ષના સાધુઓ આહાર, વસ્ત્ર અને પાત્રના આપવાદિક વિધાનને પણ એ જ રીતે વળગી રહી તેના ગુલામ બની ગએલા જોવામાં આવે છે. ”

આ પ્રમાણે શ્વેતાંબર સાહિત્યના અધ્યયનથી એવા નિષ્કર્ષ પર પહોંચીએ છીએ કે—

૧. ભગવાન મહાવીરનો ધર્મ અચેલક હતો. તેમના સાધુ નગ્ન દિગંબર રહેતા હતા. પરંતુ જે સાધુ જે શીત પરિસહ સહન કરવાને અશક્ત અસમર્થ હતા તેમને માટે શીત કાળમાં એકથી ત્રણ વસ્ત્ર સુધી રાખવાની અનુજ્ઞા હતી. અને જો સાધુ લજ્જાને જીતવાને અસમર્થ હોય તો તેને કટિબંધ-લંગોટીની અનુજ્ઞા હતી.

૨. ધીરે ધીરે સમયે પલટા લીધા. અને મહાવીરના અચેલક માર્ગને એ સમયમાં ગ્રંથકારોએ બે કલ્પમાં વિભાજિત કરીને નગ્નતાને જિન-કલ્પીઓનો આચાર ઠરાવી દીધો. વળી એવી પણ ઘોષણા કરી દીધી કે જંબૂસ્વામીના નિર્વાણ બાદ જિનકલ્પ વિચ્છેદ ગયો છે.

૩. ધીરે ધીરે ઉપધિઓની સંખ્યામાં વૃદ્ધિ થતી ગઈ અને અચેલનો અર્થ અલ્પચેલ કે અલ્પમૂલ્યચેલ એવો કરી દીધો. એ રીતે ભગવાન મહાવીરના અચેલક ધર્મને નિર્વસ્ત્રમાંથી સવસ્ત્ર બનાવી દીધો.

## ૨. દિગંબર સાહિત્યના આધારે

દિગંબર સંપ્રદાયનાં સાહિત્યમાં સાધુને માટે વસ્ત્રનો સર્વથા નિષેધ છે.

દિગંબર મતાનુસાર અગીઆરમી પ્રતિમાના ધારક ઉત્કૃષ્ટ શ્રાવક ખંડચેલ-વસ્ત્ર ધારણ કરે છે અને તે જ્યારે મુનિ બને છે ત્યારે તે વસ્ત્રને પણ છોડીને અચેલક થઈ જાય છે. જુઓ રત્નકરંડ શ્રાવકાચાર. ગાથા ૧૪૭.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્વેતાંબર સાહિત્ય અનુસાર જેને એકશાટક મુનિ કહેવામાં આવે છે તે દિગંબર સાહિત્ય અનુસાર ઉત્કૃષ્ટ શ્રાવક છે. એ ઉત્કૃષ્ટ શ્રાવક ઘર છોડીને મુનિ સમુદાયમાં રહે છે, ભિક્ષા-ભોજન કરે છે અને તપશ્ચર્યા કરે છે.

દિગંબર સાહિત્યમાં સાધુના અઠાવીશ મૂળ ગુણ બતાવ્યા છે— ૫ મહાવ્રત, ૫ સમિતિ ૫ ઇંદ્રિયોનો જય, ૧ કેશલોચ, ૬ આવશ્યક, ૧ અચેલ, ૧ અસ્નાન, ૧ ભૂમિશયન, ૧ અદંતધોવન, ૧ ઉભા ઉભા ભોજન, ૧ એકવાર ભોજન.

એટલે દિગંબર મુનિ નગ્ન હોય છે અને પ્રતિલેખનને માટે મોરપીંછી તથા શૌચ આદિને માટે આવશ્યક પ્રાસુકજળ સદા સાથે રાખવા માટે એક કમંડળ પોતાની પાસે રાખે છે. ભોજનના સમયે શ્રાવકોના ઘર પાસેથી નીકળે છે, ઘરના બારણા પાસેથી જો કોઈ શ્રાવક નવધા ભક્તિથી તેમને આમંત્રે તો ૪૬ દોષ ટાળીને તેના ઘેર ઉભા ઉભા પોતાના પાણિપાત્રમાં (હસ્તસંપૂટમાં) ભોજન કરે છે.

શ્વેતાંબર સાહિત્યમાં સાધુને માટે જે દશ કલ્પ આવશ્યક બતાવ્યા છે અને જેમાં અચેલકતા પ્રથમ કલ્પ છે એ જ દશ કલ્પ દિગંબર સાહિત્યમાં પણ છે. ફરક માત્ર એટલો જ છે કે દિગંબર સાહિત્યમાં અચેલકતાનો એક જ અર્થ મળે છે—વસ્ત્રનો અભાવ. બીજો કોઈ અર્થ તેમાં નથી. સંભવ છે કે એ જ કારણથી તેમાં ઉત્તરકાલીન એક બે ગ્રંથો સિવાય બીજા કોઈ ગ્રંથમાં જિનકલ્પનો કે સ્થવિર કલ્પનો કોઈ નિર્દેશ નથી. કારણ એ કલ્પોનો એક માત્ર ઉદ્દેશ એ જ પ્રતીત થાય છે કે કઠિન આચાર જિનકલ્પને સોંપી દીધો અને શિથિલાચાર સ્થવિરકલ્પમાં.

પરંતુ તેની એવી મતલબ નથી કે દિગંબર પરંપરાના સાધુના આચારમાં કોઈ શિથિલતા નથી આવી. દિગંબર સાધુ પણ વન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

( જંગલ ) છોડીને નગરીમાં વસવા લાગ્યા છે. તેઓમાં કોઈ મઠાધીશ પણ થવા લાગ્યા...મઠાધીશનું વિકસિત સ્વરૂપ તે ભટ્ટારક...પહેલાં ભટ્ટારક પણ નગ્ન જ રહેતા હતા. પાછળથી વસ્ત્ર પહેરવાની તેમની પ્રવૃત્તિ થઈ ગઈ. પરંતુ વસ્ત્ર પહેરવાથી તેમનું મુનિપદ રહ્યું નહિ.

તે પછી પંડિતશ્રી દિગંબર ગ્રંથોમાં જ્યાં સાધુને વસ્ત્રની છૂટ આપી છે તેના ખુલાસા આપી તે ફક્ત અપવાદરૂપ છે એમ બતાવે છે.

એક દાખલો દિગંબરાચાર્ય શ્રી અપરાજિતસૂરિના લખાણનો છે.

દિગંબરાચાર્ય શ્રી અપરાજિતસૂરિએ સચેલલિંગને અપવાદ લિંગ કહેલ છે. શ્રી અપરાજિતસૂરિ યાપનીય સંઘના અનુયાયી હતા. એ સંઘ શ્વેતાંબરસંમત આગમોને માનતો હતો. પરંતુ તેમના સાધુ નગ્ન–દિગંબર રહેતા હતા. તેઓ નગ્નતાને જ મહાવીનો ધર્મ માનતા હતા. પરંતુ અપવાદરૂપી સાધુને માટે વસ્ત્ર–પાત્રનું વિધાન કરતા હતા.

તેમણે આચેલક્ય આદિ દસ કલ્પનું વિધાન કરવાવાળી ગાથાનું વ્યાખ્યાન કરતી વખતે આચારાંગ આદિ સૂત્ર ગ્રંથોમાંના ઉલ્લેખોના આધાર પર સ્વીકાર કર્યો છે કે જે ભિક્ષુના શરીરાવયવ સદોષ હોય અને પરિસહ સહન કરવામાં અસમર્થ હોય તે વસ્ત્ર ગ્રહણ કરે. પરંતુ તેમણે અચેલકતાને ઔત્સર્ગિક લિંગ બતાવતાં લખ્યું છે કે—

"સર્વ જિનો અચેલ થયા હતા અને અચેલ થશે. જેમ મેરુ આદિ ઉપર રહેલી શાશ્વત પ્રતિમાઓ તથા તીર્થંકરોના માર્ગના અનુયાયી ગણધર અચેલ હોય છે તેમજ તેમના શિષ્યો પણ અચેલ હોય છે. એ રીતે અચેલકતા સિદ્ધ થાય છે.

"જેનું શરીર વસ્ત્રથી વેષ્ઠિત છે તે જિન ભગવાન સદૃશ નથી. જે નગ્ન તથા કાયોત્સર્ગમાં સ્થિત છે તે જિનસ્વરૂપતાને ધારણ કરે છે. જે સચેલ છે તે પરિસહ સહન કરવાને સમર્થ હોય તો પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પરિસહ સહન કરતા નથી. એ ગુણો જોઈને અચેલતા જિન ભગવાને કહેલી છે.

"જેઓ વસ્ત્ર પહેરીને પણ પોતાને નિર્ગ્રંથ કહે છે તેને માટે શું બીજા પાખંડી સાધુ નિર્ગ્રંથી નથી? અમે જ નિર્ગ્રંથ છીએ, તે નથી, એ કેવળ કથનમાત્ર છે. કોઈ મધ્યસ્થ એને માની શકે નહિ. વસ્ત્રમાં દોષ છે. અચેલકતામાં અપરિમિત ગુણ છે તેથી અચેલકતાને આવશ્યક આચાર રહ્યો છે."

એ પ્રમાણે અપરાજિતસૂરિએ અચેલકતાનું સમર્થન કર્યું છે. વળી આગળ જતાં તેમણે લખ્યું છે કે—"ભાવનામાં એમ કહ્યું છે કે ભગવાન મહાવીર એક વર્ષ સુધી વસ્ત્રધારી રહ્યા તે પછી અચેલક—નગ્ન થઈ ગયા, તો તેમાં અનેક વિવાદ છે. કોઈ એમ કહે છે કે—જેણે ભગવાન મહાવીરની કાંધ ઉપર વસ્ત્ર નાખ્યું હતું તેણે તે જ દિવસે તે વસ્ત્ર લઈ લીધું. બીજા કહે છે કે—છ મહિનામાં એ વસ્ત્ર કાંટા વગેરેથી છિન્નભિન્ન થઈ ગયું. વળી કોઈ કહે છે કે—એક વર્ષ પછી ખંડલક બ્રાહ્મણે તે વસ્ત્ર લઈ લીધું. કોઈ કહે છે કે હવાથી ઊડી ગયું અને મહાવીરે તેની ઉપેક્ષા કરી. વળી કોઈ કહે છે કે પહેલાં જેણે રાખ્યું હતું તેણે જ ફરીથી ભગવાનની કાંધ ઉપર નાખી દીધું. એમ અનેક મત હોવાથી તેમાં કોઈ તત્ત્વ દેખાતું નથી.

જો ભગવાને સચેલલિંગને પ્રગટ કરવા માટે વસ્ત્ર ગ્રહણ કર્યું હતું તો તેમને તે વસ્ત્રનો વિનાશ ઇષ્ટ કેમ થયો? સદા તે વસ્ત્ર ધારણ કરવું જ જોઇતું હતું......તથા જો વસ્ત્ર-પ્રજ્ઞાપના તેમને ઇષ્ટ હતી તો પ્રથમ અને અંતિમ જિનનો ધર્મ અચેલક છે એ વચન મિથ્યા ઠરે છે. તથા નવસ્થાનમાં જે એમ કહ્યું છે કે–જેમ હું અચેલી છું તેમ અંતિમ તીર્થંકર પણ અચેલ હશે તેમાં પણ વિરોધ આવે છે. વળી જો બીજા તીર્થંકરો સવસ્ત્ર હતા તો વીર ભગવાનની માફક તેમના વસ્ત્રત્યાગનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કાળ કેમ નથી કહ્યો ?

**એટલે સર્વ જૈન તીર્થંકરોનો ધમ અચેલક હતો.** પણ વિશેષ અવસ્થામાં અશક્ત સાધુ વસ્ત્રપાત્ર ગ્રહણ કરી શકતા હતા.

તત્ત્વાર્થ સૂત્રની સર્વાર્થસિદ્ધિ નામની ટીકાનો એક અંશ લઈને જે વિદ્વાનો વસ્ત્રપાત્રનું સમર્થન કરે છે તે તત્ત્વાર્થ સૂત્રના નવમા અધ્યયનમાં સૂત્ર ૪૭માં નિર્ગ્રંથોનું વર્ણન છે, તેમાં ટીકાકારે કહ્યું છે કે— भावलिंगं प्रतीत्य पञ्चापि निग्रंथा लिंग नो भवन्ति, द्रव्यलिंगं प्रतीत्य भाज्याः ભાવલિંગની અપેક્ષાએ પાંચેયનિર્ગ્રંથો લિંગવાળા છે. પરંતુ દ્રવ્યલિંગની અપેક્ષાએ ભજના છે.

**આ પ્રમાણે પંડિતશ્રી કૈલાસચંદ્રજીએ તેમના ઉપરોક્ત પુસ્તકમાં લખ્યું છે.** તે ઉપરાંત

## દિગંબર ગ્રંથોમાંના ઉલ્લેખો

**હું બતાવું છું—**

**ઉપરોક્ત તત્વાર્થસૂત્રમાં ક્યાંય પણ વસ્ત્રત્યાગ અનિવાર્ય બતાવેલ નથી.** તેમાં પણ બકુશ નિર્ગ્રંથને તો શરીર અને સંસ્કારોને અનુસરનારા કહેલા છે. વળી ઉપર પંડિતજીએ બતાવ્યું છે તેમ દ્રવ્યલિંગ-(વેષ આદિ બાહ્ય સ્વરૂપ)નો પાંચેય નિર્ગ્રંથોમાં વિકલ્પ (ભજના) સ્વીકારેલ છે એટલે કે દ્રવ્યલિંગ એ પાંચેય નિર્ગ્રંથોમાં હોય પણ ખરું અને ન પણ હોય. **એટલે ટીકાકારોએ અહિં એવો અર્થ ધારણ કરેલો છે કે કોઈ વાર મુનિ વસ્ત્ર ધારણ કરી શકે છે.**

તત્ત્વાર્થ સૂત્રના દશમા અધ્યયનના છેલ્લા સૂત્રમાં સિદ્ધના પ્રકારોનું વર્ણન છે. તેમાં ચોથો પ્રકાર લિંગનો છે. તેની સર્વાર્થસિદ્ધિ ટીકામાં **સગ્રંથ તેમજ નિર્ગ્રંથ બન્ને લિંગોથી મુક્તિ કહેલ છે.** અહિંઆ મૂળમાં નથી તો પણ વિદ્વાનો પોતાના મત અનુસાર સગ્રંથ નિર્ગ્રંથના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કાલ્પનિક ભેદો પાડીને પોતાના મતને સમર્થન કરે તેટલો જ અર્થ સ્વીકારે છે અથવા તેવો જ અર્થ કરે છે.

## દિગંબર મુનિશ્રી રત્નાકર વર્ણીનો અભિપ્રાય:

હવે મહાકવિ દિગંબર મુનિશ્રી રત્નાકર વર્ણીએ તેમના 'ભરતેશ્વર વૈભવ' નામના પુસ્તકમાં લખ્યું છે તે ઉદ્ધૃત કરું છું. તેમણે **વસ્ત્રપરિગ્રહ** સંબંધમાં ૭૧ મે પાને લખ્યું છે કે—

"**શાસ્ત્રનો મર્મ સમજ્યા વિના** કેવળ વસ્ત્રને જ પરિગ્રહ સમજી તેનો ત્યાગ કરનાર કાંઈ મુનિ નથી. પણ વસ્ત્રના જેવા જ ત્રણ લોક અને ત્રણ શરીર પણ પરિગ્રહ છે એમ સમજીને કેવળ આત્મામાં તૃપ્ત રહેવાવાળા જ ખરા યોગી છે. **પરિગ્રહની વચ્ચે બેસી રહેવા છતાં પણ તેઓ પરિગ્રહથી** અલગ છે. શરીરની અંદર રહેવા છતાં પણ તેઓ શરીરથી જુદા છે."

વળી ૧૨૭ મે પાને તેઓશ્રી **મૂર્તિપૂજા મોક્ષસાધક નથી તે બતાવતાં** લખે છે કે—

"કાંસામાં, પિત્તળમાં, સોનામાં, ચાંદીમાં અને પત્થરમાં (એટલે તેની મૂર્તિમાં) ભગવાનની કલ્પના કરીને ઉપાસના કરવી તે **વ્યવહાર ભક્તિ** છે. બીજા શબ્દોમાં તેને **કૃત્રિમ ભક્તિ** પણ કહી શકાય છે.

"ભગવાન પોતાના આત્મામાં છે એમ સમજીને ઉપાસના કરવી એ ઉત્કૃષ્ટ ધર્મ છે. **ભગવાનને બહાર (મૂર્તિમાં) સ્થાપીને ઉપાસના કરશો તો તેથી પુણ્યબંધ થશે.** તેથી સ્વર્ગાદિક સુખની પ્રાપ્તિ થશે. જો ભગવાનને પોતાના આત્મામાં સ્થાપીને ઉપાસના કરશો તો સર્વ કર્મોનો નાશ થઈ મોક્ષસુખની પ્રાપ્તિ થશે."

વળી તેઓશ્રી જિનેન્દ્ર મંદિર માટે લખે છે કે—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

" આ શરીર જ જિનેન્દ્ર મંદિર છે. મન જ સિંહાસન છે. નિર્મળ આત્મા જિનેન્દ્ર ભગવાન છે. બહારના અન્ય વિકલ્પોને છોડીને આંખો મીંચીને એ પ્રકારે જોઈએ તો સાચોસાચ જિનદેવ આપણી પોતાની જ અંદર દર્શન દીએ છે. "

## પં. મુનિશ્રી કલ્યાણવિજયજીનો અભિપ્રાય.

હવે પં. શ્રી કલ્યાણવિજયજી ગણિએ તેમના શ્રમણ ભગવાન મહાવીર નામના પુસ્તકમાં ૨૯૮ થી ૩૦૧ પાનામાં લખ્યું છે તે અહિં ઉધૃત કરું છું—

" સાધુએ કરવાના વિનયનું વર્ણન કરતાં દિગંબર આચાર્યશ્રી શિવાર્ય કહે છે કે—આસન આપવું, ઉપકરણ આપવા, ઉચિત શરીરનો સ્પર્શ કરવો ( વિશ્રામ માટે પગચંપી કરવી વગેરે ), સમયોચિત કાર્ય કરવા, ભોજન લાવવું, સંથારો કરવો, ઉપકરણોની પ્રતિલેખના કરવી ઇત્યાદિ રીતે શરીરથી સાધુવર્ગનો જે ઉપકાર કરવામાં આવે તેને કાયિક વિનય કહે છે.

" ભગવતી આરાધનાની ૩૧૦ મી ( હાલના છાપેલ પુસ્તકમાં ૩૦૫ નંબર છે,—ન. ગિ. શેઠ ) ગાથામાં તો સ્પષ્ટ રૂપથી આહાર ભોજન આદિદ્વારા સાધુ અન્ય સાધુની વૈયાવૃત્ય કરે એવું વિધાન છે. તે ગાથા—

सेज्जागासणिसेज्जा उवधिपडिलेहणा उवगाहिदे ।
आहारोसहवायण विकिंचणुव्वत्तणादीया ॥

અર્થ—નિવાસસ્થાન, આસન, ઉપાધ ને ઔપગ્રહિક ઉપકરણોની પ્રતિલેખના કરવી, આહાર, ઔષધ, વાચના આપવી, મળમૂત્ર આદિ બહાર પરઠવા, શરીર મર્દન આદિ કરવું વૈયાવૃત્ય કહેવાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

( નોંધ— આ ગાથાનો ભગવતી આરાધના પુસ્તકમાં આ પ્રમાણે અર્થ કર્યો છે—શય્યાસ્થાન, બેસવાનું સ્થાન, ઉપકરણનું પ્રતિલેખન કરવું, આહાર, ઔષધ દઈ ઉપકાર કરવો, વ્યાખ્યાન કરવું, મેલું ઉપાડવું, મુનિને એક બાજુથી બીજી બાજુ ફેરવવા, બેસાડવા વગેરે કાર્ય કરવા તે વૈયાવૃત્ય છે.—ન. ગિ. શેઠ ).

એ જ ભગવતી આરાધનાની ગાથા ૬૬૫–૬૬૮ માં (હાલના છાપેલ પુસ્તકમાં નં. ૬૬૨ થી ૬૬૫ છે—ન. ગિ. શેઠ.) સંલેખના કરવાવાળા સાધુની સેવા સંબંધી વ્યવસ્થા બતાવતાં શ્રી શિવાર્ય કહે છે કે—" લબ્ધિવાન તથા સરળ પ્રકૃતિના ચાર મુનિ તેને યોગ્ય નિર્દોષ આહાર લાવે તથા ચાર એવા જ નિર્દોષ પાણી લાવે, ચાર મુનિ ક્ષપકને માટે પ્રસ્તુત આહારપાણીના દ્રવ્યોની સાવધાનીથી રક્ષા કરે તથા વૈયાવૃત્ય કરીને મુનિના મળમૂત્ર આદિને પરઠવે તેમજ સમય પર ઉપધિ, શય્યા સંથાર આદિની પ્રતિલેખના કરે."

એ જ ગ્રંથની ગાથા ૬૯૨ માં ગ્રંથકાર કહે છે કે—" તેલ તથા કસાયલા દ્રવ્યથી ક્ષપકને વારંવાર કોગળા કરાવવા જોઈએ કે જેથી તેની જીભ તથા કાન બળવાન અને મુખ તેજસ્વી રહે." (હાલના છાપેલ પુસ્તકમાં આ ગાથાનો નં. ૬૮૮ છે—ન. ગિ. શેઠ)

તથા તેની ૭૦૩ (હાલના છાપેલ પુસ્તકમાં નં. ૬૯૮ છે. ન. ગિ. શેઠ) મી ગાથામાં ગ્રંથકાર કહે છે કે—" જો ક્ષપકની ઈચ્છા હોય તો તેની સમાધિને માટે સર્વ પ્રકારના આહાર લાવીને તેને ખવડાવવા જોઈએ અને પછી એક એક ક્રમ કરતા જઈને પહેલાના આહાર પર લઈ આવે તેમ જ ક્રમશઃ ભોજનનો ત્યાગ કરાવીને તેને પાણી પર લાવવા જોઈએ."

મૂળાચાર નામના દિગંબર પુસ્તકના સમાચારાધિકારની ગચ્છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

वेज्जावच्चं એ ૧૭૪ મી ગાથામાં वेज्जावच्च શબ્દની વ્યાખ્યા કરતાં શ્રી વસુનંદી શ્રમણાચાર્ય લખે છે કે—"वेज्जावच्च-वैयावृत्यं कायिक व्यापाराहिमिरुपग्रहणम् અર્થાત્ વૈયાવૃત્યનો અર્થ શારીરિક પ્રવૃત્તિ તથા આહાર આદિથી ઉપકાર કરવો તે છે.

આચાર્ય વટ્ટકેર મૂળાચારના સમયસારાધિકારની ૬૧ મી ગાથમાં કહે છે કે—" સાધુઓએ સાધ્વીઓના ઉપાશ્રયમાં ઉતરવું ( રહેવું ), બેસવું, સૂવું, અભ્યાસ કરવો કે આહારવિહાર કરવો ન જોઈએ."

પ્રિય પાઠકગણ ! જે આચાર્ય ગુણાધિક ઉપાધ્યાય, તપસ્વી, શિષ્ય, દુર્બળ, સમનોજ્ઞ, ગણ, કુળ તથા સંઘના આહાર, ઔષધ આદિથી વિનય વૈયાવૃત્ય કરવાની સાધુને આજ્ઞા કરે છે, ક્ષપકને માટે ચાર ચાર સાધુઓની આહારપાણી લાવવા તથા મળમૂત્ર પરઠવા માટે નિયત કરવાનું વિધાન કરે છે, તેને સર્વ પ્રકારનું ભોજન લાવી આપવાની તથા તેલ આદિથી કોગળા કરાવવાની સલાહ દીએ છે તથા જે આચાર્ય સાધુઓને સાધ્વીઓના સ્થાનમાં આહારપાણી કરવાનો નિષેધ કરે છે તે આચાર્યને માટે શું એમ કહી શકાય કે તેઓ પાત્ર રાખવાના વિરોધી હતા ?

**આપણે જાણીએ છીએ કે તેઓ પોતે હાથમાં ભોજન કરવાવાળા હતા. તોપણ સાધુઓને ઉપર મુજબ ઉપદેશ દેતા હતા. એનો અર્થ એ જ છે કે તેમના સમયમાં અપવાદ માર્ગથી વસ્ત્રપાત્ર રાખવામાં આવતા હતા. જો એમ ન હોત તો તેમના પાત્રસાધ્ય કાર્યોના વિધાનનો કંઇ અર્થ જ રહેતો નથી. " ગૃહસ્થના ઘરમાં જ સાધુ ભોજન કરે " એવો જો પહેલાં એકાંત નિયમ હોત તો સાધ્વીના ઉપાશ્રયમાં આહાર કરવાનો નિષેધ કરવાની આવશ્યકતા જ ન પડત.**

ઉપર પ્રમાણે મુનિશ્રી કલ્યાણવિજયજીએ લખ્યું છે તે ઉપરાંત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એજ ભગવતી આરાધના ગ્રંથની ૬૯૦ મી ગાથામાં લખ્યું છે કે—"માટે સારા સારા આહારના પદાર્થો જુદા જુદા પાત્રોમાં રાખીને તે ક્ષપકની પાસે લાવીને તેને બતાવવા જોઈએ." આ ઉપરથી પણ તે વખતે પાત્રો રખાતા તે સિદ્ધ થાય છે.

## મૂર્ચ્છા એ જ પરિગ્રહ છે.

શ્વેતાંબરો મૂર્ચ્છા, મમત્વને પરિગ્રહનું કારણ માને છે, પરિગ્રહનું ઉત્પત્તિસ્થાન માને છે તેવી જ રીતે દિગંબરો પણ માને છે. દિગંબર જૈનાચાર્ય શ્રી શુભચંદ્રાચાર્યે તેમના જ્ઞાનાર્ણવના ૧૬મા પ્રકરણના પમા શ્લોકમાં કહ્યું છે કે—

**निःसंगोऽपि मुनिर्न स्यात् सम्मूर्च्छः संगवर्जितः।**
**यतो मूर्च्छैव तत्त्वज्ञैः संग सूतिः प्रकीर्तितः॥**

નિઃસંગ એટલે કે બાહ્ય પરિગ્રહ રહિત હોય પરંતુ મમત્વ, મૂર્ચ્છા સહિત હોય તો તે મુનિ નિષ્પરિગ્રહી બની શકતો નથી. કારણકે તત્ત્વજ્ઞાની વિદ્વાનોએ મૂર્ચ્છાને પરિગ્રહની ઉત્પત્તિનું સ્થાન માનેલ છે.

વળી એ જ ગ્રંથના ૧૮મા પ્રકરણના ૧૨–૧૩મા શ્લોકમાં કહ્યું છે કે—

**शय्यासनोपधानानि,**
**शास्त्रोपकरणानि च।**
**पूर्वं सम्यक् समालोच्य,**
**प्रतिलिख्य पुनः पुनः॥**

**गृह्णतोस्य प्रयत्नेन,**
**क्षिपतो वा धरातले।**
**भवत्यविकला साधो-**
**रादानसमितिः स्फुटम्॥**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat                www.umaragyanbhandar.com

જે મુનિ શય્યા, આસન, ઉપધાન (ઓસીકું), શાસ્ત્ર અને ઉપ-કરણ આદિને પહેલાં બરાબર જોઈ કરીને હાથમાં લીએ, તેનું ફેરવી-ફેરવીને પ્રતિલેહણ કરે અને પછી યત્નાપૂર્વક નીચે મૂકે તેવા સાધુને અવિકળ, સંપૂર્ણ આદાનનિક્ષેપણ સમિતિ સ્પષ્ટ રીતે પળે છે.

શ્રી કુંદકુંદાચાર્યે મૂળાચારમાં સાધુની ઉપધિ પ્રગટપણે આ પ્રમાણે કહી છે–

**णाणुवहिं संजमुवहिं,**
**तउव्वुवहिमण्ण मविउवहिं वा ।**

**पयदं गहणिक्खेवो**
**समिऊढी आदाणनिक्खे वा ॥**

પુસ્તક, પટ્ટિકા, બંધન આદિ જ્ઞાન ઉપધિ, જેનાથી સંયમ પાળી શકાય તે સંયમ ઉપધિ, તપ ઉપધિ તથા અન્ય પ્રકારની ઉપધિ –એ સર્વને યત્નાપૂર્વક ગ્રહણ કરવા મૂકવા તેથી સંપૂર્ણ આદાનનિક્ષેપ સમિતિ થાય છે.

ભાવસંગ્રહમાં કહ્યું છે કે–

**उयवरणं तं गहियं**
**जेण ण भंगो हवेइ चरियस्स ।**

**गहियं पुत्थ य वाणं**
**जोगं जं जस्स तं तेण ॥**

જેના ગ્રહણથી ચારિત્રનો ભંગ ન થાય એવું ઉપકરણ ગ્રહણ કરવું અને ગ્રહણ કરેલા પુસ્તક, પાના આદિ ઉપકરણો ચારિત્રનો ભંગ નથી કરતા કારણ કે જે વાસ્તે યોગ્ય ઉપકરણ હોય તે તેને વાસ્તે ગ્રહણ કરાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દિગંબર મુનિને (૧) શય્યા, (૨) આસન, (૩) ઉપધાન, તકિયો, ઓસીકું, (૪) શાસ્ત્ર, (૫) શાસ્ત્રનું ઉપકરણ, (૬) પટ્ટિકા, (૭) બંધન, (૮) દોરા વગેરે, (૯) તૃણુ, ઘાસનું પ્રાવરણુ, (૧૦) પીંછી, (૧૧) કમંડલું વગેરે ઉપકરણો રાખવાની આજ્ઞા છે. તેમાં જો મૂર્ચ્છા રાખે તો પરિગ્રહી છે અને મૂર્ચ્છા ન રાખે તો અપરિગ્રહી છે. તેજ રીતે સાધુ વસ્ત્રમાં મૂર્ચ્છા રાખે તો પરિગ્રહી છે અને મૂર્ચ્છા ન રાખે તો અપરિગ્રહી છે.

એટલે વસ્ત્રનો નિષેધ અકારણ છે. આ કાળમાં ઉપકરણ રાખ્યા વિના સંયમનું પાલન થઈ શકતું નથી તેથી જ દિગંબર સાધુનો ઉચ્છેદ થવા જેવું થઈ ગયું છે અને ભટ્ટારક પરિગ્રહધારીની સંખ્યા ખૂબ વધી છે.

હાથીનો બોજો ગધેડો ઉપાડી ન શકે તેમ વજ્રઋષભનારાચ સંઘ-યણવાળા જે કઠિન આચાર પાળી શકે તેવો આચાર આ પંચમ કાળના છેલ્લા સેવાર્ત સંઘયણવાળા માણસો પાળી ન શકે એ સૌ કોઈ સમજી શકે તેવી વાત છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ પાંચમું

# સ્ત્રી મુક્તિ

મતભેદનો ચોથો મુદ્દો સ્ત્રીમુક્તિનો છે.

શ્વેતાંબરો (સ્થાનકવાસી તથા મૂર્તિપૂજક) સ્ત્રી મુક્તિને માને છે. ત્યારે દિગંબરો સ્ત્રીમુક્તિને માનતા નથી. આ બાબતની હકીકત સંકલિત કરીને નીચે આપું છું.

દિગંબર સંપ્રદાયનો મુખ્ય ગ્રંથ જે આગમ તરીકે ગણાય છે તે **ષટ્ ખંડાગમ**ની મુડબદ્રીના ભંડારમાંની પ્રાચીન પ્રતોમાં "સંજય" પદ હતું અને આજે પણ એ **સંજદ** પદ તે પ્રાચીન પ્રતિઓમાં છે. આ પદ ઉપરથી સ્ત્રીના મોક્ષની સિદ્ધિ થાય છે. આ સંબંધમાં રૂઢિચુસ્ત દિગંબર વિદ્વાનોએ વાંધો ઉઠાવ્યો હતો અને તેથી પ્રો. હીરાલાલ અને વિદ્વાનો વચ્ચે ઘણી લાંબી ચર્ચા થઈ હતી અને સંજદ શબ્દ ત્યાં મૂળમાં છે તે પ્રમાણે ત્યાં જોઈએ જ તે વાત પણ તે ચર્ચામાંથી સિદ્ધ થયેલી દેખાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે ઉપરાંત સ્ત્રીને મુક્તિ છે તે બતાવનારા ષટ્ખંડાગમમાં ઘણા ઉલ્લેખો છે. જેમકે— ષટ્ખંડાગમ ( ધવલ ) પુસ્તક ૧, પૃષ્ટ ૩૩૩માં લખ્યું છે કે-**સ્ત્રીઓમાં ચૌદ ગુણસ્થાન હોય છે.**

વળી ષટ્ખંડાગમ પુસ્તક ૨ પૃષ્ટ ૫૧૪થી ૫૩૦ આલાપ નં. ૧૧૪ થી ૧૩૮માં મનુષ્યણી ( મનુષ્યસ્ત્રી )ને ચૌદ ગુણસ્થાનક કહ્યા છે ત્યાં **મનુષ્યણીના ચૌદ ગુણસ્થાનના આલાપ ગણાવતાં**–

> **સંજ્ઞિની, અસંજ્ઞિની, આહારિણી, અનાહારિણી, સાકારઉપયોગિની, અનાકારઉપયોગિની વગેરે શબ્દો વાપરેલા છે.**

આથી સાબિત થાય છે કે તે શબ્દો સ્ત્રીશરીરધારી મનુષ્યણી માટે વપરાયેલા છે. પણ ભાવ સ્ત્રી માટે વપરાયેલ નથી.

એજ પુસ્તકમાં પૃષ્ટ ૬૭૬ થી ૬૮૩માં ભાવસ્ત્રીના આલાપ નં. ૨૯૫થી ૩૧૦માં—

> સંજ્ઞિક, અસંજ્ઞિક, આહારક, અનાહારક, સાકાર ઉપયોગી, અનાકાર ઉપયોગી વગેરે શબ્દો વાપરેલા છે.

એ ઉપરથી સાબિત થાય છે કે એ શબ્દો પુરુષવાચક શરીરમાં જેનો ભાવ સ્ત્રીરૂપ છે તેને માટે તે શબ્દો વાપરેલા છે.

એટલે ઉપર મનુષ્યણી માટેના ચૌદ ગુણસ્થાન કહ્યા છે તે સ્ત્રી-શરીરધારી માટે જ છે.

ષટ્ખંડાગમ ( ધવલ ) પુસ્તક ૨ પૃષ્ટ ૪૩૬માં કહ્યું છે કે–

> અંતરકરણ કર્યા પછી અંતર્મુહૂર્ત ગયા પછી વેદનો ઉદય નષ્ટ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થાય તેથી આ નિવૃત્તિકરણ ગુણસ્થાનના બીજા ભાગવતી જીવોને મૈથુન સંજ્ઞા રહેતી નથી.

આ ઉલ્લેખો ઉપરથી વાંચકો સમજી શકશે કે દિગંબરો જેને મૂળ સૂત્ર તરીકે માને છે તે ષટ્ખંડાગમ ગ્રંથમાં સ્ત્રીને મુક્તિ હોય છે તે સ્પષ્ટ બતાવેલું છે.

**તત્ત્વાર્થ સૂત્ર** શ્વેતાંબર તેમજ દિગંબર બંને સંપ્રદાયોને માન્ય ગ્રંથ છે. તેના નવમા અધ્યયનમાં પાંચ પ્રકારના નિર્ગ્રંથનું વર્ણન છે. તેનું વિશેષ સ્વરૂપ તે ગ્રંથની **દિગંબર માન્ય સર્વાર્થસિદ્ધ તથા રાજવાર્તિક** નામની ટીકાઓમાં સમજાવેલ છે.

**તેની અંદર ક્યાંય પણ વસ્ત્રત્યાગ અનિવાર્ય બતાવેલ નથી.** તેમાં પણ બકુશ નિર્ગ્રંથોને તો શરીર અને ઉપકરણના સંસ્કારોને અનુસરનારા કહેલા છે. વળી દ્રવ્યલિંગ ( વેષ આદિ બાહ્ય સ્વરૂપ ) તો પાંચેય નિર્ગ્રંથોમાં વિકલ્પ ( ભજના ) સ્વીકારેલ છે એટલે કે દ્રવ્યલિંગ એ પાંચેય નિર્ગ્રંથોમાં હોય પણ ખરૂં અને ન પણ હોય.

ટીકાકારોએ અહિં એવો જ અર્થ કરેલ છે કે કોઈ કોઈ વાર મુનિ વસ્ત્ર ધારણ કરી શકે છે.

**તત્ત્વાર્થ સૂત્રના** દશમા અધ્યયનના છેલ્લા સૂત્રમાં સિદ્ધના પ્રકારોનું વર્ણન છે તેમાં ચોથો પ્રકાર લિંગનો છે તેની **સર્વાર્થસિદ્ધ ટીકામાં સગ્રંથ તેમજ નિર્ગ્રંથ બંને લિંગોથી મુક્તિ કહેલી છે.**

**દિગંબર ગ્રંથ ગોમટ્ટસારમાં** પણ સ્ત્રીને મોક્ષ કહેલ છે. તેની ગાથા આ પ્રમાણે છે—

**अडयाला पुंवेयाय इत्थीवोय हुंती चालीसा ।**
**वीसनपुंसगवेया समए एगेण सिझंति ॥**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અર્થ—એકી સમયે એક સાથે પુરુષ વેદે ૧૦૮, સ્ત્રીવેદે ચાલીસ અને નપુંસકવેદે વીસ જીવો સિદ્ધપદને પામે.

સ્ત્રીમુક્તિ સામે દિગંબરોની દલીલો નીચે પ્રમાણે છે—

૧. વસ્ત્ર હોય ત્યાં સુધી ચારિત્ર ન ગણાય અને સ્ત્રી સર્વથા વસ્ત્ર વિના રહી ન શકે એટલે સ્ત્રીને ચારિત્રની આરાધના સંભવતી નથી.
૨. સ્ત્રી ગમે તેવી દુરાચારિણી હોય પણ વધુમાં વધુ છઠ્ઠી નરકમાં જાય પણ સાતમી નરકમાં ન જાય. એટલે જે સ્ત્રીમાં સાતમી નરકમાં જવા યોગ્ય કર્મ બાંધવાની તાકાત નથી તે સ્ત્રીમાં મોક્ષ પ્રાપ્ત કરવાની પણ શક્તિ ન હોય.

૩. સ્ત્રીએ પૂર્વ ભવાંતરમાં માયામોહનીય કર્મનું ઉપાર્જન કર્યું હોય છે તેથી સ્ત્રીવેદ મળે છે, માટે સ્ત્રી માયાવી જ હોય છે.

૪. સાધુ તો વનવાસી જ હોય છે. જ્યાં ઘણા મનુષ્ય આદિનો સંઘટ્ટ હોય ત્યાં સાધુ રહે નહિ, કારણ કે ત્યાં જ્ઞાન તથા ધ્યાનનો આઘાત થાય છે અને સ્ત્રીથી તો એકલા રહેવાતું નથી. સ્ત્રીથી તો વસ્તીમાં જ રહી શકાય. કારણ નહિતર શીલમાં વિઘ્ન પડે છે.

ઉપર દિગંબર ગ્રંથોના ઉલ્લેખો કરીને તેમાં સ્ત્રીમુક્તિ શાસ્ત્ર સિદ્ધ છે તે બતાવ્યું છે તેમજ વસ્ત્ર રહિત રહેવાનું અનિવાર્ય બતાવેલું નથી. ઉપરાંત વિશેષ ખુલાસો નીચે પ્રમાણે છે–

(૧) ચારિત્ર એ આત્માના ગુણ છે. વસ્ત્ર વગેરે બાહ્ય પદાર્થો ચારિત્ર ગુણમાં વિઘાતક થાય જ એવો એકાંત નિયમ નથી અને એ બાહ્ય વસ્તુ ચારિત્રમાં વિઘાતક જ થતી હોય તો વસ્ત્રની માફક શરીર પણ ચારિત્રમાં બાધક કેમ ન થાય?

માનો કે વસ્ત્રનો સંયોગ તમે છોડશો પણ શરીરનો સંયોગ તો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છૂટે તેમ નથી. એ તો આયુષ્ય પૂર્ણ થાય ત્યારે જ છૂટે, માટે વસ્ત્રાદિ બાહ્ય વસ્તુના સંયોગ માત્રથી ચારિત્રનો અભાવ માનવો એ કોઈ પણ રીતે ઉચિત નથી.

બાહ્ય વસ્તુ ઉપરની મૂર્ચ્છા, આસક્તિ, પરિગ્રહ બુદ્ધિ એ ચારિત્ર ગુણમાં વિઘાતક થાય છે. **मुच्छा परिग्गहो वुत्तो** એ દશ વૈકાલિક સૂત્રનું વચન છે. વસ્તુનો સંયોગ હોવા માત્રથી પરિગ્રહની કલ્પના કરવી તે સર્વથા અનુચિત છે.

જો બાહ્ય વસ્તુના સંયોગ માત્રથી પરિગ્રહની કલ્પના કરવામાં આવશે તો તો તીર્થંકર ભગવંતો કે જેઓ સમવસરણમાં બિરાજમાન થઈને ધર્મદેશના આપે છે તેમને પણ પરિગ્રહી માનવાનો પ્રસંગ આવશે. માટે વસ્ત્રનો સંયોગ હોવા માત્રથી સ્ત્રીને ચારિત્ર ન સંભવે એ કથન જૈન દર્શનના સિદ્ધાંતની અપેક્ષાએ સર્વથા અયોગ્ય છે.

જૈન દર્શનનો મુખ્ય સિદ્ધાંત તો અનેકાંતવાદ છે. જો અનેકાંત દર્શન દ્રવ્યથી અન્ય લિંગીઓને પણ મોક્ષનું પ્રતિપાદન કરે છે તો સંયમની આરાધનામાં ઉપકારક જીર્ણપ્રાય; વસ્ત્ર પાત્રાદિ ઉપકરણો હોવા માત્રથી મોક્ષનો નિષેધ કરે એ બને જ નહિ અને એ પ્રમાણે જૈન દર્શન તો વસ્ત્ર હોવા માત્રમાં મોક્ષનો નિષેધ કરે તો અનેકાંતવાદરૂપી મુખ્ય સિદ્ધાંતનો જ ભંગ થાય.

જૈન દર્શન તો એક જ વાત કરે છે કે—

કષાયથી મુક્તિ એ જ ખરી મુક્તિ છે. બાહ્યવેષમાં વસ્ત્ર હોય કે ન હોય તે સાથે મુક્તિનો સંબંધ નથી. મુક્તિનો સંબંધ તો કષાય મુક્તિની સાથે છે. જ્યાં કષાય મુક્તિ છે ત્યાં જ મોક્ષ છે.

(૨) ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થમાં અર્થ અને કામ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પુરુષાર્થ એ સંસારનું કારણ છે. કામ પુરુષાર્થની અપેક્ષાએ અર્થ પુરુષાર્થમાં પ્રાયઃ અઢાર પાપસ્થાનકનું સેવન વધુ પ્રમાણમાં છે. પુરુષને અર્થ તેમજ કામ પુરુષાર્થમાં અર્થપુરુષાર્થની પ્રધાનતા વધુ હોય છે. અને તે કારણે વધારે પ્રમાણમાં પાપસ્થાનકનું સેવન થતું હોવાથી પુરુષ સાતમી નરક જાય છે.

સ્ત્રીના જીવનમાં અર્થ તથા કામ પુરુષાર્થ પૈકી કામની પ્રબળતા છે. અર્થપુરુષાર્થની અપેક્ષાએ કામપુરુષાર્થમાં પાપસ્થાનકોનું સેવન બહુલતાએ કાંઈક અલ્પ હોવાનો સંભવ છે. તે કારણથી સ્ત્રીનો આત્મા સાતમી નરકમાં ન જાય તો તે અનુચિત નથી.

મોક્ષની પ્રાપ્તિ તો અર્થ અને કામ એ બન્ને પુરુષાર્થનો સર્વથા અભાવ થાય અને મોક્ષનું સાધ્ય રાખીને ધર્મ પુરુષાર્થની આરાધના થાય તો જ થઈ શકે છે.

જે આત્માના જીવનમાં વધુ પડતો અવળો પુરુષાર્થ ન હોય તે આત્માના જીવનમાં મોક્ષને લાયક અનુકૂળ પુરુષાર્થ પણ પ્રગટ ન થાય એ વાત કેમ બને ?

સ્ત્રીવેદ એ જુદી બાબત છે અને શરીરનો આકાર સ્ત્રીનો એ જુદી બાબત છે. સ્ત્રીવેદનો ઉદય એટલે જે કર્મના ઉદયથી પુરુષપ્રતિ વિષયવાસના જાગે તેનું નામ સ્ત્રીવેદ. એ મોહનીય કર્મના ઉદયથી હોય છે અને જ્યાંસુધી એ મોહનીય કર્મના ઉદય જન્મ સ્ત્રીવેદનો ઉદય અથવા તો પુરુષ વેદનો કે નપુંસકવેદનો ઉદય હોય ત્યાંસુધી કોઈ પણ આત્માને વીતરાગભાવ પ્રાપ્ત ન થાય અને મોક્ષ પણ ન પામે એ વાત બરાબર છે.

પરંતુ નવમા ગુણસ્થાનકે બંધ, ઉદય અને સત્તામાંથી વેદનો અભાવ થયા પછી સ્ત્રીના શરીરનો આકાર માત્ર મોક્ષ પ્રાપ્ત કરવામાં પ્રતિબંધક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થાય એ વાત કોઈરીતે માનવા લાયક નથી.

(૩) સ્ત્રીને જેમ મોહનીય કર્મનો ઉદય હોય છે તેમજ ઉપશમ અને ક્ષય પણ હોય છે જ. અનંતાનુબંધી કષાયનો ઉપશમ કે ક્ષય થાય ત્યારે જ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે અને અપ્રત્યાખ્યાની કષાયનો ઉપશમ અથવા ક્ષય થાય ત્યારે જ દેશવિરતિપણું પ્રાપ્ત થાય છે. તે પ્રમાણે સ્ત્રીને પણ પ્રત્યાખ્યાનીય કષાયનો ઉપશમ કે ક્ષય થાય ત્યારે સર્વ વિરતિપણું પ્રાપ્ત થઈ શકે છે.

સ્ત્રીને સર્વ વિરતિ ચારિત્ર ન હોય તો તે નવમા ગુણસ્થાનક સુધી પહોંચી શકે નહિ અને નવમા ગુણસ્થાને ત્રણવેદનો ઉદય છે એટલે સ્ત્રી નવમા ગુણસ્થાને પહોંચે છે તે નક્કી થાય છે. એટલે સ્ત્રી પણ, સર્વવિરતિ થઈ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. ષટ્ખંખડીગમ પ્રમાણે પણ સ્ત્રીને ચૌદમું ગુણસ્થાનક અને મોક્ષ છે જ.

(૪) વળી એકાકી વિચરતાં પણ શુદ્ધ હોય તો કાંઈપણ શીળનો ભંગ થતો નથી, સ્ત્રીઓમાં તો એવું ધૈર્ય હોય છે કે તેને દેવો પણ ચળાયમાન કરી શકતા નથી. તેમ જ પંથમાં વિચરતાં મમત્વ પણ સંભવે નહિ. કારણ કે તેના મનમાં તો વીતરાગ ભાવ જ હોય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ છઠ્ઠું

# સમન્વય કેમ થાય ?

### સમન્વય સંભવિત ક્યારે ?

મતભેદના મુખ્ય મુદ્દાઓ સંબંધી હકીકતો જાણી લીધા પછી હવે બધા સંપ્રદાયોની એકતા સંભવિત ક્યારે બની શકે, બધા સંપ્રદાયોનો સમન્વય ક્યારે સંભવિત થઈ શકે તે વિચારીએ.

૧. મૂળ સત્ય હકીકત શું છે તે જાણ્યા પછી પણ આપણે જો ચાલુ રૂઢિને જ ચુસ્તપણે વળગી રહીએ તો સમન્વય કે એકતા થવાનો સંભવ જ નથી. જેઓ સત્ય વસ્તુ સમજવા જેટલી બુદ્ધિવાળા ન હોય તેઓ તો રૂઢિને વળગી રહે તે માની શકાય છે. પરંતુ જેઓ બુદ્ધિશાળી છે, સમજદાર છે, વિવેકી છે તેમણે તો સત્યને ગ્રહણ કરવા તૈયાર થવું જ જોઈએ.

૨. એકતા કે સમન્વય કરવો હોય તો દરેક સંપ્રદાયે પોતાના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મતનો આગ્રહ છોડીને, સાંપ્રદાયિક રૂઢિચુસ્તતા છોડીને સત્યને અપનાવવાને તૈયાર થવું જોઈએ. અને દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને અનુસરીને શાસ્ત્રના મર્મ–રહસ્યને અપનાવવા તૈયાર થવું જોઈએ.

૩. પરંપરાગત માન્યતાઓ જે સિદ્ધાંત વિરુદ્ધ સાબિત થાય તે છોડી દઈને સૈદ્ધાંતિક સત્યને અપનાવવા તૈયાર થવું જોઈએ.

૪. શાસ્ત્રના નિયમોના શબ્દોને વળગી નહિ રહેતાં તે નિયમો જે કારણે બનાવ્યા છે અને બતાવાયા છે તે મૂળ કારણ એટલે વિષયોનું રહસ્ય સમજીને તે પ્રમાણે વર્તવા તૈયાર થવું જોઈએ.

૫. સૂત્રકારો તથા ટીકાકારો હાલના વિદ્વાનો કરતાં વધારે વિદ્વાન હતા એમ માનવું જ પડશે. અને તેમના શબ્દોને મારી મચડીને પોતાના મત પ્રમાણેનો જ અર્થ કરવાની વૃતિ છોડી દેવી જોઈએ અને શબ્દોના સાચા અર્થ અપનાવવા તૈયાર થવું જોઈએ.

૬. જેમકે લિંગ શબ્દ વપરાયો હોય ત્યાં તેના ભાવ લિંગ અને દ્રવ્યલિંગ એમ ભેદ પાડી, પોતાના મતને અનુકૂળ હોય તેવો એક જ ભેદનો સ્વીકાર કરવો તે યોગ્ય નથી. કારણ કે એમ હોત તો સૂત્રકારે અથવા ટીકાકારે પોતે જ શા માટે ભાવલિંગ કે દ્રવ્યલિંગ, શબ્દ વાપર્યો નહિ ? તે જ પ્રમાણે હિંસાના ભેદ, સ્વરૂપ હિંસા જેવા સૂત્ર કારે કહ્યા નથી. તે પોતાની માન્યતાને સાચી બતાવવા નવા ભેદ ઉત્પન્ન કરવા તે કોઈ રીતે યોગ્ય નથી.

૭. માટે નિજમતના આગ્રહના કારણે એવા ભેદ પાડી અર્ધ સત્ય સ્વીકારવાને બદલે લિંગ, વેદ, હિંસા, કર્મપ્રકૃતિ વગેરેના સાચા અને પૂરા અર્થ સ્વીકારવાને તૈયાર થવું જોઈએ,

૮. પૂર્વાચાર્યોએ મૂળ સૂત્રમાં નહિ તેવા ફેરફારો કે નિયમો બતાવેલા તે ફક્ત ધર્મને ટકાવી રાખવાની શુદ્ધ બુદ્ધિથી જ તે તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વખતની પરિસ્થિતિ જોઈને કરેલા હતા. આજે પરિસ્થિતિ જુદી છે તો તે પ્રમાણે આપણે એકતા માટે અને મૂળ ધર્મને વફાદાર થવા માટે નવા ફેરફાર કે નવા નિયમો કરવા પડે તે કરવાને અને તેને અનુસરવાને તૈયાર થવું જોઈએ.

૯. આત્મકલ્યાણ તરફ નજર રાખવી જોઈએ અને મતાગ્રહ છોડી દેવો જોઈએ. મતાગ્રહથી મોક્ષ નથી પણ બંધન છે. તેથી મુમુક્ષુ માટે મતાગ્રહ નકામો છે તે ભૂલવું નહિ.

૧૦. એકતાનું લક્ષ્ય રાખીને મતભેદમાં અનેકાંતવાદનું શરણ લઈને સમાધાન કરવું. જરૂર પડે ત્યાં બે મત સ્વીકારવા. જેમ શ્વેતાંબરમાં સૈદ્ધાંતિક અને કાર્મણિક મત એમ બન્ને મત બતાવાય છે તેમ. અને તત્ત્વ કેવળીગમ્ય રાખવું.

હવે મતભેદોનો સમન્વય કેમ કરી શકાય તેનો વિચાર કરીએ.

## સૂત્રો—આગમો

શ્વેતાંબર સૂત્રોમાં સ્ત્રીમુક્તિ, કેવળી કવળાહાર વગેરે બાબતો દિગંબર માન્યતાની વિરુદ્ધ છે તેથી દિગંબરોએ શ્વેતાંબર સૂત્રોને અમાન્ય કર્યા હોય એમ સમજાય છે. પરંતુ નવી શોધખોળ પ્રમાણે આ બાબતોમાં દિગંબર શાસ્ત્રોનો વિરુદ્ધમત નથી એમ સાબિત થતું દેખાય છે. તો પછી દિગંબરોને શ્વેતાંબરના સૂત્રો અમાન્ય કરવાનું કારણ રહેવું જોઈએ નહિ, આ વિષે આગલા પ્રકરણોમાં વિગતથી કહેવાઈ ગયું છે.

મુખ્ય સિદ્ધાંતોની બાબતમાં તો ખાસ કાંઈ ફરક નથી. એટલે શ્વેતાંબર દિગંબર બન્ને સંપ્રદાયો બંનેના આગમો એક સરખી રીતે માન્ય કરી શકે તેમ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## શ્વેતાંબર સૂત્રો

શ્વેતાંબરોની મૂળ માન્યતા એવી છે કે ભગવાનની પહેલી દેશના વખતે જ ગણધરો સ્થપાય અને ગણધરો તરત જ એટલે તે જ દિવસે અથવા તે પછીના દિવસે સૂત્રો રચે.

આ સંબંધમાં અત્યારે ઘણા વિદ્વાનો એમ કહે છે કે જો આ વાત સાચી હોય તો અંગ સૂત્રોમાં ભગવવાની પહેલી દેશના પછી બનેલા બનાવોની વાત આવવી ન જોઈએ ત્યારે અત્યારના ઉપલબ્ધ સૂત્રોમાં તેવી વાતો છે. દિગંબરો સૂત્રોને અમાન્ય ગણે છે તેના કારણોમાં આ પણ એક કારણ છે.

આનું સમાધાન એમ થઈ શકે છે કે હાલનાં સૂત્રોમાંનો ઘણો ખરો ભાગ મૂળ સૂત્રોનો નથી. પણ મૂળ સૂત્રો ઉપરના વિવેચનો જ હાલમાં સૂત્રરૂપે ઓળખાય છે. મૂળ સૂત્રોનો ઘણોખરો ભાગ તો ભૂલાઈ ગયો હતો. પહેલાં તો સર્વ સૂત્રો મુખપાઠે જ હતા. બારદુકાળીના કારણે તે મૂળ સૂત્રોનો ઘણો ભાગ ભૂલાઈ ગયો હતો. બીજી વારની બારદુકાળીમાં પણ જે થોડું યાદ હતું તેમાંથી પણ ઘણું ભૂલાઈ ગયું. એટલે કે સૂત્રો પુસ્તકારૂઢ થતાં થતાંમાં તો ઘણું ઘણું ભૂલાતું આવ્યું હતું. એટલે હાલ ઉપલબ્ધ છે તે મૂળ ઉપરના વિવેચનનો પણ થોડોક ભાગ જ છે એમ કહી શકાય.

એટલે મૂળ સૂત્રો ઉપરના ગણધરો તથા આચાર્યોએ કહેલા વિવેચનોમાં ભગવાનની પહેલી દેશના પછીની હકીકતો આવી છે તેમાં કાંઈ અયોગ્ય નથી. આચાર્યો તેમના વિવેચનમાં શિષ્યને સમજાવવા માટે ભગવાનના વખતમાં બનેલી વાતો કરે તે સ્વાભાવિક છે.

આથી કોઈ એમ શંકા ઉઠાવે કે એ પ્રમાણે હાલના સૂત્રોને ભગવાનના વચનો કહી શકાય નહિ. તો જે સત્ય હકીકત છે તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્વીકારવી જ જોઈએ. હાલના અંગ સૂત્રોમાંનો શબ્દે શબ્દ ભગવાને કહેલો છે તે જ છે એમ તો કહી શકાય નહિ. તેમ માની પણ શકાય નહિ જ. પરંતુ તેમાં ભગવાનના શબ્દો ઉપરતું ગણધર મહારાજનું તેમજ પૂર્વાચાર્યોનું વિવેચન છે એ તો ચોક્કસ જ છે. અલબત તેમાં કેટલોક ભાગ મૂળ પણ હશે જ અને તેટલો ભાગ ભગવાનના શબ્દો તરીકે ગણાય.

ભગવાને અર્થથી કહેલા અને ગણધર મહારાજે ગુંથેલા અંગ સૂત્રોની જ આ વાત છે. બાકી બીજાં બધા અંગ બાહ્ય સૂત્રો તો ભગવાન મહાવીરના નિર્વાણ પછી ઘણાં વર્ષો પછી પૂર્વાચાર્યોએ રચેલાં છે. તેથી તેમાં તો ભગવાનના વચનો હોઈ શકે જ નહિ. અંગ બાહ્ય સૂત્રો તો ફક્ત ભગવાનના વચનોના વિવેચન રૂપ જ હોય. અને એમ જ ગણાય.

દુકાળોના પ્રભાવે તેમ જ અવસર્પિણી કાળના પ્રતાપે અથવા ભસ્મગ્રહના પ્રતાપે, ગમે તે રીતે કહો પણ સાધુ મુનિઓની યાદદાસ્ત ઘણી ઓછી થઈ ગઈ તે સત્ય હકીકત છે અને એ સ્મૃતિભ્રંશના કારણે યાદ કરી કરીને ભેગું કરવા જતાં પણ શ્રુતમાં ઘણો ફેરફાર થઈ ગયો હોય તે સ્વાભાવિક છે એમ વિદ્વાનોએ ઘણી વખત જાહેર પણ કરેલું છે.

હાલના સૂત્રોમાં જે અનેક વિસંવાદો, વિરોધો દેખાય છે. તેનું એક કારણ ઉપર પ્રમાણે કાળના પ્રભાવે ફેરફારો થવાનું છે. આવા વિસંવાદી વિરોધોની ટીપ પુસ્તક રૂપે અજમેર સાધુ સંમેલન વખતે મુનિશ્રી મિશ્રીલાલજીએ તૈયાર કરેલી તે વહેંચવામાં આવેલી હતી. અને એ વિરોધી બાબતોનો હજુ સુધી કોઈ ખુલાસો કરી શક્યું નથી. આ વિસંવાદો વિરોધો વિષે વિશેષ સ્પષ્ટીકરણ આ પ્રકરણમાં જ આગળ ઉપર કરેલું છે.

આ ઉપરાંત કેટલાક વિરોધાભાસ તો મૂળના અર્થો નહિ સમજ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાથી, જે અપેક્ષાથી વિધાન કરવામાં આવ્યું હોય તે અપેક્ષાઓ કે હેતુઓ નહિ સમજવાથી ઉત્પન્ન થાય છે અને તેનો ઉપાય તો એ જ છે કે જ્ઞાની ગુરુ પાસે તે અપેક્ષાઓ, અર્થો, હેતુઓ સમજી લેવા.

આ બધા વિરોધો, મતભેદોનો સમન્વય કરવાને બદલે શ્વેતાંબર સંપ્રદાયના બધા ફિરકાઓ– શ્વે. મૂર્તિપૂજક, સ્થાનકવાસી, અને તેરા-પંથ એ ત્રણેય પોતપોતાના જૂદા જૂદા સૂત્રો તૈયાર કરવાની પ્રવૃત્તિમાં પડ્યા છે.

તેમાં શ્વે. મૂર્તિપૂજકો તો તેમના સૌથી પ્રાચીન ભંડારોમાં સૌથી પ્રાચીન સૂત્રો કાઢીને મૂળપાઠ તૈયાર કરે છે તે પ્રવૃત્તિ તો ઘણી જ સારી અને પ્રશંસનીય છે અને બીજા ફિરકાઓ એ મૂળ પાઠ સ્વીકારે તો ઉત્તમ કામ થાય.

બાકી શબ્દોના જુદાજુદા અર્થ કરી જુદાજુદા સૂત્રો તૈયાર કરી બહાર પાડવાની પ્રવૃત્તિ તો ખરેખર ધર્મની એકતાને ઘણી જ હાનિકારક છે. તેમાં દરેક સંપ્રદાયના વિદ્વાનોના સમય અને શ્રમનો વ્યય છે તેમજ નાણાંનો અસાધારણ વ્યય છે અને એકતાને દૂર હડસેલી સંપ્રદાયવાદને મજબૂત કરવામાં આવે છે.

દરેક સંપ્રદાયનો જુદા જુદા સૂત્રો બહાર પાડવામાં હેતુ એટલો જ છે કે તેમના સૂત્રોમાં તેમના જ મત પ્રમાણેનો શબ્દાર્થ આપવામાં આવે એટલે અનેકાંતવાદને તિલાંજલી આપીને તેમના સંપ્રદાયવાદને મજબૂત કરવામાં આવે. નહિંતર જુદાજુદા સૂત્રો બહાર પાડવાની કંઈ જ જરૂર નથી.

જે નવા સૂત્રો બહાર પાડવામાં આવે છે તે સૂત્રોમાં આધુનિક જમાનો માગે છે તેવી કોઈપણ જાતની વિશિષ્ટતા હોય તો તે નવા બહાર પડતા સૂત્રો આવકારદાયક ગણાય. પણ તેવું તો કંઈ જ તે સૂત્રોમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જોવામાં આવતું નથી. એટલે તે સૂત્રો પાછળ ખરચાતો લાખો રૂપીઆનો અપવ્યય જ ગણાય.

શ્વેતાંબર જૈન સમાજના ત્રણે ફિરકામાં આ રીતે નકામા લાખો રૂપીઆ વેડફાઈ જતા અટકાવવા માટે એકતાની ખાસ જરૂર છે. ભગવાન મહાવીરે આવા જુદા જુદા સંપ્રદાયો પ્રબોધ્યા નથી. માટે ખોટી હોંસાતોંસી મૂકી દઈને બધા ફિરકાઓએ એકત્ર થઈને, અનેકાંતવાદનો આશ્રય લઈને સર્વમાન્ય સૂત્રો બનાવવા જોઈએ,

તે માટે દરેક ફિરકાના વિદ્વાન સાધુઓએ ભેગા થઈને સૂત્રોમાંથી જે જે શબ્દો માટે મતભેદ કે પાઠભેદ હોય તે સંબંધમાં શાસ્ત્રીય રીતે, સૈદ્ધાંતિક રીતે ચર્ચા કરીને સાચા શબ્દ અને સાચા અર્થ નક્કી કરવા જોઈએ.

એટલે સૂત્રોનો સમન્વય કરવા માટે સૌથી પહેલી જરૂર એ છે કે સૂત્રોના અર્થમાં જે અપેક્ષા, હેતુ ગર્ભિત હોય તે સૂત્રની અંદર તે જ ઠેકાણે સ્પષ્ટતાથી સમજાય તેમ લખી નાખવું કે જેથી શંકા ઉપજવાનું સ્થાન રહે નહિ.

અને એક જ વિષયમાં જ્યાં જ્યાં જુદીજુદી રીતે પ્રતિપાદન કરેલું હોય ત્યાં તેનું શુદ્ધ સ્વરૂપ અથવા મૂળ સ્વરૂપ શોધી કાઢવા માટે મૂળ સિદ્ધાંતને અનુસરીને ખાસ નિયમો ઘડી કાઢવા જોઈએ. અને નિયમો પ્રમાણે જે વાત પ્રતિકૂળ લાગે તેને પ્રક્ષેપ ગણી રદ કરવી જોઈએ. અને તેમાં જ્યાં પ્રતિકૂળ ન હોવા છતાં મતભેદ પડે ત્યાં અનેકાંતવાદનો આશ્રય લઈ બંને વાત સ્વીકારી શકાય તો સ્વીકારવી અને તત્ત્વ કેવળી ગમ્ય રાખવું.

જ્યાં શ્વેતાંબર સંપ્રદાયના બધા ફિરકાઓના વિદ્વાનો મતભેદનું નિરાકરણ ન કરી શકે કે સમન્વય ન કરી શકે, ત્યાં દિગંબર શાસ્ત્ર–

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મતનો આધાર લઈને પણ બની શકે તેટલું નિરાકરણ કે સમન્વય કરી શકાય.

અલબત્ત આ સર્વ વિદ્વાનોનું જ કામ છે અને તે તેમણે નિષ્પક્ષપાતપણે જ કરવું જોઈએ અને એમ થાય તો જ સૂત્રોના સમન્વયનું કામ સહેલું થઈ શકે.

આ ઉપરાંત દિગંબર શાસ્ત્રો સાથે પણ સમન્વય કરવાનો છે. જો કે મૂળ સિદ્ધાંતોમાં કાંઈ તફાવત નથી પરંતુ કેટલીક બાબતમાં ગેરસમજથી પણ મતભેદ હોઈ શકે તે પણ તપાસવાનું હોય જ.

દાખલા તરીકે—આજસુધી આપણે માનતા આવ્યા છીએ કે આ લોકનો ' આકાર નીચેથી ગોળ છે અને તે સાત રાજુ વ્યાસનો છે અને ઉપર જતાં ઘટતો જઈ મધ્યમાં ફક્ત એક રાજુ વ્યાસ જેટલો જ રહી જાય છે. વળી ઉપર જતાં વધતો જઈ સાડા ત્રણ રાજુ ઊંચે જતાં પાંચ રાજુ વ્યાસ થઈ જાય છે. વળી ત્યાંથી ઉપર ઘટતો જતાં સાડાત્રણ રાજુ ઉંચાઈએ પહોંચતાં એક રાજુ વ્યાસ રહી જાય છે.

આ પ્રમાણે લોકનો આકાર, મનુષ્ય પગ પહોળા કરી બંને હાથ કેડ પર રાખી ઉભો રહે ત્યારે તેનો જેવો આકાર થાય તેવો આકાર લોકનો છે. આ આપણી ચાલુ માન્યતા છે અને આ જગશ્રેણીનું ઘનફળ સાત રાજુ ઘનપ્રમાણ એટલે ૭×૭×૭=૩૪૩ ઘનરાજુનું કહેલું છે.

પરંતુ અધોલોક તથા ઊર્દ્ધ્વલોકમાંના ક્ષેત્રોનું જુદું જુદું ઘનફળ કાઢીને મેળવતાં ૩૪૩ ઘનરાજુ કરતાં ઘણું ઓછું થાય છે. એ વાત ગણિતથી હિસાબ કરીને દિગંબરોના ષટ્ખંડાગમ શાસ્ત્રના ચોથા ભાગમાં બતાવેલી છે તેમાં ગણિતની વિગત તેમજ સમજુતી પણ આપી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને તે પ્રમાણેના હિસાબથી તફાવત દેખાતાં ષટ્ખંડાગમની ધવલ નામની ટીકા રચનારે લોકનો આકાર નીચેથી સમચોરસ સિદ્ધ કર્યો છે અને તેના સંપાદક પ્રોફેસર શ્રી હીરાલાલ જૈને લાકડાના મોડેલો (આકૃતિઓ) બનાવી ખાત્રી કરી છે કે ધવલાકારનું લખવું બરાબર છે, પ્રમાણભૂત છે. તેથી તેમણે તે મોડેલો (આકૃતિઓ)નાં કેટલાંક ચિત્રો પણ તે પુસ્તકમાં આપેલ છે.

તે ઉપરથી સમજાય છે કે લોકનો આકાર નીચેથી સમચોરસ છે અને પૂર્વ પશ્ચિમ એ દિશામાં ઉપર કહેલી આપણી માન્યતાનુસાર એ જ ક્રમ પ્રમાણે મધ્ય સુધી ઓછું થતું જાય છે પરંતુ ઉત્તર દક્ષિણ એ દિશાઓમાં તેનો આકાર વેત્રાસન જેવો ઊભો દેખાય છે એટલે ઉત્તર દક્ષિણ દિશામાં બધે સાત રાજુ પ્રમાણ હોય છે. આ પ્રમાણેનો આકાર માનીને જુદા જુદા ક્ષેત્રોનું ઘનફળ કાઢીને સરવાળો મેળવતાં બરાબર ૩૪૩ ઘનરાજુ થઈ જાય છે.

શ્વેતાંબર વિદ્વાનોએ આ હિસાબ તપાસીને ખાત્રી કરી લેવી જોઈએ અને તે હિસાબ બરાબર જણાય તો તે વાત સ્વીકારીને આપણી જૂની માન્યતામાં તેટલો સુધારો કરવો જોઈએ.

બીજી પણ આવી બાબતો તપાસીને સમન્વય કરવાથી શ્વેતાંબર દિગંબર આગમોનો સમન્વય થઈ શકે તેમ છે.

## દિગંબર ગ્રંથોમાં પૂર્વાપર વિરોધ

દિગંબર ગ્રંથોમાં પણ પૂર્વાપર અનેક વિરોધો છે. એવા કેટલાક વિરોધો, વિવેચન સહિત નોંધીને બ્રહ્મચારી શ્રી મૂળચંદ દેસાઈએ "જિનાગમ" નામના પુસ્તકમાં પ્રગટ કરેલ છે. એટલે દિગંબરોએ પણ એ સર્વ વિરોધી બાબતો એટલે મતભેદોને શ્વેતાંબર મત સાથે સરખાવીને, મળતો મત ગ્રહણ કરીને બીજો મત છોડી દેવો જોઈએ કે જેથી આગમનો બરાબર સમન્વય થઈ જાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શ્વે. સૂત્રોમાં પારસ્પરિક વિરોધ અને મતભેદના કારણો.

સૂત્રો સંબંધમાં ખરી વાત એ છે કે અત્યારે જે સૂત્રો ઉપલબ્ધ છે તે સંપૂર્ણ મૂળ સૂત્રો તો નથી જ. તેમાંનો થોડો ભાગ મૂળ હોય તો ના નહિ.

પૂર્વાચાર્યો તેમના શિષ્યોને શિખડાવવાને માટે મૂળ સૂત્રો ઉપર વિવેચન કરતા. આ વિવેચન પદ્યમાં કરતા કે જેથી શિષ્યોને તે બરાબર યાદ રહી શકે. કારણકે તે વખતે સૂત્રો મુખપાઠ જ રહેતા.

ક્રમેક્રમે યાદદાસ્ત ઓછી થતી ગઈ તેમ તેમ મૂળ સૂત્રોનો મોટો ભાગ ભૂલાતો ગયો. એટલું જ નહિ પણ પૂર્વાચાર્યોના વિવેચનનો પણ ઘણો ભાગ ભૂલાતો ગયો.

મૂળ સૂત્ર અને પૂર્વાચાર્યોની કૃતિઓ જુદી પાડવામાં આવતી નહોતી, તેમજ તેમની કૃતિમાં કોઈ પૂર્વાચાર્ય પોતાનું નામ દાખલ કરતા નહોતા, પરંતુ પરંપરાથી મળેલ મૂળ તથા વિવેચનમાં જમાના પ્રમાણે જરૂરનો ઉમેરો કરતા હતા. એટલે હાલના સૂત્રો તે મૂળ તથા પૂર્વાચાર્યોના વિવેચનોમાંથી યાદ રહેલો સંગ્રહ છે.

હાલના ઉપલબ્ધ સૂત્રોમાં કેટલેક ઠેકાણે પરસ્પર વિરોધી વાતો અથવા મતભેદો જોવામાં આવે છે તેનાં અનેક કારણો છે. તેમાંના થોડાક નીચે પ્રમાણે છે—

## મતભેદનાં કારણો

(૧) જુદા જુદા પૂર્વાચાર્યોના વિવેચનોનો સંગ્રહ હોવાથી સૂત્રોમાં કેટલેક ઠેકાણે પરસ્પર વિરોધી બાબતો દેખાય છે કારણ કે જુદા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જુદા પૂર્વાચાર્યોએ પાતપોતાની મતિ અનુસાર વિવેચન કર્યું હોય તેથી કેટલાક વિષયોમાં મતભેદ પેસી ગયો હોય.

(૨) ક્રમબદ્ધ વિવેચન યાદ નહિ હોવાથી અથવા યાદ નહિ રહેવાથી વિષયનો સંબંધ તૂટી ગયો. તેથી ગેરસમજુતી ઉત્પન્ન થવા જેવું બન્યું છે.

(૩) સૂત્રમાં કયે ઠેકાણે કઈ અપેક્ષાથી અમુક વસ્તુનું પ્રતિપાદન કરવામાં આવેલું છે તે નોંધાયેલું નહિ હોવાથી ગેરસમજ ઊભી થવા જેવું બન્યું છે.

(૪) સૂત્રોના વિષયો ચાર વિભાગમાં વહેંચાયલા છે તેને ચાર અનુયોગ કહે છે. સૂત્રોમાં કયા ઠેકાણે કયા અનુયોગને લક્ષી વ્યાખ્યાન કરેલું છે તેનો કયાંય કશો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. તેથી ગેરસમજુતી ઉત્પન્ન થઈ વિરોધ દેખાય છે.

(૫) સૂત્રોના મૂળ હાર્દને ઉવેખીને તર્કબાજી ચલાવીને નવા ખોટા અર્થ ઉપજાવીને મતભેદ ઊભો કરેલો છે.

(૬) કર્મગ્રંથો અને સિદ્ધાંત ગ્રંથોના નિરૂપણમાં મતભેદ છે.

આમાંના પહેલા ત્રણ કારણો શરૂઆતના વિવેચન ઉપરથી સમજી શકાય છે, બાકીના એટલે છેલ્લા ત્રણ કારણો સંબંધી થોડું વિવેચન કરીએ.

## શ્વે. સૂત્રોના અનુયોગો

શ્વે. સૂત્રોના ચાર અનુયોગો આ પ્રમાણે છે—(૧) દ્રવ્યાનુયોગ, (૨) ચરણકરણાનુયોગ, (૩) ગણિતાનુયોગ અને (૪) ચરિતાનુયોગ અથવા કથાનુયોગ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**દ્રવ્યાનુયોગ**—દ્રવ્ય એટલે તત્ત્વ અને અનુયોગ એટલે મીમાંસા. દ્રવ્યાનુયોગ એટલે આત્મા વગેરે દ્રવ્યોની મીમાંસા અથવા તત્ત્વોનું વિવેચન. દ્રવ્યાનુયોગ તત્ત્વજ્ઞાનનો વિષય છે અને તે નિશ્ચયનયને અનુસરે છે.

**ચરણકરણાનુયોગ**—ચરણકરણાનુયોગમાં ક્રિયાકાંડ, દૈનિક આવશ્યક, શ્રાવક તથા સાધુના આચારોનું વિવેચન છે. ચરણકરણાનુયોગમાં **વ્યવહારનયથી** વિવેચન કરવામાં આવેલ હોય છે.

**ગણિતાનુયોગ**—ગણત્રીનું જેમાં વિશેષ કામ હોય તેવા વિષયોની મીમાંસા ગણિતાનુયોગમાં છે. જેમકે-પૃથ્વીનું વર્ણન, સ્વર્ગ નરક વગેરેનું વર્ણન એટલે કે ખગોળ તથા ભૂગોળના પરિમાણોનું વર્ણન એ ગણિતાનુયોગનો વિષય છે.

**ચરિતાનુયોગ**—કલ્પિત કે ઐતિહાસિક કથાચરિત્રોનો સંગ્રહ- તે ચરિતાનુયોગ અથવા કથાનુયોગ. એમાં ધાર્મિક, સામાજિક આદિ સર્વ વિષયોને લગતી કથાઓ હોય છે.

આ ચાર વિભાગો અથવા અનુયોગો વિષયને અનુલક્ષીને પાડવામાં આવેલ છે. પરંતુ તે વિભાગ પ્રમાણે જ અલગ અલગ સૂત્રો નથી, પરંતુ દરેક સૂત્રમાં એકથી વધારે અનુયોગોને લક્ષીને કથન છે. પરંતુ તેમાં કયે ઠેકાણે કયા અનુયોગને અનુસરીને અથવા કઈ અપેક્ષાએ તે કથન છે તે સ્પષ્ટતાથી કહેવામાં આવેલું હોતું નથી, અને તેથી જ ગેરસમજ ઊભી થાય છે અને પરસ્પર વિરોધ દેખાય છે.

શ્વેતાંબર અનુયોગોનું શું શું પ્રયોજન છે, તેમાં ક્યા કયા વિષયો સમાય છે તેનું વિસ્તૃત વર્ણન કરવામાં આવેલું નથી. પરંતુ દિગંબરોમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમના અનુયોગોનું ઘણું વિસ્તૃત વર્ણન છે. દિગંબરોમાં પણ ચાર અનુયોગો મનાય છે જ. પરંતુ તેમના નામમાં અને તેથી તેના વિષય-માં પણ થોડો ફરક છે.

## દિગંબર શાસ્ત્રોના અનુયોગો

દિગંબરો શાસ્ત્રોના ચાર અનુયોગો આ પ્રમાણે માને છે—

(૧) પ્રથમાનુયોગ એટલે કથાનુયોગ અથવા ચરિતાનુયોય. (૨) કરણાનુયોગ (૩) ચરણાનુયોગ અને (૪) દ્રવ્યાનુયોગ.

**પ્રથમાનુયોગ**—મંદબુદ્ધિવાળાને કથા, વાર્તા, ચરિત્રોથી સામાન્ય ધર્મનું જ્ઞાન આપી શકાય છે. તેથી કથાનુયોગને પહેલો મૂકયો છે એટલે કે કથાને પ્રથમાનુયોગ કહેલ છે.

કથાનુયોગમાં સંસારની વિચિત્રતા, પુણ્યપાપનાં ફળ ઇત્યાદિ મહા પુરુષોનાં ચરિત્રોદ્વારા નિરૂપણ કરી જીવોને ધર્મમાં લાવવાનો પ્રયાસ છે.

**કરણાનુયોગ**—કરણાનુયોગ ભાવને માને છે: જીવ પહેલાં ભાવ કરે છે અને પછી તે પ્રમાણે ક્રિયા—વર્તન કરે છે. તેથી પ્રથમાનુયોગ પછી પહેલો કરણાનુયોગ મૂકયો છે.

તીર્થંકર ભગવાને કેવળજ્ઞાનમાં જેમ જાણ્યું તેમ કરણાનુયોગમાં વ્યાખ્યાનથી યથાર્થ પદાર્થ જણાવવાનું મુખ્ય પ્રયોજન છે, પણ તેમાં આચરણ કરાવવાની મુખ્યતા નથી.

**કર્મપ્રકૃતિઓનું** વર્ણન, કર્મફળ ભોગવવાના સ્થાનનું વર્ણન, જીવોની તથા કર્મની વિશેષતા, **ગુણસ્થાન, માર્ગણા,** ત્રણ **લોકમાં** સ્વર્ગ નરક આદિનું વર્ણન વગેરે વર્ણનોથી જીવને સમજણ આપી તેને ધર્મમાં લાવવાનો આ અનુયોગનો પ્રયત્ન છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરણ એટલે ગણિતકાર્યના કારણરૂપ જે સૂત્ર તેનો અનુયોગ અથવા અધિકાર તે કરણાનુયોગ છે. આ અનુયોગમાં ગણિત વર્ણનની મુખ્યતા છે.

કરણાનુયોગ શરીર આદિ નોકર્મને બાધક નથી માનતો પણ માત્ર કર્મને જ બાધક માને છે. કરણાનુયોગ વસ્ત્રાદિકને બાધક નથી માનતો. કારણ કરણાનુયોગ ભાવને માને છે તેથી તે મૂર્ચ્છાને પરિગ્રહ માને છે.

કરણાનુયોગમાં પાંચ ભાવમાંથી ચાર ભાવો માનવામાં આવે છે. (૧) ઔદયિક, (૨) ઔપશમિક, (૩) ક્ષાયોપશમિક અને (૪) ક્ષાયિક. કરણાનુયોગમાં જ સંવર નિર્જરાના ભેદ પડે છે, કરણાનુયોગમાં જ જ્ઞાનના લબ્ધિ અને ઉપયોગરૂપ ભેદ પડે છે અને બુદ્ધિપૂર્વક કે અ-બુદ્ધિપૂર્વક રાગાદિ કરણાનુયોગમાં જ માનવામાં આવે છે.

**ચરણાનુયોગ**—ભાવ પછી આચરણ આવે છે તેથી કરણાનુયોગ પછી ચરણાનુયોગને મૂકેલ છે. ચરણાનુયોગ એ **માત્ર બાહ્ય વ્યવહાર છે**. તેમાં આચારની મુખ્યતા છે. ચરણાનુયોગ બાહ્યપદાર્થને પરિગ્રહ માને છે એટલે વસ્ત્રાદિકને બાધક માને છે.

ચરણાનુયોગ **ધર્મના સાધનો, વ્રતો, અનુષ્ઠાનોનું નિરૂપણ** કરી રાગના કારણને છોડાવે છે, નોકર્મ છોડવાનો ઉપદેશ આપે છે. કારણ કે સંસારી જીવોને પદાર્થોમાં રાગ થાય છે. પદાર્થ રાગ કરાવતો નથી પણ ચરણાનુયોગ કારણનો ત્યાગ કરવાનો ઉપદેશ આપે છે. જો કે ખરું તો મૂર્ચ્છાભાવ, મમત્વનો ત્યાગ કરવો એ જ કાર્યકારી છે,

**ચરણાનુયોગ છદ્મસ્થ જીવોને બુદ્ધિગમ્ય વાતોનું જ વ્યાખ્યાન કરે છે.** તે નોકર્મને સાધકબાધક માને છે ત્યારે કરણાનુયોગ અબુદ્ધિપૂર્વક સમયવર્તી પર્યાયની વાત કરે છે અને નોકર્મને સાધક-બાધક માનતો નથી પરંતુ દ્રવ્યકર્મને બાધક માને છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**દ્રવ્યાનુયોગ**—દ્રવ્યાનુયોગમાં દ્રવ્યોનું અને તત્ત્વોનું, આત્માના દ્રવ્યગુણપર્યાયનું કથન કરેલું છે. દ્રવ્યાનુયોગ નિશ્ચયનયને જ અનુસરે છે. તેમાં ઉપચારથી કથન નથી થતું. સુખદુઃખનું જે યથાર્થ કારણ છે એ જ બતાવવામાં આવે છે.

આત્મા પોતાના ભાવોથી જ સુખી કે દુઃખી થાય છે. અરિહંત દેવ નિર્ગ્રંથ ગુરુ તથા સત્શાસ્ત્ર કોઈ પર–જીવ ઉપર ઉપકાર કરી શકતું નથી એ કથન દ્રવ્યાનુયોગનું જ છે.

દ્રવ્યાનુયોગ ફક્ત પારિણામિક ભાવને જ માને છે. જે જીવને દ્રવ્યાનુયોગનું જ્ઞાન નથી તે જીવ પોતાનું કલ્યાણ કરી શકતો નથી.

ઉપર પ્રમાણે દિગંબર અનુયોગોનું બહુ ટૂંકામાં મેં વર્ણન આપ્યું છે. તે ઉપરથી જોઈ શકાશે કે પહેલાં તો તેમના નામોનો ક્રમ ઉલટો છે. શ્વે. અનુયોગોમાં દ્રવ્યાનુયોગ પહેલો અને કથાનુયોગ છેલ્લો છે ત્યારે દિગંબરોમાં કથાનુયોગ પહેલો છે અને દ્રવ્યાનુયોગ છેલ્લો છે.

પરંતુ બીજો મોટો ફરક એ છે કે શ્વેતાંબરમાં ચરણકરણાનુયોગ એ એક જ યોગ છે, તેના દિગંબરોએ બે ભાગ કરી નાખ્યા છે—(૧) કરણાનુયોગ અને (૨) ચરણાનુયોગ. કરણાનુયોગ ભાવપ્રધાન છે ત્યારે ચરણાનુયોગ ક્રિયાપ્રધાન છે. શ્વેતાંબરમાં ગણિતાનુયોગ અલગ છે ત્યારે દિગંબરોએ ગણિતાનુયોગને કરણાનુયોગમાં ભેળવી દીધો છે.

## તર્કવાદ

સૂત્રોના અર્થમાં મતભેદનું પાંચમું કારણ તર્કવાદ છે, સૂત્રના નિરૂપણમાં જે હેતુ હોય, સૂત્રનું જે હાર્દ હોય તેને ઉવેખીને નવી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શિથિલ પરિસ્થિતિને અનુરૂપ બનવા માટે સૂત્રોના શબ્દોના પોતાને અનુકૂળ નવા ખોટા અર્થ ઉપજાવી કાઢવા તે તર્કવાદ છે.

પાંચમા આરાની શરૂઆતથી બુદ્ધિવાદ શરૂ થયો અને બુદ્ધિવાદે તર્કવાદ ઉપજાવ્યો છે. કાળના પ્રભાવથી મનુષ્યની શક્તિ હીન થતી ગઈ. તેથી મનુષ્ય ચોથા આરાના જેવો કડક આચાર પાળવા અશક્ત બનતો ગયો. જેમ જેમ અશક્તિ વધતી ગઈ તેમ તેમ રાગ અને મોહ પણ વધતા ગયા, તેથી શિથિલાચાર વધતો ગયો, તે શિથિલાચારને યોગ્ય ઠરાવવા માટે શબ્દોના નવા નવા અર્થો ઉપજાવવા માંડયા.

શિથિલાચારને યોગ્ય ઠરાવનાર તર્કવાદનો મોટો દાખલો તે સાધુઓ માટેનું હાલનું નિશીસૂત્ર—ભાષ્યચૂર્ણિસહિતનું નિશીથસૂત્ર.

પૂર્વાચાર્યોએ સાધુઓના શિથિલાચારને યોગ્ય ઠરાવવા માટે નિશીથસૂત્રની ચૂર્ણિ વગેરે કરી નવા અર્થ ઉપજાવ્યા તેમ શ્રાવકોના આચાર માટેના વિધાનોમાં પણ શબ્દોના નવા અર્થો ઉપજાવ્યા.

દાખલા તરીકે—સ્થૂળ બ્રહ્મચર્ય વ્રત અથવા સ્થૂળ મૈથુન વિરમણ વ્રત નામનું ચોથું અણુવ્રત. બ્રહ્મચર્ય એ જીવનો શુદ્ધ સ્વભાવ છે. પણ જીવ અનાદિકાળથી વિભાવમાં વર્તતો આવ્યો છે, મૈથુન—અબ્રહ્મ સેવતો આવ્યો છે. હવે જીવને બ્રહ્મચર્ય ઉપર લાવવાને માટે તેની કામવૃત્તિને અંકુશમાં લાવવી જોઈએ. તેટલા માટે જીવની કામવૃત્તિને પહેલાં પરિમિત બનાવવાનો ઉપાય કર્યો, તે ઉપાય આ ચોથું અણુવ્રત.

**અણુવ્રતનો હેતુ મનુષ્યની કામવૃત્તિને ક્રમે ક્રમે ઓછી ઓછી કરતા જઈ છેવટે તેનો ક્ષય કરી તેને સંપૂર્ણ બ્રહ્મચર્યમાં લાવવાનો છે.** એટલે આ વ્રતમાં શરૂઆતમાં થોડા પર્વના દિવસોમાં સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવાનું છે. અને આસ્તે આસ્તે તે પર્વના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દિવસો એટલે બ્રહ્મચર્ય પાળવાના દિવસો વધારતા જવાનો આ વ્રતનો ઉદ્દેશ છે.

આ ઉદ્દેશને બર લાવવાને માટે પહેલાં તો **મનુષ્યને સંસારની બીજી સર્વ સ્ત્રીઓને છોડીને તેની પોતાની પત્ની સાથે જ તેની કામવૃત્તિને સંતોષવાની છૂટ આપી.** તેવી જ રીતે સ્ત્રીને સંસારના સર્વ પુરુષોને છોડીને તેના પતિથી જ કામવૃત્તિ સંતોષવાની છૂટ આપી.

આ પ્રમાણે પુરુષને તેની પત્ની સિવાય **બીજી સર્વ સ્ત્રીઓ પરસ્ત્રી થઈ** અને તેની પત્ની તે સ્વસ્ત્રી અથવા સ્વદારા થઈ. અને સ્ત્રીને બીજા બધા પુરુષો પરપુરુષ થયા અને ફક્ત પોતાનો પતિ તે જ સ્વપુરુષ થયો.

એટલે આ વ્રતનું બીજું નામ સ્વદારાસંતોષ અને પરસ્ત્રીત્યાગ એવું પડ્યું અને સ્ત્રીના વ્રતનું નામ એ રીતે જ સ્વપતિસંતોષ અને પરપુરુષત્યાગ એમ થયું.

**આ વ્રત એક જ છે પરંતુ** કાળપ્રભાવે કામવૃત્તિ વધતી ગઈ તેથી **કામવૃત્તિ પોષવા છતાં વ્રતભંગ ન થાય તેવા ઉપાયો શોધવા માંડ્યા.** એટલે સૌથી પહેલાં તો **આ વ્રતના બે વિભાગ કરી નાંખ્યા.**—(૧) સ્વદારાસંતોષ વ્રત અને (૨) પરસ્ત્રીત્યાગ વ્રત.

તે પછી આ વ્રતના અતિચારોમાંના શબ્દોના જુદા જુદા અર્થ કરી અને તેટલી વધુ છૂટ લેવાના પ્રયાસો થઈ ગયા. એટલે કે મૂળ હેતુ કામવૃત્તિ દબાવવાનો હતો તે ધ્યાનમાં જ નહિ લેતાં કામવૃત્તિના પોષણના જ ઉપાયો કર્યા.

જેમકે—આ વ્રતનો બીજો અતિચાર અપરિગ્રહીતાગમનનો છે. અપરિગ્રહીતા ( અ—નાથ ) હોવાથી તેમાં પરસ્ત્રીપણાનો અભાવ ગણ્યો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને તે પરસ્ત્રી નથી માટે તેની સાથેના ગમનની છૂટ અપાઇ !

પહેલો અતિચાર ઇત્વરિક પરિગ્રહીતાગમનનો છે. ઇત્વરિક એટલે ભાડું આપીને થોડા વખત માટે રાખેલી સ્ત્રી. તેવી સ્ત્રી વેશ્યા હોય અને વેશ્યા પરસ્ત્રી નથી એમ ગણી વેશ્યાગમનની છૂટ આપી !

વળી વેશ્યાએ બીજા કોઈ પુરુષનું ભાડું લીધું હોય છતાં તેની સાથે ગમન કરે તો જ તે પરદારા કહેવાય એમ તર્ક ચલાવી વેશ્યાગમનની છૂટ આપી !

એવી રીતે એક જ વ્રતને બે વ્રતમાં ફેરવી નાંખીને પૂર્વાચાર્યોએ અનેક રીતે એવી છૂટો આપી છે કે આ વ્રતનું જરા પણ અર્થસાધકપણું રહ્યું નથી.

આવી રીતે ભક્ત શ્રાવકોને ખુશ કરવા માટે ઘણા શબ્દોના પૂર્વાચાર્યોએ મનમાનતા અર્થ ઉપજાવી મતભેદ ઊભા કર્યા છે.

## કાર્મિક અને સૈદ્ધાંતિક મતભેદ

કેટલાક વિષયોમાં સૂત્રોના વિધાનમાં અને કર્મગ્રંથોના વિધાનમાં મતભેદો છે. ત્યારે સૂત્રોનું વિધાન પ્રમાણ ગણવું કે કર્મગ્રંથોનું વિધાન પ્રમાણ ગણવું એ મોટો પ્રશ્ન થઈ પડે છે. તેથી તે સંબંધી થોડો વિચાર કરવો જોઈએ.

હાલના ઉપલબ્ધસૂત્રો એ મોટે ભાગે મૂળ સૂત્રો ઉપરના પૂર્વાચાર્યોના વિવેચનોનો યાદ રહેલો સંગ્રહ છે એ આપણે આ લેખની શરૂઆતમાં જોઈ ગયા છીએ. કાળના પ્રભાવે યાદશક્તિ ઓછી થતી જવાથી ઘણું ભૂલાઈ ગયું. તેથી આ વિવેચનોમાં જુદા જુદા પૂર્વાચાર્યોની જુદી જુદી મતિ અનુસારની પ્રરૂપણા હોય તે સ્વભાવિક છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કર્મગ્રંથો મૂળ, ચૌદપૂર્વોમાંના બીજા અને પાંચમા પૂર્વમાંથી ઉદ્ધારેલા છે તેથી મૂળ કર્મગ્રંથોને યથાર્થ ગણી શકાય. કર્મગ્રંથો ઉપરના ચૂર્ણિ, વૃત્તિ વગેરે વિવેચનો પરંપરાથી મળેલા જ્ઞાન ઉપરથી પૂર્વાચાર્યોએ લખેલા છે, તેથી કર્મગ્રંથોમાં પણ સૂક્ષ્મ બાબતોમાં મત-ભેદ દેખાય છે.

સૂત્રો અને કર્મગ્રંથોની આ સત્ય હકીકત, સ્થિતિ છે. આ ઉપરથી સૂત્રો અને કર્મગ્રંથોમાંથી વધારે પ્રામાણ્ય કોને ગણવા તે વાંચકો પોતાની મેળે સમજી શકશે.

## શ્રીમદ્ રાજચંદ્રના ઉદ્ગારો

શ્રીમદ્ રાજચંદ્રે સૂત્રો સંબંધી ઘણું લખ્યું છે તે પણ જાણવા જેવું છે. તેથી તેમના લખાણોમાંથી થોડાક અવતરણો અહિં ઉધ્ધૃત કરું છું. શ્રીમદ્ લખે છે કે—

“શ્રીમત્ વર્ધમાન જિન વર્તમાન શાસનના ચરમ તીર્થંકરની શિક્ષાથી હાલ મોક્ષમાર્ગનું અસ્તિત્વ વર્તે છે. એ તેમના ઉપકારને સુવિહિત પુરુષો વારંવાર આશ્ચર્યમય દેખે છે.

કાળના દોષથી અપાર શ્રુતસાગરનો ઘણો ભાગ વિસર્જન થતો ગયો અને બિંદુમાત્ર અથવા અલ્પમાત્ર વર્તમાનમાં વિદ્યમાન છે. ......શ્રુત અલ્પ રહ્યું છતાં, મતમતાંતર ઘણા છતાં, સમાધાનનાં કેટલાંક સાધનો પરોક્ષ છતાં, મહાત્માપુરુષોનું ક્વચિતત્વ છતાં હે આર્યજનો ! સમ્યગ્દર્શન, શ્રુતનું રહસ્ય એવો પરમપદનો પંથ, આત્માનુભવના હેતુ સમ્યક્ચારિત્ર અને વિશુદ્ધ આત્મધ્યાન આજે પણ વિદ્યમાન છે એ પરમ હર્ષનું કારણ છે.

વર્તમાનકાળનું નામ દુઃસમકાળ છે. તેથી દુઃખે કરીને—ઘણા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અંતરાયથી, પ્રતિકૂળતાથી, સાધનનું દુર્લભપણું હોવાથી—મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. પણ વર્તમાનમાં મોક્ષમાર્ગનો વિચ્છેદ છે એમ ચિંતવવું જોઈતું નથી."—પાનું ૫૮૧.

( નોંધ—મોક્ષમાર્ગનો વિચ્છેદ એટલે મોક્ષમાર્ગનું યથાર્થ નિરૂપણ કરનાર સૂત્ર સિદ્ધાંતોનો વિચ્છેદ છે એમ ચિંતવવું નહિ. ન.ગિ. શેઠ.)

" સિદ્ધાંતનાં બાંધા વિષે એમ સમજવું કે **આપણી બુદ્ધિ ન પહોંચે તેથી તે વચનો અસત્ છે એમ ન કહેવું**, કારણ કે જેને તમે અસત્ કહો છો તે શાસ્ત્રથી જ પ્રથમ તો તમે જીવ, અજીવ એવું કહેતાં શિખ્યા છો. અર્થાત્ **તે જ શાસ્ત્રોને આધારે જ તમે જે કાંઈ જાણો છો તે જાણ્યું છે.**

તો પછી **તેને અસત્ કહેવા તે ઉપકારને બદલે દોષ કરવા બરાબર ગણાય.** વળી શાસ્ત્રના લખનારાઓ પણ વિચારવાન હતા તેથી તે સિદ્ધાંત વિષે જાણતા હતા. મહાવીર સ્વામી પછી ઘણે વર્ષે લખાણા છે માટે અસત્ કહેવા તે દોષ ગણાય."—પાનું ૬૮૪.

" **સૂત્રો અને બીજા પ્રાચીન પ્રાચીન આચાર્યે તદનુસાર રચેલાં ઘણાં શાસ્ત્રો વિદ્યમાન છે.** સુવિહિત પુરુષોએ તો હિતકારી મતિથી જ રચ્યાં છે. કોઈ મતવાદી, હઠવાદી અને શિથિલતાના પોષક પુરુષોએ રચેલા કેટલાંક પુસ્તકો સૂત્રથી અથવા જિનાચારથી મળતાં ન આવતાં હોય અને પ્રયોજનની મર્યાદાથી બાહ્ય હોય તે પુસ્તકોના ઉદાહરણથી પ્રાચીન સુવિહિત આચાર્યોના વચનોને ઉત્થાપવાનો પ્રયત્ન ભવભીરૂ મહાત્માઓ કરતા નથી, પણ તેથી ઉપકાર થાય છે એમ જાણી તેનું બહુમાન કરતા છતા યથાયોગ્ય સદુપયોગ કરે છે."
—પાનું ૫૮૧

" જિનાગમ છે તે ઉપશમ સ્વરૂપ છે. ઉપશમ-સ્વરૂપ એવા પુરુષોએ ઉપશમને અર્થે તે પ્રરૂપ્યાં છે. તે ઉપશમ આત્માર્થે છે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અન્ય કોઈ પ્રયોજન અર્થે નથી. **આત્માર્થમાં જો તેનું આરાધન કરવામાં ન આવ્યું તો તે જિનાગમનું શ્રવણ, વાંચન નિષ્ફળરૂપ છે.** એ વાર્તા અમને તો નિઃસંદેહ યથાર્થ લાગે છે.

દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઈચ્છે છે અને દુઃખની નિવૃત્તિ, દુઃખ જેનાથી જન્મ પામે છે એવા રાગદ્વેષ અને અજ્ઞાન આદિ દોષની નિવૃત્તિ થયા વિના, થવી સંભવતી નથી.

તે રાગાદિ નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઈ નથી, વર્તમાનકાળમાં થતી નથી, ભવિષ્યમાં થઈ શકે તેમ નથી, એમ સર્વજ્ઞાની પુરુષોને ભાસ્યું છે. માટે તે આત્મજ્ઞાન જીવને પ્રયોજનરૂપ છે.

તેનો સર્વશ્રેષ્ઠ ઉપાય સદ્ગુરુવચનનું શ્રવણવું કે સત્શાસ્ત્રનું વિચારવું એ છે. જે કોઈ જીવ દુઃખની નિવૃત્તિ ઈચ્છતો હોય, સર્વથા દુઃખથી મુક્તપણું તેને પ્રાપ્ત કરવું હોય તેને એ જ એક માર્ગ આરાધ્યા સિવાય અન્ય બીજો કોઈ ઉપાય નથી.

**માટે જીવે સર્વ પ્રકારનાં મતમતાંતરનો, કુળધર્મનો, લોકસંજ્ઞારૂપ ધર્મનો, ઓઘસંજ્ઞારૂપ ધર્મનો ઉદાસભાવ ભજી એક આત્મવિચાર કર્તવ્યરૂપ ધર્મ ભજવો યોગ્ય છે." પત્રાંક ૩૭૫**

**"સૂત્રો, શાસ્ત્રો, ચૌદ પૂર્વનું જ્ઞાન, મુનિપણું, શ્રાવકપણું,** હજારો જાતનાં સદાચારણ, તપશ્ચર્યા આદિ જે જે સાધનો, જે જે મહેનતો, જે જે પુરુષાર્થ કહ્યા છે તે **એક આત્માને ઓળખવા માટે, શોધી કાઢવા માટે, કહ્યા છે.** તે પ્રયત્ન જો આત્માને ઓળખવા માટે, શોધી કાઢવા માટે આત્માને અર્થે થાય તો સફળ છે નહિતર નિષ્ફળ છે. જો કે તેથી **બાહ્યફળ થાય પણ ચાર ગતિનો છેદ થાય નહિ."**
—પાનું ૭૧૬.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"સૂત્ર અને સિદ્ધાંત એ બે જુદાં છે. સાચવવા સારૂ સિદ્ધાંતો સૂત્રરૂપી પેટીમાં રાખવામાં આવ્યા છે. દેશકાળને અનુસરી સૂત્ર રચવામાં એટલે ગુંથવામાં આવે છે. અને તેમાં સિદ્ધાંતની ગુંથણી કરવામાં આવે છે. તે સિદ્ધાંતો ગમે તે કાળમાં, ગમે તે ક્ષેત્રમાં ફરતા નથી અથવા ખંડિતપણાને પામતા નથી. જો તેમ થાય તો તે સિદ્ધાંત નથી **સિદ્ધાંતો ગમે તે દેશમાં, ગમે તે ભાષામાં, ગમે તે કાળમાં લખાણા હોય તો પણ અસિદ્ધાંતપણાને પામતા નથી."**—પાનું ૭૫૧.

"સિદ્ધાંત છે તે પ્રત્યક્ષ છે. જ્ઞાનીના અનુભવગમ્યની બાબત છે. તેમાં અનુમાનપણું કામ આવતું નથી. અનુમાન એ તર્કનો વિષય છે. અને તર્ક એ આગળ જતાં કેટલીકવાર ખોટો પણ પડે. પરંતુ પ્રત્યક્ષ જે અનુભગમ્ય છે તેમાં કાંઇપિણ ખોટાપણું સમાતું નથી. જ્યાંસુધી અનુભવગમ્ય ન થાય ત્યાંસુધી સુપ્રતીતિ રાખવા જરૂર છે અને સુપ્રતીતિ ક્રમે ક્રમે કરી અનુભવગમ્ય છે." —પાનું ૭૫૧.

"સૂત્ર, સિદ્ધાંત, શાસ્ત્રો સત્પુરુષના ઉપદેશ વિના ફળતાં નથી. **ફેરફાર જે છે તે વ્યવહાર માર્ગમાં છે. મોક્ષમાર્ગ તો ફેરફાર-વાળો નથી, એક જ છે.** તે પ્રાપ્ત કરવામાં શિથિલપણું છે. જીવને અમૂર્ચ્છિત કરવો એ જ જરૂરનું છે." —પાનું ૭૫૪.

દિગંબરોએ શ્વે. સૂત્રોને અમાન્ય કર્યા છે તે યોગ્ય નથી તે દર્શાવવા શ્રીમદ્ રાજચંદ્રે લખ્યું છે કે—

"મોક્ષમાર્ગ પ્રકાશ" પુસ્તકમાં વર્તમાન જિનાગમ કે જે શ્વેતાંબર સંપ્રદાયને માન્ય છે તેનો નિષેધ કર્યો છે તે કર્તવ્ય નથી. વર્તમાન આગમમાં અમુક સ્થળો વધારે સંદેહના સ્થાન છે પણ **સત્પુરુષની દષ્ટિએ જોતાં તેનું નિરાકણ થાય છે માટે ઉપશામ દષ્ટિએ તે**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આગમો અવલોકન કરવામાં સંશય કર્તવ્ય નથી. "—પત્રાંક ૮૦૭

બીજે ઠેકાણે પણ શ્રીમદે લખ્યું છે કે—

" સિદ્ધાંતનો ઘણો ભાગ વિચ્છેદ ગયો. માત્ર થોડા રહેલા ભાગ પર સામાન્ય સમજણથી શંકા કરવી યોગ્ય નથી. જે શંકા થાય તે વિશેષ જાણનારને પૂછવી. ત્યાંથી મનમાનતો ઉત્તર ન મળે તોપણ **જિન-વચનની** શ્રદ્ધા ચળવિચળ કરવી નહિ. અનેકાંત શૈલીના સ્વરૂપને વિરલા જાણે છે. "

## મૂર્તિપૂજા

સંપ્રદાયોના મતભેદનો બીજો મુદ્દો મૂર્તિ પૂજાનો છે તેના સમન્વય માટે હવે વિચાર કરીએ. મૂર્તિપૂજા સંબંધી ઉપર આપેલી વિગતો ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે—

(૧) ભગવાન મહાવીરના વખતમાં જૈનોમાં મૂર્તિપૂજાનું નામ-નિશાન નહોતું. પણ ભગવાન મહાવીરના નિર્વાણ પછી મૂર્તિપૂજા શરૂ થયેલી.

(૨) શ્વેતાંબર સૂત્રોમાં ક્યાંય મૂર્તિપૂજાની વાત નથી.

(૩) મૂર્તિપૂજા મોક્ષસાધક નથી.

(૪) શરૂઆતમાં મૂર્તિને બદલે પાદ પગલાં હતાં. પછી મૂર્તિ થઈ.

(૫) મૂર્તિપૂજા પણ પહેલાં તદ્દન સાદી હતી. તેની વિધિમાં વધારા થતા જ ગયા અને વધતાં વધતાં આજે શ્વેતાંબરોમાં ખૂબ ખૂબ વધી ગઈ છે તેમજ વસ્ત્રાભૂષણ શણગાર પણ પહેલાં નહોતા તે પણ ખૂબ વધી ગયેલ છે તે એટલે સુધી કે સાચું આત્મકલ્યાણ ભૂલી જવાયું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પૂજા સંબંધમાં એક દલિલ છે કે શ્રાવકોને વ્યવહારમાં ડગલે ને પગલે સાવદ્ય વર્તન કરવું જ પડે છે. તેથી તેમની પૂજનવિધિમાં પણ સાવદ્ય વિધિ-વર્તન હોય તો તેનો વિરોધ કરવો ન જોઈએ.

અહિંઆ વિચારવાનું એ છે કે વ્યવહારમાં તો જીવન ચલાવવા માટે ન છૂટકે સાવદ્ય વર્તનની છૂટ લેવી પડે છે. પરંતુ ધર્મના કામમાં, પ્રભુપૂજામાં તો સાવદ્ય વિધિની છૂટ ન હોય તે જ કલ્યાણકારી ગણાય, માટે પૂજન વિધિ બનતાં સુધી તદ્દન નિર્વદ્ય રાખવી એ જ હિતાવહ છે. યાદ રાખવું કે—

**अन्यस्थाने कृतं पापं, धर्मस्थाने विनश्यति ।**
**धर्मस्थाने कृतं पापं, वज्रलेपो भविष्यति ॥**

અન્યસ્થળોએ કરવામાં આવેલાં પાપો ધર્મસ્થાને (ધર્મારાધનથી) નાશ પામે છે પરંતુ ધર્મસ્થાને જ પાપ કરવામાં આવે તો તે વજ્રલેપ સમાન ગાઢ બને છે.

પન્યાસશ્રી કલ્યાણવિજયજી મહારાજની લખેલી "જિનપૂજા પદ્ધતિ" પુસ્તિકામાં આ વાત વિગતવાર જણાવેલી છે તે જોઈ લેવા વાંચકોને વિનંતિ છે. પરંતુ—

મૂર્તિપૂજાનાં મૂળ બહુ ઊંડા ગયેલાં છે તેથી તે નાબૂદ કરી શકાય તેમ નથી. વળી આજના જમાનામાં અજ્ઞાન લોકોને એટલે કે બાળ-જીવોને ધર્મભાવના ટકાવવા માટે દ્રવ્ય અવલંબનની જરૂર રહે છે. એટલે કે મૂર્તિ કે જે દ્રવ્ય અવલંબન છે તેની જરૂર રહે છે. તેથી તેમને માટે મૂર્તિવંદન પૂજન આવશ્યક બને છે. કારણ કે કાંઈ પણ દ્રવ્યસાધન વિના તેઓ મનને ધર્મભાવનામાં કે ધર્માચારમાં પ્રવર્તાવી શકતા નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"ચમત્કાર ત્યાં નમસ્કાર" એ ઉક્તિ મનુષ્યસ્વભાવનું બરાબર નિરુપણ કરે છે. એટલે કેટલીક મૂર્તિઓમાં ચમત્કાર જોઈને પણ લોકો આકર્ષાય છે અને તેને માનવા પૂજવા લાગે છે.

મૂર્તિઓના આ જાતના ચમત્કાર અથવા પ્રભાવ વ્યંતર દેવો બતાવે છે. મૂર્તિપૂજામાં શ્રદ્ધા રાખનારા જે જીવો આયુષ્ય પૂર્ણ કરી વ્યંતર દેવગતિમાં જાય છે તેઓ તેમની શ્રદ્ધાને અનુસરીને મૂર્તિને પ્રભાવશાળી દેખાડે છે અને મૂર્તિની પૂજા કરે છે.

આ રીતે પણ મૂર્તિ બાળજીવોમાં ધર્મભાવના ટકાવવામાં સહાયભૂત થાય છે. તેથી મૂર્તિપૂજા બાળજીવો માટે આવશ્યક બને છે. તેથી—

## સમન્વય માટે

એમ કરવું જોઈએ કે મૂર્તિપૂજામાંની વિકૃતિઓ કાઢી નાખીને હાલ તુરત સાદી પૂજા રાખવી અને ધીરે ધીરે તદ્દન નાબુદ થાય તેમ કરવું. જેમકે—

(૧) મૂર્તિપૂજા ફક્ત બાળજીવોમાં ધર્મભાવના ઉત્પન્ન કરવા તેમજ ટકાવી રાખવા માટે ઉપયોગી છે માટે મૂર્તિપૂજા ફક્ત બાળજીવો માટે જ ઉપયોગી ગણવી.

(૨) બનતાં સુધી ફક્ત મૂર્તિના દર્શન કરવા પૂરતી જ જરૂરીઆત ગણવી. પરંતુ એમ ન બની શકે તેમ હોય તો એટલે કે બાળજીવોને દર્શનની સાથે પૂજા કરવી હોય તો પૂજાની વિધિ એકદમ સાદી અને નિર્વદ્ય રાખવી.

(૩) મૂર્તિપૂજા ન કરે અને ન માને તેઓને બાળજીવો કરતાં ચડીઆતી કોટિના ગણવા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૪) મૂર્તિપૂજા કરતાં વ્રતનિયમો વધારે શુભ ફળદાયક છે એમ ભાર દઈને સમજાવવું.

આમ કરવાથી મૂર્તિપૂજક અને અમૂર્તિપૂજક વચ્ચેનું વૈમનસ્ય નીકળી જશે. તેમજ શ્વેતાંબર દિગંબર વચ્ચેનું મૂર્તિસંબંધનું વૈમનસ્ય પણ નીકળી જશે. વળી મૂર્તિપૂજનારા બાળજીવો ઊંચી કોટિમાં આવવા માટે મૂર્તિ પૂજાનો ત્યાગ કરી વ્રત નિયમોમાં વધારે ધ્યાન દેતા થશે, વ્રતનિયમો વધારે પ્રમાણમાં આદરતા થશે.

સ્થાનકવાસીઓએ આ પ્રમાણે સમજાવવાનો વધારેમાં વધારે પ્રયત્ન કરવો જોઈએ. કે જેથી લોકમાનસ મૂર્તિપૂજાને પ્રધાનતા નહિ આપવા કે છોડી દેવા તૈયાર થાય.

## શ્વેતાંબરત્વ દિગંબરત્વ

ત્રીજો મતભેદ શ્વેતાંબરત્વ દિગંબરત્વનો છે. એટલે કે સાધુના સચેલકત્વ અથવા વસ્ત્રધારણનો અને અચેલકત્વ અથવા વસ્ત્ર રહિત નગ્ન રહેવાનો છે. આ સંબંધમાં ઉપર આપેલી હકીકત ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે—

( ૧ ) ચોવીશેય તીર્થંકરોનો ધર્મ અચેલક જ હતો અને

( ૨ ) ભગવાન મહાવીરે અચેકલકત્વનો જ ઉપદેશ કરેલો હતો.

( ૩ ) સાધુની શરીર શક્તિ લક્ષમાં લઈને અશક્ત સાધુઓ માટે ઠંડીમાં ઓઢવાને માટે ભગવાને એક ગરમ અને બે સુતરાઉ વસ્ત્રની છૂટ આપી હતી.

( ૪ ) જે સાધુ લજ્જા પરિસહ સહન કરી ન શકે તેના માટે કટિબંધ—લંગોટીની પણ ભગવાને છૂટ આપી હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

( ૫ ) સચેલક શબ્દ સૂત્રોમાં ક્યાંય વપરાયલો નથી, કારણ કે સચેલક ધર્મ હતો જ નહિ.

( ૬ ) દિગંબર સંપ્રદાય અચેલકતાને એકાંતિકપણે વળગી રહ્યો.

( ૭ ) શ્વેતાંબર સંપ્રદાય વસ્ત્રધારણની જરૂરીઆતને એકાંતિકપણે વળગી રહ્યો.

( ૮ ) દિગંબર પૂર્વાચાર્યોએ અપવાદ તરીકે વસ્ત્ર ધારણ સ્વીકાર્યું છે તેમજ દિગંબર સાધુઓમાં પણ શિથિલતા આવી ગઈ છે તે સ્વીકાર્યું છે.

( ૯ ) કાળક્રમે શ્વેતાંબરોમાં વસ્ત્રપરિગ્રહ અસાધારણરીતે વધી ગયો છે

(૧૦) જિનકલ્પી સ્થવિરકલ્પી શબ્દો અચેલક સચેલકને બદલે નવા મૂકવામાં આવ્યા છે.

તો પછી—

## સમન્વય માટે

આપણે નીચે પ્રમાણે વિચારવું જોઇએ.

(૧) કર્મના ક્ષય માટે સંયમ લેવામાં આવે છે અને તપ કરવામાં આવે છે. તપ–સંયમનું સાધન શરીર છે અને તેનો આધાર મનના ભાવ અને શરીરની શક્તિ ઉપર છે.

(૨) તીર્થંકર ભગવાને શરીરશક્તિ લક્ષમાં લઈને નિર્ગ્રંથને ઓઢવાના વસ્ત્ર રાખવાની છૂટ આપી હતી તેમજ લજ્જા ઢાંકવા માટે કટિબંધ-લંગોટની છૂટ આપી હતી.

(૩) ભાવ તો નગ્નતાના હોવા છતાં લાચારીએ કેટલાક નિર્ગ્રંથોને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat                    www.umaragyanbhandar.com

એટલી છૂટ લેવી પડતી હતી.

(૪) વસ્ત્રની છૂટ સંયમ–આત્મકલ્યાણમાં સહાયક થવા માટે છે કારણ કે અશક્ત સાધુને તેટલી છૂટ ન હોય તો આર્તરૌદ્ર ધ્યાન થવાનો અને તેથી આત્મ કલ્યાણ બગડવાનો સંભવ છે.

(૫) અત્યારે સામાજિક પરિસ્થિતિ એવી છે કે નગ્ન રહી શકાય તેમ નથી. રાજ્ય પણ નગ્ન માણસને રસ્તામાં ફરવા દીએ નહિ. માટે વસ્ત્રની જરૂર છે.

(૬) અઢી હજાર વર્ષ પહેલાંના કરતાં અત્યારે માણસના શરીરની શક્તિ ઘણીજ ઘટી ગઈ છે. શરીર ઘણાં જ નબળાં થઈ ગયાં છે.

(૭) નગ્ન સાધુને વંદન કરવા માટે જતાં સ્ત્રીઓને તો ઘણો જ સંકોચ થશે. નગ્ન સાધુને પોતાને સ્ત્રીને જોઇને વિકાર ન થાય તોપણ નગ્ન સાધુને જોઇને સ્ત્રીમાં વિકાર ઉત્પન્ન થવાનો સંભવ છે અને તેમ થાય તો તે નગ્નતાને દોષ લાગ્યો ગણાય.

**માટે અત્યારે**

(૧) સાધુના બે વર્ગ કરવા—અચેલક અને સચેલક.

**અચેલક**—નગ્ન રહે, મંદિર ઉપાશ્રયમાં એકાંતમાં રહે, અત્યારે દિગંબર આમ્નાયમાં પળાતા નિયમો પાળે. પણ બહાર નીકળે ત્યારે કટિબંધ-લંગોટ ધારણ કરે.

**સચેલક**—અત્યારના સ્થાનકવાસી તથા શ્વે. મૂર્તિપૂજક સાધુઓમાં જુદી જુદી જાતનો શિથિલાચાર, પરિગ્રહ વધી ગયેલ છે તેને માટે જરૂર પૂરતા જ વસ્ત્ર પાત્રની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છૂટ ઠરાવવી અને અત્યારની પરિસ્થિતિને અનુકૂળ નિયમો બાંધી શિથિલતા પરિગ્રહને કાબુમાં લાવવા. અને ઉત્તરોત્તર શિથિલતા પરિગ્રહ ઘટતા જઈ અંતે તદ્દન નાબુદ થાય તેવા નિયમો બનાવવા અને તે નિયમો સખ્તાઈથી પળાવવા.

(૨) સચેલક સાધુને માટે દીક્ષાનાં પચ્ચખ્ખાણુમાં તેમની છૂટ પ્રમાણેનો આગાર રાખવો.

આજના સંજોગાનુસાર અનિવાર્ય હોય તેવી જ છૂટ આપવી પરંતુ નવકોટિએ પચ્ચખ્ખાણુ લીધા પછી અણઘટતી છૂટ લઈ લેવાય અને તેથી અતિચાર લાગે કે વ્રત ભંગ થાય તેમ કરવું યોગ્ય નથી.

સચેલક સાધુ કરતાં અચેલક સાધુ ઉચ્ચ કોટિના ગણાય તે સમજી શકાય તેવું છે. નગ્નતામાં સંયમતપની ઉત્કૃષ્ટતા છે તે સૌ કોઈ સમજે છે.

ભગવાનના વખતમાં અત્યારના કરતાં ઘણી વધારે સારી શરીર શક્તિ હતી છતાં પણ ભગવાને ત્રણ વસ્ત્રની છૂટ આપી હતી. તો અત્યારની ઘણી ઘટી ગયેલી શક્તિ જોઈને દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ અનુસાર યોગ્ય છૂટ લેવામાં જરા પણ આજ્ઞા બહાર જવા જેવું થતું નથી. કારણ કે મુખ્ય હેતુ તો સંયમના નિભાવ માટે શરીરને નિભાવવાનો છે.

પરંતુ જેનામાં પરિગ્રહનો ભાવ દેખાય તેને આજ્ઞા બહાર ગણવો.

દિગંબરના અગીઆરમી શ્રાવક પ્રતિમા ધારી શ્રાવકના બે પ્રકાર છે તેવી રીતે સાધુના પણ ઉપર પ્રમાણે બે પ્રકાર રાખવામાં ખાસ કાંઈ આપત્તિ જેવું દેખાતું નથી.

## ૫. સ્ત્રી મુક્તિ.

**ચોથો મુદ્દો** સ્ત્રીમુક્તિનો છે. દિગંબર સંપ્રદાયના માન્ય પટ્ટ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખંડાગમ પ્રમાણે સ્ત્રીમુક્તિ સિદ્ધ થાય છે જ એટલે દિગંબરો તે માન્ય રાખે એજ આજ્ઞાનુસાર ગણાય, તેમાં સમન્વય કરવા જેવું રહેતું જ નથી.

**મતાગ્રહનો દોષ એ એક એવો ભયંકર દોષ છે કે સાચી વસ્તુના પ્રત્યક્ષ પૂરાવા મળવા છતાં મતાગ્રહી આત્મા સાચી વાત માનવા તૈયાર થતો નથી, જેમ દિગંબરો 'સંજદ' શબ્દથી સ્ત્રી મુક્તિ સાબિત થતી હોવા છતાં તે સ્વીકારવા તૈયાર નથી તેમ સૂત્રોમાં મૂર્તિપૂજાનું વિધાન ન હોવા છતાં મૂર્તિપૂજક બંધુઓ પણ પોતાના મતાગ્રહમાં એ સાચી વસ્તુના પ્રત્યક્ષ પૂરાવાને પણ ગ્રહણ કરતા નથી. એ પણ એટલું જ શોચનીય છે; પરંતુ હવે એ બન્ને એ જાતનો મતાગ્રહ તજી દે. એ ઇચ્છવા યોગ્ય છે.**

મેં તો મારી સામાન્ય બુદ્ધિથી એકતા—સમન્વય માટેના મારા વિચારો ટુંકામાં જણાવ્યા છે. વિદ્વાનોને આ સંબંધમાં ઉહાપોહ કરવા મારી વિનંતિ છે કે જેથી તેઓ સમવન્યથી એકતા સાધવાનું પુન્ય હાંસલ કરી શકે. ધાર્મિક પત્રો પણ આ સંબંધમાં તેમના વિચારો દર્શાવે એમ હું ઇચ્છું છું.

આ સંબંધમાં જરૂર પૂરતી થોડીક ઐતિહાસિક હકીકત તથા વિદ્વાનોના અભિપ્રાયો આ પુસ્તકના બીજા ભાગમાં આવેલ છે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ સાતમું

# પર્યુષણપર્વનો સમન્વય

*

લેખક:

**શ્રી નગીનદાસ ગિરધરલાલ શેઠ**

*

શ્વેતાંબર જૈનોમાં સૌથી મોટું પર્વ પર્યુષણ પર્વ મનાય છે ત્યારે દિગંબર જૈનોમાં સૌથી મોટું પર્વ દશ લક્ષણધર્મ કહેવાય છે.

પર્યુષણ પર્વ શ્રાવણ વદ તેરસથી શરૂ થઈ ભાદરવા શુદ પાંચમે પૂરું થાય છે. દશ લક્ષણધર્મ પર્વ ભાદરવા શુદ પાંચમથી શરૂ થઈ ભાદરવા શુદ ચૌદસે પૂર્ણ થાય છે. એટલે પર્યુષણ પર્વ આઠ દિવસનું છે ત્યારે દશ લક્ષણધર્મ પર્વ દશ દિવશનું છે.

શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો પહેલાં તો પર્યુષણ પર્વ શ્રાવણ વદ તેરસથી જ શરૂ કરતા હતા. પરંતુ કાલકાચાર્યના પ્રસંગ પછી તેમણે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રાવણ વદ બારસથી શરૂ કરી ભાદરવા શુદ ચોથે પૂરા કરવાનું રાખ્યું છે. ત્યારે સ્થાનકવાસીઓ સૂત્રાનુસાર જ પર્વ માને છે.

આમ પર્વના દિવસો ત્રણે ફિરકામાં જુદાજુદા હોવા છતાં તેનું મૂળ ઉત્પત્તિ કારણ તો એક જ છે. બન્ને પર્વમાં મુખ્ય દિવસ તો સંવત્સરી પર્વ છે. સંવત્સરી પર્વ એ ક્ષમાપનાનો દિવસ છે. અને સંવત્સરીના દિવસની ઉત્પત્તિનું કારણ સર્વ જૈન સંપ્રદાયોમાં એક જ અને એકસરખું મનાય છે.

અવસર્પિણીનો છઠ્ઠો આરો બેસતાં સંવર્તકસંહારક પવનથી જે ભયંકર નાશ પૃથ્વી ઉપર વર્તી રહે છે તેને ઘણાકો પ્રલય કહે છે. તે પ્રલય ઉત્સર્પિણી કાળના પહેલા આરાના અંત સુધી રહે છે. તે પછી અષાડ વદી એકમે ઉત્સર્પિણીનો બીજો આરો બેસે છે એટલે પ્રલયકાળ પૂરો થાય છે, ત્યારે ભરતક્ષેત્રમાં પાંચ પ્રકારના મેઘની વૃષ્ટિ થાય છે.

દરેક પ્રકારનો મેઘ એક એક સપ્તાહ રહે છે અને તેની વચમાં બીજા તથા ચોથા વરસાદ પછી એક એક સપ્તાહ એટલે એકંદર બે સપ્તાહ ઉઘાડ રહે છે. પાંચ સપ્તાહ વરસાદના અને બે સપ્તાહ ઉઘાડના મળીને સાત સપ્તાહના ઓગણપચાસ દિવસ થાય છે. અને તે પછીના પચાસમે દિવસે સંવત્સરી પર્વ મનાય છે.

શ્વેતાંબર દિગંબર બન્ને ફિરકાના જૈનોને પચાસમો દિવસ સંવત્સરી તરીકે માન્ય છે. પણ ફરક એ છે કે શ્વેતાંબરો પર્વના બીજા દિવસો સંવત્સરી પહેલાના સાત દિવસથી શરૂ કરે છે ત્યારે દિગંબરો સંવત્સરીના દિવસથી શરૂ કરી દશ દિવસ પર્વ મનાવે છે. તેમાં પણ હવે શ્વે· મૂર્તિપૂજકો સંવત્સરીનો દિવસ એક દિવસ વહેલો એટલે ભાદરવા શુદ ચોથનો મનાવે છે.

આ પ્રમાણે ત્રણ જુદી જુદી માન્યતા છે તેનો સમન્વય નીચે પ્રમાણે જુદી જુદી રીતે થઈ શકે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૧) **સંવત્સરીનો દિવસ**-જિનાજ્ઞા ભાદરવા શુદ પાંચમની સંવત્સરી કરવાની છે. શ્વે. મૂર્તિપૂજકોએ ભગવાન કરતાં ગુરુને મહત્ત્વ આપીને ભાદરવા શુદ ચોથ ઠરાવી છે, પરંતુ ભગવાન કરતાં ગુરુ વિશેષ હોઈ ન શકે. ગુરુ પણ ભગવાનની આજ્ઞાને આધીન છે. વળી કાલકાચાર્યનું ચોથની સંવત્સરી કરવાનું ફરમાન હમેશને માટે નહોતું, પરંતુ એક જ વર્ષને માટે ખાસ કારણને લઈને કર્યું હતું, તો હવે **જિન ભગવાનની આજ્ઞાનુસાર ભાદરવા શુદ પાંચમની સંવત્સરીનો શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો સ્વીકાર કરે તો તેમની સાચી આરાધકતા ગણાય. ભગવાન કરતાં ગુરુને મહત્ત્વ આપવું એ ભગવાનની મહાઆશાતના છે અને તે વિરાધકતા છે.**

(૨) બીજો ફરક **પર્વ ક્યારે શરૂ કરવાં** તેનો છે. સૂત્ર પ્રમાણે પાંચમા વરસાદનો છેલ્લો દિવસ ઓગણપચાસમો છે, તેથી પચાસમા દિવસની સંવત્સરી ગણવામાં આવી છે. સંવત્સરીના આગલા દિવસો વરસાદના છે. વરસાદના દિવસોમાં પર્વ ઉજવાય કે ધર્મધ્યાન કરવામાં આવે તે મુશ્કેલીભર્યું ગણાય. **જેમ વરસાદના દિવસ છોડીને પછી જ સંવત્સરી ઠરાવવામાં આવી છે તે જ પ્રમાણે વરસાદના દિવસો છોડીને પછીજ પર્વના દિવસો ઠરાવવામાં આવે તો તે વધારે યોગ્ય ગણાય,** છતાં સૂત્ર શાસ્ત્રમાં પર્યુષણ પર્વ શ્રાવણ વદ તેરસથી જ શરૂ કરવાની આજ્ઞા છે એમ કોઈ સૂત્રજ્ઞ શોધી બતાવે તો તે પ્રમાણે વિચાર કરવો જોઈએ. પણ સૂત્રમાં તેવી આજ્ઞા ન હોય તો વરસાદના ઉપર પ્રમાણેના હિસાબે **તો ભાદરવા શુદ પાંચમથી જ પર્યુષણ પર્વ જો શરૂ કરવામાં આવે તો તે વધારે યોગ્ય ગણી શકાય.**

(૩) **ક્ષમાપનાનો દિવસ**-શ્વેતાંબરો સંવત્સરીને ક્ષમાપનાનો દિવસ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગણે છે ત્યારે દિગંબરો સંવત્સરીના દિવસને બદલે પૂર્ણિમાને ક્ષમાપનાનો દિવસ ગણે છે અને એમ છતાં પણ દિગંબરો સંવત્સરીના દિવસે એટલે પાંચમે ક્ષમા ગુણ ઉપર જ પ્રવચન કરે છે એટલે તેમનામાં ક્ષમાના પ્રવચન અને ક્ષમાપનાના દિવસમાં ફરક આવે છે.

એક વિચાર એમ છે કે **ક્ષમાપના પર્વની શરૂઆતમાં થઇ જાય તો બધાના મન હલકાં થઈ જાય, કોઇને કોઇની સામે વેરવિરોધ રહે નહિ અને તે પછી તપ ધર્મની આરાધના વિશેષ શાંતિથી થઈ શકે.**

આ વિચાર પણ ખાસ ધ્યાનમાં લેવા જેવો છે અને **દિગંબરો જ્યારે પાંચમથી ક્ષમાનું પ્રવચન શરૂ કરે છે ત્યારે તેમણે તો પાંચમનો દિવસ ક્ષમાપનાના દિવસ તરીકે અપનાવવો જોઈએ.**

તો પછી સર્વ જૈનો એકી સાથે ભાદરવા શુદ પાંચમે ક્ષમાપના કરી શકે એ એક ઉત્તમ મંગળકારી ગોઠવણ કહેવાય.

(૪) **પર્વના દિવસ આઠ કે દશ** તેનો વિચાર પણ કરવો જોઈએ. શ્વેતાંબરો જો, ઉપર વિચારણા કરી તે પ્રમાણે ભાદરવા શુદ પાંચમથી પર્યુષણ પર્વ શરૂ કરે તો આઠ દિવસનું પર્વ રાખે કે દશ દિવસનું તે બહુ મહત્ત્વનો ફરક બનશે નહિ. આઠ દિવસનો આગ્રહ હોય તો દિગંબર કરતાં શ્વેતાંબરો બે દિવસ વહેલું પૂર્ણ કરી શકે. નહિતર ધર્મારાધન બે દિવસ વધારે થાય તો તેમાં આત્મિક લાભ વધારે છે અને નુકસાન કંઈ નથી.

સૂત્ર પ્રમાણે તો પર્યુષણ પર્વ એક દિવસનું જ છે પરંતુ શ્રી જીવાભિગમ સૂત્રમાં નંદીશ્વરદ્વીપનું વર્ણન છે ત્યાં કહેલ છે કે ત્યાં દેવો આઠ દિવસ પર્વો ઉજવે છે. તે અનુસાર શ્વેતાંબરોએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પર્વના આઠ દિવસ રાખ્યા હોય એમ લાગે છે. ત્યારે દિગંબરોના દશ દિવસ માટે કોઈ શાસ્ત્રીય આધાર નથી.

(૫) **પર્વારાધનની રીત**–પર્વના આરાધનની રીતમાં પણ શ્વેતાંબરો દિગંબરોમાં ફરક છે તેમ સ્થાનકવાસીઓમાં પણ ફરક છે. સ્થાનકવાસીઓમાં પણ જુદા જુદા પ્રાંતમાં જુદી જુદી રીત છે.

દિગંબરો પર્વના દશ દિવસ મનાવે છે. અને દશ લક્ષણ ધર્મના દશ પ્રકારોમાંના એકેક પ્રકારનો એકેક દિવસ મનાવે છે એટલે કે તે તે દિવસે તે તે પ્રકારના, ધર્મનું પ્રવચન થાય છે. ત્યારે શ્વેતાંબરોમાં જુદી જુદી પ્રથાઓ છે, કલ્પસૂત્ર વંચાય છે, મહાવીર જન્મ ઉજવાય છે વગેરે અનેક રીતે ધર્મારાધન થાય છે.

કોઈપણ રીતનું કે કોઈપણ જાતનું ધર્મારાધન લાભકારક જ છે, પરંતુ સઘળા જ જૈનો એક દિવસે એક જ જાતનું ધર્મારાધન કરે **તો તે વિશેષ પ્રભાવશાળી** ગણાય. **સર્વ જૈનો એકરૂપ છે તેનો તાદૃશ્ય ચિતાર ખડો થાય.**

દશ લક્ષણ ધર્મના દરેક ગુણ ધર્મનું એકેક દિવસ પ્રવચન કરવા ઉપરાંત શ્વેતાંબર મૂર્તિપૂજક તથા સ્થાનકવાસીની રીત પ્રમાણે કલ્પસૂત્ર વગેરેના પ્રવચનો ઉપરના દિવસોમાં સાથે સાથે જ ગોઠવી શકાય. રથયાત્રા વરઘોડા પણ શ્વેતાંબર દિગંબરના એક સાથે અને એક જ દિવસે ગોઠવી શકાય. સ્થાનકવાસીઓ પણ તેમાં તેમની ઇચ્છા મુજબ ભાગ લઈ શકે. તપસ્વીઓના વરઘોડા પણ તે પ્રમાણે એક સાથે એક જ દિવસે ગોઠવી શકાય **અને એકતાના સ્વરૂપને મૂર્તિમંત કરી શકાય.**

પર્વનું નામ અનુકૂળ પડે તે માટે "દશ લક્ષણ પર્યુષણ પર્વ" એમ રાખી શકાય અને ભાદરવા શુદ પાંચમને સંવત્સરી પર્વ અથવા સંવત્સરીનો દિવસ કહી શકાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉપરની કોઈપણ વિચારણા ઉપર ધ્યાન આપવામાં ન આવે અને પોતપોતાનો આગ્રહ પકડી રાખવામાં આવે તો ભારત જૈન મહામંડળે જે શ્રાવણ વદ બારસથી ભાદરવા શુદ ચૌદસ સુધીનું પર્વ ગણવાની સૂચના કરી છે તે પણ કાંઈ ખોટી નથી. તેમાં સૌ સૌને પોતપોતાની ચાલુ પ્રણાલિકા પ્રમાણે ધર્મારાધન કરવાની છૂટ છે પણ તે ઉપરાંત પર્વના દિવસ વધારવા જેટલો ફેરફાર છે. પોતાની ચાલુ રીતમાં જો કોઈ કંઈપણ ફેરફાર ન કરવા ઇચ્છે તો તે પ્રમાણે પર્વના દિવસ વધારે ગણવામાં કાંઈ નુકસાન નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# જૈન ધર્મ અને એકતા

ભાગ બીજો

સૈદ્ધાંતિક અને
ઐતિહાસિક
હકીકતો અને
સૂચનાઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## આ બીજા ભાગમાં આપેલા લેખો


પ્રકરણ

૧. સિદ્ધના પ્રકારો.
૨. શ્વેતાંબરત્વ દિગંબરત્વ.
૩. દિગંબરો ક્યારે છૂટા પડ્યા ?
૪. ઋજુપ્રાજ્ઞતા શી રીતે ?
૫. સંગઠન. વિચાર સંસ્કૃતિ.
૬. જૈન ધર્મની એકતાનો સુઝાવ.
૭. તપસ્વી શ્રી માણેકચંદ્રજીના વિચારો.
(૧) કાળજ્ઞાન ચિંતામણી.
(૨) એકતા માટેના ઉદ્દ્ગારો.
૮. દિગંબર શ્વેતાંબર વાદ
૯. આપણી હાલની સ્થિતિ.
૧૦. મિથ્યાત્વ એટલે શું ?
૧૧. સ્થાનકવાસી, શ્વેતાંબર, દિગંબર શબ્દોનો સમન્વય.


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧

# સિદ્ધના પ્રકારો

સંકલિત કરી લખનાર

**શ્રી નગીનદાસ ગિરધરલાલ શેઠ**

*

## અન્યલિંગ સિદ્ધ વગેરેનું વિવેચન

*

શાસ્ત્રોમાં સિદ્ધ ભગવંતના પંદર ભેદો બતાવ્યા છે તેમાં ત્રણ પ્રકારે બે બે ભેદો અને ત્રણ પ્રકારે ત્રણ ત્રણ ભેદો મળી સિદ્ધના નીચે પ્રમાણે પંદર ભેદો થાય છે.

સિદ્ધ પર્યાય પ્રાપ્ત થયા પછી તો એ સિદ્ધ ભગવંતોમાં કોઈપણ પ્રકારનો ભેદ નથી. પંદર ભેદો વર્ણવ્યા છે તે તો સિદ્ધપણું પ્રાપ્ત થવા અગાઉની અવસ્થાને લક્ષમાં રાખીને કહેવાયા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**પહેલા બે ભેદ**—(૧) જિન સિદ્ધ અને (૨) અજિન સિદ્ધ.
મોક્ષે જનાર આત્મા તીર્થંકરપદ ભોગવીને મોક્ષે ગયેલ છે કે સામાન્ય કેવળી થઈને ગયેલ છે એ અપેક્ષાએ આ બે ભેદ છે.

**બીજા બે ભેદ**—(૩) તીર્થસિદ્ધ અને (૪) અતીર્થસિદ્ધ.
મોક્ષે જનાર આત્મા તીર્થની, શાસનની સ્થાપના થયા અગાઉ મોક્ષે ગયેલ છે કે તીર્થની સ્થાપના થયા પછી મોક્ષે ગયા છે એ અપેક્ષાએ આ બે ભેદ છે.

**ત્રીજા બે ભેદ.**—(૫) એક સિદ્ધ અને (૬) અનેક સિદ્ધ.
મોક્ષે જવાના સમયે આત્મા એકલો મોક્ષે ગયો કે અનેક આત્માઓની સાથે મોક્ષે ગયો એ અપેક્ષાએ આ બે ભેદ છે.

**પહેલા ત્રણ ભેદ**—(૭) સ્ત્રીલિંગ સિદ્ધ, (૮) પુરુષલિંગ સિદ્ધ અને (૯) નપુંસકલિંગ સિદ્ધ.

મોક્ષે જતી વખતે શરીરનો આકાર સ્ત્રીનો હતો, પુરુષનો હતો કે નપુંસકનો હતો એ અપેક્ષાએ આ ત્રણ ભેદ છે.

**બીજા ત્રણ ભેદ**—(૧૦) સ્વલિંગ સિદ્ધ, (૧૧) અન્ય લિંગ સિદ્ધ અને (૧૨) ગૃહિલિંગ સિદ્ધ.

મોક્ષે જતી વખતે જૈન સાધુનો વેષ હતો, અન્ય દર્શનના સાધુનો વેષ હતો કે ગૃહસ્થનો વેષ હતો એ અપેક્ષાએ આ ત્રણ ભેદો છે.

**ત્રીજા ત્રણ ભેદ**—(૧૩) સ્વયંબુદ્ધ સિદ્ધ, (૧૪) પ્રત્યેકબુદ્ધ સિદ્ધ અને (૧૫) બુદ્ધબોધિત સિદ્ધ.

મોક્ષના અસાધારણ કારણસ્વરૂપ સંયમ ગ્રહણ કરવાના પરિણામ આપોઆપ થયા, કોઈ વૈરાગ્યજનક નિમિત્ત દેખીને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થયા કે તીર્થંકર આદિ કોઈનો ઉપદેશ સાંભળીને સંયમના પરિણામ થયા એ અપેક્ષાએ ત્રણ ભેદ.

આમ જુદી જુદી પૂર્વાવસ્થાની અપેક્ષાએ સિદ્ધ ભગવંતના ભેદો સમજવાના છે. અને તેમાં પણ ખરી રીતે તો બે અથવા ત્રણ ભેદોમાં જ સર્વસિદ્ધ ભગવંતોનો સમાવેશ થાય છે.

અનંતા સિદ્ધ ભગવંતોમાંથી કેટલાક જિનસિદ્ધ હોય અને કેટલાક અજિન સિદ્ધ હોય, અથવા એ અનંતા સિદ્ધોમાંથી કેટલાક તીર્થ સિદ્ધ હોય અને કેટલાક અતીર્થ સિદ્ધ હોય, અથવા એ અનંતા સિદ્ધોમાંથી કેટલાક એક સિદ્ધ હોય અને કેટલાક અનેક સિદ્ધ હોય, પણ જુદી જુદી અપેક્ષાએ કલ્પેલા આ બબ્બે ભેદોથી ત્રીજા કોઈ ભેદ વાળા સિદ્ધ ભગવંતો નથી.

એ જ પ્રમાણે ત્રણ ત્રણ ભેદોમાં પણ વિશેષ ચોથા કોઈ ભેદ-વાળા સિદ્ધ ભગવંતો નથી.

વર્તમાન સિદ્ધ પર્યાયની અપેક્ષાએ એ સિદ્ધ પરમાત્મામાં કોઈ ભેદ જ નથી, ભેદ પાડનાર કર્મનો આત્મા સાથે સંયોગ હોય ત્યારે જ ભેદ પડે. આત્મસ્વરૂપની અપેક્ષાએ સર્વ સિદ્ધો એક સરખા છે.

પૂર્વાવસ્થાની અપેક્ષાએ જે ભેદો પાડવામાં આવેલ છે તેમાં પણ ઘણું મહત્વ છે. જૈન દર્શનની વિશાળતાનું એ ભેદોથી ભાન થાય છે.

શરીરની આકૃતિ સ્ત્રીની હોય, પુરુષની હોય કે નપુંસકની હોય પણ આત્માનો મોક્ષને લાયક સ્વભાવ દશાનો પુરુષાર્થ જો જાગે તો મોક્ષ પ્રાપ્ત કરવામાં શરીરની આકૃતિ બાધક નથી થતી. આકૃતિથી પુરુષ કે સ્ત્રી કે નપુંસક મોક્ષનો અધિકારી હોઈ શકે છે.

તેજ પ્રમાણે શરીર ઉપર વેષ જૈન સાધુનો હોય, બિલકુલ નગ્ના-વસ્થા હોય અથવા વસ્ત્ર હોય કે ગૃહસ્થનો વેષ હોય તોપણ બાહ્યવેષ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મુક્તિમાં બાધક થતો નથી.

બાહ્ય વેષ ગમે તે હોય પણ ભાવથી જેને જૈન દર્શન પરિણમે તે આત્મા મુક્તિનો અધિકારી છે.

આમ પંદર ભેદે સિદ્ધ કહ્યા કારણ કે રાગદ્વેષ અને અજ્ઞાન જેના ગયા તેનું ગમે તે વેષે, ગમે તે જગ્યાએ અને ગમે તે લિંગે કલ્યાણ થાય છે.

**આવી સુંદર અનેકાંતવાદની વાતો આ ભેદોમાંથી જાણવાની મળે છે.**

શ્વેતાંબર તથા દિગંબર માન્ય—

## તત્ત્વાર્થ સૂત્રમાં

**બાર બાબતો વડે સિદ્ધની વિશેષ વિચારણા કરી છે તે આ પ્રમાણે—**

ક્ષેત્ર, કાળ, ગતિ, લિંગ, તીર્થ, ચારિત્ર, પ્રત્યેક બુદ્ધ બોધિત, જ્ઞાન, અવગાહના, અંતર, સંખ્યા અને અલ્પ બહુત્વ એ બાર બાબતો વડે સિદ્ધ જીવો ચિંતવવા. (છેલ્લું સૂત્ર)

## ટીકાકારનું વિવરણ

સિદ્ધ થયા પછી સિદ્ધના જીવોમાં કોઈ ખાસ પ્રકારનો ભેદ નથી હોતો, પરંતુ ભૂતકાળની દૃષ્ટિએ તેઓના ભેદ વિચારી શકાય. અને તે દરેક બાબતમાં યથાસંભવ ભૂત અને વર્તમાન દૃષ્ટિ લાગુ પાડીને જ વિચારણા કરવી.

૧. ક્ષેત્ર—એટલે સ્થાન, જગ્યા. વર્તમાન ભાવની દૃષ્ટિએ બધાને સિદ્ધ થવાનું સ્થાન એક જ સિદ્ધક્ષેત્ર અર્થાત્ આત્મપ્રદેશ અથવા આકાશ પ્રદેશ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભૂત ભાવની દૃષ્ટિએ એક જ સ્થાન નથી કારણ કે જન્મ દૃષ્ટિએ પંદર કર્મ ભૂમિમાંથી સિદ્ધ થનાર હોય છે અને સંહરણ દૃષ્ટિએ સમગ્ર માનુષ ક્ષેત્રમાંથી સિદ્ધિ મેળવી શકાય છે.

૨. કાળ—અવસર્પિણી આદિ લૌકિકકાળ. વર્તમાન દૃષ્ટિએ સિદ્ધ થવાનું કોઈ લૌકિક કાળચક્ર નથી અને એક જ સમયમાં સિદ્ધ થવાય છે.

ભૂતદૃષ્ટિએ જન્મની અપેક્ષાએ અવસર્પિણી ઉત્સર્પિણી અને અનવસર્પિણી, અનુત્સર્પિણીમાં જન્મેલો સિદ્ધ થાય છે.

એ જ રીતે સંહરણની અપેક્ષાએ ઉક્ત બધા કાળમાં સિદ્ધ થાય છે.

૩. ગતિ—વર્તમાન દૃષ્ટિએ સિદ્ધ ગતિમાં જ સિદ્ધ થવાય છે.

ભૂત દૃષ્ટિએ જો છેલ્લો ભવ લઈ વિચારીએ તો મનુષ્ય ગતિમાંથી અને છેલ્લાના પહેલાનો ભવ લઈ વિચારીએ તો ચારે ગતિમાંથી સિદ્ધ થાય છે.

૪. લિંગ—એટલે વેદ અને ચિન્હ. પહેલા એટલે વેદ અર્થ પ્રમાણે વર્તમાન દૃષ્ટિએ અવેદ જ સિદ્ધ થાય છે. બીજા લિંગ એટલે ચિન્હ અર્થ પ્રમાણે વર્તમાન દૃષ્ટિએ અલિંગ જ સિદ્ધ થાય છે.

ભૂત દૃષ્ટિએ જો ભાવલિંગ—આંતરિક યોગ્યતા—લઈને વિચારીએ તો સ્વલિંગે એટલે વીતરાગપણે જ સિદ્ધ થાય છે.

અને દ્રવ્યલિંગ એટલે બાહ્ય વેષ લઈ વિચારીએ તો સ્વલિંગ એટલે જૈન લિંગ, પર લિંગ, એટલે જૈનેતર પંથનું લિંગ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને ગૃહસ્થ લિંગ એમ ત્રણે લિંગે સિદ્ધ થાય છે અને દ્રવ્ય લિંગ એટલે બાહ્ય આકારથી વિચારીએ તો પુરુષ, સ્ત્રી અને નપુંસક એ ત્રણ વેદ સિદ્ધ થાય છે.

૫. તીર્થ - કોઈ તીર્થંકર રૂપે અને કોઈ અતીર્થંકર રૂપે સિદ્ધ થાય છે. અતીર્થંકરમાં કોઈ તીર્થ ચાલુ હોય ત્યારે અને કોઈ તીર્થ ચાલુ ન હોય ત્યારે પણ સિદ્ધ થાય છે.

૬. ચારિત્ર—વર્તમાન દષ્ટિએ સિદ્ધ થનાર ચારિત્રી કે અચારિત્રી નથી હોતો.

ભૂત દષ્ટિએ જો છેલ્લો સમય લઈએ તો યથાખ્યાત ચારિત્રથી સિદ્ધ થાય છે. અને તે પહેલાંનો સમય લઈએ તો ત્રણ, ચાર અને પાંચેય ચારિત્રથી સિદ્ધ થાય છે તે આ પ્રમાણે—

(૧) સામાયિક, (૨) સૂક્ષ્મ સંપરાય અને (૩) યથાખ્યાત એ ત્રણ. તથા (૧) છેદોપસ્થાપનીય, (૨) સૂક્ષ્મ સંપરાય અને (૩) યથાખ્યાત એ ત્રણ.

(૧) સામાયિક, (૨) પરિહાર વિશુદ્ધિ, (૩) સૂક્ષ્મ સંપરાય અને (૪) યથાખ્યાત એ ચાર.

(૧) સામાયિક, (૨) છેદોપસ્થાપનીય, (૩) પરિહાર વિશુદ્ધિ (૪) સૂક્ષ્મ સંપરાય અને (૫) યથાખ્યાત એ પાંચ.

૭. પ્રત્યેક બુદ્ધ બોધિત—એટલે પ્રત્યેક બોધિત અને બુદ્ધ બોધિત બંને સિદ્ધ થાય છે.

જે કોઈના ઉપદેશ વિના પોતાની જ્ઞાન શક્તિથી જ બોધ પામી સિદ્ધ થાય છે તે સ્વયંબુદ્ધ બે પ્રકારના છે—એક અરિહંત અને બીજા અરિહંતથી ભિન્ન જેઓ કોઈ એક જ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બાહ્ય નિમિત્તથી વૈરાગ્ય અને જ્ઞાન પામી સિદ્ધ થાય છે. બંને પ્રત્યેક બોધિત કહેવાય છે.

જેઓ બીજા જ્ઞાની દ્વારા ઉપદેશ પામી સિદ્ધ થાય છે તે બુદ્ધ બોધિત.

૮. જ્ઞાન—વર્તમાન દૃષ્ટિએ ફક્ત કેવળજ્ઞાનવાળો જ સિદ્ધ થાય છે

ભૂત દૃષ્ટિએ બે, ત્રણ કે ચાર જ્ઞાનવાળો સિદ્ધ થાય છે. બે એટલે મતિશ્રુત, ત્રણ એટલે મતિ, શ્રુત અને અવધિ અથવા મતિ, શ્રુત અને મનઃપર્યવ. ચાર એટલે મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ.

૯. અવગાહના—ઉંચાઈ. જઘન્ય પૃથકત્વ હીન સાત હાથ અને ઉત્કૃષ્ટ પાંચસો ધનુષ ઉપર ધનુષ પૃથકત્વ જેટલી અવગાહનામાંથી સિદ્ધ થાય છે. આ ભૂતદૃષ્ટિએ કહ્યું.

વર્તમાન દૃષ્ટિએ જે અવગાહનામાંથી સિદ્ધ થયા હોય તે જ બે તૃતીયાંશ અવગાહના કહેવી.

૧૦. અંતર—કોઈપણ એક સિદ્ધ થયા પછી લાગલા જ જ્યારે બીજા સિદ્ધ થાય છે ત્યારે તે નિરંતર સિદ્ધ કહેવાય છે. જઘન્ય બે સમય અને ઉત્કૃષ્ટ આઠ સમય સુધી નિરંતર સિદ્ધ ચાલે છે.

જ્યારે કોઈની સિદ્ધિ પછી અમુક વખત થયા બાદ જ સિદ્ધ થાય ત્યારે સાંતરે સિદ્ધ કહેવાય છે. બંને વચ્ચેની સિદ્ધિનું અંતર જઘન્ય એક અને ઉત્કૃષ્ટ છ માસનું હોય છે.

૧૧. સંખ્યા—એક સમયમાં જઘન્ય એક અને ઉત્કૃષ્ટ એકસો આઠ સિદ્ધ થાય છે.

૧૨, અલ્પ બહુત્વ—ઓછા વધતાપણું. ક્ષેત્ર આદિ જે અગિયાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બાબતોનો ઉપર વિચાર કરવામાં આવ્યો છે તે દરેક બાબતમાં સંભવતા ભેદોનું અંદરોઅંદર ઓછા વધતાપણું વિચારવું તે અલ્પ બહુત્વ વિચારણા.

જેમકે—ક્ષેત્ર સિદ્ધમાં સંહરણ કરતાં જન્મ સિદ્ધ સંખ્યાતગુણા હોય છે. તેમજ ઊર્ધ્વલોક સિદ્ધ સૌથી થોડા હોય છે. અધોલોક સિદ્ધ તેથી સંખ્યાતગુણા અને તિર્યગ્લોક સિદ્ધ તેથી સંખ્યાતગુણા હોય છે. સમુદ્ર સિદ્ધ સૌથી થોડા હોય છે અને દ્વીપ સિદ્ધ તેથી સંખ્યાતગુણા હોય છે.

આ રીતે કાળ આદિ દરેક બાબતમાં અલ્પ બહુત્વનો વિચાર કરવો.

સ્ત્રીલિંગ સિદ્ધ સંબંધમાં આગલા લેખમાં પૂરતુ લખાઈ ગયું છે તેથી તે વિષે અહિં કાંઇ લખવાનું રહેતું નથી. તેથી અન્ય લિંગ વગેરે માટે જાણવા જેવી હકીકત આપીએ છીએ.

## અન્યલિંગ સિદ્ધ

**જૈન શાસનમાં** સાધુનો બાહ્યવેષ હોય એટલા માત્રથી મુક્તિ નથી **સ્વીકારી.** બાહ્યવેષ સાધુનો હોય કે તાપસ પરિવ્રાજકનો હોય પરંતુ **ભાવથી જૈન શાસન** જેને પરિણમ્યું હોય અર્થાત્ ક્ષાયિકભાવે સમ્યગ્-**દર્શન,** જ્ઞાન, ચારિત્ર આદિ આત્મિકગુણો પ્રગટ થયા હોય તેને જ મુક્તિનો અધિકારી માન્યો છે.

એથી સ્વલિંગ એટલે જૈન સાધુના વેષની કાંઈ કિંમત નથી એમ ન સમજવું. **સ્વલિંગમાં મોક્ષના અંતરંગ સાધનોની જેટલી અનુકૂળતા છે તેટલી અન્યલિંગ કે ગૃહલિંગમાં નથી.** અન્યલિંગ કે ગૃહલિંગમાં વર્તમાન વલ્કલચીરી તેમજ મરુદેવા માતા વગેરે જે જે આત્માઓને કેવળજ્ઞાન આદિ લાભો પ્રાપ્ત થયા છે તે બધાય બહુલતાએ પૂર્વભવોમાં અનેકવાર સ્વલિંગને ધારણ કરવા દ્વારા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચારિત્રની આરાધના કરનારા હતા. એટલે સ્વલિંગનું કાંઈ પ્રયોજન નથી એમ સમજવાનું નથી.

સ્વલિંગ, અન્યલિંગ અને ગૃહલિંગ એ ત્રણ પ્રકારના સિદ્ધોમાં સર્વથી વધુ સંખ્યા સ્વલિંગે સિદ્ધ થયેલાઓની જ છે. અન્યલિંગ અને ગૃહલિંગની અપેક્ષાએ સ્વલિંગે સિદ્ધ થયેલા આત્માઓની સંખ્યા અનંતગણી છે. એ વાત વિચારાય તો મોક્ષના અતંરંગ સાધનોની અનુકૂળતા માટે અનુકૂળ બાહ્ય સાધનોની ખૂબ જરૂર છે એ બાબત બરાબર સમજાયા સિવાય નહિ રહે.

મોક્ષનું અંતરંગ કારણ સમ્યક્ત્વ આદિ આત્મભાવ જ છે. **આત્મા આત્માવડે જ આત્માને અર્થાત્ મોક્ષને પ્રાપ્ત કરે છે એ** વાત યથાર્થ છે પરંતુ અનુકૂળ બાહ્ય સાધન સિવાય અંતરંગ આત્મભાવ પ્રાપ્ત થતો નથી. એ દૃષ્ટિએ સ્વલિંગની એટલે કે જૈન સાધુવેષની અન્યલિંગની અપેક્ષાએ પ્રધાનતા છે.

અન્ય સાધુઓના બાહ્ય આચારોની અપેક્ષાએ જૈન સાધુઓના બાહ્ય આચારો ખૂબ જ ઉચ્ચ કોટિના છે. ગમે તેવો જૈન સાધુ હશે તો પણ સૂર્યાસ્ત પછી અને સવારે સૂર્યોદય થયા બાદ બે ઘડી જેટલો સમય ન થાય ત્યાંસુધી આહાર તો શું પણ પાણીનું ટીપું પણ મુખમાં નાખવાની ઈચ્છા પણ ન કરે. ભલે પછી ગમે તેવો ઉનાળો હોય કે માંદગીનો પ્રસંગ હોય.

જૈન સાધુના પાત્રમાંથી સૂર્યાસ્ત થયા પછી આવતી કાલ માટે રોટલી કે બીજી કોઈ ખાનપાનની વસ્તુ તો નહિ મળે પરંતુ સોપારીના ટુકડા જેવી સામાન્ય ચીજ તેના પાત્રમાં ન હોય, ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ જૈન સાધુ મોટર ગાડી, રેલ્વે, હાથી, ઘોડા, રથ વગેરે કોઈ પણ વાહનનો ઉપયોગ ન કરી શકે. અને જ્યાં સુધી જંઘાબળ ક્ષીણ ન થાય ત્યાં સુધીના પોતાના જીવનમાં સદાય પાદવિહારી જ હોય.

જૈન સાધુ ગમે તેવો પ્રતિષ્ઠિત હોય એટલે આચાર્ય હોય છતાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેની માલિકીનું ઘરબાર, ખેતર કે ખળું કોઈ પણ ચીજ ન હોય. જ્યારે જ્યારે જે જે સ્થળે જૈન સાધુ આવે તે તે સ્થળના માલિકની રજા લઈને પછી જ તે સ્થાનકમાં ઉતરે. ગમે તેવો કાંટાવાળો રસ્તો હોય છતાં જૈન સાધુ પગમાં ચંપલ ન પહેરે.

જૈન સાધુ કોઈ પણ એક ગૃહસ્થને ત્યાં પાટલો માંડી જમવા ન બેસે. જૈન સાધુને તો ગોચરી માધુકરી વૃત્તિથી જ ભિક્ષા ગૃહણ કરવાની હોય. જૈન સાધુને કંચન, કામિનીનો સર્વથા ત્યાગ હોય, અજાણપણામાં સ્ત્રીનો સ્પર્શ થઈ જાય તોપણ તેને પ્રાયશ્ચિત્ત લેવું પડે.

અન્યદર્શનના સાધુઓમાં બહુલતાએ આવા સુંદર બાહ્ય આચારો નહિ જોવામાં આવે. કોઈ કોઈ વાર જૈનેતર સંપ્રદાયમાં પણ કોઈ વિશિષ્ટ વ્યક્તિઓ હોય છે એનો નિષેધ નથી પરંતુ એટલું જરૂર કે જૈન સાધુના જેવા આચારવિચારો છે તેવા આચારો અન્ય દર્શનમાં બહુ જ ઓછા જોવામાં આવશે.

ભાવાર્થ એ છે કે અંતરંગ વિશુદ્ધિ પ્રાપ્ત કરવાનું સાધન જેટલું સ્વલિંગમાં છે તેટલું અન્યલિંગ કે ગૃહલિંગમાં નથી.

## સ્વયંબુદ્ધ અને પ્રત્યેક બુદ્ધનો તફાવત

જાતિસ્મરણ જ્ઞાનથી અથવા અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જાણીને બોધ પામ્યા તેને સ્વયંબુદ્ધ કહે છે, અને વૃષભ, ઇંદ્રધનુષ વગેરે બાહ્યવસ્તુ દેખીને વૈરાગ્ય–બોધ પામે છે તેને પ્રત્યેક બુદ્ધ કહે છે.

સ્વયંબુદ્ધને પૂર્વાધીત શ્રુત હોય તો સ્વયં દીક્ષા લઈ એકાકી વિચરે છે અને પૂર્વાધીત શ્રુત ન હોય તો અવશ્ય ગુરુની પાસે જઈને દીક્ષા લીએ છે અને તેમની સાથે વિચરે છે.

પ્રત્યેક બુદ્ધ તો પૂર્વભવાધીત શ્રુતજ્ઞાની જ હોય છે. તે જઘન્યથી અગીઆર અંગ તથા ઉત્કૃષ્ટથી કાંઈક ન્યૂન દશ પૂર્વ ભણેલો જાણવો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૨

# શ્વેતાંબરત્વ દિગંબરત્વ

લેખક

**પંડિત શ્રી બેચરદાસજી દોશી.**

*

**સર્વથા સત્ય, ખુલ્લું સત્ય, શુદ્ધ સત્ય એક એવું ભારે રસાયન છે કે તેને મનુષ્ય માત્ર જીરવી શકતો નથી. નિર્ભેળ સત્ય પિશાચ જેવું બિહામણું લાગે છે તો પણ પરમ શાંતિ તો તેમાં જ રહેલી છે. વિકાસની પરાકાષ્ઠાએ પહોંચનાર મનુષ્ય માત્રે જે દિ તે દિ તેનો જ ખોળો શોધવાનો છે.–પાનું ૨૦–૨૧**

ઉપર જણાવ્યા પ્રમાણે શ્રી વર્દ્ધમાન, તેમના અનુયાયી સ્થવિરો અને તેમનું પ્રવચન—એ બધાની એક સરખી અનાગ્રહી અને સ્યાદ્વાદનથી સ્થિતિ હોવા છતાં વર્તમાનમાં વર્દ્ધમાનના શાસનમાં એક પક્ષ નગ્નતાને જ પોષે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કોઈ મુમુક્ષુથી પ્રારંભમાં નગ્નતા ન સહી શકાતી હોય તો તેની મુનિતાનો નિષેધ કરે છે. મારા જોયા પ્રમાણે તેમના સાહિત્યમાં (દિગંબર ગ્રંથોમાં) આદાન સમિતિ અને પારિષ્ઠાપનિકા સમિતિની વિહિતતા હોવા છતાં પણ તેઓ કારણિક વસ્ત્રપાત્રવાદનો એવો કડક નિષેધ કરે છે કે જેને પરિણામે તેને વર્તમાનમાં મુનિમાર્ગનો લોપ સહવો પડે છે.

જેમ કોઈ મનુષ્ય પોતાના પુત્રને એમ સૂચવે કે ભાઈ! તારે પંડિત પરીક્ષા પાસ કરવાની છે પણ તું યાદ રાખજે કે તારે એકડા બગડા ઘુંટવા માટે પંડિત પાસે જવાનું નથી. પહેલી, બીજી કે ત્રીજી એમ ક્રમવાર ગોઠવાયેલ પુસ્તકો પણ શિખવાના નથી, પરંતુ પરબાર્યું જ પંડિત થવાનું છે. આ સૂચના જેવી જ તે પક્ષની વસ્ત્રપાત્રવાદના નિષેધ માટે પ્રબળ આગ્રહ દશા છે.

એ સમાજ આ પ્રકારે નગ્નતાનો પોષક હોવા છતાં મૂર્તિવાદને સ્વીકારે છે. અને તે માટે વર્તમાનમાં મોટાં થિંગાણાં કરવાનું પણ ચૂકતો નથી. આ સ્થિતિ વર્તમાન દિગંબર સમાજની છે.

એક બીજો શ્વેતાંબર પક્ષ છે તે વસ્ત્રપાત્રવાદને જ અવલંબે છે. ઉપર જણાવ્યા પ્રમાણે તેના સૂત્રગ્રંથોમાં સ્પષ્ટપણે અચેલકતાનું વિધાન છે. છતાં અચેલક શબ્દનો 'અનુદય કન્યા'ની જેવો પોતાને અનુકૂળ અર્થ કરે છે. અને તેને પરિણામે આજે એ સમાજના સાધુઓ વસ્ત્રપાત્રના પોટલા રાખતા થઈ ગયા છે.

આ સમાજમાંનો મારો સંપ્રદાય (મૂર્તિપૂજક માર્ગ) મૂર્તિવાદનેજ સ્વીકારે છે. અને તે એટલે સુધી કે મૂર્તિને નામે મોટી મોટી પેઢીઓ રાખી લાખોનું ધન જમે કરવામાં જ ઇંદ્રાસનનો (!) લાભ જોઈ રહ્યા છે. મૂર્તિને નામે વિદેશી ન્યાયાલયોમાં જઈને સમાજની લાખોની સંપત્તિ ઉપર પાણી ફેરવી રહ્યો છે.—પાનું ૩૭–૩૮.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વર્તમાનમાં આદર્શમાં આદર્શ સદ્ગૃહસ્થ જે મિત્રતા સાચવતા દેખાય છે તેની સરખામણી કરતાં એ અચેલક વર્દ્ધમાનના (!) સાધુઓનું પલ્લું તદ્દન નીચું નમે છે. હું માનું છું તેમ તેઓ પોતાની આ જાતની પ્રવૃત્તિથી મહાશ્રમણ વર્દ્ધમાન તથા તેમના પ્રવચનની આશાતના કરતા હોય એમ જણાય છે.

**તેઓ એ જાતનો ભીષણ મૂર્તિવાદ સ્વીકારે છે કે તેમાં, વર્તમાનમાં તો અહિંસાદેવી પણ હોમાઈ ગયાં છે.**

તેઓ **જ્ઞાનની પૂજાઓ ભણાવે છે,** જ્ઞાન પાસે લાડવાના, પતાસાના અને પૈસાના ઢગલા કરે છે—કરાવે છે પરંતુ **તેમનાં સંતાનો વિદ્યાવિહીન થતાં જાય છે, તેમનું સાહિત્ય ભંડારોમાં બંધ બારણે સડતું જાય છે.** જ્ઞાનના પૂજારી (પૂજા—અરિ) તે પક્ષે જ્ઞાનભંડારો ઉપર ખંભાતી તાળાં મારી તેને પોતાનું કેદી બનાવી દીધું છે. પાનું ૪૦—૪૧

શ્વેતાંબરનાં સૂત્રો કહે છે કે વસ્ત્રો અને પાત્રો રાખવાં પણ જોઈએ. તે સિવાય નબળા, સુકુમાર અને રોગીઓ માટે સંયમ દુરારાધ્ય છે. જો સાધુઓ વસ્ત્ર ન રાખે તો કડકડતી ટાઢમાં અસહનશીલ સાધુઓનું શું થાય ? તાપ સળગાવીને તાપણી કરતાં જે હિંસા થાય છે તે કરતાં વસ્ત્રો રાખવામાં એટલી હિંસાનો સંભવ નથી.

સાધુઓને વિશેષ કરીને જંગલમાં રહેવાનું હોવાથી ત્યાં ડાંસ, મચ્છર વગેરે જંતુનાં ઉપદ્રવો થવાનો વિશેષ સંભવ છે માટે જે સાધુ એટલું દુઃખ સહી શકતો નથી તે જો વસ્ત્ર ન રાખે તો તેને વિના કારણે સંયમ પાળતાં પાછા પડવું પડે છે.

વળી જે સાધુએ લજ્જાને જીતી નથી તેને પણ વસ્ત્ર રાખવાની જરૂર છે. કારણકે તે (સાધુ) ફાટેલતૂટેલ વા જૂનું, મેલું કે કોહેલું ગીતરેલું વસ્ત્ર પોતાની કેડ ઉપર વીંટીને લજ્જાને જીતવાનો પ્રયાસ કરી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શકે છે. જ્યારે તેને જરાપણ લોકલજ્જાનો ભય રહેતો નથી ત્યારે તે વસ્ત્ર ન રાખે તો પણ ચાલી શકે છે.

એ પ્રકારે પાત્ર રાખવામાં પણ સંયમની જ સાધના સમાયેલી છે, જમતી વખતે માત્ર હાથમાં લઈને સ્નિગ્ધ અને દ્રુત (દ્રવવાળો) આહાર કરવાથી તેનો કેટલોક ભાગ નીચે પણ પડે છે અને તે દ્વારા પ્રતિપલ દૃષ્ટિએ જીવહિંસાનો વિશેષ સંભવ છે.

વળી જે સાધુ બિમાર હોય, પથારીમાંથી ઉઠવાની જેની શક્તિ ન હોય તેને પણ પાત્ર સિવાય ચાલી શકતું નથી. જો પાત્ર હોય તો તેને માટે બીજો સાધુ પાત્ર દ્વારા તદુચિત આહાર લાવી શકે છે. તેમ પાત્ર હોય તો જ તેનાં ખરચુપાણી રીતસર થઈ શકે છે.

જે સાધુઓ વસ્ત્રપાત્ર સિવાય પણ નિર્દોષ સંયમ પાળી શકે છે તેઓ માટે વસ્ત્રપાત્ર રાખવાની કોઈ રાજાજ્ઞા નથી. છેક વિક્રમના સાતમા આઠમા સૈકા સુધી તો સાધુઓ કારણે જ વસ્ત્ર રાખતા. તે પણ માત્ર એક કટિવસ્ત્ર (કાછડી જ) અને કટિવસ્ત્ર પણ જો અકારણે પહેરવામાં આવતું તો તે સાધુ કુસાધુ ગણાતો.

આ હકીકતને શ્રી હરિભદ્રસૂરિએ પોતાના સંબોધ પ્રકરણમાં (પૃષ્ટ ૧૪) આ રીતે જણાવી છે—"ક્લીબ, દુર્બળ, શ્રમણ લોચ કરતા નથી, પ્રતિમાનું વહન કરતાં લાજે છે, શરીરનો મેલ ઉખેડે છે, જોડા પહેરીને હિંડે છે અને કાર્ય વિના (પ્રયોજન વિના) કટિપટ્ટ (કટિવસ્ત્ર, કાછડી)ને બાંધે છે.

આ રીતે સાધુઓને માત્ર એક કટિવસ્ત્ર રાખવાનું જ દૃઢ થાય છે. અને તે પણ સૂત્ર સાહિત્યની સંકલના થયા પછીના ગ્રંથોથી એટલે કે અર્વાચીન ગ્રંથોથી. આ સંબંધે આચારાંગ સૂત્રમાં નીચે પ્રમાણે જણાવ્યું છે—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

( અહિંઆ પંડિતશ્રીએ આચારાંગ સૂત્રના સૂત્ર નં. ૩૬૦, ૩૬૧, ૩૬૨, ૮૧૩, ૮૨૪, ૪૩૩, ૪૩૪, ૪૨૯, ૪૨૪, ૪૨૫, ૮૩૨, ૮૪૧, ૮૪૯ અને ૮૫૦ના અવતરણો ટાંકેલા છે તે સ્થળસંકોચને લીધે અહિં આપ્યા નથી. જિજ્ઞાસુએ સૂત્રમાં જોઈ લેવા )

સ્થાનાંગ સૂત્રમાં પણ લજ્જા, ઘૃણા અને પરિસહ એ ત્રણ કારણે એક વસ્ત્ર રાખવાની છૂટ આપી છે.

એ રીતે શ્વેતાંબરોના એ પ્રામાણિક ગ્રંથોમાં મને તો ક્યાંય એમ લાગતું નથી કે વસ્ત્રપાત્ર માટે જ વિશેષ આગ્રહ કરાયો હોય અથવા તે સિવાય સંયમ નથી જ, તે સિવાય મુક્તિ નથી જ, તે સિવાય કલ્યાણ નથી જ એમ પણ કહેવાયું હોય.

તેમાં તો એમ સાફ સાફ જણાવ્યું છે કે જે સાધુઓ વસ્ત્રપાત્ર વિના પણ નિર્દોષ સંયમ પાળી શકતા હોય, તેઓને માટે તો વસ્ત્રપાત્રની જરૂર નથી. અને જે સાધુઓ તે વિના સંયમને પાળી શકવા જેટલા સમર્થ ન હોય તેઓ વસ્ત્રપાત્રને ( એક કે બે વસ્ત્રને અને એકાદ પાત્રને ) રાખે તો પણ હરકત નથી. બંનેનું ધ્યેય સંયમ છે, ત્યાગ છે અને આત્મશ્રેય છે.

**વસ્ત્રપાત્ર રાખનારે તેના ગુલામ બનવાનુ નથી. અને નગ્ન રહેનારે નગ્નતાના ગુલામ બનવાનું નથી. તાત્પર્ય એ કે કોઈપણ સ્થિતિના દાસ ન બનતાં, કોઈ જાતનો એકાંત દુરાગ્રહ ન કરતાં જેટલી જરૂરીયાતો ( ઉપાધિઓ ) ઓછી થાય તેમ કરવાનો પ્રયત્ન કરવાનો છે. એ જ પ્રયત્નવાળો માર્ગ વર્દ્ધમાને આચરેલો છે અને આર્ય ગ્રંથોમાં નોંધાએલો છે. તે જ માર્ગમાં ત્યાગ છે, આત્મ સ્વાતંત્ર્ય છે અને ઘરબાર છોડવાનો સાર પણ તેમાં જ છે.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉગ્ર સંયમના પોષક દિગંબર ગ્રંથોએ પણ જેમ સાધુઓને ખાવાની છૂટ આપી છે તેમ સંયમ નિમિત્તે જ વસ્ત્રપાત્રની પણ છૂટ આપવી જોઈએ. જો તે ગ્રંથોમાં તે જાતનું વિધાન ન હોય તો હું માનું છું કે તે તેના રચનારની ખામી છે.

દિગંબરોના રાજવાર્તિક ગ્રંથમાં ૨૭૧ મે પાને આઠમા સૂત્રમાં જણાવ્યું છે કે અહિંસારૂપ મહાઉદ્યાનની રક્ષા કરનારે તેની ફરતી પાંચ વાડો બાંધવાની છે તે આ પ્રમાણે—વાણીનો સંયમ, મનનો સંયમ, જતાં આવતાં સાવધાનતા, લેતાં મૂકતાં (એટલે ઉપકરણોને લેતાં મૂકતાં) સાવધાનતા અને આલોકિત ખાનપાનમાં સાવધાનતા.

આ ઉલ્લેખમાં ખાનપાનની સાવધાનતાનો જુદો ઉલ્લેખ કરેલો હોવાથી આદાન નિક્ષેપણમાં તેનો સંબંધ જણાતો નથી તેથી એ ચોથી વાડનો સંબંધ નિર્ગ્રંથોના ઉપકરણો (વસ્ત્રપાત્ર વગેરે) સાથે ઘટાવવો સંગત અને ઉચિત જણાય છે.

દિગંબરોના જ્ઞાનાર્ણવ ગ્રંથના ૧૯૦ મે પાને શ્લોક ૧૨–૧૩માં કહ્યું છે કે—"શય્યા, આસન, ઓસિકું, શાસ્ત્રને સાચવવાનાં ઉપકરણો —એ બધાંને બરાબર જોઈ વારંવાર તપાસી લેતો મૂકતો સાધુ અવિકલપણે આદાન સમિતિને સાચવી શકે છે." તેમાં આ જ પ્રકરણમાં વ્યુત્સર્ગ સમિતિનો (નિક્ષેપણા સમિતિનો) પણ ઉલ્લેખ છે. ઉપરનો જ્ઞાનાર્ણવનો ઉપકરણોને લગતો ઉલ્લેખ શાસ્ત્રોપકરણોનો પણ નિર્દેશ કરે છે તો તે, શરીરોપકરણો અને તે પણ ઔષધવત્ વપરાતાં વસ્ત્રપાત્રોનો એકાંતિક નિષેધ શી રીતે કરે?

**વળી વર્દ્ધમાનને નામે ચાલતાં પ્રવચનમાં, તેમાં પણ નિર્દોષ બાહ્યસામગ્રીમાં ક્યાંય એકાંત સંભવી શકતો નથી, કારણ કે તે પ્રવચનનું નામ જ અનેકાંતિક દર્શન છે. છતાં જો**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વર્દ્ધમાનને નામે ચાલતા ચોપડામાં તેના મુનિમે આવી બાહ્ય સામગ્રીમાં પણ ક્યાંય એકાંતનો આંકડો પાડ્યો હોય તો હું તો તે ચોપડાનો વહિવટ વર્દ્ધમાનાનુગામી છે એવું કદી પણ માની શકું નહિ. સ્વીકારી શકું નહિ, પછી ભલે તે શ્વેતાંબરોનો હોય કે દિગંબરોનો હોય. અસ્તુ.

આ ઉપરથી વાંચકો સમજી શકશે કે શ્વેતાંબરતા અને દિગંબરતાની ભીંત કેવળ આગ્રહના જ પાયા ઉપર ચણાએલી છે. બન્ને સંપ્રદાયના પ્રાચીન ગ્રંથોનો વસ્ત્રપાત્ર માટે એકસરખો અભિપ્રાય છે છતાં વર્તમાનમાં તે વિષે જે ભીષણ મતભેદ જણાય છે તેનું મૂળ કારણ બન્ને સંપ્રદાયના પૂર્વના ગુરુઓનો અને વર્તમાન કુળગુરુઓનો દુરાગ્રહ, સ્વાચ્છંદ્ય, શૈથિલ્ય અને મુમુક્ષુતાનો અભાવ-એ સિવાય બીજું કાંઈ હોઈ શકતું નથી.—પાનાં ૪૫થી ૬૦

* * * *

હવે તો વર્દ્ધમાન, સુધર્મા કે જંબૂ—કોઈ પ્રતાપી નટ માથે ન હોવાથી તેઓએ શીઘ્ર કહી નાખ્યું કે જિનનો આચાર જિનના નિર્વાણની સાથે જ નિર્વાણને પામ્યો છે. જિનની જેવો સંયમ પાળવાને જોઈતું શરીરબળ કે મનોબળ હવે રહ્યાં નથી. તેમ ઉચ્ચ કોટિનો આત્મવિકાસ અને પરાકાષ્ઠાનો ત્યાગ માર્ગ પણ હવે લોપાયો છે, માટે હવે તો વર્દ્ધમાનના સમયે જે છૂટો લેવાતી હતી તેમાં પણ સંયમની સગવડતાની ખાતર (!) વધારો કરવાની જરૂર જણાય છે.

મારા ધારવા પ્રમાણે તો આ સંક્રાંતિ કાળમાં જ શ્વેતાંબરતાનું અને દિગંબરતાનું બીજ વવાયું છે, અને જંબૂસ્વામીના નિર્વાણ પછી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ બીજને જ પોષણુ મળ્યા કર્યું હોય એમ મને લાગે છે. આ હકીકત કાંઈ નરી મારી કલ્પના નથી. પરંતુ તે બાબતને વર્તમાન ગ્રંથો પણ ટેકો આપી રહ્યા હોય એમ મને લાગે છે.

વિશેષાવશ્યક ભાષ્ય ( ય. ગ્રં. પૃષ્ટ ૧૦૩૫ ) માં ગાથા ૨૫૯૩ માં જણાવ્યું છે કે—જબૂંસ્વામીના નિર્વાણુ પછી નીચે જણાવ્યા પ્રમાણે દશ વાનાંનો લોપ થયો છે.—

૧. મનઃપર્યવજ્ઞાન.
૨. પરમાવધિજ્ઞાન.
૩. પુલાક લબ્ધિ.
૪. આહારકશરીર.
૫. ક્ષપકશ્રેણી.
૬. ઉપશમશ્રેણી.
૭. જિનકલ્પ.
૮. સંયમત્રિક (યથાખ્યાત, પરિહાર વિશુદ્ધ સૂક્ષ્મસંપરાય )
૯. કેવળજ્ઞાન
૧૦. સિદ્ધિગમન.

વિશેષાવશ્યકના આ ઉલ્લેખને ભાષ્યકાર શ્રી જિનભદ્રજીએ તીર્થંકર વચન ( જિણવયણ ) કહ્યું છે અને ટીકાકાર શ્રી મલધારી હેમચંદ્રજીએ પણ માખી ઉપર માખી કરીને તે જ વાતને દૃઢ કરી છે, શ્રદ્ધાંધતાની બલિહારી છે!

**ગાથામાં લખ્યું છે કે " જંબૂને સમયે આટલાં વાનાં વિચ્છિન્ન થયાં છે. " આ રીતનો ઉલ્લેખ તો તે જ મનુષ્ય કરી શકે કે જે જંબૂસ્વામીની પછી થયો હોય, તો હું વાંચકોને પૂછું છું કે જંબૂસ્વામી પછી ૨૫ મા એવા કોણ તીર્થંકર-જિન થઈ ગયા છે કે જેમના વચનરૂપ આ ઉલ્લેખ હોઈ શકે ? આ અને આવા સંખ્યાબંધ ઉલ્લેખો તે પવિત્ર જિનોને નામે આપણા કુળગુરુઓએ ચડાવી દીધા છે જેને લીધે આપણે કશું વિવેકપૂર્વક વિચારી શકતા નથી. આ કાંઈ ઓછું તમસ્તરણ છે ?**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ હકીકતથી આટલી વાત તો સ્પષ્ટ થાય છે કે જંબૂસ્વામી પછી જિનકલ્પનો લોપ થયાનું જણાવીને હવે પછી જિનકલ્પની આચરણાને બંધ કરવી અને તે રીતે **આચારનારાઓનો ઉત્સાહ કે વૈરાગ્ય નષ્ટ કરવો.** એ ઉલ્લેખમાં એ સિવાય બીજો કોઈ ઉદ્દેશ તો મને સમજાતો નથી.

**જંબૂસ્વામીના નિર્વાણ પછી જિનકલ્પ વિચ્છિન્ન થયાનો જે વજ્રલેપ કરવામાં આવેલો છે અને તેની આચરણા કરનારને જિનાજ્ઞા બાહ્ય સમજવાની સ્વાર્થી એકતરફી અને દંભી ધમકીનો ઢંઢેરો પણ જે પીટાએલો છે તેમાં જ શ્વેતાંબરતા અને દિગંબરતાના વિષવૃક્ષનું બીજ સમાયેલું છે અને તે બીજરોપના સમારંભનો (!) પણ તે જ સમય છે કે જે સમય જંબૂસ્વામીના નિર્વાણનો છે.**

આ ઉપરાંત એ સમયે મૂળ નખાયાનાં બીજાં અનેક પ્રમાણો છે. જેમાનું એક બૌદ્ધગ્રંથોમાંથી અને બીજું દિગંબરોની પટ્ટાવલી ઉપરથી હું તારવી શક્યો છું.

બુદ્ધ ધર્માનુસારી સૂત્રપિટકના **મજ્ઝિમ નિકાય** નામના ગ્રંથમાં પૃષ્ઠ. ૨૪૩માં એક ઉલ્લેખ આ પ્રમાણે મળે છે—" મેં એવું સાંભળ્યું છે કે એક સમયે ભગવાન બુદ્ધ, શાક્ય દેશમાં શ્યામગ્રામમાં વિહરતા હતા તે વખતે જ્ઞાતપુત્ર નિર્ગ્રંથ પણ હતા. આ જ્ઞાતપુત્રના નિર્ગ્રંથોમાં દ્વૈધીભાવ (જુદાઈ) થયો હતો, તેઓનું ભાંડણું હતું અને તેઓમાં કલહ થયો હતો. જુદા થયેલા નિર્ગ્રંથો પરસ્પર બકવાદ કરતા વિહરતા હતા."

એનો મતલબ આ છે કે—જંબૂસ્વામી પછી અર્થાત્ વર્ધમાનના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નિર્વાણ બાદ ૬૪ વર્ષે તેમના નિર્ગ્રંથોમાં બે તડ પડ્યા હતા જેમાનું એક નરમ તડ એમ કહેતું હતું કે હવે જિનકલ્પ વિચ્છિન્ન થઈ ગયો છે તેથી આપણે તેને આચરી શકીએ જ નહિ ત્યારે બીજું ગરમ તડ તે જિનકલ્પનું પક્ષપાતી હતું અને તેની આચરણાની પણ હિમાયત કરતું હતું.

આ બે તડના મતભેદનો જ ઉલ્લેખ એ બૌદ્ધગ્રંથોમાં હોય તેમ આ ગાથના **जंबुम्मि वुच्छिण्णा** પદ ઉપરથી આપણે ઘણી સરળતાથી અવધારી શકીએ છીએ.

આ હકીકતને દિગંબરોની 'પટ્ટાવલી પણ પુષ્ટ કરતી લાગે છે. શ્વેતાંબરોની અને દિગંબરોની પટ્ટાવલીમાં વર્દ્ધમાન, સુધર્મા તથા જંબૂનાં નામ તો એકસરખી રીતે અને એક જ ક્રમથી નોંધાએલાં છે. પરંતુ ત્યાર પછી આવતાં નામોમાં તદ્દન જુદાઈ જણાય છે અને તે એટલી બધી કે જંબૂસ્વામી પછી તેમાંનું એક પણ નામ સરખું જણાતું નથી.

**આ પ્રકારે જંબૂસ્વામી પછીથી જ આ પટ્ટાવલીઓ તદ્દન જુદી જુદી ગણાવા લાગી તેનું જો કોઈપણ કારણ હોય તો તે આ એક જ છે કે જે સમયથી તદ્દન જુદા જુદા પટ્ટધરનાં નામોની યોજના આરંભાઈ તે જ સમયે એટલે જંબૂસ્વામીના નિર્વાણ બાદ એ વર્દ્ધમાનના સાધુઓમાં તડ઼ા પડી ગયા હતા તે પડી ગયેલો ભેદ ધીરે ધીરે દ્વેષ કે વેરના રૂપમાં પ્રચ્છન્નપણે બદલ્યે જતો હતો.**

(તે વખતના) મુમુક્ષુઓમાં જે વચલો વર્ગ હતો અર્થાત્ જે પૂરો મુમુક્ષુ ન હતો પણ અત્યારની જેમ મતાગ્રહી હતો તે કોઈ રીતે પોતાની હસ્તીને આચંદ્રાર્ક સ્થાપવાને ઇચ્છતો હતો. એટલે તેઓમાં એક પક્ષ વસ્ત્રપાત્રવાદમાં જ મુક્તિ જોતો હતો અને બીજો પક્ષ નગ્નતામાં જ મુક્તિ માનતો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હવે ત્યાગને આચારમાં મૂકવાની વાતો દૂર રહી પણ પોતપોતાના પક્ષને વર્દ્ધમાનના નામે ચડાવવાના તાનમાં તેઓ એવા એક સમયની રાહ જોતા હતા કે જે સમયે જાહેરમાં હોહા કે કજિયો કર્યા સિવાય તે બન્ને છૂટા પડી જાય.

વીરનિર્વાણ પછીનો આ સમય દેશની પ્રજા માટે ઘણો ભીષણ હતો. વીર નિર્વાણને પૂરાં બસો વર્ષ નહિ વીત્યાં હોય તેટલામાં તો મગધમાં એક સાથે બાર દુકાળી પડી હતી. વળી વીરનિર્વાણ પછી પાંચમા છઠ્ઠા સૈકામાં ફરીને તે બાર વર્ષના ભયંકર દુકાળ રાક્ષસે મગધને પોતાની દાઢમાં લીધો હતો.

આ ભીષણ સમયે ત્યાગીઓનાં તપો પણ ડોલ્યાં હતાં, આચારો પણ ફરી ગયા હતા અને અન્નના અભાવે દિન પર દિન સ્મૃતિશક્તિનો નાશ થતો હોવાથી જે પરંપરાગત કંઠસ્થ વિદ્યા ચાલી આવતી હતી તે પણ ભૂલાઈ જવા લાગી હતી. તેનો મોટો ભાગ વિસ્મૃત પણ થઈ ગયો હતો.

પરંતુ હવે જે યાદ હતું તેને જાળવી રાખવું એવી ભાવનાથી સુકાળના સમયે મથુરામાં આર્યશ્રી સ્કંદિલાચાર્યે બાકી રહેલા બધા શ્રુતધરોને બોલાવ્યા હતા. તેમાં જેઓ મતાગ્રહી, સુખશીળ અને નરમ તડના હતા તેઓ પણ આવ્યા હતા. જેને જેને જે જે યાદ હતું તે બધું તેઓ ઉતરાવવા લાગ્યા. પણ આમાં જ મતભેદ થયો કે નિર્ગ્રંથોના આચારો માટે શું લખવું ? શું નગ્નતાનું જ વિધાન કરવું કે વસ્ત્રપાત્ર-વાદનું જ વિધાન કરવું ? એક કહે કે નગ્નતાનું જ વિધાન કરવું ત્યારે બીજો કહે કે વસ્ત્રપાત્રવાદનું જ વિધાન કરવું.

આવી તકરાર હોવા છતાં પણ દીર્ઘદર્શી સ્કંદિલ મુનિએ અને ત્યાર પછીના ઉદ્ધારક દેવર્દ્ધિગણિએ સૂત્રોમાં તો ક્યાંય નગ્નતાનું જ કે ક્યાંય વસ્ત્રપાત્રવાદનું જ વિધાન કર્યું નથી. પરંતુ યથાયોગ્ય તે બન્ને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બાબતોને ન્યાય આપ્યો છે.

માથુરી વાચનાના મૂળપુરુષ અને વલ્લભી વાચનાના મૂળપુરુષ એ બન્ને મહાત્માઓને હું હૃદયપૂર્વક કોટિશઃ અભિનંદન કરું છું કે તેઓએ તે તે સમયના કોઈ જાતના વાતાવરણમાં ન આવી આચારપ્રધાન આચારાંગ સૂત્રમાં સાધુઓના આચારોની સંકલના કરતાં સાધારણ પણે જ ભિક્ષુ અને ભિક્ષુણીના આચારો જણાવ્યા છે. તેમાં ક્યાંય જિન-કલ્પ કે સ્થવિરકલ્પ તથા શ્વેતાંબર કે દિગંબરનું નામ પણ આવવા દીધું નથી ધન્ય છે તે અનાગ્રહી મહાપુરુષોને, ધન્ય છે તેઓની મુમુક્ષુતાને અને ધન્ય છે તેઓની જનનીને.

મારી ધારણા છે અને તે ઘણે ભાગે ખરી છે કે આ માથુરી વાચનાના સમયે જ તે સાધુઓમાં સ્પષ્ટરૂપે બે પક્ષો પડ્યા હતા. શ્વેતાંબરોમાં દિગંબરો વિષે જે દંતકથા છે તે વીરાત્ ૬૦૯ માં દિગં-બરોની ઉત્પત્તિ જણાવે છે. તો તે દંતકથામાં જણાવેલો સમય અને માથુરી વાચનાનો સમય લગભગ પાસે પાસેનો હોવાથી ઉપર જણાવેલી મારી કલ્પનાને ટેકો મળવાનો સંભવ છે.

બસ. હવે એક મગની બે ફાડ થઈ. તલ તારા ને મગ મારા થયા. એક પિતાના બે પુત્રોએ પોતાને ભાગિયારો વહેંચી લઈ પિતાના ઘર વચ્ચે એક મોટી ભીંત ચણવી શરૂ કરી. બંન્ને પુત્રોને વર્દ્ધમાન ઉપર મમત્વ હોવાથી તે બન્નેએ પોતપોતાના સિદ્ધાંતને વર્દ્ધમાનને નામે ચડાવી આગ્રહના આવેશથી અનેકાંત માર્ગ અને અપેક્ષાવાદના વર્દ્ધમા-નના મૂળ નિયમને તોડી પરસ્પર શબ્દાશબ્દીનું મહાભારત માંડયું.

એકે એકને બોટિક (બોડિયો) કહ્યો, નિન્હવ કહ્યો ત્યારે બીજાએ તેનો જવાબ ભ્રષ્ટ અને શિથિલ શબ્દોમાં વાળ્યો. બન્ને પક્ષોએ સપાટા-બંધ પોતપોતાના પક્ષને પ્રબળ કરવા પોતાની અનુચિત અને એકાંતિક કલ્પનાને પણ વર્દ્ધમાનને નામે ચડાવી તે જાતનાં શાસ્ત્રો (શસ્ત્રો?)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ ઘડી નાંખ્યા.

શ્રી સિદ્ધસેન દિવાકરે તેમના વાદદ્વાત્રિંશિકામાં કહ્યું છે કે—તેઓ બન્ને બંધુઓ આવેશમાં ને આવેશમાં એ વાત પણ વીસરી ગયા કે મુક્તતાનો વિશેષ સંબંધ આત્મા અને તેની વૃત્તિઓ સાથે છે કે વસ્ત્રપાત્ર અને નગ્નતા સાથે છે? તે બન્ને પક્ષે ભવિષ્યની પ્રજાને પોતપોતાના પક્ષમાં જ મુક્તિના પટ્ટાનો દસ્તાવેજ મળી શકવાની અછાજતી અને બાલિશ વાત પણ કરી નાખી છે. જેના પરિણામે વર્તમાન પ્રજા ખરેખર મુક્તિને ( શાંતિથી મુક્તિને અશાંતિને ) મેળવી રહી છે. એવું હું પ્રત્યક્ષપણે અનુભવું છું.

તેઓએ પક્ષો—તે પણ અકાટ્ય પક્ષો માંડયા. અને ભલેને પ્રજાના આધ્યાત્મિક બળનું ખેદાનમેદાન થઈ જાય, માનસિક બળનું સત્યાનાશ વળી જાય તો પણ દેહ વાત્તયે અને કાર્ય સાધયેની રીતે તેઓએ પોતાનું વિશિષ્ટ બળ આ રસ્તે જ ખર્ચવા માંડયું. અને જે વાત વર્દ્ધમાને નહોતી કહી, જે વર્દ્ધમાન પ્રવચનમાં તેના સાંકળનારાઓએ ચડાવી નહોતી તે જ વાતને તેઓએ વર્દ્ધમાનને નામે ચડાવી ને તેઓએ અનેક ગ્રંથો લખવા માંડયા.

ટીકાકારશ્રી શીલાંકસૂરિજીએ ઘણા ઠેકાણે એવા ઉલ્લેખ કર્યા છે કે ‘ આ તો જિનકલ્પીનો આચાર છે.’ ‘ આ સૂત્ર જિનકલ્પીને ઉદ્દેશીને લખાયું છે, ’ અને ‘ આ વાત તો જિનકલ્પીને ઘટે તેમ છે. ’ પરંતુ એ જાતનો મૂળસ્પર્શી અર્થ કરતાં કેટલેક ઠેકાણે તો પોતાના સંપ્રદાયથી પણ વિરૂદ્ધ ગયા છે.

આચારાંગ સૂત્રમાં પૃષ્ટ ૧૧૩ માં ૫૫૬ મી કલમમાં, પૃષ્ટ ૧૯૦મા ૮૨૪મી કલમમાં અને પૃ. ૧૯૪ માં ૮૪૧ મી કલમમાં એકસરખી રીતે ભિક્ષુ ભિક્ષુણીના આચારો નોંધાયા છે. છતાં ટીકાકારશ્રીએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**એ કલમોના ભાવને જિનકલ્પીઓને માટે ઘટાવવાનું સાહસ કરી સ્પષ્ટપણે પોતાના સાંપ્રદાયિક સિદ્ધાંતનો બાધ કર્યો છે. કારણ કે શ્વેતાંબર સંપ્રદાયમાં જિનકલ્પના અધિકારી તરીકે પુરુષને જ ગણેલો છે. પણ સ્ત્રીને નથી ગણી.**

આ ઝઘડો પરસ્પર સાધુઓનો જ હતો અને છે. પણ તેઓએ શ્રાવકોની ક્રિયાપદ્ધતિમાં પણ તે ઝગડાને ઉમેરીને તે પવિત્ર પદ્ધતિને લાંચ્છિત ન કરવાની ચૂક કરી નથી. અને તેમ કરી શ્રાવકોની એકતામાં ભંગાણ પાડી તેઓને પણ પોતાના જેવા કલહી અને જક્કી બનાવવાનો પ્રયાસ કર્યો છે. તેથી વર્તમાન શ્વેતાંબર દિગંબરના મહાસમરાંગણનું સેનાપત્ય પણ તેઓને અને તેઓના વર્તમાન સંતાનો ને જ છાજે છે. —પાનાં ૭૩ થી ૮૪.

—તેમના જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ નામના પુસ્તકમાંથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

३

# દિગંબરો ક્યારે છૂટા પડયા ?

લેખક

**પં. મુનિ શ્રી કલ્યાણવિજયજી મહારાજ.**

### નોંધ

શ્વેતાંબર પંડિતશ્રી બેચરદાસ દોશીએ વલ્લભીવાચના પછી દિગંબરો જૈન સંઘમાંથી છૂટા પડ્યા અને તેમનું નવું સાહિત્ય ઊભું કર્યું તે બતાવ્યું છે.

શ્વેતાંબર પન્યાસ શ્રી કલ્યાણવિજયજી જેઓ પુરાતત્ત્વવેત્તા પંડિત છે તેમણે "શ્રમણ ભગવાન મહાવીર" નામનું પુસ્તક રચેલું છે. તેમાં ઊંડા સંશોધનપૂર્વક સર્વ વાતો લખી છે. તે પુસ્તકમાં મુનિશ્રીએ દિગંબરોના ઇતિહાસ સંબંધી પણ ઘણી વાતો લખી છે કે જે પં. બેચરદાસજીનું સમર્થન કરે છે.

એ પુસ્તકમાં પ્રસ્તુત ઐતિહાસિક લેખનું પ્રકરણ પણ ઘણું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લાંબું છે, ૬૬ છાસઠ પાનાનું છે તે બધું અત્રે આપી શકાય તેમ નથી. એટલે તેમાંનાં થોડાક ફકરાઓ જ ઉદ્ધૃત કરૂં છું. પરંતુ તેથી પણ વાંચકને વસ્તુસ્થિતિનો યથાર્થ ખ્યાલ આવી શકશે. જિજ્ઞાસુને મૂળ પુસ્તક વાંચી જવાની વિનંતિ છે.

—(ન. ગિ. શેઠ.)

*

જો કે આ નવો ' મૂળસંઘ ' અત્યાર સુધી એ જ જૈન (શ્વતાંબરોના) આગમોથી કામ ચલાવતા હતા, તો પણ મહાવીરનો ગર્ભ-હરણ, તેમનો વિવાહ વગેરે અનેક વાતો તેઓ નહોતા માનતા અને તેથી તેઓ ધીરે ધીરે તેમનું નવું સાહિત્ય નિર્માણ કરતા જતા હતા ...સિદ્ધાંત ભેદને કારણે તેઓએ ફરીથી પ્રતિવાદ કરવો શરૂ કર્યો અને પરિણામે બને પરંપરામાં તડાફડી વધવા લાગી.

વિક્રમની છઠ્ઠી સદીના વિદ્વાન આચાર્ય કુંદકુંદ, દેવનંદી વગેરેએ પ્રાચીન પરંપરાની સામે મજબૂત મોરચો બાંધ્યો. પહેલાં જે સૂત્ર, નિર્યુક્તિ આદિ પ્રાચીન આગમોને તેમના પૂર્વાચાર્યો માનતા હતા તે બધું માનવાનો તેમણે અસ્વીકાર કરી દીધો. અને તેમના પોતાના માટે આચાર તથા દર્શન વિષયક સ્વતંત્ર સાહિત્યની રચના કરી અને તેમાં વસ્ત્રપાત્ર રાખવાનો એકાંતરૂપથી નિષેધ કર્યો.

અને એ એકાંતિક નિષેધના કારણથી તેમને સ્ત્રીમુક્તિ તથા કેવળીભુક્તિનો પણ નિષેધ કરવો પડ્યો. કારણ કે સ્ત્રીને સર્વથા અચેલક માનવું અનુચિત હતું અને વસ્ત્ર સહિતને મુક્તિ માની લેવાથી વસ્ત્રધારી પ્રતિસ્પર્ધિઓ ( શ્વેતાંબરો )નો નિષેધ થઈ શકે નહિ. એ જ પ્રમાણે કેવળીનો કવળાહાર માનવાથી તેમના માટે લાવવાને પાત્રને પણ માનવું પડે તેથી પાત્રધારી સ્થવિરોનું ખંડન થઈ શકે નહિ.—પૃષ્ટ ૩૦૨-૩૦૫

* * * *

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉપર આપણે જોઈ ગયા કે દિગંબર શિવભૂતિએ જે સંપ્રદાય ચલાવ્યો હતો તે દક્ષિણમાં જઈને 'યાપનીય સંઘ' ના નામથી પ્રસિદ્ધ થયો હતો. જો કે કર્ણાટક દેશમાં તેનું પર્યાપ્ત માન તથા પ્રચાર હતા તો પણ વિક્રમની છઠ્ઠી શતાબ્દીની લગભગ તેના સાધુઓમાં કંઈક ચૈત્યવાસની અસર થઈ ગઈ હતી, અને તેઓ રાજા વગેરેની તરફથી ભૂમિદાન વગેરે લેવા લાગી ગયા હતા.

અર્વાચીન કુંદકુંદ જેવા ત્યાગીઓને એ શિથિલતા સારી ન લાગી. તેમણે કેવળ સ્થૂળ પરિગ્રહનો જ નહિ પણ **આજસુધી ( તે વખત સુધી ) સંપ્રદાયમાં જે આપવાદિક લિંગના નામની વસ્ત્રપાત્રની છૂટ હતી તેનો પણ વિરોધ કર્યો અને ત્યાં સુધી શ્વેતાંબર આગમ ગ્રંથો જેને તેઓ પ્રમાણ માનતા હતા તેને પણ અપ્રામાણિક ઠરાવ્યા.**

શ્વેતાંબર આગમોના આધાર ઉપર જ તેમણે તેમની તાત્કાલિક માન્યતા અનુસાર નવા ધાર્મિક ગ્રંથો નિર્માણ કરવાનું શરૂ કર્યું. કુંદકુંદ વગેરે જેઓ પ્રાકૃત ભાષાના વિદ્વાન હતા તેમણે પ્રાકૃતમાં અને દેવનંદી આદિ સંસ્કૃતના વિદ્વાનોએ સંસ્કૃતમાં ગ્રંથ નિર્માણ કરીને તેમની પરંપરાને પરાપેક્ષતાથી મુક્ત કરવાનો ઉદ્યોગ કર્યો.—પૃષ્ઠ ૩૨૭

* * * *

શ્વેતાંબર જૈન આગમો વિક્રમની ચોથી સદીમાં મથુરા તથા વલભી અને છઠ્ઠી સદીનાં પ્રથમ ચરણમાં માથુર તથા વાલભ્ય સંઘની સંમિલિત સભામાં વલ્લભીમાં વ્યવસ્થિત કરીને પુસ્તકારૂઢ કર્યા. તેમાં સ્થાનાંગ તથા ઔપપાતિક સૂત્રમાં તેમ જ આવશ્યક નિર્યુક્તિમાં સાત નિન્હવોના નામ તથા તેમના નગરોનો ઉલ્લેખ કર્યો છે. તેઓને માત્ર સાધારણ વિરુદ્ધ માન્યતાના કારણે શ્રમણ સંઘની બહાર મૂકવામાં આવ્યા હતા. તેમાં છેલ્લા નિન્હવ ગોષ્ઠા માહિલ છે તે વિક્રમ સં. ૧૧૪ માં સંઘથી બહિષ્કૃત થયા હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જો વિક્રમની ચોથી શતાબ્દી સુધી પણ દિગંબર પરંપરામાં કેવળી કવળાહારનો તથા સ્ત્રી તેમ જ વસ્ત્રધારીની મુક્તિનો નિષેધ પ્રચલિત થઈ ગયો હોત તો તેમને પણ નિન્હવોની શ્રેણીમાં ન મૂકવાનું કોઈ કારણ નહોતું. પરંતુ એમ નહોતું બન્યું. તેથી સમજાય છે કે વિક્રમની પાંચમી શતાબ્દી સુધી શ્વેતાંબર વિરોધી સિદ્ધાંત પ્રતિપાદક વર્તમાન દિગંબર પરંપરાનો પ્રાદુર્ભાવ થયો નહોતો.

વિક્રમની સાતમી સદીની પહેલાંના કોઈપણ લેખપત્રમાં વર્તમાન દિગંબર પરંપરા સંમત શ્રુતકેવળી, દશપૂર્વધર, અંગપાઠી આચાર્યો, ગણો, ગચ્છો અને સંઘોનો નામોલ્લેખ મળતો નથી.

દિગંબર પરંપરાપાસે એક પણ પ્રાચીન પટ્ટાવલી નથી. તેમની પાસેની બધી પટ્ટાવલીઓ બારમી સદીની પછીની છે અને તેમાં વર્ણવેલા પ્રાચીન ગુરુક્રમ તદ્દન અવિશ્વસનીય છે.

શ્રુતકેવળી ભદ્રબાહુના દક્ષિણમાં જવા સંબંધીની જે કથા દિગંબર ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે તે વિક્રમની દશમી સદી પછીની છે. દક્ષિણમાં જવાવાળા ભદ્રબાહુ વિક્રમની કેટલીયે શતાબ્દીઓ પછીના આચાર્ય છે. એ વાત શ્રવણ બેલગોલની પાર્શ્વનાથવસ્તિની લગભગ શક સંવત પરરની આસપાસમાં લખેલા એક શિલાલેખથી તથા દિગંબર સંપ્રદાયના દર્શનસાર, ભાવસંગ્રહ આદિ ગ્રંથોથી સિદ્ધ થઇ ચૂકયું છે.

એટલે શ્રુતકેવળી ભદ્રબાહુના નામથી દિગંબર સંપ્રદાયની પ્રાચીનતા વિષયક વિદ્વાનોનો અભિપ્રાય નિર્મૂળ થઈ જાય છે. અને નિશ્ચિત થાય છે કે શ્રુતકેવળી ભદ્રબાહુના વૃતાંતથી દિગંબર સંપ્રદાયને કશો પણ સંબંધ ન હોતો. દિગંબર વિદ્વાનોએ જે જે વાતો શ્રુતકેવળી ભદ્રબાહુના નામે ચડાવી છે તે સર્વનો સંબંધ વાસ્તવમાં બીજા, જ્યો-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તિષી ભદ્રબાહુની સાથે જ છે. પૃ૦ ૩૨૮ થી ૩૩૦.

*    *    *    *

દિગંબરોની પાસે પ્રાચીન સાહિત્ય નથી. તેમના સૌથી પ્રાચીન આચાર્ય કુંદકુંદના ગ્રંથો છે કે જે વિક્રમની છઠ્ઠી સદીની કૃતિઓ છે. યતિઋષભનુ 'તિલોયપન્નતિ,' શિવાર્યનું 'ભગવતી આરાધના' આદિ કોઈ કોઈ ગ્રંથ કુંદકુંદની પૂર્વેના હોવાનો સંભવ છે પરંતુ તે સાહિત્ય એટલું થોડું છે અને એકદેશીય છે કે તેથી દિગંબર સંપ્રદાયનો નિર્વાહ થવો કઠિન છે.

શ્વેતાંબર જૈન આગમોમાં પુસ્તકોને ઉપાધમાં ગણેલ નથી અને તે રાખવાથી પ્રાયશ્ચિતનું વિધાન કહેલું છે ત્યારે નામમાત્રનો પરિગ્રહ ન રાખવાના હિમાયતી દિગંબર ગ્રંથકાર સાધુને પુસ્તકોની ઉપધિ રાખવાની આજ્ઞા દીએ છે. તેથી એ સિદ્ધ થાય છે કે સાધુઓમાં પુસ્તકો રાખવાનો પ્રચાર થયા પછી જ તે સંપ્રદાય વ્યવસ્થિત થયો છે—પૃ૦ ૩૩૧–૩૨

*    *    *    *

ઉપર કહેવાઈ ચૂકયું છે કે દિગંબર સંપ્રદાયનું પૂર્વનામ 'યાપનીય સંઘ' હતું અને તે શ્વેતાંબર પરંપરાના આચારવિચારનું અનુસરણ કરવાવાળા અને ઘણેભાગે જૈન આગમોને માનવાવાળા હતા. પરંતુ પાછળના દિગંબરાચાર્ય યાપનીયસંઘવિષયક તેમનો પૂર્વ સંબંધ વિસરી ગયા અને નગ્નતાના સમર્થક હોવા છતાં શ્વેતાંબરીય આગમ તેમજ આચારવિચારોના કારણે તેમને 'ખચ્ચર'ની ઉપમા આપતાં પણ સંકોચાયા નથી.—પાનું ૩૩૫

( અહીં પછી મુનિશ્રી કલ્યાણવિજયજીએ 'ખચ્ચર' કથા સંબંધના દિગંબર પુસ્તકના ઉલ્લેખ આપ્યા છે તથા તે પછી દિગંબર ગ્રંથકારોએ તેમના ગ્રંથોમાં શ્વેતાંબર ગ્રંથોની કેટલીય ગાથાઓ ઉદ્ધૃત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરી છે તેની ઘણી વિગતો આપી છે. જિજ્ઞાસુએ તે સર્વ તે પુસ્તકમાંથી જોઈ લેવું.—ન. ગિ. શેઠ )

*   *   *   *

ઉપર અમે દિગંબર સંપ્રદાયના જે બે પ્રાચીન ગ્રંથોની મીમાંસા કરી છે તેથી ત્રણ વાત સ્પષ્ટ થાય છે—

(૧) વિક્રમની પાંચમી સદી સુધી દિગંબર સંપ્રદાય પણ મોટેભાગે શ્વેતાંબર આગમોને જ માનતા હતા.

(૨) પ્રારંભમાં દિગંબર ગ્રંથકાર પોતાની રચનામાં મુખ્ય આધાર શ્વેતાંબર જૈનાગમોનો જ લેતા હતા.

(૩) પરંપરાગત કેટલાક આગમિક પરિભાષાના શબ્દોના અર્થ નહિ સમજવાના કારણે ક્યાંક ક્યાંક દિગંબર ગ્રંથકાર પોતાની કલ્પનાથી કામ લેતા હતા. પરિણામે કોઈ કોઈ વાતમાં શ્વેતાંબર સંપ્રદાયથી તેઓ અલગ પડી ગયા. —પાનું ૩૪૪

*   *   *   *

દિગંબર સંપ્રદાયની શ્રુતાવતાર કથાઓમાં કર્મપ્રકૃતિપ્રાભૃત તથા કષાયપ્રાભૃત ગ્રંથોના નિર્માણનો જે વૃત્તાંત આપ્યો છે તેમાં પણ અમને તો એવી જ પ્રતીતિ થાય છે કે એ ગ્રંથોના ક્રમશઃ જ્ઞાતા **ધરસેન તથા ગુણધર મુનિ પ્રાચીન સ્થવિર (શ્વેતાંબર) પરંપરાના સ્થવિર હોવા જોઈએ. કારણ કે ધરસેનનો નિવાસ ગિરનારની પાસે બતાવ્યો છે અને ત્યાં તો તે વખતે શ્વેતાંબર પરંપરાના આચાર્યો જ વિચરતા હતા.**

ગુણધર મુનિ પાસેથી નાગહસ્તી તથા આર્યમંક્ષુએ કષાયપ્રાભૃત શીખવા સંબંધીનો વૃત્તાંત પણ વિચારણીય છે. કારણ કે શ્વેતાંબર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**સંપ્રદાયમાં પણ નાગહસ્તી તથા આર્યમંગુ નામના બે આચાર્યોનો પત્તો મળે છે, દિગંબર પરંપરામાં નહિ.** વળી ખાસ ધ્યાન આપવા જેવી વાત એ છે કે દિગંબર સંપ્રદાય જે ધરસેન તથા ગુણધર મુનિઓથી તેમના આગમોની ઉત્પત્તિ બતાવે છે તેમના વિષયમાં તેઓ કાંઈ પણ ( જરાપણ ) માહિતગાર નથી.

શ્રુતાવતારમાં ઈંદ્રનંદી કહે છે કે, " ધરસેન તથા ગુણધર ગુરૂના વંશનો પૂર્વાપર ક્રમ અમે જાણતા નથી. કારણકે તેમનો ક્રમ કહેવાવાળા કોઈ આગમ કે મુનિ નથી. " **કેવું આશ્ચર્ય છે? એ બંને શ્રુતધર શ્વેતાંબર પરંપરાના હશે તે કારણથી જ દિગંબર પરંપરાને તેમના વિષયમાં અધિક માહિતી મળી નહિ હોય.**

આ સર્વ વાતોના વિચારોની ઉપરાંત એટલું કહેવાને અમને જરા પણ સંકોચ થતો નથી કે દિગંબર સંપ્રદાયના જે જે આચારવિચારના મૌલિક ગ્રંથ છે તે શ્વેતાંબર આગમોના આધાર ઉપરથી બનેલા અને દિગંબરોના દાર્શનિક સાહિત્યની જડ શ્વેતાંબરાચાર્ય વાચક ઉમાસ્વાતિ કૃત સભાષ્ય તત્ત્વાર્થ સૂત્ર જ છે એ કહેવાની ભાગ્યે જ આવશ્યક્તા રહે છે.—પાનું ૩૪૭

*　　*　　*　　*

**ભદ્રબાહુના દક્ષિણમાં જવાની ઘટના વિક્રમની પાંચમી સદીની અંતમાં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના સમયમાં બની હતી. તે સમયે ઉત્તર ભારતવર્ષમાં દુકાળ પડ્યો હતો અને તે પછી સુકાળ થતાં વલ્લભીમાં શ્વેતાંબર સંઘનું એક મોટું ભારે સંમેલન થયું હતું. તેમાં માથુરી તથા વાલભી વાચનાઓનું એકીકરણ તથા પુસ્તકલેખન સંબંધી ચિરસ્મરણીય કાર્ય સંપન્ન થયું હતું.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ અર્વાચીન ઘટનાને શ્રુતકેવળી ભદ્રબાહુની સાથે જોડીને દિગંબર લેખકોએ તેમના સંપ્રદાયને પ્રાચીન ઠરાવવાની ચેષ્ટા કરી છે. પરંતુ દિગંબરોના જ લેખોથી એ ઘટના બીજા ભદ્રબાહુ સંબંધી સિદ્ધ થાય છે એ વાત જો દિગંબરો ધ્યાનમાં લીએ તો તેઓ શ્વેતાંબરોની અર્વાચીનતા સિદ્ધ કરવાની ચેષ્ટા કદી પણ કરે નહિ એમ અમે સમજીએ છીએ.

—પાનું ૩૪૯

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૪

# ઋજુપ્રાજ્ઞતા શી રીતે ?

લેખક

**પંડિત શ્રી બેચરદાસજી દોશી**

*

## નોંધ

શ્વેતાંબર સમાજમાં સામાન્ય રીતે કહેવામાં આવે છે અને માનવામાં આવે છે કે ભગવાન પાર્શ્વનાથના શિષ્યો ઋજુપ્રાજ્ઞ હતા તેથી તેમને વસ્ત્રો વિગેરેની વિશેષ છૂટ હતી ત્યારે ભગવાન મહાવીર સ્વામીના શિષ્યો જડ અને વક્ર હતા તેથી તેમના માટેનો આચાર કડક બનાવ્યો હતો.

એ તો સમજી શકાય તેવી સામાન્ય વાત છે કે જૈન ધર્મના સિદ્ધાંતો શાશ્વત છે અને તેથી તેના પ્રતિપાદનમાં દરેક તીર્થમાં એકસરખી જ વાત હોય તેમાં ફેરફાર હોઈ શકે નહિ.

એટલે ઉપર કહી તેવી ઋજુપ્રાજ્ઞતાની માન્યતામાં ભુલ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**તે ભૂલ શી છે તે પંડિતજીએ નીચેના લેખમાં સ્પષ્ટ રીતે સમજાવ્યું છે. આ લેખ તેમના "જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ" નામના પુસ્તકમાંના પાના ૬૦થી ૭૨માંથી ઉદ્ધૃત કરેલ છે. તે એટલા માટે કે એ ઉપરથી જૈન ધર્મના આચાર નિયમો તો બધા તીર્થોમાં સરખા જ હતા તે સ્પષ્ટ રીતે સમજી શકાય.**

—ન. ગિ. શેઠ.

*

આપણે સાંભળીએ છીએ કે વડિલ વર્દ્ધમાનના સમયે ભગવંત પાર્શ્વનાથના સાધુઓ પણ હતા, તેઓને આપણે ઋજુપ્રાજ્ઞ તરીકે ગણીએ છીએ. મારા ધારવા પ્રમાણે સભ્ય સંસારમાં એવું સંભવતું નથી કે જે વિવેકી અને સરળ હોય તે જડ અને વક્ર કરતાં વધારે આરામ ભોગવે કે વધારે છૂટ લે.

**હું તો ધારું છું કે જડ અને વક્ર કરતાં વિવેકી અને સરળ મનુષ્યો ઉપર વધારે જવાબદારી છે. જે જાતનું આચરણ તેઓ આચરશે તેજ આચરણ તરફ વક્ર અને જડોની પ્રવૃતિ થશે.**

વક્ર અને જડોને તો કહેવાની છૂટ છે કે વિવેકી કરે એમ અમારે કરવું એ જ અમારે માટે હિતરૂપ છે. આમ હોવાથી **વિવેકી અને સરળ મનુષ્યોએ તો પોતાનો આચાર એવો સુદૃઢ અને અપવાદ વિનાનો રાખવો જોઇએ કે જેથી તેઓની પાછળ ચાલનારો વર્ગ પણ સુદૃઢ અને નિરપવાદી આચારોને પાળી શકે.**

આવી વસ્તુસ્થિતિ હોવા છતાં આપણા સાંભળવામાં એમ આવે કે ઋજુ અને પ્રાજ્ઞ સાધુઓ કરતાં વક્ર અને જડ સાધુઓનો આચાર વિશેષ કઠિન અને દુસ્સહ કરવામાં આવ્યો છે.

ઋજુપ્રાજ્ઞ સાધુઓ પંચરંગી વસ્ત્રો, રેશમી વસ્ત્રો કે બહુમૂલ્યવસ્ત્રો પહેરી પણ શકે અને વક્રજડ સાધુઓએ તો શક્યતાનુસારે અચેલ જ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રહેવું જોઈએ. (વસ્ત્ર રહિત કે એકવસ્ત્રા અથવા દ્વિવસ્ત્રી, તે પણ વસ્ત્ર જૂનું, મેલું, ફાટેલું, ગૃહસ્થે વાપરેલું કે જેવું મળે તેવું સુધાર્યા વિનાનું કારણે જ વપરાય)

સમુદાયને ઉદ્દેશીને કરેલું ખાનપાન ઋજુપ્રાજ્ઞો લઈ શકે અને તે જ ખાનપાન વ્યક્તિની દૃષ્ટિએ પણ વક્રજડો માટે દૂષિત ગણાય. ઋજુ-પ્રાજ્ઞો રાજપિંડ પણ લઈ શકે અને વક્રજડોથી તો તેને લેવાય જ નહિ.

તેઓ પ્રતિક્રમણની ક્રિયા માટે કામચારી હોઈ શકે અને વક્રજડોએ તો ક્રિયા નિરંતર અને નિયમિત કરવી જોઈએ.

તેઓ શય્યાતરના ઘરનું જમી શકે અને વક્રજડોથી તેના ઘરનો આહાર લેવાય જ નહિ, તથા વિહાર, જ્યેષ્ઠ કનિષ્ઠની વ્યવસ્થા માટે વંદનાદિ વ્યવહાર માટે ઋજુપ્રાજ્ઞો નિરંકુશ રહે અને તેજ કાર્યો માટે વક્રજડોને ગુરુની પરતંત્રતા રાખવી પડે.

આમાંનો નિરંકુશ આચાર ભગવંત પાર્શ્વનાથના ઋજુપ્રાજ્ઞ સાધુઓનો છે. અને સાંકુશ આચાર ભગવંત વર્દ્ધમાનના વક્રજડ સાધુઓનો છે.

અહીં હું વાંચકોને પોતાને જ પૂછું છું કે એ જાતના આચારોમાં કયા આચારમાં વિશેષ ત્યાગ જણાય છે અને કયો આચર વિશેષ મર્યાદિત જણાય છે.

મારી ધારણા પ્રમાણે તો વાંચકોને વર્દ્ધમાનના જ આચારોમાં ત્યાગ કસોટી અને મર્યાદા જણાવાં જોઈએ.

**જો ત્યાગનો અર્થ જરૂરીઆતો ઓછી કરવાનો હોય, જો ત્યાગનો અર્થ નિરંકુશતાને રોકવાનો હોય, જો ત્યાગનો અર્થ સહન કરવાનો હોય અને જો ત્યાગનો અર્થ મર્યાદામાં રહેવાનો**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હોય તો સૌ કોઈ એક અવાજે કબુલ કરશે કે વર્દ્ધમાનના જ આચારોમાં ત્યાગ, મુનિતા અને વૈરાગ્ય ભરપૂર ભર્યો છે અને ઋજુપ્રાજ્ઞ પુરુષોમાં તે તે આચારોમાં અનુકૂળતા, આરામ, યથેચ્છવર્તિતા અને અમર્યાદા તરવરી રહી છે.

કદાચ પાર્શ્વનાથ સ્વામીની હૈયાતિમાં તેમના શિષ્યોમાં આ જાતનું સુખશીલ વર્તન નહિ હોય પરંતુ તેમનું નિર્વાણ થયા પછી તે બે ( પાર્શ્વનાથ અને મહાવીર ) ધર્માચાર્યોના ૨૫૦ વર્ષના વચગાળાના કોઈ પણ વખતે પાર્શ્વનાથના સંતાનો ઉપર તે સમયના આચારહીન બ્રાહ્મણ ગુરુઓની અસર થઈ હોય અને તેને લઈને તેઓએ પોતાના આચારોમાં કડકપણું કાઢી નાખી, ઘણા નરમ અને સુકર આચારો બનાવી લીધા હોય એ સંભવતું અને ઘટતું છે.

ધારો કે આપણો કોઈ પાડોશી હમેશાં નાતો ધોતો હોય, ખાતો પીતો હોય, મનગમતાં વસ્ત્રો પણ પહેરતો હોય અને તેની આવી રીત-ભાત હોવા છતાં તે એક સાધુ કે ભિક્ષુ ગુરુ તરીકે પોતાની પ્રતિષ્ઠા અથવા પૂજ્યતા જાળવી શકતો હોય તો હું નથી ધારતો કે તેનો બીજો ત્યાગી પાડોશી તેના આચરણને અનુસરવામાં વધારે વિલંબ કરી શકે.

ક્લિષ્ટ આચારોને પાળવામાં, લજ્જાને જીતવામાં, શરીરને વશ રાખવામાં અને એવી બીજી પણ અનેક ત્યાગની બાબતોમાં માનવ પ્રાણી મૂળથી જ ઢીલો રહેલો જોવાય છે. એથી તે જ્યાં સુધી પોતાની સગવડતા સચવાય તેવા આચારોને, તેવા વિચારોને કે તેવી ક્રિયાઓને પાળતાં જો ધર્માચરણ કરી શકતો હોય તો તેવા સુકર નિયમો તરફ ઝટ વળી જાય છે અને જ્યાં ભૂખ્યા રહેવાનું કહેવામાં આવતું હોય, અચેલ રહેવાનો આચાર પળાતો હોય તથા જ્યાં શરીરની પ્રત્યેક સગવડતાને રોકવામાં આવતી હોય તે બાજુએ તે જવલ્લેજ વળે છે, અથવા વળવા છતાં ભાગ્યે જ નિર્વિઘ્ને પાર પહોંચે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અંગસૂત્રગ્રંથોમાં હું જોઈ શક્યો છું તેમ વર્દ્ધમાન જેવા સમર્થ યોગી પુરુષની પાસે પણ નગ્ન થવામાં પાર્શ્વનાથના સંતાનો અચકાયા છે. તેઓએ વર્દ્ધમાનની પરીક્ષા—માત્ર સૂકી વાક્પરીક્ષા—લેવા કેટલાક પ્રશ્નો પૂછ્યા છે અને જ્યારે તેમની પાસેથી તેનાં મનગમતાં સમાધાનો તેઓને મળ્યાં, તેમાં પાર્શ્વનાથની સાક્ષી ભળી ત્યારે જ તેઓએ વર્દ્ધમાનને પણ માથુ નમાવ્યું છે.

સૂત્રોમાં જ્યા જ્યાં વર્દ્ધમાન અને તેમના નિર્ગ્રંથોનો સમાગમ થએલો છે ત્યાં બધે ઠેકાણે નિર્ગ્રંથોએ તેમને પ્રદક્ષિણા દઈ અને વંદન કરી પોતાના વક્તવ્ય અથવા પૃષ્ટવ્યની શરૂઆત કરેલી છે એવી સંકલના જડી આવે છે એટલું જ નહિ પણ સ્કંદ જેવા અન્ય મતી તાપસે પણ વર્દ્ધમાનને મળતાં જ જૈન નિર્ગ્રંથોને છાજે તેવો તેમનો સત્કાર કરેલો છે એવી પણ નોંધ ભગવતીસૂત્રના બીજા શતકમાં મોજુદ છે.

પરંતુ જ્યાં જ્યાં પાર્શ્વપત્યોની વાત આવે છે ત્યાં સર્વત્ર તેઓએ વર્દ્ધમાન કે તેમના સ્થવિરોને મળતાં જ સાધારણ સત્કાર કર્યાનો પણ ઉલ્લેખ મળતો નથી. કિંતુ તેઓએ વર્દ્ધમાન કે તેમના સ્થવિરો પાસે જઈ અને તેઓની સાથે વાતચીત કરી તેમને ઓળખ્યાનો, તેમને વંદનાદિ કર્યાનો અને તેમનો ધર્મ સ્વીકાર્યાનો ઉલ્લેખ મળી આવે છે.

( અહીં પંડિતશ્રીએ સૂત્રોમાંથી તેવા દાખલાઓ ટાંક્યા છે તે સ્થળ સંકોચને લીધે અત્રે આપી શકાયા નથી )

વર્દ્ધમાનની આસપાસના પાર્શ્વપત્યોની સુખશીળતામાં મને તો મીનમેખ જેવું જણાતું નથી. તેમ તેઓની ઋજુતામાં અને પ્રાજ્ઞતામાં મારો જરાય મતભેદ નથી.

**મારો મતભેદ એટલો જ છે કે તેઓ કોઈ તે જાતના સુખ-શીલ આચારોને લીધે ઋજુપ્રાજ્ઞ નહોતા પણ જ્યારે તેઓને**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**વર્દ્ધમાન તરફથી કે તેમના નિર્ગ્રંથો તરફથી જ્યારે કાંઈ સમજાવવામાં આવતું ત્યારે તેઓ તે બાબતને શીઘ્ર સમજી લેતા અને શીઘ્ર સ્વીકારી લઈ પોતાના વર્તનમાં ઘટતો ફેરફાર પણ કરી લેતા.**

શરૂઆતમાં પોતે સ્વીકારેલી સુખશીલતાની ચુસ્તતાને લીધે કે બીજા કોઈ કારણથી તેઓએ વર્દ્ધમાન અથવા તેના નિર્ગ્રંથો સાથે એક ભિન્નધર્મી જેવું વર્તન ભલે ચલાવ્યું હોય, પણ જ્યારે તે બધા પરસ્પર વિશેષ સમાગમમાં આવ્યા ત્યારે સમાગમમાં આવનાર તે પ્રત્યેક પાર્શ્વપત્યે વર્દ્ધમાનનો કડક ત્યાગમાર્ગ અનુસર્યો છે. તે વાત સૂત્રોમાં આપેલા પાર્શ્વપત્યોના પ્રત્યેક ઉલ્લેખને છેડે ઘણા સરળ અને નિખાલસ શબ્દોમાં ટંકાએલા આજ પણ જોવામાં આવે છે.

**એ શબ્દો જ તે પાર્શ્વપત્યોની ઋજુતા અને પ્રાજ્ઞતાને સાધવા પૂરતા છે પણ તેઓના તે બન્ને ગુણોનો, તે સુખશીલ આચારો સાથે સંબંધ હોય એમ મને તો ભાસતું નથી.**

**નોંધ**–પાર્શ્વનાથ સ્વામીના અનુયાયી શ્રી કેશીસ્વામી વગેરે મહાવીર સ્વામીના અનુયાયી થયા કારણકે તેમને ખાત્રી થઇ કે પાર્શ્વનાથ સ્વામી અને મહાવીર સ્વામીની પ્રરૂપણામાં જરાપણ ફરક નહોતો, બન્ને એકજ ધર્મનું પ્રતિપાદન કરતા હતા. **બધા તીર્થંકરોનો ધર્મ એક જ હોય તેમાં જરાપણ ફેરફાર ન હોય.**

—ન. ગિ. શેઠ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૫

# સંગઠન અને વિચારસંસ્કૃતિ

લેખક:

## મુનિરાજશ્રી ન્યાયવિજયજી મહારાજ

*

જૈનોની અંદર આજે કુસંપની જે આંધી ઉડી રહી છે તે સમાજની દારૂણ દુર્ભાગ્યતા સૂચવે છે.

મહાવીર દેવે જે ચતુર્વિધ સંઘની સ્થાપના કરીને બધાયને સંગઠનના સૂત્રમાં બદ્ધ કર્યા હતા તેમાં આજે ઠેરઠેર ફુટ પેસી ગઈ છે. સંસારને સામ્યવાદનો મહાન ઉપદેશ આપનાર મહાવીર સ્વામીએ સામ્યવાદી સંઘનું જે મિશન સ્થાપ્યું હતું તેમાં આજે સામ્યવાદને બદલે વૈષમ્યવાદે સ્થાન લીધું છે અને તેનું વિષમ વિષ સમાજને વિચિત્ર મોહ મૂર્ચ્છામાં પટકી રહ્યું છે.

જ્યાં જુઓ ત્યાં પ્રાયઃ ફાટફુટ હોય જ. ભાગ્યે જ કોઈ ગામ એવું નીકળશે કે જ્યાંના સંઘમાં કે નાત–જાતમાં તડ પડેલ ન હોય. જે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સમાજની આવી છિન્નભિન્ન દશા હોય અને જે સમાજમાં ઈર્ષા દ્વેષનાં ઘનઘોર વાદળ ચારે બાજુ છવાયલાં હોય તે સમાજની ચઢતી સમજવી કે પડતી ?

વીતરાગ ધર્મ જેવો ધર્મ મળવા છતાં વેરઝેરનાં કલુષિત અધ્યવસાયો ઉપર કાબુ ન મેળવી શકાય તો તે ધર્મ મેળવ્યાની અસર શી થઈ ગણવી ?

વિચારભિન્નતા એ તો છદ્મસ્થોનો નૈસર્ગિક સ્વભાવ છે. એક બીજાની વિચારભિન્નતા સહી લેવામાં જે આત્મગૌરવ છે તે કલુષિત પરિણામનો ઉભરો કાઢવામાં નથી જ. બલ્કે તેમ કરવામાં તો આત્મ પતન છે.

પોતાને સાચું જણાય તે મધ્યસ્થવૃત્તિથી, સામા પ્રત્યે હિતબુદ્ધથી અને માયાળુ વ્યવહારથી સામાને, સમજાવવું એ જ મહાનુભાવોનું ઉદારચરિત હોય. વિચારભિન્નતાને વિરુદ્ધતાનું રૂપ આપવું એ ખરે જ માનસિક કમજોરી છે.

આપણા બન્ને હાથ છે પણ જો તે એકબીજાથી ભિન્ન થઈ જાય તો તે બન્નેને મેલા અને ગંદા થવા વખત આવે. તેઓ એક બીજાથી સફાઈ માટે કામ ન આવે એટલે તે બન્નેના ઉપર મેલના થર એવા બાઝી જાય કે તેમાં કીડા પડે અને પરિણામે તે બન્નેને સડવાનો વખત આવે. આ વિરુદ્ધતાનું ફળ.

જ્યાં બધાઓનાં હૃદયમાં વીતરાગધર્મને આરાધવાનું એક જ લક્ષ્યબિંદુ હોય ત્યાં સાધારણ મતભેદોને મોટા રૂપ આપી કલહ કોલાહલ વધારવો એ ડહાપણ ન ગણાય. જે વણિકો, જે મહાજનો પોતાની કે બીજી નાત–જાતના ગમે તેવા આંટીઘુંટીવાળા કોયડાને ઉકેલી નાખવામાં અને કજીયા–ટંટાઓને પતાવવામાં ઘણાં બાહોશ ગણાતા તે જ વણિકો, તેજ મહાજનો, બહુ દિલગીરી સાથે કહેવું પડે છે કે, પોતાના ઘરમાં સળગતા કલહાનલને શમાવવામાં ખરે જ કાયર બની ગયા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ કાયરતા તેમના બુદ્ધિભ્રંશને એટલી આભારી નથી જેટલી તેમની કુસંપવૃત્તિને આભારી છે. "શિયાળ તાણે સીમ ભણી. અને કુતરૂં તાણે ગામભણી" આવી દશા જે સમાજમાં વર્તતી હોય તે "સંઘ દ્વારકા કેવી રીતે પહોંચી શકે ?"

કોઈપણ તકરારનો ફેંસલો લાવવા માટે સર્વ પ્રથમ મધ્યસ્થવૃત્તિ ધારણ કરવાની જરૂર છે. "સાચું ને સારૂં તે જ મારો પક્ષ" એવું ઉદાર મન રાખવાની જરૂર છે. **જ્યાં અભિનિવેશ. પક્ષમોહ અથવા મતાન્ધતા હોય ત્યાં સંતોષકારક પરિણામ ન જ આવે.**

**ડાહ્યા માણસોનું કામ એ જ હોય કે સમાજ હિતની આગળ તેઓ પોતાનો પક્ષમોહ જતો કરે અને તટસ્થ દષ્ટિએ સામી બાજુનો વિચાર કરતાં પોતાનો પક્ષ નબળો જણાય તો તત્કાળ તેનો ત્યાગ કરી સામાના વિચારને ગ્રહણ કરે.**

**અહંકાર વિવશ થઇ પોતાનો કક્કો ખરો કરવા જતાં સમાજહિત છુંદાઈ જવાનું જે ઘોર પાપ લાગે છે એનો વિચાર કરવામાં આવે અને એવા પાપથી ડરવામાં આવે તો એવા પાપ-ભીરુઓની બેઠકમાં અશાંતિવાળું પરિણામ આવવાનો ભાગ્યેજ સંભવ રહે.**

ખુલ્લી વાત છે કે જે જે રોગો સમાજમાં ઘુસેલા છે, જેનાથી સમાજની ખુવારી થઈ રહી છે તે સઘળાનો ઈલાજ કર્યા વગર તેમનું કલ્યાણ નથી. સર્વ પ્રથમ ડાહ્યા વિચારક સજ્જનોને સમાજની રૂગ્ણ દશાપર વિચારણા કરવાને એકત્રિત થવાની આવશ્યકતા છે અને તમામ દુર્ગતિ એક માત્ર કુસંપને આભારી છે એ સમજાઈ જતાં સંગઠનના ઉપાયો તરફ વિચારદષ્ટિ દોડાવવાની જરૂર છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભલા ! જૈનોની એક જનરલ પાર્લામેન્ટ (મહાસભા) હોય તો કેવું સારૂં ! એની અંદર હિંદુસ્તાનના જૈન વસ્તીવાળા દરેક પ્રાંતના ડાહ્યા, પ્રૌઢ વિચારકો ચુંટાયલા હોય. આ મહાસભાનું એવું સબળ બંધારણ હોય કે એ એક પ્રકારે જૈન સમાજની શાસનકર્ત્રી ગણાય.

આ ' સમાજ–સભા'' તરફથી વ્યવહારિક કે ધાર્મિક સુધારાઓની જે જે યોજનાઓ પાસ થાય તેનો અમલ આખી જૈન આલમમાં બરાબર થાય.

વિશૃંખલતા અથવા છિન્નભિન્નતાને અંગે જૈન સમાજમાં બેહુંદા રાગ આલાપાય છે, વિચિત્ર સૂરો નીકળે છે અને જેને જેમ ફાવ્યું તેમ તે હાંકયે રાખે છે, મનગમતા ખેલ ખેલાય છે, નથી કોઈ પૂછનાર, નથી કોઈ કહેનાર, નથી કોઈ સાંભળનાર, અને નથી કોઈ સુધારનાર. આ બધી અંધાધુંધી સંગઠન–શક્તિનો વિકાસ નથી થયો ત્યાંસુધી છે. સંગઠન સૂત્રના દોર પર જ્યારે જૈન જીવન શરૂ થશે ત્યારે તે સમાજનું નવજીવન પ્રારંભ થશે અને અનુક્રમે તેની ચઢતી કળા તેનું પ્રાચીન ગૌરવ તેને પાછું અપાવશે.

ઉપર બતાવેલી "પાર્લામેંટ" અથવા " મહાસભા કે સમાજ સભા " કોઈપણ મહંતની ખોટી શરમ નહિ રાખે. તે પોતાની પ્રજ્ઞા-શક્તિ અને ગંભીરદૃષ્ટિ અનુસાર સમાજ–વ્યવસ્થા કરશે. તેમાં બીજા-ઓને વ્યર્થ વચ્ચે આવવાની અને નકામું માથું મારવાની ચોખ્ખી ના પાડશે; એટલું જ નહિ પણ જે રૂઢિ–વહેવારો તેને સમાજહાનિ કરનારા જણાશે તેને પણ તે ઉખેડી ફેંકી દેવા ચૂકશે નહિ.

ગંગાપ્રવાહનો મૂળોદ્‌ગમ જેમ હિમાલયમાંથી છે તેમ સામાજિક ધાર્મિક ઉન્નતિ–પ્રવાહનો મૂળોદ્‌ગમ ઐકયમાંથી છે. અંતઃકરણોમાંથી મેલ નીકળી જતાં જ્યારે તેમનો પરસ્પર મેળ થાય છે ત્યારે તેઓ એકી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભાવના સૂત્રમાં બદ્ધ થાય છે અને તેમાંથી જે સંગઠન શક્તિ પ્રગટ થાય છે તે જ તે મનસ્વીઓને તેમના અભ્યુદયની ઉપાદાન—સામગ્રી પૂરી પાડે છે. એ સંગઠન શક્તિના પ્રભાવે તેમની અંદરની નબળાઇઓ જેમ જેમ દૂર થતી જાય છે તેમ તેમ તેઓમાં આત્મબળનો વિકાસ થતો જાય છે અને પરિણામે તે મનસ્વીઓનો સમાજ દુનિયાની દૃષ્ટિમાં માનવંતો ગણાવા લાગે છે.

સાધર્મિક—વાત્સલ્યનાં ગુણગાન જૈનોમાં જાણીતાં છે સંગઠનનું મૂળ એમાંજ સમાયલું છે. સાધર્મિકવાત્સલ્યની ભાવનાઓમાં સંગઠનની જ ભાવનાઓ ભરેલી છે. સંગઠન બળની પુષ્ટિના ઇરાદા પર જ તે ભાવનાઓનાં મંડાણ છે.

—લેખકના વીરધર્મનો પુનરૂદ્ધાર પુસ્તકમાંથી.

## સાંકડા વાડા

પરમ વીતરાગ મહાવીર દેવનું વિશાળ ધર્મક્ષેત્ર, તેમના શાસનનું વિશાળ મેદાન મૂકી કેટલાકો જે **સાંકડા વાડામાં ભળી જાય છે તે એકદમ ગેરવ્યાજબી છે.**

તમે ગમે ત્યાંથી જરૂર સારો લાભ ઉઠાવો, ગમે તે પુસ્તકદ્વારા જરૂર સારૂં જ્ઞાન મેળવો, જેમાં રસ પડે તે વાંચીને તેમાંથી સારી બાબત જરૂર ગ્રહણ કરો. પણ તેમ કરતાં એટલું ધ્યાનમાં રાખવું જરૂરનું છે કે એથી **મહાવીર દેવના શાસનનું મૂળ નિશાન ન ચૂકાવું જોઈએ.**

ગુણના રાગી અવસ્ય બનો, ગમે ત્યાંથી ગુણ ગ્રહણ કરો અને કોઇપણ ગુણીના ગુણને પ્રશંસો એ શુભ અને સજ્જનોચિત્ત છે. પણ એથી એ પરિણામ આવવું તો અનિષ્ટ જ ગણાય કે ધોરી માર્ગ કરતાં કોઈ માણસના કહેવાતા વાડાના ' અનુયાયી ' થવું ગમે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કેટલાક 'સુધારક' ગણાતાઓ પણ આ યુગમાં નોખા વાડાને પોષવામાં આનંદ માને છે એ ઓછા દુઃખની વાત નથી. એમાં મોટે ભાગે તો દાંભિકતાનું જ સામ્રાજ્ય પ્રવર્તે છે,

જ્યાં વાડાબંધીને તોડવાની જરૂર છે ત્યાં સાર્વભૌમ સનાતન માર્ગથી જુદો વાડો નિર્માણ કરવો અગર તેને પોષણ આપવાનો પ્રયત્ન કરવો એ વ્યાજબી ગણાય કે?—પાનાં ૧–૨.

## સચેલકત્વ અચેલકત્વ

**નગ્નવાદ અને વસ્ત્રવાદ એ બંને એકાંતરૂપે સદોષ હોઈ અગ્રાહ્ય છે.** મુક્તિ ન તો નગ્નતા સાથે બંધાયલી છે, ન અનગ્નતા સાથે. **તેનું ઉપાદાન તો આત્મ સમાધિ છે.**

**નગ્ન જ શ્રમણ કહેવાય અથવા અનગ્ન જ શ્રમણ કહેવાય એ બંને માન્યતાઓ ભ્રમાત્મક છે.**

નગ્ન અને અનગ્ન એ બંને માર્ગો શ્વેતાંબર પ્રવચનમાં ઉપદેશાયલા છે. નગ્નને જ મુક્તિ લાભ માનવાનો આગ્રહ રાખવો ન ઘટે. **સૂત્રસિદ્ધ પંદર ભેદે સિદ્ધલાભનું વર્ણન બહુ ઉપયુક્ત છે.**—પાનું ૩૧–૩૨

જૈન ધર્મની ભિન્ન ભિન્ન શાખા પ્રશાખાઓ નીકળવાનું મુખ્ય કારણ ક્રિયાભેદ છે. ક્રિયાભેદને ચોળી ચોળી ચીકણો કરી જૈન ધર્મ ચાળણીએ ચળાતો આવ્યો છે અને ચળાઈ રહ્યો છે એ ઓછા દુઃખની વાત નથી. ક્રિયાભેદોની ચર્ચામાં મને કશું વજુદ જેવું જણાતું નથી.

સ્ત્રીમોક્ષ, આચેલકય, પ્રભુપૂજાવિધિ, અંગરચના, આવશ્યક ક્રિયાદિ, મૂર્તિપૂજા વગેરે વગેરે તથા ચોથ, પાંચમ, અધિક માસ, તિથિભેદ, ક્રિયાભેદ, એ વગેરે બાબતોને અંગે જૈન ધર્મના મહાન સંઘમાં સમયે સમયે જુદા જુદા ભાગલા પડતા આવ્યાં છે. આ વિવાદાસ્પદ બાબતો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોતપોતાના વર્ગમાં એકબીજાથી વિરુદ્ધ રૂપે એવી કટ્ટર જામી ગઈ છે કે એ બધા વર્ગોનું એકીકરણ થવું અશક્યપ્રાય જણાય છે.

ભગવાનનું માનસ તો જાણેલું જ છે કે તેઓ મોક્ષ માટે સ્ત્રીઓને અન્યાય ન આપે, આચેલક્ય અને સચેલકત્વ એ બન્ને ઉપર ભગવાનના શાસનનો સિક્કો છે.—પાનું ૩૩

**દિગંબરોએ 'નગ્નવાદ' પર જોર માર્યું છે તેમ શ્વેતાંબર સંસ્કૃતિમાં વસ્ત્રવાદ કે દ્રવ્યલિંગવેષની ભાવનાનો રંગ પૂરાયો હોય એમ જોવામાં આવે છે.** આચાર્ય હેમચંદ્રના 'આદિશ્વર ચરિત્ર'માં આદર્શ ભવનમાં કેવળજ્ઞાન પામેલ 'ભરત'ને શક્ર કહે છે કે—

"હે કેવલિન્ ! દ્રવ્યલિંગને ગ્રહણ કરો જેથી હું તમને વાંદું અને તમારો નિષ્ક્રમણોત્સવ કરું.

'ત્યારે ભરતે દીક્ષા લક્ષણ સ્વરૂપ પંચમુષ્ટિ લોચ કર્યો અને પાસેના દેવતાએ રજુ કરેલ 'રજોહરણ' પ્રમુખ ઉપકરણ ગ્રહણ કર્યાં. ત્યારે ઇંદ્રે ભરતને વાંદ્યા ! કેવળી પણ અદીક્ષિત હોય, દીક્ષા વેષ સંપન્ન ન હોય તે કદી વંદાતો નથી." (કેવી સાંપ્રદાયિકતા !!)

મારી દૃષ્ટિમાં તો શ્વેતાંબરોના મૂળ પ્રવચન 'આચારાંગ' આદિમાં ફરમાવ્યા મુજબ નગ્નાનગ્નાત્મક અનેકાંત દર્શન જ જૈન ધર્મનું ખરું સ્વરૂપ સમજાય છે.

**મારો નમ્ર મત તો હું એ જણાવું કે અર્હદ્દર્શનની સાચી પૂજા, સાંપ્રદાયિક સંસ્કારોની સંકુચિત વૃત્તિઓને અલગ કરી દઈ વિશ્વદૃષ્ટા અર્હનદેવની વિશ્વ વ્યાપક તત્ત્વ-દૃષ્ટિના ઉચ્ચ ધોરણપર પોતાની વિચારબુદ્ધિ સ્થાપન કરવામાં છે.—પાનાં ૩૭-૩૮**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## એ શા માટે?

સમયની પરિસ્થિતિ આજે કટ્ટર મતવાદીઓને પણ 'એક' થઈ શક્તિસંગઠન કરવાનું સુણાવી રહી છે.

સંસારી જીવનધારીઓ પણ રાષ્ટ્રના ભલા અર્થે પોતાના મતાભિનિવેશ અને આગ્રહ મેલી દઈ, પોતાનું નમતું મૂકી એકબીજા સાથે ઐક્ય સાધવાનો પ્રયાસ સેવી રહ્યા છે. અન્ય ધર્મના લબ્ધપ્રતિષ્ઠ આચાર્યો પણ પોતાના બુદ્ધિ પ્રદેશને વિશાળ બનાવી પોતાના ધર્મનો વિકાસ સાધવા, પોતાના સમાજને આગળ ધપાવવા જાહેર મેદાનમાં કુદી પડયા છે.

ત્યારે જૈન કોમના આજના ધર્મગુરુઓ કઈ સ્થિતિ પર છે? તેઓ આજે કયાં ઉંઘે છે? સમયધર્મનું કંઈ તેમને ભાન? ક્ષમાશ્રમણ ગણાતા તેઓને આજે અંદર અંદર લડતાં શરમ પણ નથી આવતી! શાસનને લજવનારા ઝઘડાખોરો સમાજમાં ઝઘડાની હોળી સળગાવીને શાસનને કયાં પટકવા માગે છે?

શાસન સૂત્રધાર ગણાતા સાધુઓ જ શાસનવિઘાતક પ્રવૃત્તિ વધાર્યે જાય એ ઓછું દિલગીરીભર્યું છે?

આ યુગમાં શાસન સેવાની કેવી સરસ તક મળી છે એ એમને નથી જોવું કે?

ખરેખર, જો સંયુક્ત બળથી રચનાત્તમક કાર્ય ઉઠાવાય તો આ યુગ, શાસનનો પ્રચાર કરવા માટે મહાન અનુકૂળ છે.

પણ અંદરના વિખવાદ અને વૈર વિરોધ એ કરવા દે કેમ? આ બધા તોફાન એક માત્ર મનની કડવાશમાં જ છે અને એ મન પણ કોનું? "નિર્ગ્રંથોનું! શ્રમણોનું! મુનિરાજોનું!!" અજબ! એ કડવાશ મટે તો ગાડું હમણા જ ચિલાપર આવી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જાય ! પણ એ શો માટે ! !—પાનું ૬૩-૬૭.

**ઓઘો—**

ધર્મની પરાકાષ્ટા સંપૂર્ણ ત્યાગમાં આવે છે. ધર્મ અમુક હદ સુધી સંસારી કે ભોગી જીવનનો સહચારી હોય છે. ગૃહસ્થ જીવનમાં ભોગ અને ધર્મ બન્નેનો સહચાર છે.

ભોગના સમયમાં ભોગાકાર પરિણામ હોય છે અને ધર્મના સમયમાં ધર્માકાર પરિણામ હોય છે. આમ ગૃહસ્થનું જીવન, ભોગીજીવન અને ધાર્મિક જીવન એમ ઉભયાત્મક હોઈને પણ પોતાના પ્રવાસને આગળ ધપાવવામાં સફળ બને છે.

ધર્મનો સહચાર કેવળ સાધુઓને જ હોય અને ગૃહસ્થના જીવન સાથે ધર્મને લેવા દેવા ન હોય એમ ભાખવું એ સરાસર મૂર્ખતાભર્યું છે, એવું ભાખવામાં ખરેખર ગૃહસ્થ ધર્મની વિરાધના કરવાનું પાપ છે.

ત્યાગ માર્ગ કેવળ ઓઘામાં જ છે અને ઓઘા વગર આત્મ વિકાસનો માર્ગ કોઈ પણ રીતે ન જ સાંપડે એમ જો કોઈ કહેતા હોય તો એ તેઓની ગેરસમજ છે. **ઓઘા વગર પણ અનેકાનેક આત્મજીવન જીવ્યા છે અને આત્મવિકાસની પૂર્ણ દશાએ પહોંચ્યા છે.** ત્યારે એથી વિપરીત ઓઘાધારક પણ કેટલાક મરીને ઘોર દુર્ગતિના ભાજન થયા છે.

ગુણસ્થાનોનો વિકાસ ઓઘા સાથે જ બંધાયલો છે એમ કંઈ નથી. ઓઘાધારક પણ પહેલા ગુણસ્થાનકમાં ફરતો હોય અને માથે પાઘડી, ટાપી કે ફાળીયું ચઢાવેલ પણ આત્મશ્રેણીના મનોહર નંદનવનમાં રમણ કરી રહ્યો હોય એમ શું નથી બનતું કે? માથા ઉપરની પાઘડી જેને 'ગૃહસ્થ' બતાવી રહી હોય તે જ અંદરખાને શ્રમણ, સાધુ પણ હોઈ શકે, અને એથી ઉલટું, ઓઘાથી સુચવાતો મુનિ અંદરખાનેથી ગૃહસ્થ કરતાં પણ નપાવટ પ્રાણી હોઈ શકે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ગમે તે રીતે કેવળ ઓઘામાં જ ત્યાગ સમાયાની શેઠ પાડવા કરતાં ચારિત્રમાં જ કલ્યાણ સાધન રહ્યાનું ઉપદેશનું એ વધુ ડહાપણ ભરેલું છે.**

ઓઘો ગ્રહણ કરવાની સ્વાર્થપોષક વાત તરફ આંખ મીંચામણા થવા સંભવ છે. પણ ચારિત્રસંપન્ન થવાનો ઉપદેશ ખરેખર આવકારદાયક ગણાશે. ટાણેકટાણે ઓઘાની અર્થશૂન્ય પુષ્ટિથી એકદેશીયતા, સ્વાર્થપરાયણતા, લોભગ્રસ્તતા, મોહમુગ્ધતા અને વસ્તુતત્ત્વની અભિજ્ઞતાનાં હાસ્યાસ્પદ પ્રદર્શનો ખુલ્લાં પડી જાય છે. ત્યારે સંયમ અને ચારિત્રની ભાવમયી પુષ્ટિ હજારો લોકોનાં હૃદયપર એક દિવ્ય પ્રકાશ ફેંકે છે.

**ઉપદેશકની ઉપદેશકતાનું મહત્ત્વ ચારિત્રમય જીવન પ્રત્યે જનતાનાં માનસ વાળવામાં છે.** સદ્વર્તન અને ભાવ વિશુદ્ધિ પરિણમતાં, ચારિત્રની ઉત્કૃષ્ટ ભૂમિકાપર આવવાનો ભાવોલ્લાસ જ્યારે જેને પ્રગટી નીકળશે ત્યારે તે ઓઘાવેષને ગ્રહણ કરવા ઉજમાળ હૃદયે બહાર આવશે.—પાનાં ૭૩ થી ૭૬

**અનેકાંત દર્શન—**

વિચારોની અથડામણને લીધે જ્યારે પ્રજાનાં માનસ ક્ષુબ્ધ બને છે અને વાતાવરણ અશાંત બને છે ત્યારે તત્ત્વદર્શીઓ પ્રજાની સામે **સ્યાદ્વાદ**નો પ્રકાશ ધરે છે અને વસ્તુસ્થિતિને જુદી જુદી દૃષ્ટિએ અનેક રીતે તપાસી સમન્વય કરવાનો માર્ગ સમજાવે છે.

સ્યાદ્વાદનો સિદ્ધાંત આ રીતે અવલોકન દૃષ્ટિને વિશાળ બનાવે છે અને સંકુચિતદૃષ્ટિથી ઉત્પન્ન થનારા કોલાહલોને શમાવે છે. આમ રાગદ્વેષના ભડકા શમાવી જનતામાં મૈત્રીભાવ રેડવામાં સ્યાદ્વાદની ઉપયોગીતા છે.

**જૈન ઉપદેશનું રહસ્ય એક જ છે અને તે રાગદ્વેષની**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**નિવૃત્તિમાં છે. એ એક જ માત્ર જૈન પ્રવચનનું મુખ્ય ધ્યેય છે.**

આ ધ્યેય આજના જૈન ગુરુઓમાં કેટલું રમી રહ્યું છે? જે ગુરુઓનાં પનોતાં પગલાં ઠેરઠેર ઝઘડાની હોળી સળગાવી મૂકે, જેમની કજીઆખોર મનોદશામાંથી નીકળતા **એકાંત–મૂઢ પ્રવચનો** ભોળી પ્રજાને ઉશ્કેરી મૂકે અને એવા ભોળાઓને હથિયાર બનાવી જેઓ સામાવર્ગને ગાળો ભાંડવામાં અને ધર્મમાર્ગના એક પંથીડા ફક્ત પોતાને જ માનવા–મનાવવામાં અને પોતાનો નવો વાડો વધારવાનું જોર બતાવવામાં બહાદૂરી માને, તેમનાથી અનેકાંતદર્શનનો મહિમા પ્રસરવાની આશા શી રીતે રાખી શકાય?

કદાગ્રહના ઘોર અંધકારમાં આથડતા અને ઈર્ષ્યાદ્વેષની ભઠ્ઠીમાં શેકાતા **સાધુઓ** પોતે જ દુર્ગતિમાં ધસી રહ્યા હોય તે બીજાનું શું ભલું કરી શકવાના હતા? આવા કમનસીબ ગુરુઓ હમેશાં દુનિયાને શ્રાપ રૂપ જ લેખાયા છે.

**દરેક સમજદાર આજે ચોખ્ખું જોઈ રહ્યા છે કે સમાજમાં ચાલી રહેલા ધાર્મિક ઝઘડાઓનું મૂળોદ્દગમ–સ્થાન સાધુઓ છે. તેમનામાં સમન્વયવાદનો અભ્યાસ હોત તો સમાજમાં આ બખેડા ઉભા થવા ન પામત.**

જગતના છુટા છુટા વિશૃંખલ વિચારસૂત્રોને રીતસર સુયોજિત કરી, સમન્વય દૃષ્ટિએ સંગઠિત કરી, તે બધાને અંગે ચાલતી તકરારોને ઓલવવી અને પ્રજાના ઉકળતા માનસપર શાંત રસનું સિંચન કરવું એ અનેકાંતવાદનો સિદ્ધાંતપાઠ અને પ્રયોજનપાઠ છે.

**મહાવીરનો આ પદાર્થપાઠ કેટલો મહત્વપૂર્ણ છે એ આજના અલ્પાભ્યાસી અને દુરાગ્રહી ગુરુઓ ક્યારે સમજતા થશે?** ક્યારે તેઓ એ મહાન પાઠને હૃદયંગમ કરી પ્રજાના ઉકળાટ પર શાંત સુધાની રસધાર વરસાવશે?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ભગવાનનું અનેકાંતવાદી શાસન એકલા ઓઘામાં જ મુક્તિ બતાવતું નથી. ભગવાનનું પ્રવચન પંદર ભેદે મુક્તિ બતાવે છે. ભગવાન ચોખ્ખું ભાખે છે કે—ચાહે સાધુનો વેષ હોય કે ન હોય, ચાહે ઓઘો હોય કે ન હોય, ચાહે દિગંબર હોય, શ્વેતાંબર હોય, પીતાંબર હોય, રક્તાંબર હોય કે અન્યાંબર હોય, ચાહે સ્ત્રી હોય કે પુરુષ હોય, કોઇપણ માનવ હોય અને કોઇપણ સ્થિતિમાં હોય પણ રાગદ્વેષથી મુક્ત થતાં કૈવલ્ય સ્થિતિને જરૂર પ્રાપ્ત થાય.**

મતલબ કે કષાયોથી મુક્ત થવામાં જ મુક્તિ છે. અને કષાયોથી મુક્ત થવાના વ્યાપારમાં " ઓઘો એકાંતે જોઈએ જ, ઓઘા વગર કષાય નાશ થાય જ નહિ " એ માન્યતા તદ્દન ભૂલ ભરેલી છે. ચારિત્ર કાંઈ ઓઘામાં નથી પણ ચારિત્ર તો આત્મામાં છે.

ચારિત્ર સાધનમાં મુખ્ય કાર્ય એક માત્ર કષાય જયનું છે. ઓઘો એ કાર્યથી જ દીપે છે.

**અનેકાંત તો એ કે જેમાં અનેકનો અંત આવે. અર્થાત્ આત્મા અને મોહ એ દ્વૈત–યોગનો અંત આવે અને આત્મા અદ્વૈત શુદ્ધ સ્વરૂપે પ્રગટે એ અનેકાંત.**

**અનેકાંતમાં જાતિભેદને સ્થાન ન હોય, આત્મવિકાસમાં ચઢે તે ઉચ્ચ અને પડે તે નીચ.**

મહાવીરના લક્ષાવધિ વ્રતધારી શ્રાવકોમાં સર્વોત્કૃષ્ટ ગણાતા દશ શ્રાવકો કોણ હતા ? એમાં કોઈ ઓસવાલ, પોરવાડ કે વીસા દશા હતા કે ? નહિ જ. કોઈ હતા કણબી, તો કોઇ હતા પટેલ–પાટીદાર, તો કોઈ કુંભાર. અંત્યજો અને ચાંડાલો પણ મહાવીરનાં ચરણોનું શરણ લઇને પોતાનો આત્મવિકાસ સાધી ગયા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સત્યના માર્ગે ચાલનાર ભંગી ઉંચ છે અને અસત્યના રસ્તે ચાલનાર બ્રાહ્મણ કે શ્રાવક પણ નીચ છે. ખરો જૈન કોઈ પણ હોઈ શકે.

**રાગદ્વેષને જીતવાનો અભ્યાસ કરે તે જૈન.**

જેનામાં શુદ્ધ જિજ્ઞાસુ દૃષ્ટિ હોય, જે ગુણનો પૂજારી હોય, જેના જીવનમાં અહિંસાનો નિવાસ હોય અને જે સત્યનો ઉપાસક હોય તે કોઈ પણ મુમુક્ષુ, જૈન છે. આમ સંપ્રદાય બહારના પણ વાસ્તવિક જૈનત્વના પંથે ખરા જૈન બનીને પોતાનું આત્મકલ્યાણ સાધે છે.

**મતભેદો હોવા છતાં પરસ્પર ઉદાર વ્યવહાર રાખી સંગઠનબળમાં વિચ્છેદ ન પડવા દેવામાં જ સાધુના સાધુત્વની ખરી કિંમત છે.** મતભેદ છતાં મૈત્રી રાખી શકવાનું વિશાળ સૂત્ર સમજવામાં જેટલી ઢીલ થાય છે તેટલી જ હરકત છે.

**મતભેદ છતાં પરસ્પર મેળ રાખી કામ કરવાનું ડહાપણ જે દિવસે ગુરુદેવો દાખવશે તે ધન્ય દિવસે સમાજ પોતાને ખરા તારણહાર મળ્યાનો વિપુલ આનંદ અનુભવશે અને તે પુનિત ઘડીથી શાસનની જ્યોત ફરી ઝગમગવા માંડશે. પાનાં ૮૮ થી ૧૦૨.**

(લેખકના વિચારસંસ્કૃતિ પુસ્તકમાંથી)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

६

# જૈનધર્મના સંપ્રદાયોની ઐક્યતાના સંબંધમાં કાંઈક સુઝાવ

લેખક:

શ્રી અગરચંદજી નાહટા.

*

નોંધ-जैन जगत માસિકના જુન ૧૯૫૯ના અંકમાં શ્રી અગરચંદજી નાહટાનો जैनधर्म के संप्रदायोकी एकता के संबंधमें कुछ सुझाव એ નામનો લેખ પ્રગટ થયેલ છે. એ લેખમાં લેખકે સ્પષ્ટ કહ્યું છે કે આજનો વખત એકતા માટે ખાસ અનુકૂળ છે. છતાં આ બાબતમાં પૂરતું ધ્યાન આપવામાં નહિ આવે તો આજની આપણી ઉગતી નવી પ્રજામાંથી ધર્મભાવનાનો લોપ થવાનો પણ સંભવ છે.

લેખકે કેટલાક મુખ્ય મતભેદો કેમ મટાડી શકાય તેને માટે સુઝાવ પણ ટુંકામાં બતાવ્યા છે. સુઝાવ હિંદી શબ્દ છે. તેનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અર્થ - "એ બાબતમાં મને જે કાંઇ સુઝ પડે છે તે પ્રમાણેની મારી સૂચના" એવો કાંઈક થાય છે. ગુજરાતીમાં એને મળતો કોઈપણ શબ્દ અમને નહિ મળવાથી અમે સુઝાવ શબ્દ જ વાપર્યો છે.

શ્રી અગરચંદજી નાહટા મૂર્તિપૂજક સંપ્રદાયના છે અને અનુભવી તેમજ વિદ્વાન છે. તેઓ પણ એકતાના હિમાયતી છે તે તેમના આ લેખ ઉપરથી સમજી શકાય છે.

—નં. ગિ. શેઠ.

*

જૈન ધર્મ "આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાંત" ને પ્રધાનતા આપે છે. પરંતુ તેના અનુયાયીઓએ જ્યારે જૈન ધર્મના આ બન્ને પ્રધાન તત્ત્વોને જીવનમાં ઉતારવાનું ઓછું કરી નાખ્યું ત્યારે નાની નાની વાતોમાં પરસ્પર રાગદ્વેષ વધવા લાગ્યા અને તેથી જૈન ધર્મ ઘણા સંપ્રદાયોમાં વિભક્ત થઈ ગયો.

પ્રત્યેક વસ્તુને અનેક બાજુ હોય છે અને તે સર્વને ધ્યાનમાં રાખીને વસ્તુ સ્વરૂપનો નિર્ણય કરવો એ અનેકાંતનો મુખ્ય ઉદ્દેશ છે. વિરોધી વિચારધારાઓનો સમન્વય કરીને સૌની સાથે મૈત્રી અને પ્રેમભાવ વધારવાં, કોઇની સાથે દ્વેષ તો ન જ રાખવો અને સમભાવમાં રહેવું એ જૈન ધર્મનો પ્રધાન સંદેશ છે.

એકાંત આગ્રહને મિથ્યાત્વ કહેલું છે (एगंते होइ मिच्छत्तम्) પણ આપણે તો આ સિદ્ધાંતને ફક્ત ચર્ચાનો વિષય બનાવી રાખ્યો છે. તેથી આપણે આપણી મેળે જ એકાંત આગ્રહની જાળમાં ફસી ગયાં છીએ. તેથી આપણે આપણા સાધારણ મતભેદોનો પણ સમન્વય કરી શકતા નથી અને મતભેદની ખાઈ વધતી ચાલી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દરેક સંપ્રદાયમાં અનેક ગચ્છમત થઈ ગયા છે. **અને તેઓ જૈન ધર્મના મૂળ વીતરાગ ભાવથી હઠી જઇને પોતપોતાના ગચ્છમતના આગ્રહને પ્રધાનતા દેતા રહ્યા છે.** એકબીજાનું ખંડનમંડન જોરથી ચાલી રહ્યું છે. વાદવિવાદ તત્ત્વનિર્ણય માટે નહિ પણ પોતાના ગચ્છમતના વિજયને માટે કરવામાં આવે છે. તેથી પરસ્પરમાં દ્વેષનાં બીજારોપણ થયાં અને તેને લીધે સંગઠિતરૂપમાં ભેળા મળીને કામ કરવાની શક્તિ ઘટી ગઈ.

એકબીજાને નીચા પાડવામાં, નીચા બતાવવામાં અને પોતાની તૂતી બજાવવામાં જ બધી શક્તિ ખર્ચાવા લાગી. તેનું પરિણામ આવે તે જ આવ્યું. એટલે કે જૈન ધર્મનો પ્રભાવ ઘટવા લાગ્યો અને જૈનોની સંખ્યા ઘણી ઓછી થઈ ગઈ.

કાળદોષથી થવાનું હતું તે થઈ ગયું. તેની વિશેષ આલોચના કરવાથી ઇચ્છિત કામની સિદ્ધિ થવાની નથી. ઉપર જે ટુંકામાં ચર્ચા કરી તેનો ઉદ્દેશ એટલો જ છે કે, આપણે આપણી કમજોરીના કારણો દોષો ધ્યાનમાં રાખીને તેનો પરિહાર કરીને એકતા અને સંગઠનના ઉપાયોનો વિચાર કરીએ.

કેટલાક લોકો કહ્યા કરે છે કે **હવે સંપ્રદાયભેદ મટવાના નથી. હું એ વાતનું સમર્થન કરતો નથી. વિશ્વના ઇતિહાસમાં પહેલી અસંભવ ઘટના જેવું સમસ્ત રાજયોનું વિલીનીકરણ પણ સંભવિત બની ગયું તો જૈનોના સંપ્રદાય અને ગચ્છમતના ભેદ કેમ ન મટી શકે?** આપણે આપણી સંકુચિત, અનુદાર અને અસહિષ્ણુ વૃત્તિને લીધે પોતપોતાની ખેંચતાણમાં લાગી ગયા છીએ તેથી એકબીજાથી જુદા અને છેટા (દૂર) દેખાઈએ છીએ. એકનું મુખ પૂર્વ તરફ બીજાનું મુખ પશ્ચિમ તરફ છે. તેથી બંને સામસામેના કિનારા પર ઉભેલા દેખાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પરંતુ રસ્તો તો વચ્ચે જ છે. આપણે આપણી દિશા બદલીએ ત્યારે જ મેળ બાઝે. બંને એકબીજાની સન્મુખ આવી જાય અને મધ્યના કેન્દ્ર બિંદુ પર પહોંચવાની પ્રગતિ કરે. પોતાના આગ્રહને ઢીલો કરે, સમન્વયનો મધ્યમ માર્ગ શોધી કાઢે તો મટવા અસંભવ નથી. આપણે આપણી ખેંચતાણથી જ મતભેદની દિવાલો ઉભી કરી છે. ભેગા મળવાની ઈચ્છા હોય તો મતભેદની દિવાલોને તોડીને, જેમ બંનેની વાત બની રહે, પરસ્પરના હૃદયોનું મિલન થાય, સાથે સાથે ચાલી શકે એવો માર્ગ સુગમતાથી નીકળી શકે.

બન્ને અક્કડ બનેલા છે પણ તેઓ હાથમાં હાથ મેળવીને એકબીજાને ગળે લગાડીને ભેટી પડે તો કેવું સુંદર દેખાય? તો તો ફરીથી નવી દુનિયા આપણે વસાવી શકીએ! અને ફરીથી એકવાર મહાવીરના કે જૈન ધર્મના ઉપાસક કહેવડાવવાનું ગૌરવ પ્રાપ્ત કરી શકીએ. સંપ્રદાય કે ગચ્છમતનું લેબલ હવે અમે ચોટાડેલું નહિ રાખીએ એટલું જ આપણે કરવાનું છે.

**હું તો માનું છું કે આપણા સૌમાં કંઈક પણ સાંપ્રદાયિક આગ્રહ રહેલો જ છે અને તેથી જ કામ કઠણ લાગે છે પણ હવે ભૂમિકા તૈયાર થઈ રહી છે. આજનું વાતાવરણ બહુ જ અનુકૂળ છે. ઘણા લોકો એક જ ઝંડા નીચે આવવા તૈયાર છે. ફક્ત આપણે અહિંસા અને અનેકાંતને પૂર્ણસ્વરૂપથી ધ્યાનમાં રાખીને માર્ગદર્શન આપવાની જ જરૂર છે.**

ક્રિયાકાંડ વિધિવિધાનમાં જે ફરક છે તે તો હવે તુરતમાં જ ખલાસ થવાનો છે. કારણ કે આપણા શિક્ષિત યુવાનો તેને છોડતા જ જાય છે. આજના શિક્ષિત યુવાનોમા સામાયિક, પ્રતિક્રમણ, વ્રતનિયમ, ભક્ષ્યાભક્ષ્ય, તપ, ઉદ્યાપન વગેરે કરવાવાળા ભાગ્યે જ મળશે. **તેઓ સર્વ કહે છે કે અમને જૈન ધર્મની મૂળભૂત વાતોની જાણકારી**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**જોઈએ તેથી આવતી પેઢી મહાવીરના કે જૈન ધર્મના ઝંડા નીચે ઘણી સરળતાથી આવી શકશે.**

કેટલાક જુનવાણી રૂઢિવાદીઓની ખીચડી થોડા વખત સુધી જરૂર જુદી પકાવાતી રહેશે તોપણ આજના વાતાવરણની તેમના ઉપર પણ ઘણી અસર પડી ગઈ છે. જીવનભર ખંડનમંડન કરવાવાળા અને કટ્ટરતા નિભાવવાળા પણ હવે નરમ પડી ગયા છે. હવે તેઓ પારસ્પરિક ઝઘડા, વિવાદને ચાહતા નથી.

દીર્ઘ કાળના જુના સંસ્કારને વશ બનીને કંઈ નિમિત્ત મળતાં કોઈ કોઈ લોકો ઝઘડી બેસે એ જુદી વાત છે પણ હવે કોઈ તેને પ્રોત્સાહન દેનાવાળા નહિ મળે. તટસ્થ અને વિચારક લોકો તો તેને ખરાબ જ કહેશે. **એટલે અત્યારના સમયની તો માગણી છે કે જે કોઈ સંગઠન કે એકતાના પ્રેમી હોય તેણે તેનો અવાજ બુલંદ રીતે ઉઠાવવાની જરૂર છે.**

**આપણે એકબીજાથી વધારે ને વધારે હળીમળીને રહીએ, એકબીજાના ઉત્સવોમાં ભાગ લઈએ, એકબીજાનું સાહિત્ય વાંચીએ અને તેનો અભ્યાસ કરીએ, એકબીજાના મુનિઓની પાસે જઈએ, તેમના વ્યાખ્યાન સાંભળીએ અને ભેગા મળીને સંપ્રદાયભેદ નાબુદ કરવાના માર્ગનો વિચાર કરીએ, ક્યાંય પણ ઝઘડો થાય તો બંને પક્ષના સારા લોકોને મળીને પરસ્પરનો ઝઘડો મટાડી દઈએ અને નવા ઝઘડા ઉત્પન્ન થયા પહેલાં જ તેને રોકી દઈએ.**

સૌથી પહેલાં આપણે શ્વેતાંબર અને દિગંબર એ બે મુખ્ય સંપ્રદાયોના અવાંતર ભેદો મટાડવાનો પ્રયત્ન કરવો જોઈએ. કારણકે જેટલા ભેદ ઓછા રહેશે તેટલી ભેગા મળવાની સરળતા વધુ રહેશે.

બીજી વાત એ પણ છે કે શ્વેતાંબરના બધાય ઉપસંપ્રદાયો જૈન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આગમોને ભગવાનની વાણી તરીકે માને છે. સૌની એ આગમો તરફ એકસરખી શ્રદ્ધા છે. તેથી પાછળના આચાર્યોના કારણથી એ આગમોના પાઠ કે તેના અર્થમાં અંતર ફરક પડેલ છે તેને માટે આપણે સાથે મળીને સાચા પાઠ તથા અર્થનો નિર્ણય કરી લઈએ તો માર્ગ પ્રશસ્ત બની જાય. કારણ કે આચાર્યોના મતની અપેક્ષાએ ભગવાન મહાવીરની વાણીનું મહત્ત્વ વધારે છે.

કોઈ આચાર્યે કોઈ બાબતને જુદા રૂપમાં સમજી લીધી હોય તો આજના તટસ્થ વિચારક વિદ્વાન એ ભૂલનું સંશોધન કરી શકે છે. જેમકે આગમમાં કયાંક કોઈ પાઠભેદ હોય તો આજના સમસ્ત જૈન જૈનેતર ભંડારોમાંની પ્રાચીનતમ પ્રતિયોના આધારથી કયો પાઠ જુનો અને પ્રામાણિક છે તેનો નિર્ણય કરી શકાય છે.

એ જ રીતે જ્યાં જ્યાં અર્થના સંબંધમાં મતભેદ હોય તેનો નિર્ણય પણ પ્રાચીન નિર્યુક્તિ, ચૂર્ણી, ભાષ્ય, ટીકા આદિ પ્રાચીન સાધનો તથા બૌદ્ધ તેમજ વૈદિકગ્રંથોમાં એ શબ્દોનો પ્રયોગ અને તેના કરેલા અર્થનું અનુસંધાન કરીને વાસ્તવિક અર્થ કયો હોવો જોઈએ તેનો નિર્ણય કરી શકાય છે.

આગળના જમાનામાં સર્વપ્રતિયોનો ઉપયોગ કરી શકવાનો સંભવ નહોતો, તે વખતે આજના જેટલા સાધનો સુલભ નહોતા. એટલે અત્યારે તો ફક્ત આગ્રહ-હઠવાદના કારણે ભલે પાઠ કે અર્થનો નિર્ણય ન થાય અને પોતપોતાની ખેંચતાણ ચાલુ રાખે, પણ તત્ત્વનો નિર્ણય કરવાની જો શુદ્ધ ભાવના હોય તો કંઈ કઠણાઈ પ્રતીત થતી નથી.

પરવર્તી ગ્રંથોને પ્રધાનતા દેવાનું છોડી દઈને મૂળ આગમો તથા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેની પ્રાચીન પરંપરા રૂપમાં તેના સંબંધના સાહિત્ય પર જ અધિક જોર દેવામાં આવે અને જે કાંઈ નિશ્ચય થાય તેનો સ્વીકાર કરવામાં પાછા ન હઠે તો બધા મતભેદ મટાડી શકાય છે.

સંપ્રદાય, મત કે આચાર્ય કોઈ સર્વજ્ઞ તો નહોતા જ. અને જૈન આગમો તો સર્વજ્ઞ પ્રણીત મનાય છે તેથી તેને જ મહત્વ આપવું એ ઉચિત અને આવશ્યક છે.

**વિધિવિધાન કે બાહ્ય આચારોથી મુક્તિ તો છે નહિ. આંતરિક શુદ્ધ, રાગદ્વેષનું ઉપશાન, સમભાવની વૃદ્ધિ અને કુબોથની નિવૃત્તને જ પ્રધાનતા દેવી જોઇએ.**

શ્વેતાંબર તથા દિગંબર બંને સંપ્રદાયોમાં ઉત્પન્ન થયેલા અનેક ગચ્છમત અત્યારે નામશેષ થઈ ચૂક્યા છે. થોડાક જ ગચ્છ રહી ગયા છે. તેમાં પણ કોઈ કોઈના અનુયાયી તો બહુ જ થોડા છે. એટલે તેઓ ક્યાં સુધી ટકી શકશે તે વાંચકો સમજી શકે તેમ છે. મોટા મોટા વિદ્વાન આચાર્યોની પરંપરા પણ વિચ્છિન્ન થઈ ગઈ છે.

શ્વેતાંબર સંપ્રદાયમાં ૮૪ ગચ્છ કહેવાતા હતા, તેમાં પણ નાની મોટી શાખા ભેદો ઉમેરીએ તો તેની સંખ્યા એથી પણ વધી જાય છે પણ આજે તેમાંથી ખરતર ગચ્છ, તપાગચ્છ, આંચળીયા ગચ્છ, પાયચંદ ગચ્છ, લોંકાગચ્છ એવા પાંચ સાત ગચ્છ જ બચેલા છે.

સ્થાનકવાસી તથા તેરેહપંથી ( તેરાપંથી ) તો લોંકાગચ્છમાંથી જ નીકળ્યા છે.

એજ રીતે દિગંબર સંપ્રદાયમાં પણ ચાર પ્રધાન સંઘ તથા તેના કેટલાક ગણગચ્છ હતા પણ આજે તેમનાં નામ ઇતિહાસના વિદ્યાર્થી જ જાણતા હશે ! આજે તો મુખ્યત્વે તેરાપંથી તથા વીસપંથી એ બેમાં જ આખા દિગંબર સમાજનો સમાવેશ થઈ જાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તો પ્રયત્ન કરવાથી આ થોડાક મતભેદો, જરૂર મટાડી શકાય તેમ છે, અથવા કમમાં કમ, સમન્વય તો જરૂર કરવો જોઈએ, કે જેથી અણબનાવ ઓછો થાય, સૌ મળીને ધર્મારાધન અને ધર્મ પ્રચાર કરી શકે, પરસ્પર સહયોગ અને સહાનુભૂતિ રહે અને એકબીજાની નિંદા, ખંડન કે વિરોધ કોઈ ન કરે.

શ્વેતાંબર તથા દિગંબર સંપ્રદાયોમાં મૂળ ભેદ પણ બાહ્યાચારનો છે. તાત્ત્વિક વાતો તો એક જ છે. એકનો આગ્રહ છે કે દિગંબરત્વ વિના મુક્તિ નથી મળતી, બીજા વસ્ત્ર હોય તો પણ મુક્તિ મળી શકે છે એમ માને છે. પણ અત્યારે તો પંચમકાળ છે તેમાં આ ક્ષેત્રથી કોઈને મોક્ષ નથી તેમ કેવળી પણ નથી કે જેથી કવળાહારનો પ્રશ્ન છે.

સ્ત્રી મુક્તિસંબંધમાં મતભેદ હોવાથી જ નગ્નત્વનો આગ્રહ છે. વાસ્તવમાં પુરુષભેદ સમાપ્ત થવાથી જ મુક્તિ થાય છે, વેષ લિંગ મુક્તિનું પ્રધાન કારણ નથી.

વીતરાગની મૂર્તિ, વિભૂષણ અલંકાર રહિત જ હોય તો બંનેને સમાનરુપથી માન્ય થઈ શકે છે, પ્રાચીન જૈનાગમોમાં જિનકલ્પ અને અલંકાર રહિત જ મળે છે.

મૂર્તિપૂજા સારા ભાવોની ઉત્પાદક છે. વિરોધ તો દ્રવ્ય પૂજામાં થતી હિંસાને લીધે છે. તો આડંબર અને જીવહિંસા કમમાં કમ થાય એવી વિધિ અને ભાવપૂજા સ્થાનકવાસી તથા તેરહપંથી સમ્પ્રદાયને બાધક હોવી ન જોઈએ.

મુહપત્તિનો ઉપયોગ રાખવાને માટે છે. જો એક સંપ્રદાય બાંધવાનું છોડી દીએ અને બીજો સંપ્રદાય બોલતી વખતે તેના ઉપયોગમાં પૂરો વિવેક રાખે તો એ વિવાદ સમાપ્ત થઈ જાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દયાદાન સંબંધી મતભેદમાં પણ વ્યવહાર અને નિશ્ચય તથા સાધુ અને શ્રાવકના ભેદને સામે રાખીને યથોચિત આચરણ કરવામાં આવે તો તે ભેદ મટી શકે છે.

એ પ્રમાણે બીજા સર્વ ભેદોમાં આપણે ઇચ્છીએ તો સહજમાં સમન્વય થઈ શકે તેમ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

७

# કાળજ્ઞાન તત્ત્વ ચિંતામણિ

લેખક

**પૂ. સ્વ. તપસ્વીજી શ્રી માણેકચંદજી મહારાજ**

*

## નોંધ

તપસ્વીજીએ તેમના (૧) ભ્રાંતિ નિવારણ સંવાદ તથા (૨) કાળજ્ઞાન તત્ત્વ ચિંતામણિ એ બે પુસ્તકોમાં મૂર્તિ, મૂર્તિપૂજા અને છબી ફોટાચિત્રો વિષે શાસ્ત્રાધારે વિવેચન કરીને જે હકીકતો જણાવી છે તે મેં બન્ને પુસ્તકોમાંથી ઉધૃધ્ત કરીને એકત્ર કરીને અત્રે આપી છે. તે સર્વ સ્થા. સમાજને ખૂબ સમજવા વિચારવા જેવી છે.

ખાસ કરીને આજે જ્યારે સેંકડો બલ્કે હજારો સ્થાનકવાસીઓ મૂર્તિપૂજક બની ગયા છે અને બનતા જાય છે તે હું નજરે જોઉં છું ત્યારે ખાસ વિચારવા જેવી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્થા. સંઘપતિ અને નેતા ગણાતા પોતે તેમજ તેમના કુટુંબીઓને મંદિરે જતાં, સ્નાત્રપૂજા વગેરે પૂજાઓ ભણાવતા મેં નજરે જોયેલા છે. કેટલાય સ્થાનકવાસીને મેં મૂર્તિમાં શ્રદ્ધા ધરાવતા જોયા છે. કેટલાયે સ્થાનકવાસીને ઘેર મૂર્તિની પૂજા કરાતી જોઈ છે. કોઈને ત્યાં લાકડાના નાનકડા મંદિરઘાટની બેઠકમાં મૂર્તિ જોઈ છે તો કોઈને ત્યાં લાકડાના પાટીઆ ઉપર જોઈ છે.

આમ સંખ્યાબંધ સ્થાનકવાસીઓને મેં મૂર્તિમાં શ્રદ્ધા રાખતા જોયા છે. જો કે તે સર્વ સ્થાનકવાસી જ ગણાય છે.

વળી બીજા કેટલાય, હજારોની સંખ્યામાં આવે તેટલા, નાના નાના ગામોમાં, ગામડામાં મૂર્તિપૂજક બનેલાના મને રિપોર્ટો મળેલા છે. વસ્તીપત્રકમાં તેઓ સ્થાનકવાસી લખાવે છે અથવા કહે છે. પરંતુ વર્તનમાં મૂર્તિપૂજક છે. તેમને સ્થાનકવાસીનો અર્થ શું છે તે પણ ખબર નથી.

આ પ્રમાણે બનવાના ઘણા કારણો છે. જેમકે– સ્થા. સમાજની અત્યંત સંકુચિતવૃત્તિ, સત્યને કે જ્ઞાનીને સમજવાની ઈચ્છા જ નહિ, ધર્મતત્ત્વ સિદ્ધાંતનું અજ્ઞાન, ગામડામાં સાધુ–સાધ્વીનો વિહાર બંધ વગેરે અનેક કારણો છે.

મનુષ્યમાં કામવૃત્તિ હોય તે ખરાબ છે, વિકારવાસના ખરાબ છે. સ્ત્રી પ્રત્યેનો મોહ ખરાબ છે. તે કામવૃત્તિ, વિકારવાસના, મોહને વખોડી કાઢવાને બદલે કેટલાક ધર્મગુરુઓએ સ્ત્રીઓને જ વખોડી કાઢી, સ્ત્રીને જ નરકની ખાણ બનાવી દીધી, પણ કામવૃત્તિ ખરાબ છે એમ સમજાવ્યું નહિ. એમ કામવૃત્તિ સામે ઝુંબેસ ઉપાડવાને બદલે સ્ત્રીઓ સામે જ ઝુંબેસ ઉપાડી, સ્ત્રીવર્ગને જ ખરાબ ચીતરી માર્યો. સ્ત્રીવર્ગને જ નિંદી કાઢ્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેવી જ રીતે સ્થાનકવાસીઓએ કારણને બદલે કાર્યને જ અનાથ ચીતરી માર્યું,

મૂર્તિ મોક્ષસાધક નથી એમ બતાવવાને બદલે મૂર્તિને જ પત્થર ગણી વખોડી કાઢી અને મૂર્તિ માનનારને મિથ્યાત્વી કહી વખોડી કાઢ્યા, નિંદી નાખ્યા.

સાવદ્ય મૂર્તિપૂજા ધર્મસિદ્ધાંત વિરુદ્ધ છે એમ સમજાવવાને બદલે પૂજાને જ વખોડી કાઢી.

છબી, ચિત્રો ઓળખાણુ માટે છે, પૂજા માટે નથી એમ સમજાવવાને બદલે છબી ચિત્રોનો જ વિરોધ કર્યો. પરિણામે આજે ઘરોઘરમાં પર-ધર્મી ગુરુઓના તેમજ પ્રચંડ હિંસાવાદી નેતાઓના ફોટા ચિત્રો માન પામે છે. દીવાલો શણગારે છે પણ સ્થાકવાસીના એકપણ ઘરમાં ધાર્મિક ચિત્રનું નામ નિશાન દેખાતું નથી.

કાળ-સમયને સમજવાનું અને તે પ્રમાણે વર્તવાનું તો ભગવાનનું જ ફરમાન છે, આજ્ઞા છે. પરંતુ અત્યારે સ્થાનકવાસીઓ કાળ-સમયને સમજવા જ કે ધ્યાનમાં લેવા જ ઇચ્છતા નથી. અને પરિણામે પોતાની સંખ્યા હજારોના હિસાબે ઘટતી જાય છે તેનો વિચાર પણ કરતા નથી.

પચાશ વર્ષ પહેલાં સમાજ આજના જેટલો સમજદાર નહોતો, જાગૃત નહોતો તેથી તપસ્વીજી મહારાજે શાસ્ત્રાનુસાર કરેલી વાતો પર કોઈએ ધ્યાન આપ્યું નહોતું અને ઘણાયે ઉલટો વિરોધ કર્યો હતો.

પરંતુ આજે જ્ઞાન સમજ વધ્યા છે ત્યારે સ્થાનકવાસીઓએ જમાનો ઓળખવો જ જોઈશે અથવા તો નાબુદ થવા તૈયાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રહેવું જોઈશે. પણ તેમણે જો પોતાની હસ્તી ટકાવી રાખવી હશે તો સત્યાસત્યનો, ધર્માધર્મનો સિદ્ધાંતની રૂએ વિચાર કરીને નિર્ણય કરવો જ પડશે. જમાનાને અનુસરીને સિદ્ધાંતને બાધ ન આવતો હોય તેટલી જરૂરની છૂટછાટ આપવી જ પડશે. નહિ-તર જમાનાને અનુસરીને નવીન યુવાન વર્ગ પોતાની મેળે જ છૂટ લઈ લેશે અને ત્યારે ધર્મને ટકાવવો મુશ્કેલ પડશે.

ધાર્મિક ક્રિયાઓનું આજે સ્થા. ઉપાશ્રયોમાં લિલામ થાય છે, દીક્ષાર્થીઓની વસ્તુઓના ધર્મને નામે લિલામ થાય છે, મૂર્તિપૂજકોની ધાર્મિક ક્રિયાઓનું અંધ અનુકરણ થાય છે વગેરે અનેક બાબતો સાબિત કરે છે કે હવે સ્થાનકવાસી યુવાનોનું માનસ બદલાઈ રહ્યું છે.

આ વાત સમજાવવા માટે જ તપસ્વીજી મહારાજે તેમના પુસ્તકોના નામ –" કાળ જ્ઞાન તત્ત્વ ચિંતામણિ " અને " ભ્રાંતિ નિવારણ સંવાદ " – એવા અર્થસૂચક નામો આપેલા છે. સ્થાનક-વાસીઓ કાળજ્ઞાનને સમજીને ભ્રાંતિનું નિવારણ કરીને વર્તન રાખે એમ ઈચ્છું છું.

—ન. ગિ. શેઠ.

## કળિકાળ મૂર્તિપૂજા વિવેચન

મારે આ સ્થળે યથાર્થ સિદ્ધાંત વાણીના આધારથી કહેવું પડે છે કે મનુષ્ય લોકોમાં અનાદિ કાળથી યક્ષ દેવોની સ્થળે સ્થળે અને ગામો ગામ પ્રતિમાઓ વાસરૂપે છે. ગામેગામ અને ઠામે ઠામ યક્ષદેવોની રક્ષા છે. તે દેવોને લોકો સંસારી સુખદુઃખના સંદેશામાં પૂજે છે એટલે કે યક્ષની પૂજા તે સુખના સ્વાર્થને માટે જ છે.

યક્ષપૂજા તે અનાદિકાળનું સંસાર વ્યવહારનું ખાતું છે પણ ધર્મ કલ્યાણખાતું અર્થાત્ પારમાર્થિક ખાતું નથી. જેમ સંસાર વ્યવહારના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હિતાર્થે અષ્ટાંગ નિમિત્તજ્ઞને લોકો માને પૂજે છે તેમજ યક્ષદેવોની પ્રતિમાઓ લોકો સંસાર સુખ માટે માને પૂજે છે. મનુષ્ય કરતાં દેવોની શક્તિ ઘણી જ વધારે છે માટે મનુષ્યો દેવોને સુખ ભોગાર્થે માને છે અને પૂજે છે.

સ્વર્ગલોકમાં જે શ્રી જિનેશ્વરજીની પ્રતિમાજી છે તે પ્રતિમાજી તો અનાદિ કાળના શાશ્વતા છે. તે શ્રી જિન પ્રતિમાના સિદ્ધાયતનો તો પહાડ, પર્વત અને સ્વર્ગના દરેક વિમાને એક એક છે. તે સિદ્ધાયતનમાં રહેલા શ્રી જિન પ્રતિમાજીને દેવો રાજના માન ખાતર, રાજના હિત માટે સદાકાળ માને છે અને પૂજે છે.

સ્વર્ગલોકમાં ધર્મ પુરુષાર્થ નથી, ધર્મક્રિયા નથી, મોક્ષક્રિયા નથી, દાનપુણ્ય ક્રિયા નથી તો પછી ધર્મની માન્યતા ક્યાંથી જ હોય ? નજ હોય. તે તે દેવો ગતભવે ઉત્તમ ક્રિયાનાં ધર્મો પાળીને તે પવિત્ર ધર્મ કરણીનાં શુભ ફળો ભોગવવા માટે દેવપણે ઉપજેલા છે અને દેવાંગી સુખ ભોગવે છે.

તે ઈંદ્રાદિક દેવતાઓ રાજશાંતિ માટે શ્રી જિનપ્રતિમાજીનો સદાકાળ આધાર રાખે છે. તે અનાદિ કાળનો તેમનો જીત વ્યવહાર છે. તે દેવોનાં જે મૂર્તિપૂજનના વ્યવહારો છે તે વ્યવહાર મનુષ્યલોકને દાખલા પુરાવા લેવા માટે કોઈ કાળે થયેલ નથી, થશે પણ નહિ એવો અનાદિ સિદ્ધાંત માર્ગ છે.

## મનુષ્યલોકના પ્રતિમા પૂજનના હેતુ અને કારણો

હે ધર્મ જિજ્ઞાસુઓ ! આ વિશ્વમાં ત્રણ શક્તિ અનાદિથી ચાલી આવે છે.—(૧) મનુષ્યશક્તિ. (૨) દેવશક્તિ અને (૩) અરિહંતપ્રભુ શક્તિ, તેમાં પુણ્યશક્તિ થી મનુષ્યનો ભવ મળે છે, ધર્મશક્તિથી દેવનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અવતાર મળે છે. અને જ્ઞાન શક્તિથી અરિહંતપ્રભુનો અવતાર મળે છે.

સામાન્ય પુણ્ય અને સારા સ્વભાવની જે શક્તિ તે મનુષ્યની શક્તિ છે. મનુષ્યોથી અસંખ્યાત ગુણી વધારે દેવોની દેવાંગી શક્તિ છે. દેવોથી અનંતગણી વધારે અરિહંત દેવોની જ્ઞાન શક્તિ છે. એ ત્રણે શક્તિનાં બળો મનુષ્યશક્તિમાંથી પેદા થાય છે.

જે આત્માઓ મનુષ્યગતિ પામીને દયા, સત્ય, નીતિ, ન્યાય બ્રહ્મચર્ય, શમ, દમ, દાન અને એવી બીજી શુભ વૃત્તિવાળા છે તેવા મનુષ્યોમાંથી કેટલાક મનુષ્યો મનુષ્યની ભાવના વડે મનુષ્ય થાય છે. કેટલાક મનુષ્યો મહાદયાળુ......વગેરે અનેક સદ્‌ગુણી જીવો સંસારની વાસનામાં મરે તો મોટા યક્ષ દેવો થાય છે અને કેટલાએક વિકારી વાસના વડે મૃત્યુ પામે તો ચોસઠ જાતિના દેવદેવીઓ પણે ઉપજે.

મહાજ્ઞાની, મહાવૈરાગી, મહાત્યાગી મહાયોગ સાધક સાધુ મુનિઓ નિષ્કામતાએ મૃત્યુ પામે તો વૈમાનિક દેવ ઇંદ્રદેવ પણે ઉપજે છે.

જે મનુષ્ય મહાધર્મક્રિયા, મહાજ્ઞાનક્રિયાની ભાવનાએ પુણ્યાનુબંધી પુણ્ય, ધર્માનુબંધી ધર્મ બાંધીને સ્વર્ગલોકમાં ઉપજે તે ત્યાંથી ચ્યવી મનુષ્યલોકમાં અરિહંતપ્રભુ પણે અવતાર ધારણ કરે.

## ઉપસંહાર

મહાન પુરુષોની હૈયાતી પછી જ તેવા મહાન શક્તિવાળા મહાત્મા પુરુષોની પ્રતિમાઓ પૂજાય છે. દરેક મનુષ્યો પછી તે અમે તે ધર્મના હોય પણ તેઓ પોતપોતીકા કુળ દેવને અને કુળદેવીઓને પૂજે છે. પણ જ્યારે મનુષ્યો ઉપર મહાન સંકટ કે આફત આવી પડે છે ત્યારે કુળ-દેવદેવીને છોડીને મહાન સત્વવાળા યક્ષદેવોને માને પૂજે છે.

મનુષ્યોને સંકટ નિવારણ માટે વાણવ્યંતર દેવ, ભવનપતિ દેવ, જ્યોતિષી દેવ અને વૈમાનિક દેવ એ ચારેય જાતિના દેવની મૂર્તિનું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અવલંબન લેવું પડે છે કારણુકે મનુષ્યની શક્તિ કરતાં દેવની શક્તિ અસંખ્યાત ગુણી છે. તેથી દેવો મૃત્યુલોકના મનુષ્યોને વારંવાર મોટામાં મોટી સુખસાજ આપે છે અને વખતો વખત પરચા પણુ પૂરે છે તથા વંછિત કામ પણુ બજાવી આપે છે. તેવા ન્યાયવાળા દાખલા સિદ્ધાંતમાં ઠામઠામ છે.

મનુષ્યોં જ્યારે અગ્નિમાં બળવા માંડે છે અથવા પાણીમાં ડુબવા માંડે છે ત્યારે તેવા દુઃખીઆ મનુષ્યો યક્ષદેવોનું સ્મરણુ કરે છે કે તુરત એક સેકન્ડમાં કોટાનકોટિ યોજનથી શીઘ્રગતિએ આવી પહોંચે છે અને મનુષ્યોને બચાવે છે. એટલે કે દુઃખીઆ જીવો યક્ષદેવોની સહાય માગે છે અને યક્ષદેવો આપતકાળમાં તેમને મદદ પણુ કરે છે. તેથી યક્ષદેવોની પ્રતિમાઓ અનાદિ કાળથી પૂજાય છે. તે તેમની ધર્મ કરણીનું ફળ છે.

મૃત્યુલોકમાં દરેક ઠેકાણે દેવ દેવીઓના આશ્રમવાળી જગ્યા છે. તે દેવ દેવી ગામોગામના દરેક જળ આશ્રમ, સ્થળ આશ્રમ, દરેક ઝાડ, દરેક પહાડ વગેરેના તમામ વસ્તુ પદાર્થના રખવાળા છે. તે દેવ વરસો વરસ વિધિપૂર્વક નૈવેદ્ય માગે છે. તે નૈવેદ્ય જો વાર્ષિક ન થાય તો મનુષ્યલોકનું અહિત દુઃખ કરે છે, વારંવાર દુઃખ ઉપજાવે છે. અને જો વરસોવરસ તેમની વિધિ પ્રમાણે નૈવેદ્ય સચવાય તો દરેક દેશના મનુષ્યોને અનુકૂળ કાળ પ્રમાણે સુખશાંતિ ઉપજાવે છે.

તેથી સંસારી લોકોને દ્રવ્યે સંસારખાતે તે મૂર્તિયોનું સદાકાળ અવલંબન લેવું પડે છે. તે પણુ સંસારી લોકોનો અનાદિ વ્યવહાર ચાલ્યો આવે છે. તે સિદ્ધાંત પ્રમાણુ વાકય સિદ્ધ વાકય વચન છે, તે સંસાર ખાતે છે.

સાકારી અરિહંત પ્રભુ તીર્થંકર પ્રભુ આ મનુષ્ય લોકમાં પૂજાય છે અને સર્વ લોકો તેમને પૂજે છે તે ધર્મબુદ્ધિએ, કલ્યાણુની બુદ્ધિએ, સંસાર તરવાની બુદ્ધિએ. ધર્મીજીવો અરિહંત પ્રભુને પૂજે છે, મન વચન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કાયા વડે ભક્તિ કરે છે, મહાધર્મપ્રભાવક પ્રભાવના કરે છે. જેવી ભાવનાએ મહાપ્રભુની ભક્તિ કરે છે તેવી નિષ્કામી ભાવનાએ, નિર્વિકારી, સર્વજ્ઞાની, પ્રભુસ્વરૂપે પ્રભુમાં લય પામી જાય છે. સારાંશ એ છે કે સંસારના અનંતા જન્મ જરા મૃત્યુના દુઃખથી મુક્ત થાય છે અને મોક્ષમાં નિર્વાણપદે, ઇશ્વરપદે પરમાત્મા થાય છે.

અનંતગુણના ધણી, અનંતશક્તિના ધણી શ્રી જિનેશ્વર **પ્રભુની પ્રતિમાઓ** આ લોકમાં શાંતિ સુખ માટે, પરલોકના હિત માટે **અવલંબન તરીકે આરાધાય છે.**

તે પ્રભુના પ્રતિમાજીને **જ્ઞાની** લોકો **પ્રતિમાજી તરીકે** માને છે પણ સાક્ષાત પ્રભુ તરીકે માનતા નથી.

જે જે સ્થળોએ જે જે તીર્થંકર દેવો નિર્વાણ પામ્યા હોય તે તે સ્થળે શ્રી દયાળુ અરિહંત પ્રભુની અનંત યોગ સાધવાની શક્તિના જે જે અનંત ગુણરૂપ, દ્રવ્યરૂપ, પર્યાયરૂપ પદાર્થોમાં વાસના પરિણમી ગઈ હોય તેવા પવિત્ર પરમાણુવાળા જે જે સ્થળો છે તે તે સ્થળોએ જવાથી ઊંચી ઊંચી ભાવનાઓ ઉત્પન્ન થતી ઊંચા ઊંચા પવિત્ર ગુણોની પ્રાપ્તિ થાય છે. અને અનંત નિર્જરા થાય છે, તેવા હેતુથી જ શ્રી અરિહંત દેવની પ્રતિમાઓ પૂજાય છે, **પણ છકાયની હિંસા માટે પૂજાતી નથી તેમ કોઈ જ્ઞાની મહાપુરુષો હિંસા સ્વરૂપે પૂજતા પણ નથી.**

સ્વર્ગમાં જે શ્રી જિન પ્રતિમાઓ છે તે તો અનાદિ કાળની શાશ્વતી છે. તે જિન પ્રતિમાજીમાં પ્રભાવિક અનંત ગુણો રહ્યા છે. તેવા ગુણનું અવલંબન દેવતા લોકો સુખસમૃદ્ધિના હિત માટે લે છે.

જેમ મનુષ્યલોકમાં મહા ચમત્કારી વસ્તુઓ પૈકી કલ્પવૃક્ષ ચિંતામણી, ચંદનવૃક્ષ અને સુગંધી મહાપદાર્થોના અવલંબનથી અનંતદુઃખનો નાશ થાય છે તેમજ તે ન્યાયે શ્રી જિનપ્રતિમા પણ મહાન ચમત્કારી ચિંતામણી છે. તેના અવલંબનથી દેવોને અનંત શાંતિ મળે છે તેમજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્વર્ગના દેવો શ્રી જિનેશ્વરના પ્રતિમાજીના પ્રભાવથી પોતપોતાની હદમર્યાદા લોપી શકતા નથી. તેમ બીજા કોઈ દેવો પણ એક બીજાની હદ લોપવાની મરજી કરતા નથી.

મહા પ્રભુની અનંત શક્તિના દ્રવ્યો સિદ્ધાલયની જિન પ્રતિમાના દ્રવ્યપણે પરિણમે છે. તેથી તે પ્રતિમાને ઇંદ્રાદિક સર્વ દેવો માને છે.

અનેક પ્રભાવ શ્રી જિનપ્રતિમાના માનથી સચવાય છે. શ્રી જિન પ્રતિમા સર્વ વિઘ્નોને હરે છે, સર્વ દુઃખોને ટાળે છે અને મહા મંગળ આનંદ આપે છે એવો પ્રૌઢ પ્રતાપ શ્રી જિનપ્રતિમાનો છે. માટે દેવેંદ્રો અને અસંખ્ય દેવો સ્વાર્થ સુખની બુદ્ધિએ માનતા આવ્યા છે અને માનશે. પરંતુ ધર્મ માટે, કલ્યાણ માટે, તરવા માટે તો કોઈ કાળમાં દેવોની ભાવના થઈ કે થવાની નથી.

તીર્થંકર પ્રભુ નિર્વાણ પામે ત્યારે તેમના બિંબખાખના કેટલાએક અવયવો ઇંદ્રાદિ દેવો લીએ છે અને બાકી તેની ભભૂતિ સર્વ મનુષ્યો પણ લીએ છે. તે ચમત્કારી વસ્તુના બળથી કોઈ જીવોને સંકટ દુઃખ આવતું નથી. તેવી મહા ત્રિરત્નસિદ્ધિ ચિંતામણી ચમત્કારી જડી બુટ્ટી છે. તેથી દરેક તીર્થંકરના દ્રવ્ય અવયવો વ્યવહારના સુખ માટે હમેશાં પૂજાય છે. તે પણ દ્રવ્યશક્તિનું બળ જાણવું.

## મનુષ્ય લોકમાં જિનપ્રતિમા અનાદિથી નથી.

(નોંધ— તપસ્વીજીએ મૂર્તિની શરૂઆતનો ઇતિહાસ તેમના પુસ્તકમાં આપેલો છે તે મેં છોડી દીધો છે. —ન. ગિ. શેઠ.)

મનુષ્ય લોકના મનુષ્યો કોઈ કાળે પ્રભુની મૂર્તિ પ્રભુની આકૃતિએ કરતા નથી તો પૂજે તો ક્યાંથી? કારણ કે પ્રભુ અનંત શક્તિવાળા છે તેવા પ્રભુ આપ સ્વરૂપે જ્ઞાન સ્વરૂપે પૂજાય છે પણ પરમૂર્તિ સ્વરૂપે પૂજાતા નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જે જ્ઞાનશક્તિ આત્મસ્વરૂપમાં છે તે જ્ઞાનશક્તિ પરસ્વરૂપમાં જતી આવતી નથી, તેમ તેવી જ્ઞાનશક્તિ જડ સ્વરૂપે પરિણમતી પણ નથી. એ નિર્વિવાદ સત્ય છે. પ્રભુ અનંત જ્ઞાની મહા ચૈતન્ય સ્વરૂપે છે અને જડ પ્રતિમા તો જડ સ્વરૂપે છે. તેમ પ્રભુ નિર્વિકારી સ્વરૂપે છે તથા નિરાકાર સ્વરૂપે છે. તો પછી તેવા નિરાકારી ભગવાનને સાકારી શી રીતે બનાવાય ?

કદાપિ કોઈ પણ ધર્મમતાવલંબી એવો ખુલાસો કરે કે અમારી વૃત્તિથી અને ભાવનાથી પ્રભુને જડ સ્વરૂપે થવું પડે છે તો એ ખુલાસો કેવળ કલ્પનામય છે. **ભાવનાવડે પ્રભુ કોઈ કાળે પ્રતિમારૂપ થતા નથી.** પ્રભુજી નિર્વિકારી પદ છોડી વિકારી પદમાં આવતા નથી.

કદાપિ કોઈ ધર્માવલંબી એમ કહે કે ભક્ત લોકોને દર્શન દેવા અને અસુરોનો સંહાર કરવા માટે પ્રભુજીને પ્રતિમા રૂપે અવતરવું પડે છે તો તે કથન વંધ્યાપુત્ર જેવું અને ખપુષ્પ જેવું અસંગત છે. કારણકે પ્રભુજી પોતે હસ્તિનું પદ છોડીને રાસભનાપદનો સ્વીકાર કરતા જ નથી.

પ્રભુજી પોતે નિર્વિકારી અજર અમર છે તેવા નિરાકારી પ્રભુ આકાર વસ્તુમાં મૂર્તિ સ્વરૂપે પ્રવેશ કરીને જન્મ મૃત્યુના અધિકારી થતા નથી તેમ થયા નથી. એજ જ્ઞાની વિવેકી પુરુષોની જ્ઞાન બુદ્ધિની સમજણ છે.

કેટલાક મત પંથવાળાઓ એમ પણ માને છે કે મંત્ર વડે સાક્ષાત્ મૂર્તિમાં પ્રભુનો વાસ થાય છે તે વાત વેળુ પીલીને તેલ કાઢવા જેવી નિરર્થક છે. કારણ કે **મંત્રથી જો પ્રતિષ્ઠા થતી હોય અને પ્રભુ પધારતા હોય તો પોતાના મરહુમ મા દીકરામાં મંત્રોથી પ્રતિષ્ઠા કરીને જીવતા શા માટે કરી શકતા નથી? માટે મંત્રોથી પ્રભુજીને પ્રતિમામાં પધરાવી શકાતા નથી.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રભુ અનંત શક્તિવાળા છે તેથી **તેઓ મૂર્તિ સ્વરૂપે થાય તો તેમનું તો મૂર્તિ સ્વરૂપે થવાથી ઉલટું અનંતગણું અપમાન થાય છે.** કારણ કે કેટલાક મૂર્ખ લોકો મૂર્તિનું ખંડન કરે છે, અપમાન કરે છે, કેટલીક મૂર્તિઓ પાણીમાં તણાઈ જાય છે, અગ્નિમાં બળી જાય છે અને કોઈ વખતે મૂર્તિને ચોર ચોરી જાય છે. જો મૂર્તિ પોતે જ પ્રભુ હોય અથવા મૂર્તિમાં પ્રભુજીનો આવેશ હોય તો કોઈની તાકાત છે કે પ્રભુ સામે કોઈ આંગળી ચીંધી શકે કે પ્રભુમૂર્તિનું કોઈ હરણ કરી શકે અથવા પ્રભુજી તણાઈ જાય, બળી જાય કે તૂટી ફૂટી જાય !

પ્રભુજી તો અખંડ છે તેવા અખંડ પ્રભુને જડ સ્વરૂપે જડ ઠરાવવા તે અજ્ઞાની લોકોને ભૂલાવો ખવરાવવા બરાબર છે. **પ્રભુને જડ ઠરાવવા એ અકાર્ય છે.** અકાર્યથી અનંત જીવો સંસારમાં રખડયા છે અને રખડશે.

પ્રભુજી નિર્વિકારી અને તમારી પૂજા વિકારી છે, પ્રભુ નિર્ભોગી અને તમારી પૂજા ભોગી છે. પ્રભુ નિર્મોહી અને તમારી પૂજા મોહ-વાળી છે. પ્રભુ દયાળુ અને તમારી પૂજા હિંસાવાળી છે. પ્રભુ અનંત-જીવોના નાથ છે એવા અસંખ્ય જીવોને હણીને પ્રભુ પાસે ધરો છો.

વળી દીવાની મોટી લાઈટો કરવાથી અનંત જીવો હણાય છે તથા વનસ્પતિ કાયની હિંસા થાય છે માટે પ્રભુ હિંસાથી રીઝશે કે ખીજશે તેનો વિચાર કરશો નહિ.

પ્રભુ ત્રણુકાળમાં રીઝશે નહિ પણ ખીજવા સ્વરૂપ તમારે ચોરાશી લાખ જીવાયોનિના અવતાર કરવા પડશે. **માટે દરેક મહાજ્ઞાની મહાત્મા પુરુષો પ્રભુજીને જડ સ્વરૂપે માનતા નથી તેમ પ્રભુ જડ છે એવી કલ્પના પણ કરતા નથી. તેમ ભક્તિભાવે પ્રભુને જડ માની કલ્પીને તેમની પૂજા અર્ચા પણ કરતા નથી. એજ**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જ્ઞાની વિવેકી જનોનું લક્ષણ છે.

એજ સિદ્ધાંત જ્ઞાનીનું ફરમાન છે. તે ફરમાનને અંગીકાર કરી અનાદિનું અજ્ઞાન દેહમાં ઘુસીને વ્યાપી રહેલ છે તે દેહમાંથી અજ્ઞાનનો જ્ઞાનદષ્ટિવડે નાશ કરો, દૂર કરો અને આત્માને જ્ઞાનપ્રકાશમાં લાવો.

કળિકાળના દોષે પુરાણી લોકોએ યક્ષની હાજરા હજુર પ્રતિમા પૂજાતી હતી તેવી પ્રભુ તુલ્ય પ્રતિમાનું ખંડન કરીને ઈશ્વરાવતાર ને ઈશ્વરના નામની પ્રતિમાઓને કેવળ આજીવિકા માટે દાખલ કરેલ છે. **વળી તેટલા માટે જ પૂજા, સેવા, ભક્તિ અને મહિમાના અનેક પ્રભાવિક પુસ્તકો પણ બનાવ્યા છે. અને લાખો જીવોને જડ સ્વરૂપે પ્રભુને પૂજાવીને અવળે રસ્તે દોરવ્યા છે.**

પાછળથી લોકોમાં મતભેદ ધર્મભેદ થવાથી લોકો જુદાજુદા મત પંથના વાડા બાંધતા ગયા અને લાખો લોકોને ફસાવતા ગયા. આ સર્વ અસંયતિ કાળનો પ્રભાવ જાણવો.

મૂર્તિખંડનનો કાળ અઢારસો વર્ષની લગભગનો છે તેની સાક્ષી ઇતિહાસ શાસ્ત્રોમાં છે તેમજ જૈન ધર્મના કેટલાક ગ્રંથોમાં પણ છે. અન્ય ધર્મમત પંથવાળાએ જૈન લોકોનું જોઇને જ પોતપોતાંના ધર્માધિકારીઓને ઈશ્વર ઠરાવીને તેમની પ્રતિમાઓ બેસાડેલ છે.

## પ્રતિમાજીનું અવલંબન લેવાથી થતા ફાયદાઓ

પ્રતિમાનો અવલંબન ગુણ તે પૂજાભક્તિ સમજવી નહિ પણ દરેક જડ પદાર્થમાં ત્રણ ગુણ રહ્યા છે— (૧) અવલંબન ગુણ, (૨) ઓળખાણ ગુણ અને (૩) મંગળગુણ.

**અવલંબન ગુણ**— જેને જેટલો વૈભવ છે તેને તેટલો જડપદાર્થનો અવલંબન ગુણ જાણવો. ઉદાહરણ તરીકે જોઇએ તો, રસ્તે ચાલતાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લાકડીનું અવલંબન, હાલતાં ચાલતાં રસ્તાનું અવલંબન, દાદર ચડતાં પગથીઆં અને કઠોડા કે દોરડાનું અવલંબન, ભૂખ તરસમાં અનાજ અને પાણીનું અવલંબન, રોગમાં ઔષધનું અવલંબન વગેરે જડ પદાર્થોના હજારો અવલંબન લેવા પડે છે. જડ પદાર્થનું અવલંબન છે તે જીવતરનું જીવન છે.

**ઓળખાણ ગુણ**–માતા પિતા, દીકરા દીકરી, હેતુ મિત્રો વગેરેના તથા પશુ પક્ષી વગેરેના જે જે ફોટા છે તે તેમની ઓળખાણના છે. ફોટો પોતે જડ પદાર્થ છે પણ માવતરના ફોટા ઓળખાણ ખાત્રી આપે છે. તે ફોટા દેખીને માવતરોના ગુણોની ભાવના ઉત્પન્ન થાય છે અથવા યાદી આપે છે તે ઓળખાણ ગુણ મહા મોટામાં મોટો દ્રવ્ય સ્થાપના નિક્ષેપો છે.

**મંગળ ગુણ**– સારા રૂડા સુગંધી પદાર્થો મંગળ કર્તવ્યોમાં મંગળરૂપ થાય છે અને વિઘ્નોને દૂર કરે છે. તે લાપસીનું મંગળ, ગોળનું મંગળ, સાકરનું મંગળ. તે મિષ્ટાન્ન મંગળ રૂડાં ભોજન દરેક કાર્યના વિઘ્નનો નાશ કરે છે. તેમ વસ્ત્ર મંગળથી વસ્ત્ર મળે છે. શુકનના મંગળથી કામ શુભ થાય છે. તેવા માંગળિક જડ પદાર્થોથી હજારો જાતના મંગળ ગુણ થાય છે.

**સિદ્ધાંતની સાક્ષી**– શ્રી ઠાણુંગજી સૂત્રના આઠમે ઠાણે આઠ મંગળના મંગળરૂપે નામો જણાવ્યા છે તે આઠે મંગળ જડ પદાર્થ છે છતાં અનેક દુઃખ અને વિઘ્નનો નાશ કરે છે.

જ્યાંસુધી કર્મને આધીન છો ત્યાંસુધી મંગળનું સાધન સુખરૂપ છે.

જેમ રસ્તે ચાલતાં ભોમીઆનો આધાર લેવો પડે છે તથા ચરતાં, તરતાં અને ફરતાં વાહનોનો આધાર લેવો પડે છે તેમ જ્યાંસુધી મોક્ષે નથી પહોંચ્યા ત્યાંસુધી પુણ્યમંગળનો આધાર લેવો પડે છે, તેમજ ગુરુનો ફોટો, તીર્થંકર ભગવાનનો ફોટો ચિત્ર મંગળરૂપે ઓળખાણ રૂપે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ધ્યાનના અવલંબન માટે** લેવાથી ગુરુના ગુણની અને તીર્થંકર ભગવાનના ગુણની ભાવના ઉત્પન્ન થશે.

અવલંબનથી અનેક ગુણોની ભાવના પ્રગટ થતાં ગુણી થવાશે. વળી ફોટા ઉપરથી ગુરુની અને ભગવાનની ઓળખાણ રહેશે અને અનેક જાતના મંગળો થશે. વિઘ્નોનો નાશ થશે પણ ફોટા લેનાર તથા સદાકાળ રાખનારે એવો નિર્ણય કરી રાખવો કે **ગુરુશ્રીના કે પ્રભુજીના ફોટાને સાવદ્ય પાપ પૂજાથી પૂજવાની ત્રણેકાળમાં પદ્ધતિ પાડવી નહિ એમ સૈદ્ધાંતિક વાકયો છે તેને સિદ્ધ કરી રાખવા.**

જ્ઞાનવાણીના સિદ્ધાંતે ધર્મધ્યાન તથા શુકલ ધ્યાનના બત્રીશ ભેદ રહ્યા છે તેમાં અવલંબન ધ્યાનના ચાર ભેદ જણાવ્યા છે. તે પદસ્થ ધ્યાન, પિંડસ્થ ધ્યાન, રૂપસ્થ ધ્યાન અને રૂપાતીત ધ્યાન. એ ચારે પદમાં ત્રણ પદ તો સાકારી મૂર્તિ માટે છે. તેમાં જ્ઞાન અને જ્ઞેયની ત્રિપુટી રહેલી છે.

જ્ઞેય વિના જ્ઞાન નહિ. તેમજ ધ્યાતા ધ્યાન અને ધ્યેયની ત્રિપુટીમાં ગુરુશ્રીનો અથવા તીર્થંકર ભગવાનનો ફોટો તે જ્ઞેય પદાર્થ છે. અને તે જ્ઞેય, ધ્યાયનો ધ્યાતા આત્મા જીવ પોતે ધ્યેયરૂપ લક્ષ પામે છે ત્યારે ધ્યાનનું સ્વરૂપ એક વૃત્તિએ થાય છે. તે વખતે પ્રતિમાનું અવલંબન લેવા ગુરુનો દ્રવ્ય ફોટો સ્થાપના સ્વરૂપે થાય છે એ સિદ્ધાંત સાક્ષી છે.

**શોધકમિત્ર ( લેખક ) નો ઇરાદો** કોઈપણ મતપંથનું ખંડન કરવાનો નથી પણ સત્ય જણાવવાનો છે. કળિકાળમાં નિમિત્ત કારણે જે જે મતપંથ જે જે કારણે ઉત્પન્ન થયા છે તે તે મતપંથોનું કાર્ય કારણ શોધી તેમાં રહેલ **સત્યાસત્યનું પૃથક્કરણ કરી પ્રગટ-ભાવે જગતને બતાવી આપવું એ જ હેતુ છે.**

## પ્રતિમાની દ્રવ્ય પૂજા

**જિનપ્રતિમાની પૂજા દ્રવ્યે થાય છે પણ ભાવે થતી નથી.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રતિમાની દ્રવ્ય પૂજા

**જિનપ્રતિમાની પૂજા દ્રવ્યે થાય છે પણ ભાવે થતી નથી.**

પૂજા બે પ્રકારની છે—(૧) ભોગપૂજા અને (૨) ત્યાગપૂજા.

ભોગપૂજા તે ફળ, ફૂલ, ધૂપ, દીપક વગેરે અનેક પ્રકારે દ્રવ્યપૂજા કહેવાય છે. તે પૂજા ભોગી મહાપુરુષો તથા દેવતાઓની છે, અને ત્યાગપૂજા તે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, ત્યાગ, વૈરાગ્ય વગેરે અનેક ધર્મભાવના કર્તવ્ય કરવાથી ત્યાગપૂજા કહેવાય છે.

તે માટે સ્વર્ગલોકમાં દેવોને જિનપ્રતિમા દ્રવ્યે ચિંતામણી રત્ન સમાન છે. તેથી તે પ્રતિમાને દરેક દેવો સૌ સૌની દ્રવ્ય આશા પૂરી પાડવા દ્રવ્ય આશાએ દ્રવ્યપૂજા કરે છે. એ અનાદિ દેવવ્યવહાર છે.

### ભાવપૂજા

ધર્મનું મૂળ દયા છે, તે અહિંસાસ્વરૂપ છે. સર્વજીવોની રક્ષા કરવી તે જ અહિંસા. તે આત્મિક કલ્યાણધર્મ છે. મહાપ્રભુની દૃષ્ટિમાં સર્વ જીવો આત્મભૂત માન્યા છે. તેમાં કોઈ જીવને ન્યૂનાધિક નથી માન્યા. તે માટે **ભાવપૂજા તે અહિંસા અભેદસ્વરૂપ છે.** તેમાં હિંસા સમાતી નથી.

જેમ અમૃતમાં ઝેર સમાતું નથી તેમ ભાવપૂજામાં દ્રવ્યપૂજા સમાતી નથી. તેટલા માટે દ્રવ્યપૂજા દ્રવ્યનું લક્ષણ છે પણ ભાવ નથી. **ભાવપૂજા જ ધર્મ કલ્યાણનું લક્ષણ છે અને તે જ મોક્ષનું લક્ષણ છે.**

સાધુમાર્ગી જૈન સમાજ અને મૂર્તિપૂજક જૈન સમાજ એ બન્ને વચ્ચે માંહોમાંહે એક બીજાને મૂર્તિ સંબંધી એકાંત પક્ષે ખંડનમંડન કરવાનો ઝેર ભરેલો ભેદ ઝઘડો ચાલ્યો આવે છે. તે સંબંધે તે બન્નેને કાળસમયનો દોષ પલો ( વળગાડ ) વળગ્યો છે.

તે બન્નેના વળગાડ કાઢવાના મંત્રો તંત્રો જંત્રો સંયોગ યોગ હાલના સમયમાં તેવો વાદી પુરુષ નથી તે માટે **બન્નેના ઝઘડાથી હું મુક્ત**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શું; કારણકે જૈન સિદ્ધાંત સૂત્રોમાં વસ્તુતત્ત્વ, વસ્તુસ્વભાવ, તત્ત્વજ્ઞાન, તત્ત્વસ્વરૂપે જે ચાર નિક્ષેપાના સ્વરૂપ વર્ણવ્યા તે દરેક નિક્ષેપ–સ્વરૂપ **દ્રવ્યે અને ભાવે ઓળખાણ આધારભૂત અવલંબન છે.**

ન્યાય હેતુ–જેમ દાદર, નિસરણી, સીડીએ ચડતાં દોરડાનું અવલંબન આધાર, પૂલ પર ચાલતાં કઠોડાનું અવલંબન આધાર છે તેમ ધર્મ રસ્તે ચાલતાં, મોક્ષ નિસરણીએ ચડતાં દ્રવ્યરૂપ દોરડું, લાકડી, નિસરણી, સીડીનો આધાર છે.

પ્રભુએ કોઇને ખંડનમંડન કરવાનો હુકમ આપ્યો નથી, છતાં જમાનો કુદરત તરીકે કજીઆ કરાવે છે, તે કજીઆથી સર્વ મુક્ત થાઓ.

સાધુમાર્ગી જૈન સમાજ અને મૂર્તિપૂજક જૈન સમાજ એ બે વચ્ચે મૂર્તિઓ ન રાખવી, ન માનવી એવો ભેદ નથી. તે વિષે બન્નેનો અભેદ, એક જ મત સરખો છે. ફક્ત ફેરફાર એટલો છે કે મૂર્તિ જડ પદાર્થ છે તેને ચૈતન્યસ્વરૂપ પ્રભુ તરીકે માને છે અને સાવદ્યપૂજા કરી ધર્મ કલ્યાણ માને છે. એટલો વિવેક બહારનો ફેરફાર દેખાય છે. બાકી રાગ દ્વેષના આડાઓટા કલેશ કજીઆ ઝઘડા તત્ત્વ સમજ્યા વિના કરે છે. તે પ્રમાણે તમે કોઇ સુજ્ઞ વિવેકી કરશો નહિ. એક બાપના પુત્રો જાણી પરમ હેત રાખો એ જ્ઞાન ધર્મલક્ષણ છે.

## પ્રભુ કે ગુરુની છબી

કોઈ જિજ્ઞાસુ અર્હંત મહાપ્રભુ તથા સુસાધુની છબી પાડે, પડાવે, લેવરાવે તે કૃત્ય શાસ્ત્ર વિરુદ્ધ કે ધર્મ વિરુદ્ધ થતું નથી. કારણ કે તે કૃત્ય તમારા સંસારવ્યવહાર ખાતાનું છે તે વિષે સાધુજીને ન સજી થવું કે ન આદેશ આપવો. તે વિષે સાધુનો ધર્મ મૌનપણાનો છે.

જે ધણી પોતાની મેળે છબી પાડતાં તથા લેતાં તે માટે કેમેરા સાફ કરતાં જે પાપ થાય તે પાપ સાધુજીને લાગતું નથી, કારણકે આજ્ઞા વૃત્તિ વિના પાપ પોતાની મેળે આવી શકતું નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જે સાધુજી છબી પડાવવામાં રાજી થતા હોય, કોઈ મનુષ્યને હુકમ આપતા હોય તો છબી પડાવવાનું તથા કેમેરા વગેરે ધોવાનું પાપ સાધુજીને લાગે જ, એ નિ:શંક છે.

જૈન શાસ્ત્રના ન્યાય પ્રમાણે મૂર્તિયો, છબીઓ રાખવા તથા તેમનું જ્ઞાનદૃષ્ટિએ ઓળખાણનું અવલંબન લેવામાં શાસ્ત્રવિરુદ્ધ કે ધર્મવિરુદ્ધ બાધ આવતો નથી.

**સાધુમાર્ગી સંપ્રદાયોમાં ઘણાખરા જીવો છબીફોટાના વિરોધી છે તેનું કારણ એ છે કે અજ્ઞાનના હઠપણે હા નાનું વેર છે. અજાણપણેથી એકાંત પક્ષે સ્થાપનાને ઉથાપી નાંખી છે તેથી તે જીવો પ્રભુના નામના અને સ્થાપનાના પ્રતિવાદી કહેવાય છે.**

હવેનો કાળ-સમય એવો વિષમ આવ્યો છે કે દરેક **જૈનના ઘરમાં અન્ય ધર્મના ધર્મગુરુની છબીઓ તથા રાક્ષસી માયાના ફોટા ઘરેઘર થોડાઈ ગયા છે. તેથી દરેક જીવોને સવારમાં ઉઠતાં વિકારી** પાપી રાક્ષસી માયાવાળા મનુષ્યોના અમંગળકારી દર્શન થાય છે. **તેથી દિનપ્રતિદિન મંગળ મુહુર્તની હાનિ થતાં, સત્યધર્મ, સત્યગુરુ અને સત્યદેવની ભાવનાના વિચારે હમેશાં ઝાંખા પડતા જાય છે.**

છેવટ વંશપરંપરામાં ધર્મના સ્વભાવથી ભ્રષ્ટ થતા જાય છે તે ખરી ખાત્રીથી તમે સર્વ જાણી શકો છો. પણ ખોટા હઠ અપવાદને લઈને ધર્મમંગળ કલ્યાણ કરી શકતા નથી. તેમ દુરાગ્રહ છોડી સત્ય સમજી શકતા નથી.

જેમ સંસારી લોકો માતાપિતા, ભાઈ, બહેન, મિત્રો વગેરેની છબી પડાવી ઘરમાં રાખે છે તે પૂજવા માટે ઘરમાં રાખતા નથી પણ હમેશાં પ્રેમભાવની યાદગીરી રાખવા માટે લે છે અને રાખે છે. તેમ **તીર્થં-**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**કર ગણધરો આચાર્ય ઉપાધ્યાય મહંત સુસાધુની છબી મંગળ-ના હિત માટે ધર્મના માન ખાતર ધર્મીપુરુષોની યાદગીરી રાખવા નિત્ય મંગળ અવલંબન રાખવામાં ઠામઠામ ઘરમાં ધર્મની શ્રદ્ધા છે અને તેમની વંશપરંપરામાં ધર્મ ટકે છે.**

તેથી ગુરુભક્તિની ભાવના પ્રગટ કરવા તેમની છબી અવલંબનરૂપે ઘરમાં રાખવાથી પ્રાતઃકાળે જાગતાં ઉઠતી વખતે સન્મુખ દર્શન તરીકે નજરે પડશે, તેનાં દર્શન જોતાં મહામંગળકારી ઉચ્ચ ભાવના પ્રગટ થાય છે અને વંશપરંપરામાં ધર્મની શ્રદ્ધા ચાલી આવશે.

ધર્મગુરુની છબીથી તથા બીજા આઠ મંગળ તથા ચૌદ સ્વપ્ન અને દશ કલ્પવૃક્ષ વગેરે અનેક ફોટા ચિત્રો હોવાથી જૈન લોકોની ખરી ખાત્રી ઓળખાણ ધર્મ તરીકે વર્તાશે. તેવા અનેક શુભહેતુથી સિદ્ધ મહંત મહાત્માઓની છબીની ઘણી જરૂરીઆત છે.

તે સિવાય સરાગ ભાવે સર્વ સાધુ સાધ્વીની છબી લેવાની કોઈ કાળે જરૂરીઆત નથી એમ હવેથી જાણી દ્રવ્ય અવલંબન લેવા ધર્મ-ગુરુ વગેરેની દ્રવ્ય નિશાની તરીકે છબી રાખવી, રખાવવી એમ સમય-કાળ સૂચવે છે.

## તે વિષે નિંદાની દૃષ્ટિ રાખશો નહિ.

તપસ્વીજીનું બીજું એક પુસ્તક "અભેદ ધર્મસ્વરૂપ" નામનું છે. તેમાં તેમણે જૈનધર્મ એક જ છે, અભેદ છે તે પહેલાં બતાવીને પછી અત્યારના વાડાઓ, સંપ્રદાયોની હકીકત આપી છે તેમાં લખ્યું છે કે—

"જ્યારે જ્યારે જે જે મહાત્માઓએ જે જે કાળે જે જે સંઘાડા મત પંથ કાઢ્યા અને સ્થાપ્યા ત્યારે ત્યારે તે તે મહાત્માઓએ તે તે કાળે પવિત્ર ધર્મનો ઉદ્ધાર કરવા અને જૈન સમાજને ધર્મની ઉચ્ચ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કોટિએ લઈ જવા ઉચ્ચ પ્રવૃત્તિની શ્રેણી કરેલ છે.

**"પણ તે દરેક મહાત્માઓએ દીર્ઘદૃષ્ટિથી જ્ઞાનબુદ્ધિએ તુલના કરી હોત તો તે મહાત્માઓ સમજી શક્ત કે વીરશાસન-ધર્મમાં બીજા મતભેદરૂપે મત કઢાય નહિ. એમ ખરી રીતે જાણી–સમજી શકવાની તેમની અગણિત વિશાળ બુદ્ધિ વિકાસ-વંત હતી.**

"પરંતુ તેવા નિપુણ નેતાઓને પણ કળિકાળે કાળના સ્વભાવે ભૂલ ખવડાવી છે. ત્યારબાદ પાછળથી કાળાંતરે એક એક ધર્મ મતભેદોમાંથી આપઆપની સ્વેચ્છાએ અનેક વાડારૂપે મતભેદ બાંધતા ગયા."

**વીરશાસનમાં, જૈનધર્મમાં મતભેદ પાડી જુદો સંપ્રદાય કઢાય નહિ** એ એક સાદું સત્ય જુદા પડનાર સર્વ પૂર્વાચાર્યો સમજ્યા હોત તો આજે છે તેવી જૈનધર્મની સ્થિતિ થાત નહિ. પણ **કળિકાળે મહાત્માઓને પણ એ ભૂલ ખવડાવી** એમ ઉપર પ્રમાણે સમજા-વીને તપસ્વીજી છેવટમાં લખે છે કે—

"હવે આ સંબંધમાં તાત્કાલિક યોજના, પરસ્પર કજીઆને વૃદ્ધિમાં નહિ લાવવાનું સંગીન બંધારણ નહિ થાય તો ધર્મના મૂળ સ્વરૂપનો લોપ થશે અને વીરપ્રભુનો ઉત્તમ મોક્ષમાર્ગ આપણે ગુમાવી બેસતાં અધોગતિના પરોણા થઈશું એ વાત નિઃશંક છે.

"વળી આ ઉજ્જવળ ધર્મ ચાળણીમાં ચળાતો રહેશે તો પંચમ કાળના છેડાને તો દીર્ઘકાળની વાર છે પણ તે પહેલાં જ નજીકમાં જ સર્વજ્ઞ વીરપ્રભુના નિષ્કલંકી ધર્મનો લય થશે તેવો સમય જોવાય છે.

અને છેલ્લા પારામાં નીચે પ્રમાણે લખે છે—

"યદ્યપિ આ મારી (એકતાની) પવિત્ર ધારણા ઊંચામાં ઊંચી જેવી તેવી વીરશાસનની ભક્તિવાળી છે છતાં ચાલુ જમાનાના વાતાવરણ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માં તેને સ્થાન મળવાની ઘણી ઓછી વકી રહે છે. તથાપિ ભવિષ્યમાં કોઈ મહાન વીર રત્ન સમર્થ વિદ્વાન, સત્યશોધક, ન્યાયમાર્ગનો ઉત્સાહી, નિર્મળ બુદ્ધિવાન, ખરું તાત્પર્ય ખેંચી વીતરાગ ધર્મની મૂળ સ્થિતિએ પહોંચશે ત્યારે મારી ધારણાને પુષ્ટિ મળશે અને તે વખતે મારાં સવિનય વચનો સત્ય આભાસમાં આવશે એ વાત નિઃસંદેહ ધ્રુવ છે.”

મેં એક વર્ષ અગાઉ જ લખ્યું હતું કે નજીકના ભવિષ્યમાં મહાપુરુષ જરૂર જાગશે અને જૈનધર્મની એકતા કરશે. તપસ્વીજી પણ એમ કહી ગયા છે તે ઉપરના તેમના લખાણથી સમજી શકાય છે. આપણે અત્યારથી જ એકતાના પંથે પળશું તો ભાવી મહાત્મા પુરુષનું કાર્ય ઘણું સરળ થઈ જશે અને ધર્મની વિશેષ ઉન્નતિ થઈ શકશે.

માટે જૈનોના સર્વ ફિરકાઓને મારી વિનંતિ છે કે તેઓ અત્યારથી જ આ બાબતમાં ઘટતું કરવાનું શરૂ કરે.

—ન. ગિ. શેઠ

*

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ૮

# એકતા માટે

## તપસ્વી મહાત્મા મુનિ

## શ્રી માણેકચંદ્રજી મ. ના ઉદ્‌ગારો

### નોંધ

એક સંપ્રદાયમાં અનેક સંઘાડા, ગચ્છો વગેરે પેટા વિભાગો ઈષ્ટ નથી તેમ જૈન ધર્મના જુદાજુદા સંપ્રદાયો પણ ઈષ્ટ નથી. સ્થાનકવાસી સંપ્રદાયના ગોંડળ સંઘાડામાં તપસ્વી મહાત્મા મુનિ શ્રી માણેકચંદ્રજી મહારાજ થઈ ગયા. તેઓશ્રી તદ્દન બિનસાંપ્રદાયિક વિચારના હતા અને એકતાનો બોધ કરતા હતા. તેમણે સંઘાડાઓને તેમજ સંપ્રદાયોને ઉદ્દેશીને ઘણું લખ્યું છે. સંઘાડાને ઉદ્દેશીને લખ્યું છે તેમાંનું ઘણું સંપ્રદાયોને પણ લાગુ પડે છે. તેમના લખાણમાંના કેટલાક ફકરા તેમના જીવનચરિત્રના પૃષ્ઠ ૪૩૩–૩૭માં આપેલ છે તે અત્રે ઉધ્ધૃત કરું છું.

—ન. ગિ. શેઠ.

*

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હે મતવાદિઓ ! હે ગચ્છવાદિઓ ! હે સંઘાડા સમુદાયવાદિઓ ! તમે શ્રી મહાવીરશાસનમાં જૈનધર્મને ભિન્નભિન્ન સ્વરૂપે સ્વચ્છંદે સૌ સૌના નામથી વહેંચી ભાગલા પાડીને, ગામગિરાસની પેઠે, વાડા વાળીને સંઘેડા ( સંઘાડા ) બાંધી બેઠા છો. અને દરેકે દરેક જુદીજુદી મરજી મુજબની સમાચારી ગોઠવી કાઢી છે. અને શ્રી મહાવીરશાસનના નામને બદલે પોતપોતાના ગામઠામને નામે શાસન ચલાવો છો.

તથા હઠ સ્વભાવથી ધકેલમારી કરો છો અને દંભપણે દ્રવ્યલિંગનું વ્યાપ્તિ દોષયુક્ત સેવન કરો છો. તથા ગુરુઓ અને ગુરુઓની વૃત્તિઓ સ્વચ્છંદે ચલાવો છો. શિષ્ય શિષ્યની વૃત્તિઓ સ્વચ્છંદે ચાલે છે.

સૂત્રસિદ્ધાંતના પ્રમાણથી ઓછી અધિકી અને વિપરીત પ્રરૂપણા કરો છો, કરાવો છો, અજ્ઞાની જીવોને જ્ઞાની માનો છો, અસત્યને સત્ય માનો છો, સત્યને અસત્ય માનો છો, પુણ્ય કર્તવ્યમાં પાપ માનો છો અને પાપ કર્તવ્યમાં પુણ્ય માનો છો, ધર્મમાં અધર્મની ભ્રાંતિ રાખો છો, અધર્મમાં ધર્મની ભ્રાંતિ રાખો છો.

ધર્મક્રિયામાં પાપની ભ્રાંતિ રાખો છો, સમદૃષ્ટિમાં મિથ્યાબુદ્ધિની ભ્રાંતિ રાખો છો. મિથ્યાદૃષ્ટિમાં સમદૃષ્ટિની ભ્રાંતિ રાખો છો. ગુણીમાં અવગુણીની ભ્રાંતિ રાખો છો. સદ્‌ગુણીમાં દુર્ગુણની ભ્રાંતિ, કુગુરુમાં ગુરુની ભ્રાંતિ, ત્યાગમાં ભોગની ભ્રાંતિ અને પુણ્યાનુપુણ્યમાં પાપાનુ-પાપની ભ્રાંતિ રાખો છો.

તથા જ્ઞાનતત્ત્વો અને ધર્મતત્ત્વોમાં ભ્રાંતિવાળા બનીને રાગદ્વેષવડે પક્ષાપક્ષીમાં તથા મતભેદ અને સંઘાડાભેદમાં પડીને ઈર્ષા, નિંદા, અદે-ખાઈ, અસત્ય, કૂડાં કલંક ચડાવવા વગેરે ધમસાણ મચાવીને તેમાં રચીપચી રહ્યા છો. પોતપોતાના સ્વાર્થ માટે પોતપોતાનું બગાડતા કેટલાક જીવોનું બગડે છે તેનો ખ્યાલ કરો !!!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઘરબાર છોડીને વાડા સંઘાડામાં ગુંચવાઈ ગયા,
માથું મુંડ્યું પણ મન મુંડ્યું નહિ.
વાળનો લોચ કીધો પણ વિષયોનો લોચ કીધો નહિ.
પગરખાં ઉતાર્યાં પણ અહંકાર ઉતાર્યો નહિ.
બૈરીછોકરાંની વાસના છોડી પણ ચેલાચેલીઓની વાસના છોડી નહિ.
તેને પરિણામે સમદૃષ્ટિપણાની પ્રાપ્તિ થઈ શકી નહિ.

તેથી વાડા સંઘાડાના મતભેદમાં તમે પડ્યા અને બીજાને તેમાં જાળની પેઠે ફસાવો છો.

હે વાડાસંઘાડાવાળા મતવાદિઓ ! મહેરબાની કરીને વિચાર કરો અને હવે વાડાસંઘાડાની સ્વચ્છંદતા છોડીને તમારૂં પ્રથમ કલ્યાણ કરો અને પછી જગતનું કલ્યાણ કરવા કટિબદ્ધ થાઓ એટલી નમ્ર પ્રાર્થના છે.

આપ સર્વ રીતે સમજી શકશો કે મતભેદથી રાગદ્વેષની વૃદ્ધિ થાય છે. રાગદ્વેષથી સંસારની વૃદ્ધિ થાય છે, સંસારના અનંત જન્મમરણની વૃદ્ધિ થાય છે, અનંત જન્મમરણથી અનંત કાળની વૃદ્ધિ થાય છે. માટે—

હે મત સંઘાડાવાળાઓ ! તમે સર્વ આળપંપાળનો સઘળો આગ્રહ દુરાગ્રહ છોડીને આત્મજ્ઞાનનું પાન કરો, આત્માનો અનુભવ કરો. આત્માના અનુભવથી તમોને ખાત્રી થશે કે પંથ સંઘાડાવાળાના મતભેદોથી ભૂતકાળમાં કોઈ જીવ તર્યા નથી તો વર્તમાનકાળમાં તમે ક્યાંથી તરશો ? સ્વમતે સ્વચ્છંદે કદી તરાતું જ નથી. જો તરાતું જ હોત તો પછી જૈનધર્મ અને જૈનધર્મની આજ્ઞાની જરૂરત જ ક્યાં રહી ! ! !

મતભેદ વડે તો ચાર જ્ઞાનના ધણી મહાવિદ્વાન મહાસમર્થ હતા તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ અનંત સંસારમાં રઝળી પડ્યા છે. માટે આજકાલના વાડા સંઘાડાના કદાગ્રહથી તરાશે નહિ પણ ભવજળ તરવાનું સાધન માત્ર શ્રી જૈનધર્મ અને મહાવીર શાસન છે. અનંત જીવો મહાવીર શાસનના નામથી તરી ગયા છે અને તરે છે. વળી આપણે પણ તરીશું.

વર્તમાન સમયમાં કળિકાળના મહાત્મ્યે સત્ય ધર્મ ચુંથાઈ ગયો છે. પણ આપણી ફરજ હવે એ છે કે મત, પંથ, સંઘાડાના ચુંથણા છોડી દઈને શ્રી મહાવીરશાસન અને શ્રી જૈનધર્મની વિજય ધ્વજા ફરકે તેમ વર્તવું જોઈએ.

ધર્મના સર્વ કાર્ય શ્રી વીતરાગ દેવની આજ્ઞાને આધીન છે. શ્રી વીતરાગદેવની આજ્ઞા વગર ધર્મબીજ નિષ્ફળ થાય છે માટે કલ્યાણની જરૂર હોય તો સર્વ મતભેદની આપ આપની કલ્પનાની આજ્ઞાઓ છોડીને શ્રી વીતરાગ આજ્ઞા, વીતરાગ ધર્મ આજ્ઞા, વીતરાગ જિન વ્યવહાર આજ્ઞા પાળીને જ્ઞાનની આસના, વાસના, પ્રાર્થનાવૃત્તિ અને શુભ શુદ્ધ પ્રવૃત્તિથી આત્માનો ઉદ્ધાર કરવો એ જ ખરેખરો ધર્મ છે. એ પ્રમાણે વર્તવું થશે તો જ ધર્મફળ બીજની કાર્યસિદ્ધિ થશે.

તેમાંયે જો અનંત ભવમાંથી એક કે બે ભવ ન્યૂન બાકી રહ્યા હશે તો શ્રી વીતરાગ આજ્ઞા પ્રમાણે વૃત્તિ નહિ રહે. એ એક કાળનો અજબ મહિમા અને પરાક્રમ છે. આ વાત સિદ્ધાંતથી સિદ્ધ છે.

શ્રી શ્રમણ ભગવાન મહાવીર પ્રભુએ જુદાજુદા મતભેદ વાડા સંઘાડા બાંધવાની કોઈપણ આચાર્યને આજ્ઞા આપેલી નથી. તેમ મહાવીર શાસન અને જૈનધર્મ વિના બીજા કોઈપણ પંથ કે વાડાસંઘાડાથી (સંપ્રદાયથી) ઉદ્ધાર થતો નથી તે વાત સિદ્ધાંતના પ્રમાણથી સર્વ સમજુ જીવોએ સમજવા તથા વિચારવા યોગ્ય છે.

શ્રી ઠાણાંગજી સૂત્રના નવમે ઠાણે નવ કારણે ગચ્છભેદ છોડવા શ્રી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મહાવીરદેવે આજ્ઞા આપી છે. તે આજ્ઞાનો સૂત્રપાઠ એ છે કે પહેલા બોલે આચાર્ય, બીજે બોલે ઉપાધ્યાય, ત્રીજે બોલે ગણ, ચોથે બોલે કુળ, પાંચમે બોલે સંઘ, છઠ્ઠે બોલે જ્ઞાન, સાતમે બોલે દર્શન, આઠમે બોલે ચારિત્ર અને નવમે બોલે તપ. એ નવ મહાપુરુષોના નવ ગચ્છ કહેવાય છે તે નવ ગચ્છોની માંહોમાંહે કે એકબીજાના ગચ્છગુણ–વિરુદ્ધ આશાતના, અભક્તિ, અવિનય, ઈર્ષા, નિંદા, અપમાન કરે, અવગુણ બોલે, જૂઠા આક્ષેપ આપે તથા તેવા ધર્મદ્રોહી, ગુરુદ્રોહી, ગુણદ્રોહી, કૃતઘ્ની, વિશ્વાસઘાતી, મર્મભેદી વાત ઉપદેશી મતભેદ કરે, તડાં પાડે, કુસંપ કરે, ધર્મની ફજેતી કરે, એક બીજાના હક્ક દબાવે, રાગદ્વેષની ધમાલ મચાવે, અસમાધિની કુજા કરે, ઓછી અધિકી અને વિપરીત પ્રરૂપણા કરે તો–

તેવાની સાથેના બાર પ્રકારના સંભોગી ગચ્છો છોડી દેવા. તેવા કદાગ્રહી હઠીલાઓ સાથેનો ધર્મસંબંધીનો સઘળો વ્યવહાર છોડીને શુદ્ધ વ્યવહારમાં પ્રવર્તે એવી શ્રી મહાવીર પ્રભુની અને અનંત તીર્થંકરોની આજ્ઞા છે.

તે જ પ્રમાણે સઘળા મતભેદવાળા સંઘાડાના વ્યવહારો એકબીજાના મતભેદ વિરુદ્ધ છે. એક બીજાના મતનું સારું એક બીજા કરતા નથી. એક બીજા સાથે પૂર્ણ સચ્ચાઈથી એક બીજા બોલતા નથી તેમ સારો અભિપ્રાય પણ આપતા નથી. પણ ઉલટા અંતઃકરણમાં એકબીજા સંઘાડાવાળાઓ સામસામા એકબીજા ઉપર અબોલો રાખે છે. એક–બીજાને તોડી પાડવા, મારી પાડવા માટે એકધ્યાનની વૃત્તિએ પ્રવૃત્તિ કરે છે.

કળિકાળનો દોષ છે. કોઈપણ વાડા સંઘાડાના મતભેદમાં ભળવું તે ઉલમાંથી નીકળીને ચૂલમાં પડવા જેવું થાય છે, તેટલા માટે કોઈપણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મતભેદ વાડાસંધાડામાં રહેવાથી કે ભળવાથી આત્માની ઉન્નતિ નથી પણુ ઉલટી અધોગતિ થાય છે, એ તો નિર્વિવાદ વાત છે.

—તપસ્વીજી રચિત કાળજ્ઞાનતત્ત્વચિંતામણી પૃષ્ઠ ૨૮ થી ૩૨

ઉપર પ્રમાણે વાડાસંધાડાને ઉદ્દેશીને લખ્યું છે પરંતુ એ સર્વ વાત સંપ્રદાયોને પણ એક સરખી રીતે લાગુ પડે છે. ઉપરાંત સંપ્રદાયોની એકતા માટે પણ તેઓશ્રી લખે છે કે—

સાધુમાર્ગી જૈનસમાજ અને મૂર્તિપૂજક જૈન સમાજ એ બન્નેને માંહોમાંહે એક બીજાને મૂર્તિ સંબંધી એકાંત પક્ષે ખંડનમંડન કરવાનો કજા ભરેલો ભેદ ઝઘડો ચાલ્યો આવે છે. તે સંબંધે બન્નેને કાળ–સમયનો દોષ–પલો (વળગાડ) વળગ્યો છે, તે બન્નેના પલા (વળગાડ) કાઢવાના મંત્રો, તંત્રો, જંત્રો સંજોગ જોગ હાલના સમયમાં તેવો વાદી પુરુષ નથી, તે માટે—

હે ભાઈઓ! તે બન્નેના ઝઘડાથી હું મુક્ત છું કારણ કે જૈન સિદ્ધાંત સૂત્રોમાં વસ્તુતત્ત્વ, વસ્તુસ્વભાવ, તત્ત્વજ્ઞાન તત્ત્વ સ્વરૂપે જે ચાર નિક્ષેપ–સ્વરૂપ દ્રવ્યે અને ભાવે ઓળખાણ આધારભૂત અવલંબન છે.

ન્યાય, હેતુ—જેમ દાદર, નિસરણી, સીડીએ ચડતાં દોરડાંનું અવલંબન, આધાર તથા પૂલ ઉપર ચાલતાં કઠોડાનું અવલંબન, આધાર અને રસ્તે ચાલતાં લાકડીનું અવલંબન આધાર છે. તેમ ધર્મરસ્તે દરેક જીવોને ચાલતાં મોક્ષ નિસરણીએ ચડતાં દ્રવ્યરૂપ દોરડું, લાકડી, નિસરણી, સીડીનું અવલંબન આધાર છે.

તે વિષે જૈન સિદ્ધાંત અને પ્રભુએ તમો કોઈને ખંડનમંડન કરવાનો હુકમ આપ્યો નથી. છતાં જમાનો કુદરત તરીકે કજિયા કરાવે છે, તે કજિયાથી સર્વ મુક્ત થાઓ.

—તપસ્વીજીના રચેલા ભ્રમનિવારણ ઉર્ફે સમાધિતંત્રમાંથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ૯

# દિગંબર શ્વેતાંબર વાદ

લેખક

**શ્રી પદ્મનાભ જૈન**

*

**નોંધ**

"જૈનધર્મ અને સમાજનો ઉત્કર્ષ કેમ થાય ?" એ નામની એક લેખમાળા શ્રી પદ્મનાભ જૈને હિંદીમાં લખેલી તેનો ગુજરાતી અનુવાદ "પ્રબુદ્ધ જૈન"ના માર્ચ ૧૯૪૮ના અંકમાં પ્રગટ થયેલો. તેમાંનો એક ભાગ અહીં પ્રગટ કરીએ છીએ.

દિગંબર તથા શ્વેતાંબર સંપ્રદાયોનો સમન્વય, એકતા કેમ થાય તે સંબંધી લેખકે પોતાના વિચારો દર્શાવી જે સૂચનો કર્યાં છે તે જાણવા-વિચારવા યોગ્ય હોઈને અત્રે પ્રગટ કરેલ છે.

—ન. ગિ. શેઠ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## દિગમ્બર શ્વેતામ્બર વાદ

સામાજિક પ્રશ્નોમાં દિગમ્બર શ્વેતામ્બરવાદ ખાસ સ્થાન ધરાવે છે. આજના તરુણ અને શિક્ષિત વર્ગોમાં આ વાદની આલોચના વારંવાર થઈ ચૂકી છે. તે ઉપરથી અનુમાન થાય છે કે આજનો શિક્ષિત સમાજ આ વાદથી પર રહી તેનો અંત લાવવા ઇચ્છે છે, એટલું જ નહિ પરંતુ સમસ્ત જૈન સમાજનું એકીકરણ કરવાની ઇચ્છા રાખે છે.

જો કે ઉપર પ્રમાણે વિચાર ધરાવતો તરુણવર્ગ હસ્તિ ધરાવે તો પણ સમાજના કર્ણધારો, ત્યાગી સંસ્થાઓ, પંડિતવર્ગ વગેરે તો સનાતન સામ્પ્રદાયિકતાથી બંધાયેલા છે અને તે સાંપ્રદાયિકતાને જ પુષ્ટ કરતા રહે છે. આ સાંપ્રદાયિકતાનો પ્રભાવ વિદ્વાનો પર પડ્યો છે અને સાહિત્યસંશોધકો પણ તેના શિકાર બન્યા છે.

આ વાદનો અંત લાવવાની જવાબદારી હવે નવશિક્ષિત તરુણો પર છે. જૈન સમાજનું એકીકરણ કરવું એ તેઓનું કર્તવ્ય છે. આ દૃષ્ટિથી આ વાદની સમાલોચના આપણે અહીંયા સંક્ષેપમાં કરવાની છે. એવો કોઈ મધ્યમ માર્ગ શોધવાનો છે જ્યાં આ બન્ને વાદોનો સમન્વય થઈ શકે, અને ભવિષ્યમાં જૈન સમાજ આ ઝેરી સામ્પ્રદાયિક બંધનથી મુક્તિ પામે.

ભ. મહાવીરના નિર્વાણ પછી જૈન સમાજમાં જે મુખ્ય આન્દોલન થયા તેમાં આ બન્ને સમ્પ્રદાયોનો ઉદ્ભવ ખાસ સ્થાન ધરાવે છે. આ વાદ ક્યારથી શરૂ થયો તેનો જો કે કોઈ નિર્ણય નથી થયો તો પણ આ બાબતમાં બન્ને સમ્પ્રદાયોની અલગ અલગ દલીલો છે.

જગત પરિવર્તનશીલ છે અને પરિસ્થિતિ સદા એક નથી રહેતી. આ વાત જૈનોને કહેવાની કોઈ આવશ્યકતા છે ખરી ? યુગ પ્રમાણે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપણે બદલાવું પડે છે અને કેટલાક ઉચ્ચ આદર્શોને આદર્શના રૂપમાં જ રાખવાની ફરજ પડે છે. વ્યવહાર અને સમાજની એવી કેટલીક સીમાઓ છે કે જેનું પાલન સમાજમાં રહેતાં આપણે કરવું પડે છે.

દિગમ્બર જૈન સાધુસંઘનો ઈતિહાસ આપણને બતાવે છે કે વચલા સમયમાં ઉત્તર ભારતમાં દિગમ્બર મુનિઓનું અસ્તિત્વ નહોતું. આ પરંપરાનો ત્યાં વિચ્છેદ થયો હતો. દક્ષિણમાં આ પરંપરા ઘણા લાંબા સમય સુધી જીવિત ન રહી શકી. મુસલમાન અને અન્ય હિંસાપ્રધાન સંસ્કૃતિનું આક્રમણ ઉત્તર ભારતમાં થયું અને ફળસ્વરૂપ આ પરંપરાનો ઉચ્છેદ થયો. નહિ તો ઉત્તર ભારતમાં આટલા દિગમ્બરો હોવા છતાં દિ. મુનિઓની પરંપરા શા માટે નષ્ટ થાય? દક્ષિણમાં પણ ભટ્ટારકોની ગાદીઓ કેવી રીતે સ્થપાઈ?

જૈન સમાજે વ્યવહારુ બનવું જોઈએ. પદની પ્રતિષ્ઠા માન્ય રાખવી એ અલગ વાત છે અને વ્યવહારમાં તેની પ્રતિષ્ઠાનું રક્ષણ કરવું એ જુદી વાત છે.

આજના દિગમ્બર આમ્નાયમાં ૫૦ વર્ષ પહેલાં આ. શાન્તિસાગરજીએ ફરીથી આ પરમ્પરાનો ઉદ્ધાર કર્યો હતો. પૂ. આચાર્યજી પ્રત્યે આદરભાવ રાખવા છતાં પણ આપણે એ સ્વીકારવું પડશે કે અચેલ-કસમ્પ્રદાય આજના યુગમાં પ્રયોજનકારી નથી થયો. જો કોઈ વિધાયક કાર્ય સાથે આપણી મતલબ હોય તો આદર્શને ઉચ્ચ માનવા છતાં પણ તેને સામાજિક રૂપ આપવું અને વ્યવહારમાં અતિરેકતાનો ત્યાગ કરવો એ જરૂરી છે.

શ્વેતામ્બર સાધુઓ વિષે પણ આ સંબંધમાં કહેવાની જરૂર છે. 'એક શાટક' રહેવાની પરમ્પરા તો ક્યારની ચાલી ગઈ છે. આજ તો નિષ્કારણ પરિગ્રહ તેમાં વધ્યો છે. તેમાં નિયમન હોવું જ જોઈએ, તેણે જો સમાજમાં ઉપયોગી બનવું હોય તો નિઃસંશય પરિગ્રહનું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રમાણ ઓછું કરવું જોઇએ અથવા તો સીધી રીતે શ્રાવક સંસ્થામાં સામેલ થઇને પોતે અધિક ઉપયુક્ત બનવું જોઇએ.

આ પ્રશ્નની ચર્ચાથી આપણે એમ ઇચ્છીએ છીએ કે—

(૧) ગુણ દૃષ્ટિથી અચેલત્વ શ્રેષ્ઠ છે.

(૨) વર્તમાન યુગમાં વસ્ત્રધારણ યોગ્ય છે.

(૩) વસ્ત્રધારણમાં આવશ્યક સીમા રાખવી જરૂરી છે.

એ દૃષ્ટિ રાખીને આપણા નેતાઓ સમજે કે આ બન્ને સમ્પ્રદાયોના ભેદ હઠાવી બન્નેને એક કરવાની આવશ્યકતા છે. શ્રાવકોમાં આવો ભેદ ઉપયુક્ત નથી કારણ કે શ્રાવકો તો "દિગંબર" છે જ નહિ.

## મૂર્તિપૂજા

બીજો પ્રશ્ન મૂર્તિપૂજા સાથે સંબદ્ધ છે જેનું પરિશીલન થવાની આવશ્યકતા છે. મૂર્તિપૂજા વિષે અને મૂર્તિના સ્વરૂપ વિષે જ્યારથી ઝગડો શરૂ થયો છે ત્યારથી જૈન સમાજના પૂર્વસ્થિત બે સમાજોનો વિવાદ કટુ બન્યો છે અને એક નવો પક્ષ આ સંઘર્ષમાંથી નિકળ્યો છે.

ભારતમાં મૂર્તિપૂજા ક્યારથી શરૂ થઈ તેનો ઇતિહાસ ઉપલબ્ધ નથી, તો પણ જૈન આગમોમાં જે "ચૈત્ય" શબ્દ આવે છે તેમાંથી શબ્દ-શાસ્ત્રીઓએ એ સ્પષ્ટીકરણ કર્યું છે કે ચૈત્ય શબ્દમાં મૂળ શબ્દ ચિતા છે. મૃત લોકોની ચિતા પર ચબુતરા નિર્માણ કરવા, સ્મૃતિચિન્હના રૂપમાં તેનાં ચરણ શિલા પર અંકિત કરવા આ તેનું મૂળ રૂપ છે.

**જૈન તીર્થંકરોના જે સર્વમાન્ય નિર્વાણક્ષેત્ર છે તેમાં ચરણો જ અંકિત છે.** મૂર્તિઓ તો પછી સ્થાપિત કરવામાં આવી છે. એ વખતની જે મૂર્તિઓ ઉપલબ્ધ છે તે સર્વે નિર્ગ્રન્થ છે, અલંકાર રહિત છે. એમ હોવું તે સ્વાભાવિક છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અમારામાં જે અભિષેકવિધિ અને મંદિરોમાં અલંકારોની આરતી આવી તે બધું અન્ય ધર્મોના પ્રભાવનું પરિણામ છે. પૂજા વખતે જે મંત્રોનું સ્મરણ કરવામાં આવે છે તે મન્ત્ર, દિક્પાલની કલ્પના અને હોમહવનાદિક વગેરે વૈદિક છે. જેમણે વેદનો અભ્યાસ કર્યો છે તેમને આ સમજાવવાની આવશ્યકતા છે જ નહિ. વૈષ્ણવોમાં રાધાકૃષ્ણની સાલંકાર પૂજા થતી હતી, તેનું અનુકરણ શ્વેતામ્બર સમાજમાં થયું અને નિર્વસ્ત્ર મૂર્તિઓને મુગટ ચઢાવવો, નેત્ર લગાડવાં વગેરે વિધિનો પ્રચાર થયો.

તેમાં વીતરાગ મૂર્તિ ઉપર અન્યાય થાય છે અને ભક્તિનું પ્રદર્શન થવાને બદલે અર્થનું પ્રદર્શન થાય છે આટલી સમજણ પણ આપણામાં દેખાતી નથી. જે મંદિરોમાં બંને જાતની પૂજા કાયદાનાં બળ ઉપર થાય છે ત્યાંની મૂર્તિઓને કોઈ જૈનેતર એક વાર જઇને જુએ તો તે જૈનોને કલાવિહીન પ્રાણીઓ સમજે.

"દેવાગમનભોયાનચામરાદિ વિભૂતયઃ ।
માયાવિષ્વપિ દશ્યન્તે નાતસ્ત્વમસિ નો મહાન્ ॥

એવું કહેવાવાળા આપણા આચાર્યો ક્યાં અને આવા બાહ્ય આડંબરોમાં ગર્વ અને દ્વેષ વધારવાવાળા આપણે ક્યાં ?

પ્રત્યેક વિચારશીલ જૈને આવી પદ્ધતિનો ત્યાગ કરવો જોઇએ.

યાદ રાખવું જોઇએ કે ૫૦૦ વર્ષ પહેલાં ક્રાન્તિવીર લોંકાશાહે મૂર્તિપૂજાનો વિરોધ કર્યો અને નવો પક્ષ સ્થાપ્યો. મૂર્તિપૂજા થોડી હદ સુધી જરૂર ઉપયોગી છે, પરંતુ તે નિર્દોષ હોવી જોઇએ.

અચેલત્વનો આદર્શ જો ઉચ્ચ છે અને શ્વેતામ્બરો પણ જો તે આદર્શને માને છે, અને એમ છતાં જો કે વ્યવહારિક દૃષ્ટિથી આપણે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પૂર્ણ અપરિગ્રહી બની શકતા નથી તો પણ એટલું તો હોવું જ જોઈએ કે એ આદર્શને આપણે કલંકિત ન કરીએ અને દુનિયામાં આપણી ક્ષુદ્રતાનું પ્રદર્શન ન કરીએ. આ બાબતમાં આપણે જે સમજુતી કરવાની છે તે સંબંધમાં નીચેની બાબતો પર આપણે ધ્યાન રાખવું જોઈએ.

(૧) મૂર્તિપૂજાને આવશ્યક માનવી ન માનવી એ વ્યક્તિગત પ્રશ્ન છે, કારણકે વ્યક્તિની યોગ્યતા પ્રમાણે તેનો ઉપયોગ છે.

(૨) જ્યાં ચરણોની સ્થાપના પૂર્વકાળથી છે ત્યાં કોઈ નવું મંદિર ન બાંધે.

(૩) કોઈ પણ આભરણ મૂર્તિ પર ચઢાવવામાં ન આવે.

(૪) નિર્ગ્રન્થમૂર્તિને બન્ને માને, જે રીતે પહેલાં પણ માનતા હતા.

(૫) બન્નેના અલગ મંદિર અથવા તો ભંડાર ન રહે.

(૬) બન્ને સમાજના ગુરુવર્ગનો નિવાસ એક જ રહે.

(૭) સ્થાનકવાસી સમાજ પણ કોઈએ મૂર્તિપૂજા માનવી યા ન માનવી તે તેના અધિકાર ઉપર છોડે.

## આગમ ગ્રન્થોનું પ્રામાણ્ય

સચેલ અને અચેલવાદ તથા મૂર્તિપૂજા વગેરે વાદો પછી આપણા વિવાદનો ત્રીજો વિષય આગમ છે.

પહેલાં આપણે જોઈ ગયા છીએ કે આચાર્ય ભદ્રબાહુના સંઘે, ઉત્તરભારતમાં જે જૈન સંઘે આગમોની* રચના કરી હતી તેનો બહિષ્કાર કર્યો હતો. જૈન સમાજના એક પ્રાચીન સાહિત્યના સંગ્રહનો આ રીતે બહિષ્કાર થાય એ ભારે આશ્ચર્યજનક છે અને તે માટે એવું જ કોઈ

* આગમની રચના તો ભગ મહાવીરના વખતમાં જ ગણધરોએ કરી હતી.
ન. ગિ. શેઠ

મહત્વપૂર્ણ ગંભીર કારણ હોવું જોઈએ એમ લાગે છે.

દિગમ્બર શ્વેતામ્બર વાદ કેવી રીતે શરૂ થયો તેનો જો કે હજુ સુધી ફેંસલો આપણે નથી આપ્યો તો પણ આ બાબતનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે એમ પ્રતીત થાય છે કે ઉત્તરભારતમાં જે સંઘ રહ્યો તેમાં અને દક્ષિણ ભારતમાંથી જે સંઘ આવ્યો તેમાં જરૂર થોડું અંતર હશે.

"એકશાટક" પ્રથા ભ. મહાવીરની પહેલાં હોવાનો આપણે સ્વીકાર કરીએ છીએ તો પણ તેનો અર્થ એવો નથી કે તેણે વસ્ત્રની સાથે બીજાં ઉપકરણ, અધિક વસ્ત્ર અને અન્ય પરિગ્રહ ન રાખ્યો હોય. આ. ભદ્રબાહુના સંઘે આ અતિરેક્તા દેખી હશે ત્યારે તેનો ત્યાગ કર્યો હશે અને ત્યારે આગમ ગ્રંથોનો પણ બહિષ્કાર કર્યો હશે.

આ હવે ઐતિહાસિક પ્રમાણોથી સિદ્ધ થયું છે. દિગમ્બરોના આગમ (ષટ્ખંડાગમ ઇત્યાદિ) શ્વેતામ્બરોના આગમોની રચના પછી રચાયા છે, તેનો નિષ્કર્ષ એ નિકળે છે.

(૧) આ. ભદ્રબાહુનો સંઘ દક્ષિણભારતમાંથી પાછો આવ્યો તે પહેલાં જ આગમોની રચના* આ. સ્થૂલભદ્રજીએ કરી હતી.

(૨) આ. ભદ્રબાહુનું આગમન જ્યારે ઉત્તરભારતમાં થયું ત્યારે તેમણે આ. સ્થૂલભદ્રના સંઘને 'એકશાટક'થી પણ અધિક પરિગ્રહયુક્ત જોયો અને બન્ને સંઘમાં ભેદ પડ્યો.

(૩) આ. ભદ્રાબાહુના સંઘે તેમનો બહિષ્કાર કર્યો.

(૪) આ. ભદ્રબાહુનાં શિષ્યોએ ષટ્ખંડાગમ આદિ ગ્રન્થોની રચના કરી જે દક્ષિણમાં રહી.

(૫) આ. સ્થૂલભદ્રપરમ્પરાના આગમ માત્ર ઉત્તરભારતમાં જ રહ્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ જાતનો ભેદ આજ સુધી રહ્યો છે અને તેણે આપણી વચ્ચે એક મહાન ભયંકર એવું સામ્પ્રદાયિક ઝેરી બીજ વાવ્યું છે.

થોડાં વર્ષો પહેલાં આપણા જીવનમાં એક એવો પ્રસંગ ઉપસ્થિત થયો હતો, જેણે આપણી પરસ્પર પ્રેમભાવનાની કસોટી કરી હતી. **ખેદની વાત છે કે આપણે આપણી ક્ષુદ્ર સામ્પ્રદાયિકતાનું પ્રદર્શન પરધર્મીઓની સામે કર્યું.**

પ્રસિદ્ધ બૌદ્ધ પંડિત સ્વ. ધર્માનંદ કૌશમ્બીજીએ આગમોમાંથી થોડાક પાઠો ઉધ્ધૃત કર્યા અને તેમાં માંસાહારનો ઉલ્લેખ છે એવું તેમણે સિદ્ધ કર્યું. તેનાથી જૈન સમાજનું વાતાવરણ કેટલાક દિવસો સુધી બહુ ગરમ રહ્યું અને તેમની વિરુદ્ધ ખૂબ જોરમાં હીલચાલ ચાલી. આમ બને એ સ્વાભાવિક હતું, પરંતુ તેનો યોગ્ય ઉત્તર આપવાનું સાહસ કોઈએ ન કર્યું.

**દિગમ્બર જૈન સમાજના કેટલાક વિદ્વાનોએ એમ જાહેર કર્યું કે આ ઉલ્લેખો શ્વેતામ્બર આગમોમાં છે અને આ શ્વેતાંબર આગમો જ પ્રમાણભૂત નથી અને તેથી અમારા ભ. મહાવીર માંસાહારી નહોતા.**

આપણે માની લઈએ કે શ્વેતામ્બરોના મહાવીર દિગમ્બરોના મહાવીરથી જુદા હતા, એમ છતાં પણ **દુનિયાની સામે આપણે આપણું જે પ્રદર્શન કર્યું તે તો ખરેખર નિન્દનીય હતું.** જૈનધર્માભિમાનીઓનું કર્તવ્ય હતું કે તેનું યોગ્યરૂપે સ્પષ્ટીકરણ કરે. જેમાં આપણી ઇજ્જતનો પ્રશ્ન હતો, તેમાં પણ આપણે સામ્પ્રદાયિકતાથી કામ લીધું. આ કેટલા દુઃખની વાત છે ?

આપણે અનેકાન્તવાદી કહેવાઈએ છીએ, અને સમસ્ત દુનિયાના ધર્મોનો સમન્વય કરવામાં પ્રતિષ્ઠા સમજીએ છીએ. સાન્તાનન્તનો વાદ,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નિત્યાનિત્યનો વાદ, રૂપી અરૂપીનો વાદ, ભેદાભેદનો વાદ, એ સર્વ વાદોની ચર્ચા કરવામાં આપણે આપણો સમય અને શક્તિ ખરચીએ છીએ.

**એ અનેકાન્તવાદનો શું ઉપયોગ છે કે જે કોઈ પણ ગ્રન્થનો વિના અભ્યાસે બળાત્કારે બહિષ્કાર કરતી વખત અમને સદ્‌બુદ્ધિ ન આપે?**

**એ અહિંસાવાદનો શું ઉપયોગ છે કે જે અમારી વચ્ચેના વિદ્વેષને બુઝવી ન શકે?**

**એ સામ્યવાદની કઈ પ્રતિષ્ઠા છે કે જે વાણીશૌર્યમાં જ પોતાને શ્રેષ્ઠ સમજવાવાળા એવા આપણને નમ્ર ન બનાવે? અને—**

**એ મહાવીરનો જયજયકાર બોલવાનો પણ શું અર્થ છે કે જે ભ. મહાવીરની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે એવે સમયે પણ સામ્પ્રદાયિકતાનો નાશ ન કરી શકે?**

આપણે સત્યશોધક બનવું જોઈએ. પ્રાચીનતાથી આગળ વધીને, આપણા પૂર્વજોએ જે કર્યું છે તેમાં સુધારો કરીએ અને આપસ-આપસમાં પ્રેમ રાખીએ. સ્ત્રી સ્વતંત્ર હતી કે નહિ આવા વિવાદથી શું ફાયદો? આ વાદ બુદ્ધિને સંતોષવા માટે આપણે કરતા નથી, પરંતુ આપણી સામ્પ્રદાયિક શ્રેષ્ઠતા વધારવા માટે જ કરીએ છીએ. આ વિષયમાં વ્યક્તિગત વિચારભિન્નતા સમજીને તેમાં જે સંકુચિત મનોવૃત્તિ આવે છે તેનો ત્યાગ કેમ ન કરીએ?

આગમસાહિત્ય પ્રાચીન છે, આપણા પ્રાચીનતમ જીવનનો એ ઇતિહાસભંડાર છે, તેને આપણે અપનાવવું જોઈએ. પરંતુ **કેટલા એવા વિદ્વાનો છે કે જેણે આ આગમસાહિત્ય વાંચ્યું હોય? વાંચ્યા પહેલાં જ તેને અપ્રમાણ કહેવું એ તો ગર્વ છે, દ્વેષ છે. આપણા**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**સમાજના સમજુ લોકોનું એ પ્રથમ કર્તવ્ય છે કે આગમોનું પ્રામાણ્ય જાહેર કરે.**

શ્વેતામ્બર સંપ્રદાયે પણ દિગમ્બરના આગમોના પ્રામાણ્યનો પૂર્ણતયા સ્વીકાર કરવો જોઇએ. સ્થાનકવાસી સમાજે આગમોના થોડા ભાગનો ત્યાગ કર્યો છે તે ઉચિત નથી. જૈન સમાજની એકતા સ્થાપન કરવા માટે નીચેની બાબતોને આપણ સર્વેએ અપનાવવી જોઇએ.

(૧) શ્વેતાંબરીય લેખાતા આગમ ગ્રન્થોનું પ્રામાણ્ય સ્વીકારવામાં આવે.

(૨) શ્વેતાંબર સમાજ પણ દિગમ્બર ગ્રન્થોને અપનાવે.

(૩) સ્થાનકવાસી પણ આ બન્નેનું અનુકરણ કરે.

(૪) જે વિષય પર વિવાદ છે તેનું શોધન બધાં મળીને કરે અને તે વાદના વિષયજ્ઞ આચાર્યોનો વૈયક્તિક મત સમજે.

(૫) 'જિનાગમ'ની પૂજામાં સર્વ આગમ ગ્રન્થો એકત્રિત રહે.

આમ કરવાથી આપણને સમજાશે કે આજ જે આગમ સાહિત્ય અપૂર્ણ લાગે છે તે જ ત્યાર પછી પૂર્ણ દેખાશે. શું એ આશ્ચર્યની વાત નથી કે એક સંપ્રદાય પાસે જે છે તે બરાબર બીજાની પાસે નથી. જો આપણે એક થવું હોય તો એ આવશ્યક છે કે પોતાની જીદ છોડીને સૌ મુક્ત હૃદયથી એક બીજાને અપનાવે.

ઉપર ત્રણ વિષયો પર જે વિચાર રજૂ કર્યા છે તે ભલે દોષપૂર્ણ હોય તો પણ કોઇ મધ્યમ માર્ગ અપનાવવાની જરૂર તો છે જ, ઓછો વધતો ત્યાગ કરીને પણ આપણે એક ભૂમિકા પર આવવું તો પડશે જ. **આ બધું ત્યારે જ બની શકે તેમ છે કે જ્યારે આપણે સૌ એકત્ર થઇ જૈનત્વના શુદ્ધ રૂપને અપનાવીએ.**

*

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૯

# જૈનધર્મ અને સમાજ

લેખક

શ્રી પદ્મનાભ જૈન

## નોંધ

"જૈનધર્મ અને સમાજનો ઉત્કર્ષ કેમ થાય?" એ નામની એક લેખમાળા શ્રી પદ્મનાભ જૈને હિંદીમાં લખેલી તેનો ગુજરાતી અનુવાદ "પ્રબુદ્ધ જૈન" ના માર્ચ ૧૯૪૮ના અંકોમાં પ્રગટ થયેલો તેમાંનો એક ભાગ અહીં પ્રગટ કરીએ છીએ.

જૈનના સર્વ સંપ્રદાયોએ એકત્ર થઇને ભવિષ્યમાં કેમ વર્તવું, શું કરવું જોઇએ તે વિષે લેખક પોતાના વિચાર રજૂ કરે છે તે જાણવા જેવા હોઈને અત્રે પ્રગટ કરેલ છે. —ન. ગિ. શેઠ.

*

હવે આપણે આપણા ભવિષ્યકાળના જીવન વિષે વિચાર કરવાનો છે. આ ભવિષ્યકાળ સમીપ છે અને તેના તરફ આપણે મહાન્ વેગપૂર્વક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખેંચાઈ રહ્યા છીએ. જે સમાજ અને વ્યક્તિ દુનિયાની સાથે ચાલતી નથી તેનું આજ મૃત્યુ છે. જે મહાન પ્રસ્થાનમાં પાછળ રહ્યો તેનું વર્તમાન નષ્ટ થયું છે અને તેને માટે ભવિષ્યકાળ નથી. આ પ્રગતિશીલ દુનિયામાં વિકાસશીલ મનુષ્યોને જ દુનિયા ઓળખે છે. હવે આપણે આ તરફ દૃષ્ટિ રાખીને વિચાર કરવાનો છે અને આઝાદભારતને ઉપર ઉઠાવવાનું છે. આપણી પોતાની જાતને ઉચ્ચ બનાવીને એ દિવ્ય આનંદમાં પૂર્ણરૂપથી સહયોગ દેવાનું જે રીતે શકય હોય તે માર્ગ આપણે શોધવાનો છે.

આપણી બધી ચેતનશક્તિઓ, આર્થિક બળ, નૈતિક સંસ્કૃતિ અને ઉચ્ચ તત્ત્વજ્ઞાન એ રીતે એકત્ર કરવું પડશે કે જેના પરિણામે દુનિયાની પ્રત્યેક વ્યક્તિ તીર્થંકર બને. આ બધું જો આપણું સાધ્ય હોય તો તેનું એકમેવ પ્રથમ સાધન આપણું સંગઠન છે. આ રીતે જે એકતા સ્થાપવાની છે, તે કોઈ સામ્રાજ્ય સ્થાપવા માટે અથવા તો દુર્બળો ઉપર આક્રમણ કરવા માટે નથી. **એકતા સ્થાપવાનું મૂળ ધ્યેય એટલું જ છે કે સર્વે સાથે ચાલે, સર્વનું ચિન્તન એક હોય, સર્વનું સુખદુ:ખ એક હોય, સર્વના પ્રાણ અને પ્રતિષ્ઠા એક હોય, સર્વનો જય અને જયઘોષ એક હોય, સર્વનો ઉત્સાહ અને ઉમંગ એક ધ્યેયને માટે હોય.**

જૈન સમાજમાં આજસુધી સંગઠન માટે બહુ પ્રયત્નો કરવામાં આવ્યા છે એમ કહેવામાં આવે છે, પરંતુ અત્યાર સુધી જેને સંગઠન કહેવામાં આવે છે તે સદોષ હતું, અર્થાત્ વિરોધી દળ ઉપર આક્રમણ કરવાના ઇરાદાથી સૈન્ય એકત્રિત કરવામાં આવે છે એ પ્રકારનું તે સંગઠન હતું.

આપણી સંસ્થાઓ જુઓ ! જૈન બોર્ડીંગમાં પણ હજારો ભેદ–શ્વેતામ્બર બોર્ડીંગ, દિગમ્બર બોર્ડીંગ, સ્થાનકવાસી બોર્ડીંગ, મૂર્તિ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પૂજક બોર્ડીંગ. આપણાં મંદિરો જુઓ ! ગ્રન્થભંડારો જુઓ ! ઉપાશ્રયો જુઓ ! ગ્રંથમાળાઓ જુઓ ! ગુરુકુળ જેવા ઉચ્ચ નામને ધારણ કરવાવાળી સંસ્થાઓ જુઓ ! સંઘ જેવાં નામને અપનાવવાવાળા સ્વયંસેવક દળો જુઓ ! ભારતવર્ષની સંસ્થાઓ જુઓ ! દરેક જગ્યાએ, દરેક સંસ્થામાં પ્રત્યેક સમુદાયમાં આ ભેદ છે.

શું આપણે પરસ્પર વિરુદ્ધ સંસ્કૃતિનાં સન્તાનો છીએ ? આપણા પ્રશ્નો સમાન નથી ? આપણા ભગવાન એક નથી ? આપણા આચાર્યો માટેનો ભક્તિભાવ સમાન નથી, કે જેથી આપણે દ્વૈતભાવનું ઝેરી બીજ વાવીએ છીએ અને તેને શ્રીમંતોના સામ્પ્રદાયિક ધનવરસાદથી વધારીએ છીએ અને તેનાં ફળને અતિ આરોગ્યદાયી સમજીએ છીએ ?

તરુણ જૈન સમાજ પર આજે ફરજ આવી પડી છે કે તે આવા ભેદોને દૂર હઠાવે. આપણે હવે એ પ્રયત્નો કરવા પાછળ મંડી પડવું જોઇએ, અને સમાજના અધિકારીવર્ગ પાસે માંગણી કરવી જોઇએ કે ભારતવર્ષની સભાઓ એક હોય, આપણી શિક્ષણસંસ્થાઓ પ્રત્યેક જૈન માટે ખુલ્લી હોય, આપણી આર્થિક શક્તિ સર્વના ઉપયોગમાં આવે અને એક ધ્યેય, એક સંસ્થા, એક આચાર, એક વિચાર અને એક નેતા આપણા માટે રહે.

" સર્વે જૈન એક " એ ભાવના આપણામાં દૃઢ થવી જોઈએ, અને જ્યાં સુધી શરીરમાં રક્તનું એક બિંદુ હોય, તેમજ મનમાં ઉમંગની ધારા હોય ત્યાંસુધી એ ભાવના નષ્ટ ન થવી જોઇએ. એમાં જ ભ. મહાવીર પ્રત્યેની ભક્તિ છે, અનેકાન્ત છે, અને એમાં જ આપણો અહિંસાધર્મ મૂર્તિમન્ત થાય છે. એ ભાવના મૂર્તિમન્ત થાય ત્યારે જ આપણા ધર્મમાં વિશ્વધર્મ હોવાની શક્યતા ઊભી થવાની છે.

**નવી દુનિયાનો એક જ સંદેશ છે કે એક થાઓ, સંગઠિત થાઓ, સમાન થાઓ અને પ્રગતિશીલ રહો. આપણી સામે**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**જે મહાન પ્રશ્ન ઉપસ્થિત થયો છે તેને ઉકેલવા માટે સંગઠિત થવાની ખાસ જરૂર છે.** માત્ર શ્રીમન્ત હોવું એમાં જ પ્રતિષ્ઠા નથી. આપણા સમાજની ભીતરમાં પહોંચો, સ્ત્રીજીવન તરફ જુઓ અને ગામડાઓમાં જઇને જુઓ કે ત્યાં જે જૈન કહેવડાવે છે તે સાચોસાચ જૈન છે? આજે જૈન સમાજમાં એવા કેટલા વિદ્યાર્થીઓ અથવા તો સેવકો છે કે જેણે જૈન સમાજના આ સ્તરને જાણ્યો હોય?

ખેતી કરવાવાળો આ સમાજ, વ્યાપાર નહિ કરતો એવો મધ્યમ જીવન વિતાવવાવાળા અન્ય જૈન સમાજ. કોઇએ જોયું છે તેનું દુઃખ, તેની અજ્ઞાનતા અને તેની મૂઢતા? અને કોઈ દિવસ અનુભવ્યું છે કે આ વર્ગ ગરીબ છે, અશિક્ષિત છે, અન્ય સમાજમાં તે ધીરે ધીરે પ્રવિષ્ટ થવા લાગ્યો છે, તે અન્ય ધર્મને અપનાવી રહ્યો છે અને પોતાની જાતને જૈન તરીકે ઓળખાવતાં શરમાય છે?

આપણા સમાજમાં સ્ત્રીજીવનને ઘરની ચાર દીવાલોમાં પૂરી દેવામાં આવ્યું છે અને બાહ્ય હવાથી તથા સ્વચ્છ જીવનથી તેને વિમુખ કરવામાં આવ્યું છે. જરા પણ પ્રગતિ કર્યા વગર જેવી જન્મે છે તેવી જ તે ચાલી જાય છે.

જોયા છે તે ધનવાનોને કે જે પોતાના ધનને શિલામૂર્તિઓમાં બદ્ધ કરે છે, પોતાનો કીર્તિસ્તંભ રોપે છે અને પૈસાના જોર પર કીર્તિ કમાય છે?

જો આપણે આ પરિસ્થિતિ સુધારવી હોય તો આપણે એકત્રિત થવું જોઇએ, સમાજના પ્રશ્નોમાં રસ લેવો જોઇએ, સમાજની રૂઢિઓને તોડવી જોઇએ, ત્યાગી સંસ્થાઓમાં પરિવર્તન નીપજાવવાની હિંમત રાખવી જોઇએ અને સ્વાર્થત્યાગથી સદ્બુદ્ધિપૂર્વક પોતે આ માર્ગમાં ઝુકાવી દેવું જોઇએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માત્ર આર્થિક સુદૃઢતાથી આપણે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકીશું એમ સમજવું ભૂલભરેલું છે. જ્યાંસુધી બુદ્ધિનો વિકાસ નથી થયો, મન સંસ્કારી નથી બન્યું, જ્ઞાનપ્રાપ્તિ માટેની ધગશ ઊભી નથી થઈ ત્યાંસુધી દુનિયા આપણને ઓળખવાની નથી.

હૈદ્રાબાદના નિઝામ કરોડપતિ છે, પરંતુ તેથી તેણે કાંઈ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે ખરી? મારવાડી સમાજ સોનાના ઘરેણાં ચઢાવે છે પણ તેથી તેને કદિ માન મળ્યું ખરૂં?

છે કોઈ વિવેકાનંદ, રામતીર્થ, રાધાકૃષ્ણ જેવા આપણામાં કે જે આમ દુનિયામાં ચૈતન્યનું સર્જન કરે? છે કોઈ રવીન્દ્ર આપણા સમાજમાં છે કે જેણે આનંદયાત્રા કરી હોય? છે કોઈ મહાન વિદ્વાન, મહાન વૈજ્ઞાનિક, સાહિત્યક, કવિ, કલાકાર, દેશભક્ત, સ્વાર્થત્યાગી વીર હુતાત્મા યા સેવાભાવી આત્મા?

શા માટે નથી, તેનો કોઇ દિવસ વિચાર કર્યો છે? પોતાની ત્રુટિઓ જોઇને આપણે કદિ શરમ અનુભવી છે?

જો તે ત્રુટિ આપણે સુધારવી હોય તો શિક્ષણપ્રચાર કરો. કેવળ-જ્ઞાનનો મહિમા ગાવાવાળા અને ભ. મહાવીરની સર્વજ્ઞતા પર વાદ મચાવવાવાળા **જૈન સમાજમાં એક પણ બુદ્ધિશાળી એવી વ્યક્તિ નથી કે જેની સામે દુનિયાનું માથું ઝૂકે, આ પણ એક ચિન્ત-નીય વાત છે.**

આપણે ઇચ્છીએ કે આપણો સમાજ શિક્ષિત હોય, દુનિયાના વિવિધ જ્ઞાનને પચાવવાનું તેનામાં સામર્થ્ય હોય, એવી કાઈ પણ શાખા ન રહે જેમાં જૈન સમાજ પહોંચ્યો ન હોય. આપણો ભવિષ્યકાળ ઉજ્જ-વળ જોવાની તમન્ના જાગે તો તે પણ એક મોટો સુધારો છે કે જેને સ્વીકાર્યા સિવાય ઊંચે ચઢવું શકય નથી. શિક્ષણના આ ક્ષેત્રને સર્વ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વ્યાપી કરવાની બાબતમાં આપણો ખ્યાલ નીચે પ્રમાણે છેઃ–

(૧) પ્રત્યેક પ્રાન્તમાં જૈનોની જેટલી શિક્ષણસંસ્થાઓ છે તેનું એકીકરણ થાય. એકીકરણનો અર્થ એ છે કે પ્રાન્તિક જૈન સભાના આદેશ અનુસાર આ સર્વ સંસ્થાઓનું સંચાલન કરાય અને એ પ્રકારે જે પ્રાન્તિક શિક્ષણશાખાઓ એકત્રિત થશે તેનો સંબંધ મધ્યવર્તી શિક્ષણસંસ્થા સાથે રહે.

(૨) પ્રાન્તની જે યુનિવર્સિટી અહિંઆ છે, તે સર્વમાં જૈન ચેર હોય, જેમ કે આજે બનારસમાં છે. સમસ્ત ભારતની પ્રત્યેક યુનિવર્સિટીમાં એવી સંસ્થાઓ હોય કે જે જૈન વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે મદદ કરે.

(૩) આ પ્રકારે પ્રાથમિક, મધ્યમ તથા ઉચ્ચ શિક્ષણસંસ્થાઓ એકત્ર થાય અને તેનું સંચાલન કેન્દ્રિય જૈન સભાના શિક્ષણ વિભાગ દ્વારા થાય.

(૪) જ્યાં જૈનોનો સમાજ ખૂબ મોટો છે એવા સમાજમાં જૈનોની સ્વતંત્ર કોલેજ અને આવશ્યક હોય તો સ્વતંત્ર જૈન યુનિવર્સિટી પણ સ્થપાય.

(૫) સમાજના શ્રીમંતો પાસેથી આ શિક્ષણક્ષેત્ર માટે મદદ લેવામાં આવે અને પ્રાન્ત પ્રાન્તના વિભાગમાં જે જૈન મંદિર યા ભંડાર છે તેમાંની મિલ્કતનો ઉપયોગ શિક્ષણ માટે કરવામાં આવે.

(૬) આપણી એક કેન્દ્રિય લાયબ્રેરી હોય જેમાં જૈનદર્શનનું સમગ્ર સાહિત્ય ઉપલબ્ધ હોય.

(૭) જૈન સમાજમાં કેટલીક પ્રકાશન સંસ્થાઓ છે તે સર્વનો સંબંધ મુખ્ય સંસ્થા સાથે રહેવો જોઈએ. કેન્દ્રિય સભાને એક સાહિત્ય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંશોધક વિભાગ હોય અને તેની તરફથી સ્થળે સ્થળે સંશોધનકાર્યનું નિયંત્રણ હોય.

ઉપર પ્રમાણે અથવા તો અન્ય પ્રકારે આપણે શિક્ષણક્ષેત્રમાં એકત્રિત થવું અતિ આવશ્યક છે. આ સર્વ માટે જે શક્તિઓની જરૂર છે તે બધી જૈન સમાજ પાસે છે. માત્ર એક વસ્તુની ખોટ છે કે જે સૌથી પ્રથમ આવશ્યક છે, અને તે ખોટ છે કાર્યનિષ્ઠ, ઉત્સાહી સેવકની

વ્યક્તિઓનું નિર્માણ કરવું પ્રથમ આવશ્યક છે અને તે તરફ આપણો પ્રયત્ન રહે તો ઉપર નિર્દિષ્ટ કરેલ સર્વ કાર્ય આસાનીથી થઇ શકે તેમ છે. સમાજની સમર્થ વ્યક્તિઓની કદર કરવી, તેમનામાં સંસ્કૃતિ, સેવાભાવનું નિર્માણ કરવું અને તેમને સંગઠિત કરવા. આ કાર્ય જો કે કઠિન છે તો પણ પ્રયત્ન કરતાં કશું અશક્ય નથી. આ બધું ત્યારે જ થઇ શકે કે જ્યારે આપણી શક્તિઓ તે તરફ ફેલાવીએ અને પોતાની જાનપથી જ દરેક કામની શરૂઆત કરીએ.

જૈન સમાજની સામાજિક અને શૈક્ષણિક ઉન્નતિ બાબતમાં વિચાર કર્યા પછી હવે આપણે આપણા વિવિધ અંગોનો વિચાર કરવાનો રહે છે. આપણા અભ્યંતર પ્રશ્નોનું ધીરે ધીરે નિરાકરણ થતું જશે અથવા તો પરિસ્થિતિના દબાણથી તેમાં ઉત્ક્રાન્તિ થવાની, પરંતુ જે દેશના આપણે ઘટક છીએ, જે માનવતાનું અંગ છીએ તે દેશ અને માનવતા પ્રત્યે આપણું કાંઇક કર્તવ્ય છે તેનો અત્ર વિચાર કરવો જરૂરી છે.

આજની દુનિયા હવાની જેમ શીઘ્રગતિ કરવાવાળી છે. દુનિયાનાં ઇતિહાસમાં જે મહાન આન્દોલન વિચાર અને આચારના ક્ષેત્રમાં થયા છે તે સર્વથી અધિક ક્રાન્તિકારી આન્દોલન આ યુગમાં થયા છે. આપણું જીવન, તેના વિવિધ પ્રશ્નો દ્રુતગતિથી પરિવર્તિત થયા છે અને તેનો આપણે દરરોજ અનુભવ પણ કરીએ છીએ. આપણો દેશ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્વતંત્ર થયો છે અને આજ એ સ્વતંત્ર દેશની સામે જે મહાન પ્રશ્ન છે તેનો ઉકેલ કરવાની જવાબદારી જૈન સમાજ પર પણ છે.

હંમેશા તટસ્થ રહેવું, 'અમારા બાળબચ્ચા અને અમે' એવી વૃત્તિ રાખી સ્વાર્થી બનવું, અથવા "અમારા મંદિર અને અમે" એ જાતની સંકુચિતતા પોતાના મનમાં રાખવી એ બધું ધોખાબાજીનો ખેલ છે. એમા આપણે ટકી શકવાના નથી, તો પછી ઉજ્જવળ ભવિષ્યની આશા તો કેમ રખાય ?

દેશના પ્રત્યેક આન્દોલનોમાં અને પ્રશ્નોમાં આપણે પુરોગામી રહેવું જોઈએ, હરિજન મંદિર પ્રવેશ હોય કે હિન્દુ મુસલમાનનો પ્રશ્ન હોય, જેમાં આપણો આચાર તત્ત્વજ્ઞાનથી વિભિન્ન ન હોય, એવા સઘળા કાર્યક્ષેત્રોમાં આપણે સમરસ થવું જોઈએ.

આચાર અને વિચાર એક ન રહી શકે, એ હું માનું છું. આમ છતાં પણ આટલો તો મારો આગ્રહ છે કે આચાર અને વિચારમાં ભલે અન્તર રહે, પરંતુ વિરોધ ન રહે. હરિજનોના મંદિરપ્રવેશની બાબતમાં જૈન સમાજની એવી ધારણા છે કે જૈનોના મંદિરમાં હરિજનોનો પ્રવેશ યુક્તિયુક્ત નથી. હરિજન જૈન બનીને આવે તો તે લોકોને કાંઈ વાંધો નથી. આ પણ ના કહેવાની એક જુદી જ રીત છે.

મંદિર જેવા પવિત્ર સ્થળમાં, પુણ્યક્ષેત્રમાં, મનુષ્ય મનુષ્યને જાતિવાર વિભક્ત કરવા એ કઈ જાતની અહિંસા છે? આપણે આપણી સર્વ સંસ્થાઓ સમગ્ર સમાજ માટે ખુલ્લી મૂકી દેવી જોઈએ. સૌનો સત્કાર અને હૃદયથી સન્માન કરવાની વિશાળતા આપણામાં હોવી જોઈએ. જે વિરોધ છે તે તત્ત્વભેદથી નથી, પરંતુ ઉચ્ચનીચની કલ્પનાથી છે.

આપણે આપણું જીવન બીજા જેવું બનાવીએ તો આપણા સમાજનું વિશેષ વૈશિષ્ટ્ય શું રહે? આપણા સાધુઓને ગૃહસ્થ બનાવવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રયત્ન થઈ રહ્યો છે, આપણાં મંદિરમાં અજૈનને પણ જોડવામાં આવે છે, આપણા કર્મકાંડને મિથ્યા સમજવામાં આવે છે. હવે કહો કે 'અમે જૈન છીએ' એમ કહેવડાવવા માટે આપણી પાસે આપણું પોતાનું કહેવાય એવું શું રહ્યું ? આપણે રાષ્ટ્રજીવનમાં અલ્પ છીએ, લઘુમતી છીએ, તો પણ આપણે આપણા માટે સ્વતંત્ર વ્યવસ્થા માગવામાં સ્વતંત્ર નથી. જો એવો પ્રયત્ન કરવામાં આવે તો કોમીભાવનો આરોપ મૂકાય છે. આમ રહેવાથી આપણો સમાજ "જૈન" કેવી રીતે રહેશે ?

આ પ્રશ્ન હૃદયથી પૂછવામાં આવે છે તો તેનો ઉત્તર એ છે કે ખરૂં "જૈનત્વ" તો નિત્યજીવનમાં અહિંસા ધર્મનું પાલન કરવું એમાં છે. આપણે આપણી બાહ્ય સંસ્થાઓ ભલે વ્યવસ્થિત રાખીએ અને હજાર વાર આપણે પોતાની જાતને જૈન કહેવડાવીએ, તો પણ જ્યાં સુધી જીવનમાં એ તત્ત્વ લાવીએ નહિ ત્યાં સુધી આપણે જૈન નથી. ક્યારે એવો સમય આવશે કે જ્યારે આપણા સમાજમાં એક મહાન્ 'હેમચન્દ્ર' ફરીથી ઉચ્ચારશે--**जैनेन्द्रधर्मचक्रं प्रभवतु सततं सर्वसौख्य-प्रदायी**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

१०

# આપણી હાલની સ્થિતિ

અત્યારે વીતરાગ દેવને નામે જૈન દર્શનમાં એટલો બધો મત ચાલે છે કે તે મત, તે મતરૂપ છે પણ સતરૂપ, જ્યાંસુધી વીતરાગ દેવની આજ્ઞાનું અવલંબન કરી પ્રવર્તતા ન હોય ત્યાંસુધી, કહી શકાય નહિ.

એ મત પ્રવર્તનમાં મુખ્ય કારણો મને આટલાં સંભવે છે—

(૧) પોતાની શિથિલતાને લીધે કેટલાક પુરુષોએ નિર્ગ્રંથ દશાની પ્રાધાન્યતા ઘટાડી હોય.

(૨) પરસ્પર બે આચાર્યોનો વાદવિવાદ.

(૩) મોહનીય કર્મનો ઉદય અને તે રૂપે પ્રવર્તન થઈ જવું.

(૪) ગ્રહાયા પછી તે વાતનો માર્ગ મળતો હોય તો પણ તે દુર્લભ બોધિતાને લીધે ન ગ્રહ્યો.

(૫) મતિની ન્યૂનતા.

(૬) જેના પર રાગ તેના છંદમાં પ્રવર્તન કરનારા ઘણા મનુષ્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૭) દુઃષમ કાળ, અને

(૮) શાસ્ત્રજ્ઞાનનું ઘટી જવું.

એટલા બધા મતો સંબંધી સમાધાન થઈ નિઃશંકપણે વીતરાગની આજ્ઞારૂપે માર્ગ પ્રવર્તે એમ થાય તો મહાકલ્યાણ. પણ તેવો સંભવ ઓછો છે. **મોક્ષની જિજ્ઞાસા જેને છે તેની પ્રવર્તના તો તે જ માર્ગમાં હોય છે.** પણ લોક કે ઓઘદૃષ્ટિએ પ્રવર્તનારા પુરુષો તેમજ પૂર્વના દુર્ઘટકર્મના ઉદયને લીધે મતની શ્રદ્ધામાં પડેલા મનુષ્યો તે માર્ગનો વિચાર કરી શકે કે બોધ લઈ શકે એમ તેના કેટલાક દુર્લભબોધિ ગુરૂઓ કરવા દે અને મતભેદ ટળી પરમાત્માની આજ્ઞાનું સમ્યગ્દશાથી આરાધન કરતાં તે મતવાદીઓને જોઈએ એ બહુ અસંભવિત છે.

**સર્વને સરખી બુદ્ધિ આવી જઈ, સંશોધન થઈ, વીતરાગની આજ્ઞારૂપ માર્ગનું પ્રતિપાદન થાય એ સર્વથા જો કે બને તેવું નથી તો પણ સુલભબોધી આત્માઓ અવશ્ય તે માટે પ્રયત્ન કર્યા કરે તો પરિણામ શ્રેષ્ઠ આવે એ વાત મને સંભવિત લાગે છે.—પત્રાંક ૪૦**

**મોક્ષના માર્ગ બે નથી,** જે જે પુરુષો મોક્ષરૂપ પરમશાંતિને ભૂતકાળે પામ્યા તે તે સઘળા સત્પુરુષો એક જ માર્ગથી પામ્યા છે, વર્તમાન કાળે પણ તેથી જ પામે છે, ભવિષ્યકાળે પણ તેથી જ પામશે. **તે માર્ગમાં મતભેદ નથી, અસરળતા નથી, ઉન્મતતા નથી, ભેદાભેદ નથી,** માન્યામાન્ય નથી. તે સરળ માર્ગ છે. તે સમાધિમાર્ગ છે તથા તે સ્થિર માર્ગ છે અને સ્વાભાવિક શાંતિસ્વરૂપ છે. સર્વકાળે તે માર્ગનું હોવાપણું છે. તે માર્ગમાં **મર્મને પામ્યા વિના** કોઈ ભૂતકાળે મોક્ષ પામ્યા નથી, વર્તમાનકાળે પામતા નથી અને ભવિષ્યકાળે પામશે નહિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઘણું કરીને વર્તમાનમાં કાં તો શુષ્કક્રિયા પ્રધાનપણામાં જીવે મોક્ષમાર્ગ કલ્પ્યો છે અથવા બાહ્યક્રિયા અને શુદ્ધ વ્યવહાર ક્રિયાને ઉથાપવામાં મોક્ષ કલ્પ્યો છે અથવા સ્વમતિકલ્પનાએ અધ્યાત્મ ગ્રંથો વાંચી કથન માત્ર અધ્યાત્મ પામી મોક્ષમાર્ગ કલ્પ્યો છે. એમ કલ્પાયાથી જીવને સત્સમાગમ આદિ હેતુમાં **તે તે માન્યતાનો આગ્રહ આડો આવી પરમાર્થ પામવામાં સ્થંભભૂત થાય છે.**

જે જીવો શુષ્કક્રિયા પ્રધાનપણામાં મોક્ષમાર્ગ કલ્પે છે તે જીવોને તથારૂપ ઉપદેશનું પોષણ પણ રહ્યા કરે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એમ મોક્ષમાર્ગ ચાર પ્રકારે કહ્યો છે છતાં પ્રથમના બે પદ તો તેમણે વિસાર્યાં જેવું હોય છે. અને ચારિત્ર શબ્દનો અર્થ વેષ તથા માત્ર બાહ્ય વિરતિમાં સમજ્યા જેવું હોય છે. તપ શબ્દનો અર્થ માત્ર ઉપવાસ આદિ વ્રતનું કરવું તે પણ બાહ્ય સંજ્ઞાથી તેમાં સમજ્યા જેવું હોય છે. વળી ક્વચિત્ જ્ઞાન, દર્શનપદ કહેવા પડે તો લૌકિકકથન જેવા ભાવોના કથનને જ્ઞાન અને તેની પ્રતીતિ અથવા તે કહેનારની પ્રતીતિને વિષે દર્શન શબ્દનો અર્થ સમજવા જેવું રહે છે.

જે જીવો બાહ્યક્રિયા ( એટલે દાનાદિ ) અને શુદ્ધ વ્યવહાર ક્રિયાને ઉથાપવામાં મોક્ષમાર્ગ સમજે છે તે જીવો શાસ્ત્રોના કોઈ એક વચનને અણુસમજણભાવે ગ્રહણ કરીને સમજે છે. **દાનાદિ ક્રિયા જો કોઈ અહંકાર આદિથી, નિદાનબુદ્ધિથી કે જ્યાં તેવી ક્રિયા ન સંભવે એવા છઠ્ઠા ગુણસ્થાન આદિ સ્થાને કરે તો તે સંસાર હેતુ છે એમ શાસ્ત્રોનો મૂળ આશય છે પણ સમૂળગી દાનાદિ ક્રિયા ઉથાપવાનો શાસ્ત્રોનો હેતુ નથી. તે માત્ર પોતાની મતિ-કલ્પનાથી નિષેધે છે.**

તેમજ વ્યવહાર બે પ્રકારના છે—(૧) એક પરમાર્થ મૂળ હેતુ વ્યવહાર અને (૨) બીજો વ્યવહારરૂપ વ્યવહાર.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પૂર્વે આ જીવે અનંતીવાર વ્યવહાર કર્યા છતાં આત્માર્થ થયો નહિ એમ શાસ્ત્રોમાં વાકયો છે. તે વાકય ગ્રહણ કરી સંચોડો વ્યવહાર ઉથાપનારા પોતે સમજ્યા એવું માને છે પણ શાસ્ત્રકારે તો તેવું કશું કહ્યું નથી.

જે વ્યવહાર પરમાર્થ હેતુમૂળ વ્યવહાર નથી અને માત્ર વ્યવહાર હેતુ વ્યવહાર છે **તેના દુરાગ્રહને શાસ્ત્રકારે નિષેધ્યો છે. જે વ્યવહારનું ફળ ચાર ગતિ થાય તે વ્યવહારને વ્યવહારહેતુ વ્યવહાર કહી શકાય.** અથવા જે વ્યવહારથી **આત્માની વિભાવદશા જવા યોગ્ય ન થાય તે વ્યવહારને વ્યવહારહેતુ વ્યવહાર કહેવાય. એનો શાસ્ત્રકારે નિષેધ કર્યો છે તે પણ એકાંતે નહિ.** કેવળ દુરાગ્રહથી અથવા તેમાં જ મોક્ષમાર્ગ માનનારને એ નિષેધથી સાચા વ્યવહાર ઉપર લાવવા કર્યો છે.

અને પરમાર્થમૂળ હેતુ વ્યવહાર શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્થા અથવા સદ્ગુરુ, સત્શાસ્ત્ર અને મન, વચન આદિ સમિતિ તથા ગુપ્તિ તેનો નિષેધ કર્યો નથી. અને તેનો જો નિષેધ કરવા યોગ્ય હોય તો શાસ્ત્રો ઉપદેશીને બાકી શું સમજાવવા જેવું રહેતું હતું કે શું સાધનો કરાવવાનું જણાવવું બાકી રહેતું હતું કે શાસ્ત્રો ઉપદેશ્યાં? **અર્થાત્ તેવા વ્યવહારથી પરમાર્થ પમાય છે અને અવશ્ય જીવે તેવો વ્યવહાર ગ્રહણ કરવો કે જેથી પરમાર્થ પામશે એમ શાસ્ત્રોનો આશય છે. શુષ્ક અધ્યાત્મી અથવા તેના પ્રસંગી તે આશય સમજ્યા વિના તે વ્યવહારને ઉથાપી પોતાને તથા પરને દુર્લભબોધિપણું કરે છે.**—પત્રાંક ૪૨૨.

કલ્યાણ જે વાટે થાય છે તે વાટનાં મુખ્ય બે કારણ જોવામાં આવે છે. એક તો જે સંપ્રદાયમાં **આત્માર્થે** બધી અસંગપણાવાળી ક્રિયા હોય, અન્ય કોઈ પણ અર્થની ઈચ્છાએ ન હોય અને નિરંતર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જ્ઞાનદશા ઉપર જીવોનું ચિત્ત હોય તેમાં અવશ્ય કલ્યાણ જન્મવાનો જોગ જાણીએ છીએ. એમ ન હોય તો તે જોગનો સંભવ થતો નથી.

**અત્ર તો લોક સંજ્ઞાએ, ઓઘસંજ્ઞાએ, માનાર્થે, પૂજાર્થે, પદના મહત્ત્વાર્થે, શ્રાવક આદિનાં પોતાપણાર્થે કે એવાં બીજાં કારણથી જપતપાદિ, વ્યાખ્યાન આદિ કરવાનું પ્રવર્તન થઈ ગયું છે તે આત્માર્થે કોઈ રીતે નથી, આત્માર્થના પ્રતિબંધરૂપ છે.**

માટે જો તમે કંઈ ઇચ્છા કરતા હો તો તેનો ઉપાય કરવા માટે બીજું જે કારણ કહીએ છીએ તે અસંગપણાથી સાધ્ય થયે કોઈ દિવસે પણ કલ્યાણ થવા સંભવ છે.

**અસંગપણું એટલે આત્માર્થ સિવાયના સંગપ્રસંગમાં પડવું નહિ.** સંસારના સંગીના સંગમાં વાતચીત આદિ પ્રસંગ શિષ્યાદિ કરવાના કારણે રાખવો નહિ. શિષ્યાદિ કરવા સાથે ગૃહવાસી વેષવાળાને ફેરવવા નહિ.

**દીક્ષા લે તો તારું કલ્યાણ થશે એવા વાક્ય તીર્થંકર દેવ કહેતા નહોતા. તેનો હેતુ એક એ પણ હતો કે એમ કહેવું એ પણ તેનો અભિપ્રાય ઉત્પન્ન થવા પહેલાં તેને દીક્ષા આપવી છે તે કલ્યાણ નથી.**

જેમાં તીર્થંકરદેવ આવા વિચારથી વર્ત્યા છે તેમાં આપણે છ છ માસ દીક્ષા લેવાનો ઉપદેશ જારી રાખી તેને શિષ્ય કરીએ છીએ તે **માત્ર શિષ્યાર્થ છે, આત્માર્થ નથી.**

પુસ્તક છે તે **જ્ઞાનના આરાધનને અર્થે સર્વ પ્રકારના પોતાના મમત્વભાવ રહિત** રખાય તો જ આત્માર્થ છે, નહિ તો મહાન પ્રતિબંધ છે. તે પણ વિચારવા યોગ્ય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ ક્ષેત્ર આપણું છે અને તે ક્ષેત્ર જાળવવા ચાતુર્માસ ત્યાં રહેવા માટે જે વિચાર કરવામાં આવે છે તે **ક્ષેત્ર પ્રતિબંધ** છે. તીર્થંકર દેવ તો એમ કહે છે કે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એ **ચારે પ્રતિબંધથી જો આત્માર્થ થતો હોય અથવા નિર્ગ્રંથ થવાતું હોય તો તે તીર્થંકરદેવના માર્ગમાં નહિ, સંસારના માર્ગમાં છે**—પત્રાંક ૪૩૦

**શરીર આદિ બળ ઘટવાથી સર્વ મનુષ્યોથી માત્ર દિગંબર વૃત્તિએ વર્તીને ચારિત્રનો નિર્વાહ ન થઈ શકે તેથી જ્ઞાનીએ ઉપદેશેલી મર્યાદાપૂર્વક શ્વેતાંબરપણેથી વર્તમાનકાળ જેવા કાળમાં ચારિત્રનો નિર્વાહ કરવાને અર્થે પ્રવૃત્તિ છે તે નિષેધ કરવા યોગ્ય નથી. તેમજ વસ્ત્રનો આગ્રહ કરી દિગંબર –વૃત્તિનો એકાંત નિષેધ કરી વસ્ત્રમૂર્ચ્છાદિ કારણોથી ચારિત્રમાં શિથિલપણું પણ કર્તવ્ય નથી.**

દિગંબર અને શ્વેતાંબરપણું દેશ, કાળ, અધિકારી યોગે ઉપકારનો હેતુ છે. એટલે જ્યાં જ્ઞાનીએ જેમ ઉપદેશ્યું તેમ **પ્રવર્તતાં આત્માર્થ જ છે.—શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૮૦૭.**

**જૈન માર્ગ શું ? રાગદ્વેષ અને અજ્ઞાનનું જવું તે.**

વાડામાં **કલ્યાણ નથી. અજ્ઞાનીના** વાડા **હોય. વીતરાગનો માર્ગ અનાદિનો છે. જેનાં રાગદ્વેષ અને અજ્ઞાન ગયાં તેનું કલ્યાણ. બાકી અજ્ઞાની કહે કે મારા ધર્મથી કલ્યાણ છે તો તે માનવું નહિ. એમ કલ્યાણ હોય નહિ.—શ્રીમદ્ રાજચંદ્ર, પાનું ૭૩૦**

—શ્રીમદ્ રાજચંદ્ર પુસ્તકમાંથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ૧૨

# મિથ્યાત્વ એટલે શું ?

લેખક

**શ્રી નગીનદાસ ગિરધરલાલ શેઠ.**

*

પ્રાચીનકાળમાં શ્વેતાંબર દિગંબરનો મતભેદ થયો ત્યારથી તેઓ એક બીજાને મિથ્યાત્વી કહેતા આવ્યા છે. તે જ પ્રમાણે સ્થાનકવાસીઓ મૂર્તિપૂજકોથી છૂટા પડ્યા ત્યારથી તેઓ એક બીજાને મિથ્યાત્વી કહેતા રહ્યા છે અને આજે પણ કેટલાક સાધુ સાધ્વીઓ તેમના વ્યાખ્યાનોમાં એ જ પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે. અને એ રીતે એક જાતનું ક્લેશમય વાતાવરણ સરજી રહ્યા છે.

ત્યારે મિથ્યાત્વ એટલે શું તે આપણે ચોક્કસ રીતે અને યથાર્થ રીતે જાણવું જોઇએ.

શાસ્ત્રોમાં વ્યાખ્યા છે કે—વીતરાગ દેવ, ગુરુ અને ધર્મને માને તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સમકિતી અને જૈનનાં દેવ, ગુરુ, ધર્મને નહિ માનતાં અન્ય દેવ, ગુરુ, ધર્મને માને તે મિથ્યાત્વી.

ઉપરની વ્યાખ્યાનો વિશેષ સ્પષ્ટ રીતે સમજવા માટે સૂત્રોમાં મિથ્યાત્વનાં પ્રકારો પાડીને સમજાવેલ છે. શ્રી ઠાણુંગ સૂત્રમાં મિથ્યાત્વના દશ પ્રકાર કહ્યા છે તે મૂળ, તેનો અર્થ અને તેની ટીકાનો અર્થ જે છપાયેલ છે તે હું અહિં ઉધ્ધૃત કરૂં છું.

**(૧) अधम्मे धम्म सन्ना.** અધર્મમાં ધર્મની સંજ્ઞા.

અપૌરુષેય વેદ આદિ શાસ્ત્રો શ્રુતના લક્ષણથી હીન હોવાથી તેમાં આગમ સંજ્ઞા, ધર્મબુદ્ધિ રાખવી તેમાં વિપરીતપણું છે તેથી તે મિથ્યાત્વ.

(એટલે કે જૈન આગમ સિવાયના જૈનેતરોના શાસ્ત્રોને આગમ તરીકે અથવા આગમ જેવા માને તેમાં ધર્મ માને તે મિથ્યાત્વ.)

**(૨) धम्मे अधम्म सण्णा.** ધર્મમાં અધર્મની સંજ્ઞા.

આપ્ત લક્ષણવાળા સમ્યક્ (યથાર્થ) શ્રુતમાં (જિનાગમમાં) એટલે કે આપ્ત વચનરૂપ શુદ્ધ ધર્મમાં અધર્મની બુદ્ધિ તે મિથ્યાત્વ.

કારણ કે જૈનેતરો માને છે કે—અધાય પુરુષો રાગાદિવાળા છે અને અસર્વજ્ઞ છે, કારણકે પુરુષપણાથી જેમ હું, ઈત્યાદિ પ્રમાણથી અનાપ્ત પુરુષો છે, અને આપ્તના અભાવથી તેણે ઉપદેશેલું શાસ્ત્ર ધર્મરૂપ નથી, ઇત્યાદિ કુકલ્પનાથી અનાગમ બુદ્ધિ તે મિથ્યાત્વ.

**(૩) अमग्गे ( उमग्गे ) मग्गसण्णा.** ઉન્માર્ગમાં માર્ગની સંજ્ઞા.

ઉન્માર્ગ એટલે જૈનધર્મના મોક્ષમાર્ગ પ્રત્યે અપંથવસ્તુતત્ત્વની અપેક્ષાએ વિપરીત શ્રદ્ધાન. તેમાં જ્ઞાન અનુષ્ઠાનરૂપ માર્ગ સંજ્ઞા, કુવાસનાથી તેમાં માર્ગની બુદ્ધિ તે મિથ્યાત્વ.

**(૪) मग्गे उम्मग्ग सन्ना** માર્ગમાં ઉન્માર્ગની સંજ્ઞા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રત્નત્રયરૂપ મોક્ષમાર્ગને વિષે ઉન્માર્ગની બુદ્ધિ તે મિથ્યાત્વ.

(૫) **अजीवेसु जीव सन्ना.** અજીવમાં જીવની સંજ્ઞા.

આકાશ, પરમાણું વગેરે અજીવ પદાર્થોને વિષે જીવ સંજ્ઞા. જેમકે જૈનેતરો કહે છે કે **पुरुष एवेदम्** આ બધુંય જડ ચૈતન્ય પુરુષરૂપ છે ઈત્યાદિ મંતવ્યથી " પૃથ્વી, જળ, પવન, અગ્નિ, યજમાન, આકાશ, ચંદ્ર અને સૂર્ય એ આઠ મૂર્તિઓ મહેશ્વર સંબંધીની હોય છે. એમ માનવું તે મિથ્યાત્વ.

(૬) **जीवेसु अजीव सन्ना.** જીવમાં અજીવની સંજ્ઞા.

પૃથ્વી વગેરે જીવોને વિષે અજીવની સંજ્ઞા, જેમકે જૈનેતરો કહે છે કે પૃથ્વી વગેરેમાં જીવો હોતા નથી, કારણકે ઉચ્છ્વાસ આદિ પ્રાણીના ધર્મોનો સાક્ષાત્કાર થતો નથી, એમ માનવું તે મિથ્યાત્વ.

(જૈનધર્મ પૃથ્વી વગેરેમાં એકેન્દ્રિય જીવ છે એમ માને છે ત્યારે બીજા ધર્મો તેમ નથી માનતા માટે તે બીજા ધર્મની માન્યતા તે મિથ્યાત્વ.

(૭) **असाहुसु साहु सन्ना.** અસાધુમાં સાધુ સંજ્ઞા.

છકાયના વધથી નહિ નિવર્તેલા, ઔદેશિકાદિ આહારનું ભોજન કરનારા અને અબ્રહ્મચારી એવા ( જૈનેતર ) અસાધુઓને વિષે સાધુ-પણાની બુદ્ધિ તે મિથ્યાત્વ.

(૮) **साहुसु असाहु सन्ना.** સાધુમાં અસાધુની સંજ્ઞા.

બ્રહ્મચર્ય આદિ ગુણયુક્ત સાધુઓને વિષે અસાધુ સંજ્ઞા તે મિથ્યાત્વ. જેમકે જૈનેતરો કહે છે કે—આ સાધુઓએ કુંવારા જ ( પરણ્યા વિના ) દીક્ષા લીધેલ છે અને **अपुत्रस्य गतिर्नास्ति** એ ન્યાયે તેમની ગતિ નથી, અથવા તેઓ સ્નાન કરતા નથી, ગંદા રહે છે માટે તેમની ગતિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નથી વગેરે વિકલ્પરૂપ બુદ્ધિ તે મિથ્યાત્વ.

(૯) **अमुत्तेसु मुत्त सण्णा.** અમુક્તમાં મુક્તની સંજ્ઞા.

જેઓ અમુક્ત છે એટલે કે કર્મ સહિત છે અને લોકવ્યાપારમાં પ્રવર્તેલા છે તેમને વિષે મુક્તની સંજ્ઞા. જેમકે— "અણિમાદિ આઠ પ્રકારના ઐશ્વર્ય–સિદ્ધિઓને પામીને હમેશાં પુણ્યવાન નિવૃત્ત આત્મા થયા થકા પરમ દુસ્તરને તરીને હર્ષ પામે છે" ઈત્યાદિ જૈનેતર વિકલ્પ નાત્મક બુદ્ધિ તે મિથ્યાત્વ.

(૧૦) **मुत्तेसु अमुत्त सण्णा.** મુક્તમાં અમુક્તની સંજ્ઞા.

મુક્ત એટલે સર્વ કર્મકૃત વિકારથી રહિત અને અનંત જ્ઞાન, દર્શન, સુખ તથા વીર્યયુક્ત સિદ્ધ જીવોને વિષે અમુક્તની સંજ્ઞા. જેમકે જૈનેતરોમાં માન્યતાઓ છે કે—આવા પ્રકારના જીવો નથી જ કારણ કે અનાદિ કર્મના સંયોગને નિવારવાનું અશક્ય છે, અનાદિ–પણાથી આકાશ અને આત્માના સંયોગની જેમ. અથવા મુક્ત જીવો નથી કારણ મુક્ત જીવોનું બુઝાયેલ દીવાની જેમ સમાનપણું હોવાથી. અથવા આત્માનું જ નાસ્તિકપણું છે વગેરે વગેરે વિકલ્પોરૂપ બુદ્ધિ તે મિથ્યાત્વ છે.

ઉપરના મિથ્યાત્વના દશેય પ્રકારમાં જૈનધર્મની માન્યતા વિરુદ્ધની માન્યતાને મિથ્યાત્વ કહે છે. પરંતુ જૈનધર્મને, જૈનધર્મના સિદ્ધાંતોને અને જૈનધર્મના દેવ તથા ગુરુઓને માનનારામાં મતભેદ ઉત્પન્ન થતાં તેમને મિથ્યાત્વી કહેવાનું કોઈ સૂત્રમાં દેખાતું નથી.

છતાં દિગંબરો, શ્વેતાંબર મૂર્તિપૂજકોને તથા સ્થાનકવાસીઓને મિથ્યાત્વી કહેતાં અચકાતા નથી તેમજ શ્વે. મૂર્તિપૂજકો દિગંબરોને તથા સ્થાનકવાસીઓને મિથ્યાત્વી કહેતાં અચકાતા નથી. તેવી જ રીતે સ્થાનકવાસીઓ પણ શ્વેતાંબર દિગંબરને મિથ્યાત્વી કહેતાં અચકાતા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નથી. આ વાત ત્રણેયના અનેક પુસ્તકો સાબિત કરી શકે તેમ છે.

સમકિતનું લક્ષણ છે—જિનદેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધા. સ્થાનકવાસી, શ્વે. મૂર્તિપૂજક તેમજ દિગંબરો—સર્વ એકસરખી રીતે જિનદેવ, ગુરુ અને ધર્મની શ્રદ્ધા રાખે છે. એટલે ત્રણેય માન્યતાવાળા એકસરખા સમકિતી ઠરે છે. તો તેમને મિથ્યાત્વી કેમ કહી શકાય ?

દાખલા તરીકે સ્થાનકવાસીઓ ઉપરનો મિથ્યાત્વના પાંચમા પ્રકારનો દાખલો આગળ ધરી કહે છે કે મૂર્તિપૂજકો જડ મૂર્તિને ભગવાન માને છે માટે તેઓ મિથ્યાત્વી. તેવી જ રીતે મૂર્તિપૂજકો પણ સ્થાનકવાસીઓને તેઓ મૂર્તિ એટલે ભગવાનને નથી પૂજતા માટે મિથ્યાત્વી કહે છે. આજે પણ ઘણે ઠેકાણે સાધુ સાધ્વીઓ આ જાતની એકબીજાને મિથ્યાત્વી કહેવાની પ્રરૂપણા કરી રહેલ છે.

અલબત્ત મૂર્તિ કે મૂર્તિપૂજાનું નામનિશાન પણ અંગસૂત્રોમાં નથી. છતાં પણ મૂર્તિપૂજા આજે લગભગ બે હજાર વર્ષથી રૂઢ થઈ ગઈ છે તે તુરત નાબુદ થઈ શકે તેમ નથી ત્યારે તેને મિથ્યાત્વ કહેવાથી તે શું નાબૂદ થઈ શકશે ? નહિ જ.

મૂર્તિપૂજકો મૂર્તિને ખૂદ ભગવાન તો નથી માનતા પણ ભગવાનની મૂર્તિ માને છે, એટલે મૂર્તિને સજીવ નથી માનતા પણ પ્રેરણારૂપ ( આકાર ) માને છે. એટલે એ રીતે પણ મૂર્તિ મિથ્યાત્વના ભાંગામાં આવી શકતી નથી. હા. મૂર્તિપૂજકો મૂર્તિને સજીવ ભગવાન તરીકે માને તો તે જરૂર મિથ્યાત્વી ઠરે.

એટલે મૂર્તિપૂજકોને મિથ્યાત્વી કહેવા કે માનવા તે ખોટું છે. અને સારું નથી. તેવી જ રીતે મૂર્તિપૂજકો મૂર્તિને નહિ માનનારાઓને મિથ્યાત્વી કહે તે પણ એટલું જ ખોટું છે. અને એટલું જ ખરાબ છે.

શ્વેતાંબર, દિગંબર કે સ્થાનકવાસી, બધાય એના એ જ જૈન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધર્મને માનનારા છે છતાં તેઓ એકબીજાને મિથ્યાત્વી કહે કે બીજી રીતે ગાળો દીએ તેમાં ધર્મ નથી પણ અધર્મ જ છે. કારણકે એવી મનોવૃત્તિમાં દ્વેષ, અભિમાન અને તિરસ્કાર ભરેલા પડ્યા છે. અને એવી મનોવૃત્તિ તે ધર્મ્ય નથી.

આજે આપણે સંપથી જીવવું છે કે કુસંપથી એ સૌથી પહેલું વિચારવું જોઇએ. સંપથી ઉન્નતિ છે, ઉત્કર્ષ છે, કુસંપથી પતન છે. અત્યાર સુધી જૈનોની જે અસાધારણ પડતી થતી આવી છે તે આ કુસંપના કારણે જ છે. એ કુસંપ મતાગ્રહથી ઉત્પન્ન થયો છે, એકાંત-વાદથી ઉત્પન્ન થયેલ છે. જૈનધર્મ અનેકાંતવાદી છે, માટે મતાગ્રહ અને કુસંપને તિલાંજલી આપી સર્વ જૈનોએ અનેકાંતવાદનો આશ્રય લઈ સંપથી રહેવું જોઇએ. એકસંપથી બળવાન બનવું જોઇએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૩

# સ્થાનકવાસી, શ્વેતાંબર, દિગંબર શબ્દોનો સમન્વય.

લેખક

સ્થાનકવાસી હિંદી શ્રમણ સંઘના

પૂ. આચાર્ય શ્રી આત્મારામજી મહારાજ

*

## નોંધ

સને ૧૯૪૨માં પૂ. આચાર્ય (તે વખતે ઉપાધ્યાય) શ્રી આત્મારામજી મહારાજે લખેલી "સ્થાનકવાસી" નામની એક નાનકડી પુસ્તિકા લુધીઆનાથી બહાર પડેલી, તેમાં મહારાજશ્રીએ સ્થાનકવાસી શબ્દની શાસ્ત્રીય રીતે અર્થ–મહત્તા બતાવી છે તેમજ દિગંબર, શ્વેતાંબર અને સ્થાનકવાસી શબ્દોનો સમન્વય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરી એકરૂપતા બતાવી છે. તે જાણવા સમજવા જેવું હોઇને તેનો ગુજરાતી અનુવાદ અત્રે પ્રગટ કરીએ છીએ.

મહારાજશ્રીએ ઠેકઠેકાણે સંસ્કૃત તથા અર્ધમાગધી મૂળ પાઠો આપેલા છે તે સ્થળસંકોચને લીધે આપી શકાયા નથી.

—ન. ગિ. શેઠ

શ્વેતાંબર સંપ્રદાયમાં મૂર્તિપૂજાને આગમવિહિત નહિ માનનાર સંપ્રદાય સ્થાનકવાસી નામથી પ્રસિદ્ધ છે. તેનું સ્થાનકવાસી નામ ક્યારે અને શા માટે પડ્યું તે સંબંધમાં ઐતિહાસિક તથ્ય ગમે તે હોય પરંતુ શાસ્ત્રીય દૃષ્ટિથી તેનો વિચાર કરતાં જે તથ્ય પ્રતીત થયું તેનું દિગ્દર્શન કરાવવાને અમારો આ ઉદ્યોગ છે. આશા છે કે પાઠકગણ શાંતિથી તેનું અવલોકન કરશે.

શાસ્ત્રીય દૃષ્ટિથી વિચાર કરતાં પ્રતીત થાય છે કે સ્થાનકવાસી શબ્દ દ્રવ્ય તેમ જ ભાવ બંને અર્થોથી પ્રયુક્ત થયેલ છે. એ શબ્દનો પ્રયોગ પહેલાં એક માત્ર પરમ ત્યાગી જૈન સાધુઓમાં જ થતો હતો. તે પછી તેના અનુયાયી વર્ગ માટે પ્રયુક્ત થયો. જેમ જૈન પરંપરામાં શ્વેતાંબર અને દિગંબર એ બંને શબ્દોનો સંબંધ એક માત્ર સાધુવર્ગથી જ હતો અને પછી તે બંને સંપ્રદાયો માટે રૂઢ થઈ ગયો. એજ પ્રમાણે સંયમ-રૂપ સ્થાનમાં નિવાસ કરવાવાળા સાધુ ધર્મમાં પ્રયુક્ત થવાવાળા સાધુ માટે વપરાતો સ્થાનકવાસી શબ્દ પણ બાદમાં તેના અનુયાયી વર્ગમાં પ્રયુક્ત થવાથી સંપ્રદાયનો જ તે નામથી ઉલ્લેખ થવા લાગ્યો.

સ્થાનકવાસી શબ્દમાં સ્થાનક અને વાસી એમ બે શબ્દ જોડાયલા છે. સ્થાનક અને સ્થાન એ બંને એક જ અર્થના વાચક છે. સ્થાન શબ્દનો અર્થ રહેવાની જગ્યા છે અને વાસીનો અર્થ તે જગ્યામાં રહે-નાર એમ થાય છે. **स्थीयते अस्मिन्निति स्थानं, स्थानं एवेति**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

स्थानकं, स्थानके वसतीति स्थानकवासी. અર્થાત્ શાસ્ત્રવિહિત દ્રવ્ય અને ભાવરૂપ સ્થાનમાં નિવાસ કરવાવાળાને સ્થાનકવાસી કહેવાય છે.

કોશ આદિમાં સ્થાનના અનેક અર્થ બતાવ્યા છે. તેમાં દ્રવ્ય અને ભાવરૂપ બંને સ્થાનોનું ગ્રહણ કરેલું છે. અને પ્રસ્તુત પ્રકરણમાં એ બંને અર્થ અભિપ્રેત છે. તેથી અહિંયા એ બંનેનો ક્રમસર વિચાર કરવામાં આવેલ છે.

## દ્રવ્ય સ્થાનક

જો કે સ્થાન-સ્થાનક શબ્દનો પ્રસિદ્ધ અર્થ અમુક પ્રકારનું ક્ષેત્ર, ભૂમિ કે નિવાસ કરવાની જગ્યા એમ છે અને એ અર્થ જ ઠીક છે. પરંતુ અહિંયા સ્થાનક શબ્દનો અર્થ કંઈક વિશેષતા માટે છે તેનું દિગ્દર્શન કરાવવામાં આવે છે.

જૈનાગમમાં પંચમહાવ્રતધારી સંયમશીલ મુનિઓના નિવાસસ્થાનને ઉપાશ્રય નામથી ઉલ્લેખ કરેલો છે. અર્થાત્ ધ્યાનને માટે જૈન મુનિને શાસ્ત્રમાં જે જે સ્થાનોમાં રહેવાની આજ્ઞા આપી છે તે સ્થાનને ઉપાશ્રય નામથી સંબોધેલ છે. એ જ ઉપાશ્રય અથવા વસતીને 'સ્થાનક' કહેવાની પરંપરા ચાલી આવેલ છે અથવા એમ કહીએ કે ઉપાશ્રય કે સ્થાનક એ બંને શબ્દો એક જ અર્થના વાચક, પર્યાયવાચી છે.

તાત્પર્ય એ છે કે મૂર્તિપૂજાને આગમવિહિત માનવાવાળા અને નહિ માનવાવાળા એ બે પરંપરાઓમાં ક્રમશઃ ઉપાશ્રય અને સ્થાનક શબ્દનો વ્યવહાર-ઉપયોગ થવા લાગ્યો. આ બંને શબ્દોમાં અર્થગત કોઈ ભેદ નથી, પરંતુ સંપ્રદાયભેદથી એક જ અર્થના વાચક બે શબ્દ ગ્રહણ થઈ ગયા. તેમાં કોઈપણ પ્રકારનું અનૌચિત્ય પ્રતીત થતું નથી.

એક સંપ્રદાયમાં ઉપાશ્રય શબ્દ પ્રસિદ્ધ રહ્યો ત્યારે બીજા સંપ્રદાયે એને જ અનુરૂપ ભાવને અધિકતા આપતો પણ એનાથી કંઈક વધારે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગુણનિષ્પન્ન 'સ્થાનક' શબ્દને ગ્રહણ કર્યો. એ બંને નામ યુક્તિસંગત અને શાસ્ત્રાનુમોદિત નામો છે. તેમાં વિવાદને કોઇ સ્થાન નથી.

પાઠકોને એ તો સારી રીતે વિદિત છે કે શાસ્ત્રોમાં સાધુને અણુગાર કહેલા છે. તેમને પોતાનું કોઇ ઘર હોતું નથી. તેમ તેઓ પોતાને માટે કોઈ ઘર બનાવતા નથી. તેમ જ તેમના નિમિત્તથી બનાવેલા ઘરમાં રહેવાની પણ શાસ્ત્રમાં આજ્ઞા નથી. એટલા માટે શ્રમણ (સાધુ) અને શ્રમણોપાસક( ગૃહસ્થ )ના ધર્મધ્યાનને માટે વ્યવહારમાં આવવાવાળા ઉપાશ્રય કે સ્થાનક કેવા અને કેવા પ્રકારના હોવા જોઇએ એ બાબતનો ઉલ્લેખ જૈનાગમમાં સ્પષ્ટ શબ્દોમાં કરેલો છે.

આચારાંગ સૂત્રના પ્રથમ અંગનું શય્યા અધ્યયન પ્રાયઃ આ જ વિષયના વર્ણનથી ભરેલું છે. તેમ જ પ્રશ્નવ્યાકરણના આઠમા અધ્યયનનો નિમ્નલિખિત સૂત્રપાઠ એ જ વિષયનો આ પ્રમાણે ખુલાસો કરે છે.

( મૂળમાં પાઠ આપેલો છે તે લાંબો હોવાથી અત્રે આપેલ નથી. )

આ પાઠનો ભાવાર્થ એ છે કે – દેવકુળ, યક્ષ આદિના સ્થાન, સભા, પ્રપા( પીઆઉ ), પરિવ્રાજકસ્થાન ( મઠ, આશ્રમ ), વૃક્ષમૂળ, આરામ, ગુફા, આકર ( જ્યાં લોખંડ આદિની ક્રિયાઓ થતી હોય ), ઉદ્યાન, યાનશાળા, કુપ્યશાળા, મંડપ, સ્મશાન, શૂન્યગૃહ, શૈલગૃહ (પર્વતની અંદર થતું મકાન), દુકાન વગેરે પ્રકારના અન્ય સ્થાન જેમાં માટી, પાણી, બીજ, લીલોતરી, ઘાસ વગેરે સચિત્ત પદાર્થ ન હોય તથા ત્રસપ્રાણી – સ્ત્રી, પશુ અને નપુંસક આદિથી રહિત શુદ્ધ વસતી હોય અને જો સાધુના નિમિત્તથી બનાવેલ ન હોય તેમજ તેની અંદર સાધુના નિમિત્તથી કોઇપણ પ્રકારના આરંભસમારંભની ક્રિયા કરી ન હોય તો તેવા શુદ્ધ સ્થાનોને ઉપાશ્રય, વસતી કે સ્થાનક કહે છે.

આત્મસમાધિને માટે એવા જ શુદ્ધ, નિર્દોષ અને વિવિક્ત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્થાનોમાં જૈન મુનિએ નિવાસ કરવો જોઈએ, કારણ કે એવા સ્થાનોમાં રહેવાથી સંયમનું યથાવત્ પાલન અને આત્મસમાધિની પ્રાપ્તિ થઈ શકે છે.

આવા સ્થાનો કે જ્યાં સંયમનિર્વાહને માટે જૈન મુનિઓ સમયે સમયે આવી રહે છે તેને શ્રમણોપાશ્રય પણ કહે છે. અને તે મુનિઓ પાસે જવાવાળા ગૃહસ્થોનો શ્રમણોપાસક નામથી ઉલ્લેખ કરેલો છે.

શ્રી ભગવતી સૂત્ર શ. ૮, ઉ. ૫ માં કહ્યું છે કે શ્રમણોપાશ્રયમાં જો કોઈ શ્રમણોપાસકે (જૈન ગૃહસ્થે) સામાયિક કરી હોય અને ત્યાં જો તેની કોઈ વસ્તુનું અપહરણ થયું હોય તો તે સામાયિક પછી તે વસ્તુને ત્યાં શોધે છે. તે વસ્તુ એ જ ગૃહસ્થની હોય, બીજા કોઈની નહિ, કારણ કે સામાયિકમાં તે ગૃહસ્થનો મમત્વનો ત્યાગ નથી.

વર્તમાન સમયમાં જે લોકો પ્રાયઃ એમ કહે છે કે—"ચાલો, દર્શન કરવા તથા વ્યાખ્યાન સાંભળવા સાધુના ઉપાશ્રયે કે સ્થાનકે જઈએ" આવું તેમનું કથન આગમનિર્દિષ્ટ પ્રથાને પ્રતિકૂળ નથી. પરંતુ ન્યાયસંગત અને આગમાનુમોદિત છે.

એટલે આ આખાય વિવેચનનો સાર એ નીકળ્યો કે—જે સ્થાન સાધુના નિવાસ માટેના મુખ્ય ઉદ્દેશથી બનાવવામાં આવ્યું ન હોય તથા જે પૂર્વોક્ત દોષોથી રહિત હોય તથા જેમાં રહેવાથી ધર્મધ્યાનની વૃદ્ધિ અને કામ–રાગ–આદિની નિવૃત્તિમાં સહાયતા મળે તેમજ સમય સમય પર આવીને સંયમશીલવાળા પરમત્યાગી જૈન મુનિ જ્યાં નિવાસ કરે તે સ્થાનનું નામ ઉપાશ્રય, વસતી કે સ્થાનક છે.

આ પ્રમાણે આગમ દૃષ્ટિથી તેને દ્રવ્યસ્થાનક કહેવામાં આવે છે તથા તેમાં નિવાસ કરવાવાળા સાધુ દ્રવ્યરૂપથી સ્થાનકવાસી કહેવાય છે.

## ભાવસ્થાનક

આગમ સંમત નિર્દોષ અને વિશુદ્ધ સ્થાનમાં નિવાસ કરવાવાળા જ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આત્મસમાધિ ઉપલબ્ધ કરી શકે છે કારણ કે આત્મશુદ્ધિને માટે ભાવશુદ્ધિની સાથે સાથે દ્રવ્યશુદ્ધિની પણ ભારે આવશ્યકતા હોય છે.

દ્રવ્યશુદ્ધિ પ્રાયઃ ભાવશુદ્ધિમાં ભારે સહાયકર્તા થાય છે તેથી સ્થાને સ્થાને શાસ્ત્રકારોએ સાધુઓને માટે એકાંત અને શાંતિપ્રદ સ્થાનમાં કે જ્યાં કોઈ પણ પ્રકારે સંયમને બાધા ન પહોંચે ત્યાં રહેવાની અને કામરાગ વિવર્ધક સ્થાનનો ત્યાગ કરવાની આજ્ઞા આપી છે. પરંતુ કેવળ દ્રવ્યશુદ્ધિથી આત્મસમાધિ તથા સંયમની નિર્મળતા નથી થઈ શકતી તેથી મોક્ષાભિલાષી મુનિને દ્રવ્યરૂપ સ્થાન પછી ભાવરૂપ સ્થાનને પોતાની નિવાસભૂમિ બનાવવા માટેની આવશ્યકતા રહે છે.

આત્માની સ્વાભાવિક ગુણપરિણતિ એ તેનું ભાવસ્થાન છે. અથવા એમ કહો કે આત્માના ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક એ પાંચ ભાવોમાંથી ક્ષાયિકભાવ જ મુખ્ય ભાવસ્થાન છે. કારણ કે કર્મબંધનનો સર્વથા ક્ષય થવાથી જ ક્ષાયિકભાવ પ્રાપ્ત થાય છે.

આ ભાવસ્થાનને પ્રાપ્ત કરવાને માટે ભાવસંયમને ગ્રહણ કરવો જોઈએ અને ભાવસંયમને માટે સામાયિક ચારિત્રવાળા વિશુદ્ધતર સંયમ-સ્થાનોમાં નિવાસ કરવો જોઈએ. એટલે કે તેનું ( ચારિત્રનું ) યથાવત્ પાલન કરવું પરમ આવશ્યક છે.

એટલા માટે પરમસાધ્ય મોક્ષસ્થાનની પ્રાપ્તિના નિમિત્ત ભાવ-સંયમની આરાધના કરવાવાળા જૈન મુનિ સામાયિક, છેદોપસ્થાપનીય. પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, અને યથાખ્યાત એ પાંચ પ્રકારના ચારિત્રભેદોના વર્ણન કરેલા સંયમસ્થાનોમાંથી વિશુદ્ધ અને વિશુદ્ધતર સંયમસ્થાનોમાં નિવાસ કરે છે અર્થાત્ તેનું સમ્યક્ પ્રકારે આરાધન કરે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેથી ઉક્ત ભાવરૂપ સંયમસ્થાનમાં વાસ કરવાથી તેને ભાવસ્થાનકવાસી કહેવા તથા માનવામાં આવે છે. ત્યારે "**स्थानके भावसंयमादिरूपे सम्यक्चारित्रे वसति तच्छील इति स्थानकवासी**" એમ ગુણનિષ્પન્ન યૌગિક વ્યુત્પત્તિ દ્વારા ઉક્ત ભાવની સ્પષ્ટતા તેમ જ પ્રામાણિકતા સુનિશ્ચિત થઈ જાય છે.

આ પ્રમાણે ઉપર બતાવેલ દ્રવ્ય તથા ભાવસ્થાનો–સ્થાનકોમાં વાસ કરવાથી જૈન ભિક્ષુ સ્થાનકવાસી કહેવાય છે અને તે કોઈ પણ પ્રકારે અનુચિત નથી.

અહિંયા શંકા થઈ શકે કે જેમ વ્યાકરણના અનુસાર સ્થાન શબ્દને સ્થ–અર્થમાં ક પ્રત્યય લાગવાથી સ્થાન અને સ્થાનક એ બંને એક જ અર્થના વાચક મનાય છે. તે પ્રમાણે મૂળ જૈનાગમોમાં પણ ક્યાંય સ્થાન શબ્દને બદલે સ્થાનક શબ્દનો ઉલ્લેખ છે કે નહિ?

તેના જવાબમાં કહેવાનું કે—સમવાયાંગ સૂત્રમાં દ્વાદશાંગીનું વર્ણન કરતી વખતે સમવાયાંગ સૂત્રના અધિકારમાં એક સૂત્રપાઠ છે. (મૂળમાં આખો પાઠ આપેલ છે તે સ્થળાભાવને લીધે અહિં આપેલ નથી.) **ठाणगसयस्स** (**स्थानकशतस्य**) એવો ઉલ્લેખ છે ત્યાં સ્થાન શબ્દના અર્થમાં જ સ્થાનક શબ્દનું વિધાન સ્પષ્ટ રીતે જોવામાં આવે છે, માટે આગમ પણ સ્થાન અને સ્થાનક શબ્દોની અભિન્નતાનું સમર્થક છે.

વાસ્તવમાં સર્વોત્કૃષ્ટ અને સર્વાતિશાયી સ્થાન તે મોક્ષસ્થાન છે. તે ધ્રુવ છે, શાશ્વત છે અને સર્વ પ્રકારની બાધાઓથી રહિત છે. તે મોક્ષસ્થાનને પ્રાપ્ત કરવાવાળા કે તેમાં નિવાસ કરવાવાળાને જન્મ, જરા, મરણ તથા આધિ વ્યાધિનો કોઈ ભય રહેતો નથી.

મોક્ષસ્થાન લોકના અગ્રભાગમાં સ્થિત છે. પરંતુ તેને પ્રાપ્ત કરવું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અત્યંત કઠિન છે. તેને પ્રાપ્ત કરવાવાળા આત્માઓને માટે કોઈ પ્રકારનું કોઈ કર્તવ્ય બાકી રહેતું નથી. તેઓ સંસારની જન્મમરણપરંપરાનો અંત કરીને સદાને માટે કૃતકૃત્ય થઈ જાય છે. આ મોક્ષનું બીજું નામ સિદ્ધસ્થાન અથવા સિદ્ધોની નિવાસભૂમિ એવું નામ પણ છે.

એટલે એ મોક્ષરૂપ સ્થાનમાં નિવાસ કરવાવાળા સિદ્ધ ભગવાનને જ યથાર્થરૂપથી સ્થાનકવાસી કહી શકાય કે માની શકાય. તે પછી સર્વોત્કૃષ્ટ કૈવલ્ય વિભૂતિ દ્વારા પરમ પુનીત જીવનમુક્ત સ્થાનમાં નિવાસ કરવાવાળા તીર્થંકર તથા અન્ય કેવળી સ્થાનકવાસી છે. ત્યાર પછી મોક્ષસ્થાનને પ્રાપ્ત કરવાની તીવ્ર અભિલાષા રાખવાવાળા જૈન મુનિ વિશુદ્ધ ભાવથી સંયમરૂપ સ્થાનમાં વાસ કરવાથી તેમ જ ભાવ સંયમને પોષક નિર્દોષ સ્થાનક, ઉપાશ્રય, વસતી આદિમાં નિવાસ કરવાવાળા જૈન મુનિને સ્થાનકવાસી કહેવામાં આવે છે.

આ પ્રમાણે સિદ્ધોથી માંડીને વર્તમાન જૈન મુનિઓ સુધી સર્વ સ્થાનકવાસી છે. એમાં શંકાને સ્થાન્ નથી.

પ્રત્યેક શબ્દના અર્થ નિર્દેશમાં દ્રવ્ય તથા ભાવ બંનેને ગ્રહણ કરવામાં આવે છે અને તે પ્રમાણે ગ્રહણ કરવાં જ જોઇએ. નહિતર શબ્દાર્થ અધૂરો રહી જાય. એટલા માટે કોઈ પણ શબ્દનો અર્થ કરવા ટાણે દ્રવ્ય તથા ભાવ બન્નેને સન્મુખ રાખવા જોઇએ અને તે પ્રમાણે ઉપર સ્થાનકવાસી શબ્દના અર્થમાં બતાવવામાં આવ્યું છે.

એ જ રીતે જૈન પરંપરામાં ઉપલબ્ધ થતા દિગંબર અને શ્વેતાંબર શબ્દો પણ દ્રવ્ય તથા ભાવ બંનેને લઇને પ્રવૃત્ત થયેલ છે.

દ્રવ્યથી દિગંબર તે છે કે જેના શરીર પર કોઈ વસ્ત્ર નથી. અને ભાવથી દિગંબર તેમને મનાય છે કે જેઓ અંતરથી સર્વથા નગ્ન છે, જેમના આત્મા કર્મરૂપ વસ્ત્રથી સર્વથા રહિત છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવી દશાઓમાં કોઈ દિગંબર સંપ્રદાયના અનુયાયી એમ કહે કે દિગંબરત્વ પ્રાપ્ત કર્યા વિના મોક્ષ ન થાય તો તેમાં તે કાંઈ પણ અનુચિત કહેતા નથી. ભાવદષ્ટિથી તેમનું કહેવું બરાબર છે.

એ જ પ્રમાણે દ્રવ્યથી શ્વેતાંબર તે છે કે જે મુનિનાં વસ્ત્ર શ્વેત છે. અને ભાવથી શ્વેતાંબર તેમને કહેવાય કે જેઓ અંદરથી સર્વથા શ્વેત છે. એટલે કે જેઓ પરમશુક્લ પરમ નિર્મળ શુક્લધ્યાનરૂપ વસ્ત્રોથી યુક્ત છે.

તેથી જો એમ કહીએ કે શ્વેતાંબર થયા વિના મોક્ષ પ્રાપ્ત કરવો અસંભવ છે, તો તેમાં કંઈ પણ અનુચિત નથી.

એ જ પ્રમાણે સ્થાનકવાસી સંપ્રદાયના કોઈ અનુયાયી એમ કહે કે જો મોક્ષપ્રાપ્તિની ઇચ્છા હોય તો સ્થાનકવાસી બનો. તો એ પણ બરાબર છે. કારણકે જ્યાં સુધી આત્મા ભાવસંયમરૂપ સ્થાન–સ્થાનકમાં વાસ કરતો થકો યથાખ્યાત ચારિત્રને પ્રાપ્ત કરીને ક્ષાયિક ભાવમાં નહિ પહોંચે ત્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ કઠણ જ નહિ પરંતુ અસંભવ છે.

## ઉપસંહાર

આ આખાય લેખનો સારાંશ એ છે કે જૈન આગમોમાં જે અર્થમાં ઉપાશ્રય શબ્દનો પ્રયોગ થયો છે તે જ અર્થમાં સ્થાનક શબ્દનું ગ્રહણ છે.

ઉપર બતાવાઈ ગયું કે શ્વેતાંબર પરંપરામાં બે સંપ્રદાય પ્રચલિત છે—એક મૂર્તિપૂજાને આગમવિહિત નથી માનતા અને બીજા, સંપ્રદાયની માન્યતા તેનાથી વિરુદ્ધ છે.

પહેલામાં તો સ્થાનક અને ઉપાશ્રય બન્ને શબ્દો પ્રચલિત રહ્યા અને બીજામાં માત્ર ઉપાશ્રય શબ્દ જ અપનાવવામાં આવ્યો, પરંતુ સ્થાનક કહો કે ઉપાશ્રય, અર્થ તો બન્નેનો એક જ છે. શબ્દભેદનું કારણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માત્ર સાંપ્રદાયિક વિચાર-વિભિન્નતા છે એવો અમારો વિચાર છે.

એ સિવાય એટલું પણ સ્મરણમાં રહે કે સ્થાનકવાસી શબ્દ પહેલાં તો દેવતા, દ્રવ્ય અને ભાવરૂપ સ્થાનકમાં વસવાથી જૈન મુનિઓ સુધી જ સીમિત રહ્યો અને પછી દિગંબર અને શ્વેતાંબર શબ્દની પેઠે તદનુયાયી વર્ગમાં પ્રયુક્ત થઇને એક સંપ્રદાયમાં રૂઢ થઈ ગયો અને તે પ્રમાણે આજસુધી પ્રચલિત રહ્યો છે.

અંતમાં પાઠકોને નિવેદન છે કે સ્થાનકવાસી શબ્દના સંબંધમાં શાસ્ત્રીય દષ્ટિથી અમારો જે કાંઈ વિચાર હતો તે અમે આપની સામે ઉપસ્થિત કરી દીધો. આશા છે કે અન્ય જૈન વિદ્વાનો પણ આ વિષય ઉપર કંઈક પ્રકાશ પાડવા પ્રયત્ન કરશે.

**નોંધ— આવી રીતે સમન્વય નહિ કરતાં જેઓ શ્વેતાંબર દિગંબર મૂર્તિપૂજક જૈનોને મિથ્યાત્વી માને અથવા મિથ્યાત્વી કહે તો તેઓ પોતે જ મિથ્યાત્વી ઠરે છે. તેવી જ રીતે મૂર્તિપૂજકો સ્થાનકવાસીને મિથ્યાત્વી માને કે કહે તો તેઓ પણ મિથ્યાત્વી ઠરે છે.**

—ન. ગિ. શેઠ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનેકાંત વિચારણા

ઉપજાતિ

दिगम्बरा नाम दिगम्बरत्वे
सिताम्बरा नाम सिताम्बरत्वे ।
एकान्ततो मुक्तिपदं वदन्ति
वैरायमाणाश्च मिथो भवन्ति ॥

દિગંબરો દિગંબરપણામાં અને સિતામ્બરો ( શ્વેતાંબરો ) સિતામ્બર ( શ્વેતાંબર )પણામાં એકાન્તપણે મુક્તિ કથે છે અને અરસપરસ વેરવિરોધ ચલાવે છે.

परस्परेर्ष्याकलुषी भवन्त-
स्ते शान्तिमाधाय विचारयेयुः ।
त्वन्नीतिसिध्धान्तदिशा महेश !
सद्यः समाधिं शमदं लभेरन् ॥

પરસ્પર ઈર્ષ્યાથી કલુષિત બની રહેલા તેઓ જો શાંતિથી, તારા નીતિસિદ્ધાંતની રીતે વિચાર કરે તો હે મહેશ્વર ! તેઓનું તત્કાળ શાંતિકારક સમાધાન થઈ જાય.

कषायमुक्तावबगत्य मुक्तिं
बुध्ध्वाऽध्ययनासक्तिसमर्थयोगम् ।
ज्ञात्वा क्रमं साधनसंश्रयं च
को नाम निन्दिष्यति वक्षवादम् ॥

કષાય મુક્તિથી મુક્તિ જાણ્યા પછી, અનાસક્તિયોગનું સામર્થ્ય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સમજ્યા પછી અને સાધનમાર્ગના ક્રમનું ભાન કર્યા પછી કોણ વસ્ત્રવાદને વખોડે ?

न मुक्ति संसाधनयोगमार्गो
वस्त्राद् विना न्यूनदशो यदि स्यात् ।
नग्नो विमुच्येत कथं न तर्हि
सतामनेकान्तविचारणेयम् ॥

મુક્તિલાભના સાધનભૂત જે યોગમાર્ગ છે તેમાં જો વસ્ત્ર વગર ખામી ન આવતી હોય તો નગ્નની મુક્તિ કેમ નહિ થાય ? આમ સુજ્ઞ માણસની અનેકાંત વિચારણા હોય.

## સાંપ્રદાયક દુરાગ્રહ

मुमुक्षवोऽपि विद्वांसः सांप्रदायिकदुर्ग्रहात् ।
क्लिष्टचेतः परिणामी सन्तो गच्छन्ति का पथम्? ॥
तमपास्य सदालोकरोधि कालुष्यकारिणम् ।
जिज्ञासुशान्तमध्यस्थवृत्तिना भाव्यमात्मना ॥

મુમુક્ષુ વિદ્વાન હોવા છતાં પણ સાંપ્રદાયિક દુરાગ્રહમાં પડી જઈ પોતાની મનોવૃત્તિને કષાયકલુષિત બનાવે છે અને પરિણામે ઊંધે રસ્તે ચડી જાય છે.

સાંપ્રદાયિક દુરાગ્રહ સત્યાલોકને આવરનાર છે તેમજ મનોવૃત્તિને કલુષિત બનાવનાર છે માટે તેને દૂર કરી જિજ્ઞાસુએ શાંત અને મધ્યસ્થવૃત્તિના બનવું જોઈએ.

—મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અમારાં પ્રકાશનો

## ખલાસ થયેલાં

૧ ધર્મમય જીવન
૩ પ્રાતઃસ્મરણ ભા. ૨
૯ સમાનહક વાર્તા
૧૩ જૈ. સિ. બોલસંગ્રહ ભા. ૩
૧૪ માર્ગાનુસારીના ૩૫ બોલ
૧૫ જૈનધર્મ અને તેરાપંથ
૧૬ સત્યદર્શન

## હવે પછી છપાશે

૩૦ જૈનધર્મ અને એકતા
૩૧ કર્મનું સ્વરૂપ
૩૨ અંતગડસૂત્ર
૩૩ જીવનમાં કેળવણીનું સ્થાન
૩૪ ભગવતી આરાધના
૩૫ યુવકમંડળ. વાર્તા
૩૬ દાન–શીળ–તપ
૩૭ અમારી પરવશતા. વાર્તા
૩૮ પ્રાતઃસ્મરણ ભા. ૩
૩૯ મહાવીર ચરિત્ર
૪૦ જૈ. સિ. બોલસંગ્રહ ભા.૪
૪૧ બ્રહ્મચર્ય દર્શન

## હાલમાં મળતાં

| | |
|---|---|
| ૨ પ્રાતઃસ્મરણ ભા. ૧ | ૩–૫૦ |
| ૪ જૈન સૂત્રો–ઇતિહાસ | ૩–૫૦ |
| ૫ સામાયિક સૂત્ર | ૩–૫૦ |
| ૬ જૈ.સિ.બોલસંગ્રહ ભા.૧ | ૨–૦૦ |
| ૭ પ્રતિક્રમણ ભા. ૧ | ૧–૫૦ |
| ૮ પ્રતિક્રમણ ભા. ૨ | ૨–૦૦ |
| ૧૦ વીરવાણી ભાગ ૧ | ૨–૫૦ |
| ૧૧ જૈ.સિ.બોલસંગ્રહભા.૨ | ૨–૦૦ |
| ૧૨ અહિંસાદર્શનભા.૧-૨ | ૨–૦૦ |
| ૧૭ અહિંસાદર્શન ભા.૩ | ૧–૫૦ |
| ૧૮ સત્યધર્મપ્રકાશ | ૨–૫૦ |
| ૧૯ આલોયણા ક્ષમાપના | ૧–૦૦ |
| ૨૦ સમાધિમરણ | ૦-૨૫ |
| ૨૧ વીરવાણી ભા. ૨ | ૨–૫૦ |
| ૨૨ શ્રમણોપાસક આનંદ | ૨–૦૦ |
| ૨૩ સમ્યગ્દર્શન | ૩–૫૦ |
| ૨૪ ધર્મમાં શેની જરૂર છે? | ૦–૨૫ |
| ૨૫ દશલક્ષણધર્મ | ૨–૦૦ |
| ૨૬ ભાવના | ૩–૦૦ |
| ૨૭ આવશ્યક સૂત્ર | ૩–૦૦ |
| ૨૮ સ્થા.મુ.પ્રભાવકપ્રસંગો | ૦-૫૦ |
| ૨૯ ગુણાનુરાગકુલક | ૧-૦૦ |

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com